
પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૬૩ ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા




मयि तद्रुपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

# શ્રી ઋષિમંડલ યંત્ર




શ્રી ઋષિમંડલ યંત્રમાં રહેલ આ 'હ્રીં' મંત્રબીજ વડે
૨૪ તીર્થંકરોને કરાતો જાપ આધિ - વ્યાધિ - ઉપાધિનો
નાશ કરી ફળ રૂપે મોક્ષમાર્ગે શીઘ્ર ગતિ કરાવે છે.

---

**૧૪.૦૨.૨૦૨૧ દિને 'ગુરુ ગ્રંથ બહુમાન પર્વ' દરમ્યાન
હસ્તાક્ષર ગ્રંથ ૫૦ના અર્પણ અવસરે, શ્રી આરાધના ધામ તીર્થ મધ્યે
'Making of Hastakshar' નામે રજૂઆત થયેલ ૧૧ મીનીટની શોર્ટ ફિલ્મ**

---

**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ
આપને 'Making of Hastakshar' શોર્ટ ફિલ્મ જોવા મળશે.**

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૬૩ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

## ☐ VOLUME - 63

Year 2022 / સંવત્ ૨૦૭૮
350 Copies / 224 Pages
For Private Circulation only.

## ☐ PUBLISHER

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

## ☐ SPONSOR

Shri C. K. Mehta
Vadodara | Mumbai

## ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## ☐ eBOOKS AVAILABLE AT

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra

## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156

## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.




સાહેબજી, 'આપે આ રોજનીશીઓ લખીને શું કમાલ કરી છે!' એમ કહેવા કરતાં 'આપે કર્યું નથી, આપનો સ્વભાવ જ કામ કરી ગયો છે' એમ કહેવું જ ઉચિત છે. આપે જે ચિંતવ્યું-પ્રરૂપ્યું, તેવું જ જીવનમાં આચર્યું. સાહેબજી! આપે કૃતજ્ઞતા અને પરોપકાર દ્વારા અનેક બૌદ્ધિક - ગુણીયલ પુન્યાત્માઓના હાથમાં 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના માધ્યમે આત્મજ્ઞાનનાં ભાવો-ચિંતનો આપ્યાં, તેઓના હૃદયોદ્‌ગાર વાંચી એમ લાગે જાણે સાક્ષાત પરમાત્મા તેમ જ પૂર્વાચાર્યોનાં ભાવો હવે ગુજરાતીમાં જાણવા - માણવાનો પ્રસંગ બની રહ્યો છે... તેમાં એક પુન્યાત્મા જણાવે છે કેઃ

''સાહેબજી, 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નો પપમો ભાગ મલ્યો. પંન્યાસજી મહારાજનું મંત્રનું-શાસ્ત્રનું-સાચી સાધના અને સમાધિમરણનું શું જ્ઞાન છે! તેમણે આધ્યાત્મિક જ્ઞાનની શું ઊંચાઈ બતાવી છે! એમના અનુભવની ઊંડાઈનું જ્ઞાન હમણાં અમે વાંચ્યુ અને એનાથી અમારા જીવનમાં ભક્તિ કરતી વેળા આનંદનો વધુ અનુભવ કરાય છે, મૈત્રી તથા કરૂણા ભાવનાનો અધિક અનુભવ થાય છે. મહોપાધ્યાયશ્રી યશોવિજયજી, શ્રી દેવચંદ્રજી, શ્રી આનંદઘનજી, શ્રી હરિભદ્રસૂરિજી, શ્રી મુનિસુંદરસૂરિજી, શ્રી હેમચંદ્રસૂરિજી આદિએ જે જે જ્ઞાન પીરસ્યું, તે પંન્યાસજી મહારાજે પ્રેક્ટીકલી કરીને સમજાવ્યું કે ક્રિયા અને ભક્તિ કરતાં આત્માના આનંદનો અનુભવ કેવી રીતે થાય? જે જોવાય છે, તે જ બતાવાયું છે... પણ ઘણાં બધાં પુરૂષાર્થની જરૂર છે, જે પૂજ્યપાદ્ ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીએ કર્યો છે એટલે કે આપણી વિભાવ દશા દૂર કરાવી. હવે અમે જે નિત્ય ક્રિયા કરીએ છીએ, તેમાં ઉપયોગ અને શુદ્ધ અધ્યાવસાય આવે છે. આ અમૂલ્ય ખજાનો મોકલવા માટે આપની ખૂબ ખૂબ અનુમોદના!''

આપણા સૌ માટે આ ચિંતનો આત્મોત્થાનનું કાર્ય કરી જ રહ્યાં છે, તે ચિંતનની ઝલક પણ ખૂબ જ ઉપકારક બની રહે છે, તે જોઈએ તો: 'परस्परोपग्रहो जीवानां ।'

આ સૂત્ર પરસ્પર ઉપકાર કરવાનો આદેશ નથી કરતું, એ તો ઉપકારની ઓળખ આપે છે. સૂત્ર કહે છેઃ પરસ્પરનાં કાર્યમાં નિમિત્ત થવું, એ જીવોનો ઉપકાર છે. બીજાના સુખ-દુઃખમાં આપણે અને આપણાં સુખ-દુઃખમાં બીજાઓ નિમિત્તમાત્ર છે, કર્તા કે સર્જક નહીં. उप = સમીપ, ग्रह = (સમીપ) લેનાર - કરનાર. ઉપકાર કરનાર દરેક વ્યક્તિ માત્ર નિમિત્ત છે. કોઈ કોઈનું ભાગ્ય બદલી ન શકે, કોણ કોનું ઋણ ચૂકવે છે? કોણ કોનાં પાપ ધૂવે છે? વાસ્તવમાં તે બધી કર્મની જ લેણ-દેણ છે!

'મેં તેનું ભલું કર્યું, તેણે મારૂં ભૂંડું કર્યું' એવું વિચારવું સુદ્ધાં પણ પોતાનું અજ્ઞાન સૂચવે છે. પરિણામ તો કર્માધીન છે. આપણે તો પ્રયત્ન કરી સામી વ્યક્તિનાં શુભ અને સુખમાં માત્ર નિમિત્ત જ બની શકીએ. આવા નિમિત્તભાવથી પરસ્પરને ઉપયોગી કે ઉપકારી બનીએ, ત્યારે દેખાતું જે ઉપકારનું કાર્ય છે, તેનો કોઈ પરસ્પર ભાર રહેતો નથી તથા ઉપકાર લેનાર - આપનારની આત્મીયતા વધે છે. પરસ્પરના કાર્યમાં નિમિત્તભૂતતા સૂચવનાર આ સૂત્ર સર્વ જીવો સાથે યથોચિત વ્યવહાર વડે સ્વ અને પરનું હિત સધાય પણ અહિત ન સધાય, તેની પૂરેપૂરી સાવચેતી આપે છે. આ સૂત્ર આપણા કર્તૃત્વના અહંકારનો વિલોપ કરે છે, તે સ્વોપકાર માટે પણ પ્રતિપળ અને પ્રતિક્ષણ પરના ઉપકારનો ખ્યાલ આપીને કૃતજ્ઞ બનાવે છે.'

આવા ઉત્તમ પદાર્થો - ભાવોને આપણાં સુધી અતીવ નિયમિતપણે પહોંચતા કરનાર પૂજ્યપાદ શ્રી પંન્યાસજી ભગવંતના વડોદરા - મુંબઈના પરમ ભકતાત્મા સુશ્રાવક **સી.કે.મહેતા**ના શરૂઆતથી જ મળી રહેલ આર્થિક વિસ્તૃત સહયોગની સરાહના કરવા શબ્દો નથી... તેમ જ આ ભાવોને શિખર સુધી પહોંચાડવાનું સતતપણે કાર્ય કરનાર રાજકોટના અમારા સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા** તથા તેમનાં જૂથને અભિનંદિત કર્યા વિના રહી શકાય તેમ નથી.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.



# અનંત તીર્થંકરોના
# અનંતજ્ઞાનની અચિંત્ય નિધિ
# એટલે આ અક્ષયપાત્રો!

અંતિમ થોડાં વર્ષોથી પૂજ્ય ગુરૂમહારાજના હસ્તાક્ષરોથી મઢેલી જે અ-ક્ષય એવી અક્ષિયાત્રા થઈ રહી છે, તેમાં બે-ત્રણ વાતો વધુ મુખરિત થઈને સામે આવી છેઃ


એક કે જૈનધર્મનું સર્જન-વિસર્જન ન થઈ શકે, તેનું ફક્ત દર્શન-જ્ઞાન-આચરણ થઈ શકે, કેમકે તે સત્યની જેમ સદા ઉપસ્થિત છે, અમૂર્ત છે, કાલાતીત છે! બીજી વાત કે જીવોની ચૈતન્યધારાને પરિપ્લાવિત કરવા પૂ. ગુરૂમહારાજે પોતાની અનુપ્રેક્ષાઓમાં અનંત તીર્થંકરોના અનંત જ્ઞાનની અચિંત્ય નિધિ ઝીલીને આ રરજ રોજનીશીઓમાં જે આલેખી છે, તેનું ઋણ ચૂકવી શકાય તેમ જ નથી! અને... ત્રીજી વાત કે એક સમયે અમરેલીમાં પિતાજીની વિદાય પછી જેની સમીપે નિશાળની ફી રૂપે ચૂકવવા રૂ.બે પણ ન્હોતાં કે પોતાની મોટીબેનને ક્ષયરોગ થયો, ત્યારે તેણીને કાજે મોસંબી ખરીદવાના પૈસા માટે સ્વજનો પાસે જવું પડતું અને તેઓનો નકાર ઝીલવાની શક્તિ પણ કેળવવી પડતી, એવા મને આ ગુરૂમહારાજ મળ્યાં... અને સાથે સાથે મારો પુણ્યોદય પણ તેમણે જ જગાડ્યો, તે કૃપામાંથી પણ ઉત્ર્રુણ થવાય તેવું જ નથી!

'આ શ્રેણીનું દસ્તાવેજી મૂલ્ય તો થઈ શકે તેમ જ નથી' તેમ કહેનાર દિવંગત પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજની પુનિત કરૂણાથી મને આ કાર્યનો લાભ મળી રહ્યો છે, તેનો આજે અવર્ણનીય આનંદ છે, તે ઉપકાર પણ કેમ ચૂકવવો?

વડોદરા/મુંબઈ

સી. કે. મહેતા

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





આ માતા ત્રપુસીલતા - તનુલસત્ તન્તૂત્થિતિસ્પાર્દ્ધિની,
વાગ્બીજે પ્રથમે સ્થિતા તવ સદા તાં મન્મહે તે વયમ્ ।
શક્તિઃ કુણ્ડલિનીતિ વિશ્વજનન - વ્યાપારબદ્ધોદ્યમા,
જ્ઞાત્વેત્થં ન પુનઃ સ્પૃશન્તિ જનનીગર્ભેઽર્ભકત્વં નરાઃ ॥

'નમો નમઃ ।' અર્થાત્ નમસ્કારને નમસ્કાર.
નમસ્કાર એ મંગળ છે - મંગળ એ નમસ્કાર છે.
'મંગળને નમો' એમાંથી અર્થ નીકળે કે 'નમોને નમો'.
નમો લોએ મંગલં = લોકના સર્વ મંગળને નમસ્કાર.

'મંગળ' એટલે...

અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ અથવા
અહિંસા, સંયમ, તપ અથવા
દાન, શીલ, તપ અને ભાવ અથવા
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યભાવ અથવા
શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યભાવ.

'નમો મંગલં' એટલે...

ઉપરના સર્વ અને મંગળમાત્રને નમસ્કાર થાઓ,
ત્રિકાલવર્તિ-ત્રિલોકવર્તિ મંગળ પદાર્થ, ચૈતન્યના પ્રશસ્ત
આવિર્ભાવો વંદનીય છે - પ્રશંસનીય છે - અનુમોદનીય છે.
કર્મનો - ધર્મનો - નીતિનો - વસ્તુસ્વભાવનો નિયમ,
એ બધું જ મંગળરૂપ છે, તેથી નમસ્કરણીય છે.
સ્વભૂલનો પશ્ચાત્તાપ, પરગુણની અનુમોદના, ભૂલરહિત
અને ગુણસહિત પરમેષ્ઠિશરણાગતિ એ મંગળરૂપ છે,
તેથી વંદનીય છે, શ્લાઘનીય, પ્રશંસનીય છે.

નમસ્કાર મહા મંગળમય છે, તેથી તેને મહા નમસ્કાર.
નમસ્કાર જેમના હૃદયમાં વર્તે છે, તે સર્વને નમસ્કાર.

અરિહંતો તીર્થને નમે છે, સિદ્ધો સ્વરૂપને નમે છે,
આચાર્યો અરિહંતોને તથા સિદ્ધોને નમે છે,
ઉપાધ્યાયો અરિહંતો - સિદ્ધો તથા આચાર્યોને નમે છે,
સાધુઓ અરિહંત - સિદ્ધ - આચાર્ય - ઉપાધ્યાયોને નમે છે
અને સમ્યગ્દૃષ્ટિ જીવો એ પાંચે પરમેષ્ઠિને નમે છે.
પ્રકૃતિ સમ્યગ્દૃષ્ટિઓને મહા નમે છે.

## નમસ્કાર અને મંગળનો સંબંધ

'નમો મંગલં ।' અર્થાત્ મંગળને નમસ્કાર થાઓ.
વિશ્વમાં રહેલા સર્વ મંગળભૂત વસ્તુઓને નમસ્કાર.
મંગળને નમવાથી આત્માનું મંગળરૂપ પરિણમન થાય છે.
મંગળરૂપ આત્મા પોતે વિઘ્નનાશક - ઇષ્ટપ્રાપક બને છે.

## મંગળને નમવું એટલે...

સત્પુરુષોને, સદ્વસ્તુઓને, સદ્ગુણીને નમવું,
તેના ઉપર પ્રીતિ કરવી, ગુણરાગ કેળવવો.
મંગળ અને ધર્મ તથા ધર્મ અને ધર્મી અભિન્નાર્થક છે.
કર્મક્ષયકારી ધર્મને નમસ્કાર અથવા ધર્મનું પરિપાલન
કરનાર દેવ - ગુરુ - સંઘ અને સાધર્મિકને નમસ્કાર.

જીવમાત્રમાં રહેલ મંગલ અંશને નમસ્કાર.
જીવમાત્રના અક્ષરના અનંતમાં ઉઘાડા ભાગને નમસ્કાર.
મંગલ = ચૈતન્ય, ચૈતન્ય = મંગલ, તેને નમસ્કાર.
તેના ઉપર પ્રેમ, તેના ઉપર ભક્તિ અને બહુમાન.
સર્વ મંગલભૂત વસ્તુમાં શ્રેષ્ઠ મંગલ નમસ્કારભાવ છે.
નમસ્કારનો ભાવ મંગલ છે, મંગલભાવ નમસ્કારરૂપ છે.
એ રીતે ગત-પ્રત્યાગત ભાવથી નમસ્કાર એ મંગલ છે
ને મંગલ નમસ્કારસ્વરૂપ છે. મંગલને નમસ્કાર પામો,
નમસ્કારને મંગલરૂપ માનો - એ જ અર્થ નીકળે છે.

ધર્મરૂપી મંગલને નમસ્કાર અને
સર્વ ધર્મને નમસ્કારરૂપી નમવેનો મંગલ તરીકેનો સ્વીકાર,
આમ ઉભય પક્ષી સંગમતા છે. આત્માનો સ્વભાવ
જ એવો છે કે એનું ભલું કરવા પ્રયત્ન કરો, ત્યારથી
જ અનંતની શરૂઆત થાય છે. માનવજન્મની પ્રાપ્તિ
માટે નમ્રતા-સરલતાગુણ જોઈએ, એ પછી જ મનુષ્ય-
ગતિનું આયુષ્ય બંધાય, મોક્ષ મેળવવા પણ તેમ જ છે.
ધર્મ-અર્થ-કામ પણ નમ્રતાવાળાને જ સિદ્ધ થાય છે,
તેથી સાબિત થાય કે નવકાર મંત્ર સૌ મંત્રોમાં વડો છે.
નમસ્કાર સ્પર્શ વિના મોક્ષપ્રાપ્તિ અશક્ય છે.

'ૐ નમઃ સિદ્ધં ।': 'ૐ' એ 'નમઃ'નું સિદ્ધ રૂપ છે. મન નમઃમાં પલટાઈ અંતે ૐમાં પરિણમી જાય, ત્યારે આત્મજ્ઞાન થાય છે અને ભવભ્રમણનો અંત આવે છે. મનનું પરિભ્રમણ છે, ત્યાં સુધી જ ભવનું ભ્રમણ છે. મનના પરિભ્રમણને અટકાવવા માટે તેને સૌ પ્રથમ વિષયોથી પરાઙ્મુખ, આત્મા - પરમાત્માની અભિમુખ કરવું જોઈએ.

તે માટે એ મનરૂપી સાધનનું જ અવલંબન લઈ
તેને ઊલટાવીને 'નમઃ' સ્વરૂપ બનાવવું જોઈએ.
બાહ્ય પદાર્થોમાં અહં-મમ બુદ્ધિ ધારણ કરનાર
મનને તેમાંથી છોડાવી 'નાઽહં ન મમ'નો મંત્ર
શીખવીને તેને 'નમઃ'માં સ્થિર કરવું જોઈએ.

નમઃવૃત્તિ અંતરાત્મભાવરૂપ છે. બહિરાત્મભાવમાં રમતું મન નમઃના અભ્યાસથી અંતરાત્મભાવમાં સ્થિર થાય, ત્યારે અંતરાત્મામાં પરમાત્મભાવનાં દર્શન થાય છે, પછી નમઃવૃત્તિ ૐકારમાં પલટાઈ જાય છે અને ૐ સ્વરૂપ આત્મામાં સ્થિર થવાથી 'નમઃ' એ સિદ્ધ મંત્ર બને છે. તેના મનન વડે આત્મા પરમાત્મસ્વરૂપ બની જાય છે. પરમાત્મસ્વરૂપનું પ્રત્યક્ષ ૐ છે, તેથી નમઃનું ધ્યાન ૐમાં રૂપાંતર પામે, ત્યારે તે મંત્ર સિદ્ધ થયો ગણાય છે.

આત્મા = સત્ - ચિત્ - આનંદ.

ચિત્ આનંદમાં પરિણત થાય છે અને
આનંદ એ ઈચ્છા - જ્ઞાન - ક્રિયામાં પરિણત થાય છે.
વર્ણમાતૃકા = પૃથક્-પૃથક્ ભાવોની શાબ્દિક અભિવ્યંજના.
અ = અનુત્તર ચિત્શક્તિ, આ = આનંદશક્તિ,
ઈ = ઈચ્છાશક્તિ, ઉ = ઉન્મેષ - ક્રિયાશક્તિ,
એ ઐ ઓ ઔ = ક્રિયાશક્તિ,
અં = બિન્દુ અવસ્થા - શિવબિન્દુ,
અઃ = બે બિન્દુ અવસ્થા - વિસર્ગકલા.
શિવ એ બિન્દુ અને વિસર્ગના પ્રભાવથી
હકાર, પ્રકૃત બનીને અહંતા - આત્મભાવનો વિકાસ કરે છે.
અ = પ્રકાશાત્મક છે, હ = વિમર્શાત્મક - સ્વાનુભવાત્મક છે.
જેમ મશ (શાહી) રૂપ ઉપાધિનો બાધ કરવાથી
સર્વ અકારાદિ આકૃતિનો પત્ર (કાગળ)થી અભેદ છે,
તેમ નામરૂપ ઉપાધિનો બાધ કરતાં
સર્વ પ્રપંચનો બ્રહ્મથી સર્વદા અભેદ છે.
जीवे शैव विशुद्धाचित् विभागस्तु तयोर्द्वयोः ।
अविद्या तन्निवृत्तौ योगः षडस्माकमनादयः ॥ અનાદિ:
(૧) જીવ (૨) ઈશ્વર (3) શુદ્ધ ચૈતન્ય તથા

(૪) આ ત્રણેનો પરસ્પર ભેદ (૫) અવિદ્યા તથા (૬) તેનો ચૈતન્ય સાથે સંબંધ - આ છ પદાર્થ અનાદિ છે.

'निर्विघ्नसमाप्तिकामो मंगलमाचरेत् । मंगलं वेदबोधिताभीष्टोपायताकम् । अलौकिकाविगीतशिष्टाचारत्वात् दर्शादिवत् ।' = કાર્યની નિર્વિઘ્ને સમાપ્તિ માટે મંગળ કરવું જોઈએ. મંગળ એટલે શાસ્ત્રમાં જણાવેલ ઈચ્છિત ઉપાય-પૂર્વાચાર્યોએ આચરેલ માર્ગ. મોક્ષની ઉત્પત્તિ નથી પણ અભિવ્યક્તિ છે. લક્ષણ + પ્રમાણ વિના વસ્તુની સિદ્ધિ ન થાય. દુષ્ટ લક્ષણથી લક્ષ્યની સિદ્ધિ થતી નથી.

અજ્ઞાનના બે ભેદ : (૧) માયા (૨) અવિદ્યા.

શુદ્ધ - સત્ત્વગુણપ્રધાનતાવાળું અજ્ઞાન તે માયા અને મલિન - સત્ત્વગુણપ્રધાનતાવાળું અજ્ઞાન તે અવિદ્યા છે. એક જ અજ્ઞાન સત્ત્વગુણની શુદ્ધિ દ્વારા માયારૂપ અને સત્ત્વગુણની મલિનતા વડે અવિદ્યારૂપ થાય છે. माया चाऽविद्या च स्वयमेव भवति । મૂળ પ્રકૃતિ રૂપ અજ્ઞાન પોતે જ માયારૂપે તથા અવિદ્યારૂપે થાય છે.

સત્ત્વ તથા રજ વડે અનભિભૂત તમોગુણ
તે આવરણશક્તિ તથા તમ અને સત્ત્વ વડે
અનભિભૂત રજોગુણ તે વિક્ષેપશક્તિ.

## બ્રહ્મા - વિષ્ણુ - મહેશ્વર કઈ રીતે સમાન ?

અવિદ્યા વિશિષ્ટ ચૈતન્ય એ જીવ તથા
અવિદ્યા ઉપહિત ચૈતન્ય એ ઈશ્વર.
સમષ્ટિ અજ્ઞાન ઉપહિત ચૈતન્ય એ ઈશ્વર છે અને
વ્યષ્ટિ અજ્ઞાન ઉપહિત ચૈતન્ય એ જીવ છે.
कार्योपाधिरयं जीवो कारणोपाधिरिश्वरः । અર્થાત્ઃ
કાર્ય ઉપાધિસ્વરૂપ જીવ છે, કારણોપાધિસ્વરૂપ ઈશ્વર છે.
અધ્યારોપ તથા અપવાદથી અદ્વિતીય બ્રહ્મનું જ્ઞાન થાય છે.
માયોપહિત પરમેશ્વર જ બ્રહ્મા, વિષ્ણુ અને
મહેશ્વર - આ ત્રણ રૂપને પ્રાપ્ત થાય છે.
આ કારણથી આ ત્રણે રૂપો સમાન છે.

કુંડલિનીચૈતન્ય અને મંત્રચૈતન્યનું ગૂઢ રહસ્ય એ છે કે વાણીનો મન સાથે, મનનો વ્યક્તિગત પ્રાણ સાથે તથા વ્યક્તિગત પ્રાણનો સમષ્ટિ પ્રાણ સાથે ઉત્તરોત્તર સીધો સંબંધ છે. જ્યાં સુધી સાધકના ચિત્તરૂપી જળમાં બાહ્ય વિષયોનાં પ્રતિબિંબ પડતાં જ રહે છે, તેમાં સ્મૃતિ વડે સંકલ્પ-વિકલ્પોનાં તરંગો ઊઠ્યાં જ કરે છે અથવા નિદ્રારૂપી તમોગુણના પ્રભાવથી મન મૂઢ રહે છે, ત્યાં સુધી સાધક ઉન્નતિ સાધી શકતો નથી.

તમામ પ્રકારની વૃત્તિઓ આત્મસ્વરૂપમાં સ્થિત થાય,
ત્યારે જ તે ક્રમશઃ સ્વસાક્ષાત્કાર કરવા સમર્થ બને છે.
મન ઇંદ્રિયો પ્રાણના આધારે કૂદાકૂદ કરે છે.
પ્રાણનો નિરોધ થતાં મનનો અને
મનનો નિરોધ થતાં પ્રાણનો નિરોધ થાય છે.

## પ્રણવોપાસના એટલે શું?

પ્રણવ = પ્રાણ આપવાવાળી વસ્તુ - જીવનદાતા પદાર્થ.
પ્રણવ એ નામ છે, તેને રૂપની સાથે સંબંધ છે.
પ્રણવ = પરમાત્માનું નામ, દિવ્યતેજ = પરમાત્માનું રૂપ.
નામ અને રૂપ પ્રગટ થયાં, એ વ્યાકૃતાવસ્થા છે.
અંત્ય અવસ્થામાં એ નામ - રૂપના અનેક ભેદ થયાં.
સૂર્ય, ચંદ્ર, તારા, પૃથ્વી, દેવ, મનુષ્ય, પશુ, પક્ષી -
ઇત્યાદિ બધાનાં રૂપ અને નામ અલગ અલગ થયાં.
ૐ આત્માનું અને બીજું નામ એ શરીરનું નામ છે.
શરીરમાં જેના અસ્તિત્વથી જીવન અને જેના નાશથી
મરણ કહેવાય છે, તે મુખ્ય પ્રાણ છે. એને પ્રત્યક્ષ
કરવો, એના ધ્વનિને રોમ - રોમથી ગુંજતાં કાનો વડે
સાંભળવો, તે પ્રણવોપાસના છે. ત્યાં સુધી પહોંચનારને
માયાનો પડદો તૂટી જઈ નિજસ્વરૂપનું દર્શન થાય છે.

નિયાગાષ્ટક બાલાવબોધ, શ્લોક૨૩.૨૪માં કહ્યું છે:

'જે વિદ્વાન કર્મમાં અકર્મને - અરાગપૂર્વક અકર્મમાં પણ કર્મને જુએ છે, તે મનુષ્યોમાં બુદ્ધિમાન - યોગી અને સર્વ કર્મનો કર્તા છે...' ઇત્યાદિ 'ગીતા'માં કહેલાં અધ્યયનાદિ સર્વ સાધનને આત્માની તત્પરતાએ જાણવું પણ નિરંજન બ્રહ્મને કર્મ, તત્ફલાર્પણ તથા કૃતને અકૃત અકૃતત્વ બુદ્ધિ તે તો મિથ્યાભાસના વિલસિત જ છે.

કર્મણ્યકર્મ યઃ પશ્યેદ્ કર્મણિ ચ કર્મ યઃ।
સ બુદ્ધિમાન્ મનુષ્યેષુ સ યુક્તઃ કૃત્સ્નકર્મકૃત્ ॥૧૮॥
બ્રહ્માર્પણં બ્રહ્મહવિર્બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્।
બ્રહ્મૈવ તેન ગન્તવ્યં બ્રહ્મ કર્મસમાધિના ॥૨૪॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

અર્પણ કરવાની ક્રિયા બ્રહ્મ છે, હોમવાની વસ્તુ બ્રહ્મ છે, બ્રહ્મરૂપ અગ્નિમાં બ્રહ્મરૂપ હોમનારે હોમેલું પણ બ્રહ્મ છે અને બ્રહ્મરૂપ કર્મસમાધિવાળાએ પ્રાપ્ત કરવા યોગ્ય સ્થાન પણ બ્રહ્મ જ છે.

## મૂર્તત્વ કેવું?

દ્વન્દ્વાત્મક ભૌતિકવાદને પ્રાધાન્ય મળ્યું છે એ ખોટું પણ દ્વન્દ્વાત્મક ગતિની વિચારણા ઉપયોગી છે. ભૂતકાળના કર્મો-જીવનો સંબંધ એ દ્વન્દ્વાત્મકગતિની રીતે જોવો જોઈએ.

ભૂતકર્મોનું અસ્તિત્વ એ વર્તમાનનું ઉપાદાન જરૂર છે,
પરન્તુ એ તો માટીનો પીંડો કહેવાય. એને વર્તમાન અને
ભવિષ્યનું વિશિષ્ટ રૂપ આપવાનું સામર્થ્ય જે અસ્તિત્વ,
ભૂતકાળમાં નહિ પણ વર્તમાનમાં છે.

જીવ એને પોતાના સ્વભાવાનુસાર વિશિષ્ટ ઘાટ આપે,
એટલે એ અસ્તિત્વ જીવનાં વર્તમાનકાળે રહેલું છે.
એની જવાબદારીમાંથી એ છૂટી શકે એમ નથી.
બધું અસ્તિત્વ ભૂતકર્મો પર છોડવામાં આવે, તો અશુભ
કર્મોનો ભટકો અને શુભ કર્મો માટેનો પ્રયત્ન નહિ રહે.
સંપૂર્ણ કર્મક્ષય ન થાય, ત્યાં સુધી શુભ - પુણ્ય કર્મો
માટેના પ્રયત્નની આવશ્યકતા તો સૌ કોઈ સ્વીકારે છે.

पराश्रितानां भावानां कर्तृत्वाद्यभिमानतः ।
कर्मणा बध्यतेऽज्ञानी ज्ञानवांस्तु न लिप्यते ॥१॥
कर्तैवात्मा न पुण्यपापयोरपि कर्मणोः ।
रागद्वेषाशयानां तु कर्तैषोऽनिष्टवस्तुषु ॥२॥
आत्मा न व्यापृतस्तत्र रागद्वेषाशयं सृजन् ।
तन्निमित्तोपनम्रेषु कर्मोपादान - कर्मसु ॥३॥
नैगमव्यवहारौ तु ब्रूतः कर्मादिकर्तृताम् ।
व्यापारः फलपर्यन्तः परिदृष्टो यदात्मनः ॥४॥

- अध्यात्मसार, अ - ६, श्लो. ११० - ११३ (પરિશિષ્ટ-૨)

<u>કર્તૃત્વાભિમાનનો નિરાસ</u>

કર્તૃત્વ અભિમાનથી છૂટવાનો ખરો ઉપાય જાણવા માટે એમ વિચારવું કે: 'પોતાનું વર્તમાન જડરૂપ સ્વરૂપ તો ખોટું છે અને સાચું સ્વરૂપ તો શુદ્ધ આત્માનું રૂપ છે. આત્માને શુભ કે અશુભ - કોઈ કર્મ લાગતાં નથી.' પર્યાયાર્થિકનયને ગૌણ કરી તથા દ્રવ્યાર્થિકનયને મુખ્ય બનાવવાથી કર્તૃત્વ અભિમાનનો નિરાસ કરી શકાય છે, છતાં તેમાં એક દોષ રહેલો છે. 'હું શુદ્ધ આત્મા છું' એમ માનીને એવી સ્થિતિ પ્રાપ્ત કર્યાં પહેલાં કર્મોની શુભાશુભતાથી બેપરવા થઈ જવાય છે.

શુદ્ધ - બદ્ધ અવસ્થાનમાં જ્યાં લગી પ્રવર્તતો હોય, તે અવસ્થામાં શુભનું કર્તૃત્વ ઈશ્વરાર્પણ કરવું જોઈએ. 'હું શુદ્ધ છું' એ વિચારનું સૂક્ષ્મ અભિમાન પણ દુરુપયોગ કરી ન જાય, તે ખાતર ઈશ્વરાર્પણ વિધિ છે. <u>વ્યુત્થાનકાળે શુભમાં અર્પણબુદ્ધિ તથા અશુભનો ત્યાગ અને ધ્યાનકાળે અકર્તૃત્વબુદ્ધિ - એ વિધિનું પાલન બરાબર રીતે કરવાથી કર્તૃત્વનો નિરાસ થઈ શકે છે.</u> આત્મા ભાવકર્મનો કર્તા છે, તેનું ફળ દ્રવ્યકર્મબંધ છે અને ફળ પરત્વે આત્માનો વ્યાપાર હોવાથી આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે.

શ્રી આદિનાથ પ્રાસાદાત્, સં. ૨૦૩૩, ફા. સુ. ૧૫, શનિવાર

તા. ૫-૩-૧૯૭૭, ઘાણેરાવ, જી. પાલી (રાજસ્થાન)

અર્હ = લાયક. અર્હં = પરમાત્મસ્વરૂપનો બોધક.

'ૐ અર્હં નમઃ।' મંત્રનો ઓછામાં ઓછી ૧૦ હજાર વાર નિરંતર જાપ કરવો. જેઓ સંપૂર્ણ રીતે લાયક છે તથા જેનાથી અભાવ લાયકાત જેવું કાંઈ છે જ નહિ, તેવું આત્માનું શુદ્ધ સ્વરૂપ, તેને નમસ્કાર કરું છું.

અથવા જેઓ પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત થયેલાં છે, તે સર્વે અર્હં છે, તેને નમસ્કાર કરું છું.

પરિણામની વિશુદ્ધિ માટે મંત્રજાપ છે.

જાપનો સ્વાધ્યાય - આત્મસ્વરૂપનો અભ્યાસ અથવા અધ્યયન, શ્રવણ, મનન કે નિદિધ્યાસન ઇત્યાદિ છે.

આ નમસ્કાર મંત્ર એટલા માટે મહામંત્ર છે કે:

તે ઈશ્વર દિવ્ય પ્રતિભા સાથે ઐક્ય સર્જે છે.

It is union with the Divine nature.

આ ઐક્ય આપણામાં એક આરામદાયક શાંત સ્થિતિનો અનુભવ કરાવે છે. ઐક્ય સધાવાથી વાસના વિલીન થતાં સર્વ પાપ નાશ પામે, તે સૌ મંગળોમાં શ્રેષ્ઠ મંગળ છે, પ્રકૃતિની રુચિ - લાભ - સમાધિ મળતો આનંદ પરમ છે.

## ચારને શરણે જવું એટલે...

પોતાના આત્માની જ ચાર અવસ્થાઓને શરણે જવું.

અરિહંત = ઘાતીકર્મરહિત અવસ્થા.

સિદ્ધ = અષ્ટકર્મરહિત અવસ્થા.

આચાર્ય-ઉપાધ્યાય-સાધુ = સંવર-નિર્જરાયુક્ત અવસ્થા.

ધર્મ = ક્ષયોપશમ-ક્ષાયિક દર્શન, જ્ઞાન, ચારિત્ર અવસ્થા.

આ ચારે અવસ્થાઓના શરણે જવાથી
બાહ્ય બધી ઇચ્છાઓ-વાસનાઓ શાંત થઈ જાય છે.

## શુભ કર્મનાં પ્રકારો

ચારને શરણે જવાથી નીચેના શુભ કર્મોમાં વીર્ય ફોરવાય: (૧) દેવપૂજા, ગુરુસેવા, પાત્રદાન (૨) સરાગ સંયમ, ગૃહસ્થ યોગ્ય વ્રત-નિયમો (3) સ્વાભાવિક નમ્રતા, સરળતા તથા સંતોષ (૪) સજ્જનોને સન્માન, ઉત્તમની સોબત (૫) ધર્મ શ્રવણ, ભાવના, અપ્રમાદ (૬) પરોપકાર, દીન-અનાથને મદદ (૭) મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ્ય ભાવના (૮) ભૂખ્યાંને ભોજન, તરસ્યાંને જળ (૯) વસ્ત્રહીનને વસ્ત્ર, રોગીને ઔષધ (૧૦) નિરાધારને આધાર, સ્થાનહીનને સ્થાન (૧૧) નામસ્મરણ, નમસ્કાર, સેવા, સત્સંલાપણ (૧૨) હિતોપદેશ, શુભ વિચારો, વીસ સ્થાનકોનું આરાધન.

## મુનિગણના ગુણોનું વર્ણન

ચારિત્રધારી આત્મા, કામદેવવિજિત સમકિતી,
અજ્ઞાન - અવિરતિમુક્ત, બાહ્યાભ્યંતર પરિગ્રહગ્રન્થિને
ભેદનારા, રત્નત્રય વિશુદ્ધ કરનારા, ત્રણ ગુપ્તિએ ગુપ્ત,
૪ કષાયવિજેતા, પાંચ મહાવ્રતો અને પ્રમાદને ટાળનારા,
પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ અને પંચાચાર પાળનારા,
છકાય જીવરક્ષક, બાહ્ય અને અભ્યંતર તપમાં તલ્લીન,
૮ મદથી મુક્ત, ૯ વાડથી શુદ્ધ, દશવિધ ધર્મને પાળનારા,
૧૭ પ્રકારનું સંયમ, ૧૮ હજાર શીલાંગને વિશુદ્ધ કરનારા,
ગ્રહણશિક્ષા - આસેવનશિક્ષાના આરાધક, ઉપશમ શ્રેણી -
ક્ષપકશ્રેણી આરૂઢ, જ્ઞાની, દર્શની, ચારિત્રી, ધ્યાની, મૌની,
તપસ્વી, પરિષહ - ઉપસર્ગોને સહનારા મુનિ હોય છે.

સમકિતી શ્રાવક - શ્રાવિકા તે ગણાય કે જેને...

દરિદ્રને નિધાન, જન્માંધને લોચન, ભૂખ્યાંને ભોજન,
તરસ્યાંને અમૃત, આંગણે કલ્પવૃક્ષ, ગાંઠે ચિંતામણિ, ઘેર
કામધેનુનું આગમન, હાથમાં કામકુંભ પ્રાપ્ત થવાથી થાય,
તેથી પણ વધુ આનંદ આવા ગુરુને મળવાથી થાય.
પ્રભુ દીક્ષા પૂર્વે એક વર્ષ સુધી રોજ ૧ ક્રોડને ૮ લાખ
સોનામહોરનું દાન કરીને જગતનું દારિદ્ર્ય હરે છે.

## એક વાર શાસન સમજ્યા પછી...

સંસાર વિષવૃક્ષ - અંધકૂપ સમાન લાગે, રાક્ષસોની નગરી, ચોરોની પલ્લી, ભયંકર અટવી, દુષ્કાળ, શત્રુસમુદાય જેવો કે કિનારા - નાવ વિનાના ભયંકર સાગર જેવો લાગે. શાસન સમજ્યા પછી ત્રિકાળ પૂજા, સંઘ પ્રત્યે આદર, ગુરુપુરુષોની સેવા, પરદારા - પરપુરુષત્યાગ, સ્વદારાદિ સંતોષ, યથાશક્તિ તપશ્ચર્યા, અભક્ષ્ય - અનંતકાય - રાત્રિભોજનવર્જન, સુપાત્ર - અભયદાન, અનુકંપાદાનમાં શક્તિ ગોપવ્યા વિના પ્રયત્ન, જિર્ણોદ્ધાર, તીર્થોદ્ધાર, સાધર્મિકોદ્ધાર, દીન - અનાથોદ્ધાર, પરોપકાર, પરદુઃખ-ભંજન, માતા - પિતાદિ વડીલજનો પ્રત્યે પૂજ્ય - આશ્રિતો પ્રત્યે વાત્સલ્યભાવ, અનિત્યતાદિ ૧૨ અને મૈત્ર્યાદિ ૪ ભાવના, ઉભયકાળ આવશ્યક, તીર્થયાત્રા, ૪ મહાવિગઈ, પર્વતિથિ પૌષધોપવાસ, ૭ મહાવ્યસન, ૧૫ કર્માદાન લોક-વિરુદ્ધ આચરણોનો ત્યાગ તથા નવકારનું ધ્યાન હોય છે.

૦ 'ऐं अमृते वाचस्पते प्लुवः प्लुः ।' અહીં ૧૧, મંત્રમાં
ऐं = સંબોધન = હૃદય, अमृते वाचस्पते = વિશેષણ = ગુણ,
प्लुवः प्लुः = દ્રાવણ = પલ્લવ.

મંત્રદેવતાનું દ્રાવણ = કારુણ્ય, મંત્રસાધકનું દ્રાવણ = દૈન્ય.

## ધ્યાનની પાંચ ભૂમિકાઓ

(1) ધારણા - અધ્યાત્મમાં પ્રવેશ.

(2) ધ્યાન - અધ્યાત્મમાં પ્રકર્ષ.

(3) સમાધિ - અધ્યાત્મની પ્રાપ્તિ.

(4) ઋતંભરા પ્રજ્ઞા - અધ્યાત્મનું પરિણામ.

(5) અનુભૂતિ - અધ્યાત્મનું પ્રાગટ્ય.

ધારણામાં જાગ્રત મનની એકાગ્રતા, ધ્યાનમાં ઉપયોગપૂર્વક અજાગ્રતમાં પ્રવેશ છે, સમાધિ એ દિવ્ય મનમાં તદાકારતા છે અને સમાધિજન્ય પ્રજ્ઞા તે ઋતંભરા છે.

નમસ્કાર વડે જ્ઞાન, લોગસ્સ વડે ધ્યાન,
પ્રતિક્રમણ વડે શુદ્ધિ - પચ્ચક્ખાણ વડે ભયનિવારણ,
સામાયિક વડે રતિ - અરતિનું નિવારણ થાય છે અને
કાયોત્સર્ગથી જુગુપ્સામોહનીય - વેદમોહનીય જાય છે.
જ્ઞાન માટે નમસ્કાર - ધ્યાન માટે લોગસ્સસૂત્ર આલંબન.

### શુક્લધ્યાનના બે ભેદ

પૃથક્ત્વવિતર્ક અને એકત્વવિતર્ક.

વિતર્ક = તર્કનો વિરહ = સ્વસંવેદનસિદ્ધ જ્ઞાન.

તે દ્રવ્ય - ગુણ - પર્યાયના ભેદ અને અભેદના ચિન્તન ઉપરાંત સ્વાનુભવસિદ્ધ - સ્વસંવેદનસિદ્ધ જ્ઞાન સમજવું.

જડ વસ્તુ નિઃસાર છે, ચૈતન્ય વસ્તુ જ સારભૂત છે. આત્મઉપયોગનું જડ સાથે પરિણમવું તે ભેદ છે અને સ્વરૂપમાં જ પરિણમવું - સ્થિર થવું, તે અભેદ છે.

ભક્તિમાર્ગ = આત્મસ્વરૂપમાં અભેદ થઈ રહેવું તે.

ભક્તિનું છેવટ આત્મસ્વરૂપમાં સ્થિરતા કરવી, તે છે.

તે સિવાયના સર્વ પદાર્થો - પર્યાયો વિભાવ આત્માના સ્વરૂપના બોધમાં વિઘ્નભૂત છે, તેનો નિષેધ કરવો, તે અપાયવિચય ધર્મધ્યાન છે. ધર્મધ્યાનના દૃઢ વિચારોથી આત્મામાં સ્થિરતા અનુભવવાનું બળ પ્રાપ્ત થાય છે.

ભક્તિના વચનોમાં નિશ્ચય ન થવામાં ૫ કારણો

(૧) બુદ્ધિદૌર્બલ્ય (૨) તથાપ્રકારના આચાર્યોનો વિરહ (૩) જ્ઞાનાવરણીય કર્મનો ઉદય (૪) [illegible] જ્ઞેયની ગહનતા અને (૫) હેતુ - ઉદાહરણનો અસંભવ.

તો પણ 'વીતરાગ વચનો સત્ય છે' એવો નિર્ણય કરવો, કેમકે વીતરાગપુરુષો ઉપકાર કે બદલાની અપેક્ષા રાખ્યા વિના જ પરને ધર્મોપદેશ આપી અનુગ્રહ કરે છે. રાગ, દ્વેષ, અજ્ઞાનરહિત હોવાથી તેમને અસત્ય બોલવાનું કોઈપણ પ્રયોજન હોતું નથી. આટલી શ્રદ્ધા જરૂરી છે. નિર્મળતા વધે, તેમ સત્ય પોતાની મેળે અનુભવાય છે.

## મુનિગણને વિસ્મય - નિર્વિકલ્પતાનું ચિન્તન

(૧) શરીર નિત્ય મૃતક છે, આત્મા સદા અમૃત છે, તો આયુષ્ય માટે વિસ્મય શા માટે કરવો?

(૨) વિસ્મય કરવા કરતાં સદા જ અમૃતમાં વિસ્મયરહિત -મગ્ને અમૃતમય રહેવું, એમ શાસ્ત્રની યુક્તિઓ ફરમાવે છે.

(૩) વાસ્તવમાં મૃત્યુ જેવી કોઈ વસ્તુ નથી, કિન્તુ તે આત્મઉપયોગ નિર્વિકલ્પ મન સિવાય આવતો જ નથી.

(૪) હાલ જે કરી રહ્યા છો, તે આત્મઉપયોગનું ચિન્તન છે અને ચિન્તન એ બુદ્ધિનું એક વિચારરૂપ કાર્ય છે.

(૫) જગત કે લોકને ગૌણ કરી મૌન અને ધ્યાનમાં પ્રવેશ થઈ શકે તો કરવા યોગ્ય છે (નિર્વિકલ્પ ધ્યાન). આયુષ્યનું બળ હોય તો મગ્ન બાહ્યપ્રવૃત્તિ (ગોચરી ઈ.) કરતાં માત્ર આંતરપ્રવૃત્તિમાં લીન થવું શ્રેયકારી છે.

(૬) ઘણુંય બાબતોનું ચિન્તન કરવાની પ્રવૃત્તિવાળા મનને શાંત, નિરાકાર અને નિર્વિકલ્પ કરતાં કરતાં સારો એવો સમય અને પુરુષાર્થ માંગી લેશે, સમતા રાખવી.

(૭) ચિન્તન એક અને નિર્વિકલ્પતા બીજી વસ્તુ છે.

(૮) યાદ રાખવું, એ મનનો ધર્મ છે. નિર્વિકલ્પમાં મન ઓગળે, ત્યાં યાદ કોણ રાખે? માત્ર અનુભૂતિ હોય.

(૯) મૌનનું સેવન તથા મન સંતુષ્ટ કરી સતતપણે આત્મામાં રહેવું, તે સંપૂર્ણ તૈયારી કરવાની.

(૧૦) ચિન્તન એ મન અને બુદ્ધિનું કાર્ય છે. હવે ચિંતન અલ્પ કરી, મન સંપૂર્ણપણે નિર્વિકલ્પ કરી, એક માત્ર રાગ-દ્વેષ અને મોહ - ક્ષોભરહિત આત્મપરિણામે રહેવું, એ આપણો આદર્શ - ધ્યેય છે. લોકપરિચય, બાહ્યપ્રવૃત્તિ અને ચિન્તનાદિ અલ્પતમ કરી મૌન, મનની સંતુષ્ટ વૃત્તિ અને નિર્વિકલ્પ સમાધિ દશા દ્વારા આત્મસ્થિરતા અને આત્મરમણતા જમાવવા માટે વિચારમાત્ર છેદ છે.

૬ <u>પ્રકારના આંતરતપના ફળ</u>

કાયોત્સર્ગમાં સર્વ આશ્રવનિરોધ થાય છે, ૫ ઈંદ્રિયોના વિષયો, ક્રોધાદિ ૪ કષાયો, હિંસાદિ અવ્રતો, કાયિકી આદિ ૨૫ ક્રિયાઓ - ૩ યોગોના અશુભ વ્યાપારો રોકાય છે તથા બારે પ્રકારના તપનું સેવન થાય છે. પ્રાયશ્ચિત્તથી ચિત્તની નિર્મળતા, વિનય-વૈયાવચ્ચ વડે સ્થિરતા અને સ્વાધ્યાય તથા ધ્યાન વડે તન્મયતા પ્રાપ્ત થાય છે. આમ કાયોત્સર્ગથી પુણ્યાનુબંધી પુણ્ય વડે આશ્રવત્યાગ અને સંવરસેવનરૂપી જિનાજ્ઞાનું પાલન થવાથી મોક્ષતત્ત્વની સિદ્ધિ થાય છે.

મિથ્યાત્વ, અવિરતિ આદિ આસ્રવત્યાગ અને સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદાદિ સંવરસેવન દ્વારા જિનશાસનની સંપૂર્ણ આરાધના થાય છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ક્રિયાસ્વરૂપ હોવાથી તે સંપૂર્ણ મુક્તિમાર્ગ બને છે.

## અજિતસેન મુનિની સ્તુતિ

ક્ષમારૂપી ખડ્ગ વડે ક્રોધ રૂપી યોદ્ધાને હણ્યો, માર્દવરૂપી વજ્ર વડે માનરૂપી પર્વતને હણ્યો, સરળતાના ભાલા વડે માયારૂપી વિષવલ્લીને હણી, મુક્તિરૂપી નાવ વડે લોભરૂપી સાગરને તર્યો, સંવેગરૂપી યંત્ર વડે કંદર્પરૂપી સર્પને હણ્યો,
ત્રિવિધ રાગરૂપી રંગને મનરૂપી પટ થકી દૂર કર્યો,
દુષ્ટ દ્વેષરૂપી ગજેન્દ્રને ઉપશમરૂપી અંકુશ વડે વશ કર્યો,
વૈરાગ્યરૂપી મુદ્ગર વડે મોહરૂપી મહામલ્લને પીસ્યો,
દુર્જય આંતરરિપુઓને લીલામાત્રમાં જીતી લીધા,
રાગદ્વેષથી મુક્ત, કરુણામાં એક તત્પર,
પ્રધાનધર્મના સ્વરૂપને કરતાં વિચરે છે.

## ઉત્તરોત્તર અધિક અધિક દુર્લભ વસ્તુઓ

દુર્લભ મનુષ્યજન્મ, આર્યક્ષેત્ર, ઉત્તમ કુળ, રૂપ, આરોગ્ય, દીર્ઘ આયુષ્ય, ગુરુનો સંયોગ, ગુરુનું દર્શન, પર્યુપાસન, ધર્મશ્રવણ, તત્ત્વબુદ્ધિ, તત્ત્વશ્રદ્ધા અને અંતે તત્ત્વબોધ.

Dt. 12/3/77 to Dt. 18-3-77, ફાગણ વદી ૧૩

## દશવિધ ધર્મ એ તત્ત્વ છે.

(૧) ક્ષમા = અક્રોધતા (૨) માર્દવ = માનવર્જન
(3) આર્જવ = સરલ ભાવ (૪) મુક્તિ = નિર્ગ્રન્થતા
(૫) તપ = ઇચ્છાનિરોધ (૬) દયા = જીવરક્ષા
(૭) સત્ય = અસાવદ્ય વાક્ય (૮) શૌચ = નિર્લિપ્તતા
(૯) બ્રહ્મચર્ય = મૈથુનવિવર્જન (૧૦) આકિંચન્ય = નિઃસ્પૃહતા.

## નવપદનું માહાત્મ્ય

કલ્પવૃક્ષ, ચિંતામણિ, મહાન મેરુ, જે સિદ્ધ આત્મિક ધર્મ-તત્ત્વને દર્શાવનાર, તેનું રૂપ પામનાર, તેના આચારને જણાવનાર - શીખવનાર - સાધનાર, તેની શ્રદ્ધા, અવબોધ, અને તેથી થતી નિર્જરા એ સર્વતત્ત્વભૂત છે, તેથી નવપદજી સર્વશ્રેષ્ઠ તત્ત્વભૂત છે, ભવ્ય જીવોએ તેનું ગાન - ધ્યાન નિત્ય કરવું. શુદ્ધ મનવાળા ધ્યાન કરનારને આત્મામાં આત્મા વડે આત્મા પ્રત્યક્ષ થાય છે.

## સાધનાના ઘણા પ્રકરણનો સાર

અંતર્મુખ, એકાગ્ર અને નિર્વિકલ્પ થયા લોકપરિચય છોડ્યા વગર આત્મસ્થિરતા થવી, તે પ્રાયઃ અશક્ય છે. વહેલું કે મોડું, આ જન્મે કે પછી, તારે કરવાનું આ જ છે.

ધ્યાનં નિર્વિષયં મનઃ । ૐ 15-3-77

મનને નિર્વિષય બનાવનારું ધ્યાન પ્રથમ શ્યામવર્ણી,
પછી નીલ, પછી પીત, પછી રક્ત અને અંતે શ્વેત.
'શ્વેત' એટલે શૂન્ય અથવા સર્વ વર્ણોનો સમુચ્ચય.

મિથ્યાત્વ = બહિરાત્મભાવથી અનન્તાનુબંધી અને
અંતરાત્મભાવનો જન્માનુબંધી, વિરતિ = દીર્ઘાનુબંધી,
કષાયત્વ = કેવળરાગ તથા અયોગપદ = મોક્ષાનુબંધી.
આત્મરંજનમાં સાર છે, તેનો અંશે ય લોકરંજનમાં નહિ.

સ્ખલિત વગર અસ્ખલિત થવું નહિ, આ સિદ્ધાંત છે.
સર્વ તીર્થંકરોના જીવનમાં આ સિદ્ધાંત મળી આવે છે.
કેવળીવચન અંતરસાધના વગર સમ્યક્‌પણે ન સમજાય.
ટૂંકમાં પહેલાં સાધના, પછી શાસ્ત્રજ્ઞાન સમજાતું જાય.

ધ્યાનના વિરહની વેદનાની સાચી નિશાની એ છે કે:
વિરહમાં દિવસે ખાવું ન ભાવે અને રાત્રે સુવું ન ગમે,
ઝૂરતો મચ્છ જળવિના તરફડીયાં મારે, તેમ વેદના થાય.
તેમ ઝંખનાવાળાને માટે જ સદ્‌ગુરુ શોધતાં આવે.
જ્યાં આત્મા છે, ત્યાં વિચારને કોઈ સ્થાન નહિ.

ધ્યાન વિચારોથી beyond છે.

ન્યાય, તર્ક આદિ બુદ્ધિજન્ય જ્ઞાનથી આત્મજ્ઞાન પર છે.

## આત્મા બુદ્ધિ પમાતો નથી.

આત્માના પ્રકાશ પાસે બુદ્ધિ, મનાદિના પ્રકાશો વામણાં છે. ધ્યાનસાધનાથી પ્રત્યક્ષપ્રકાશ થાય. જ્યાં મારાપણાંની ભાવના છે, ત્યાં મારાંપણાંની બુદ્ધિનો ત્યાગ એ સાચો ત્યાગ છે.

જેમ વમન કે વિષ્ટા ઉપર કોઈ રાગભાવ હોતો નથી, તેવો ભાવ પરપદાર્થ માત્ર ઉપર હોવો જોઈએ.

વૃત્તિઓનું suppression નહિ, sublimation કરો. સિદ્ધાંત છે કે બહારનું છોડ્યા વિના અંતરમાં ન જવાય. ઘોડા ઉપરથી ઉતર્યા સિવાય હાથી પર સવારી થઈ ન શકે. સૌથી પ્રથમ શરત એ છે કે આત્મા અંદર છે, તેથી તેને પામવા માટે અંતર્મુખ થવું જોઈએ. શાસન અંતરમાં છે,

એની અવહેલના પ્રથમ અટકાવવી જોઈએ.

વહેલું ધ્યાન હવે મહાસત્તાના ધ્યાનના દ્વારે આવ્યું હોય, તેવો ભાસ થાય છે. Be empty & you will be filled with grace. પુદ્ગલ એ પોતાના ગુરુત્વાકર્ષણથી અનંત જડ પદાર્થોને પોતાની સાથે જકડી રાખે છે, તેમ કર્મો આત્માના અનંત ગુણોને પોતાના બંધનમાં જકડી રાખે છે. આત્માને કર્મોના આ ગુરુત્વાકર્ષણથી મુક્ત કરવાનો અમોઘ ઉપાય તપ છે.

કાયાના તપથી ખૂબ જ હળવા થવા સાત્ત્વિક બનાય છે.

કાયાની માયા છૂટે, ત્યારે જ જીવો સાથે માયા બંધાય,
જીવો સાથે સમ્યક્ વ્યવહાર થાય, સ્વચ્છંદી વર્તન ઘટે,
વૈરવિચાર ઘટે, વેર હરે અને આત્મૌપમ્યભાવ પ્રકટે.
વર્તમાનનો મોક્ષ = આત્મૌપમ્યભાવ, જે તપનું ફળ છે.
સ્થૂલ તપ સિદ્ધ થતાં આત્માનું મહાભિનિષ્ક્રમણ શરૂ થાય.

મહાભિનિષ્ક્રમણ એટલે વિચારોના તાંતણાથી મુક્ત થવું.

આ દેહ આત્માને વિચારોથી મૂર્છિત કરી નાંખે છે.

વિચારોથી - મનોયોગથી મુક્ત થવું,

એ કાર્ય સિદ્ધ કરવું દુષ્કર છે, પરન્તુ અશક્ય નથી.

V.V. Imp. વર્ણોનું ધ્યાન કઈ રીતે થાય?

વિચાર એટલે શબ્દ, શબ્દ એટલે વર્ણમાતૃકા.
વર્ણોને વિચારોમાં ગૂંથવાને બદલે એક એકને છૂટા પાડી
ખૂબ તપાવવા અર્થાત્ એક એક વર્ણનું ધ્યાન કરવું.
વર્ણોનું આવું ધ્યાનરૂપી તપ વિચારને ઓગાળી નાંખે છે.

વર્ણોને વિચારરૂપી ખોરાકથી જુદા કર્યા છે,

તેના ઉપવાસની જરૂરત છે. આ ઉપવાસનું જ નામ

Transcendental meditation છે.

મહાસત્તાનું જે સામ્રાજ્ય વિશ્વ ઉપર પ્રવર્તી રહ્યું છે, તેના

દ્વારે આત્મજ્ઞને આ તપ લાવે છે.

વ્યવહાર - નિશ્ચય ઉભયને આ રીતિએ બાહ્ય અને
અભ્યંતર તપ ત્યાગ આદિ છે અહિં બંનેને સાધે છે.
નિરાકાર અને સાકાર - સિદ્ધ-અરિહંત રૂપનું ધ્યાન કરવાથી
જે એક જ પરમ વસ્તુ ઉપલબ્ધ થાય છે,
તે પરમેશ્વરને સર્વ પ્રકારેથી શરણું જઈને ઈંદ્રિય તથા
શરીરથી સેવા, મનથી સ્મરણ, શ્વાસથી નિત્ય નામનું
ઉચ્ચારણ, કાનોથી નિત્ય પ્રભાવનું શ્રવણ અને શરીરથી
તેની આજ્ઞાનુસાર વર્તન કરવું, એ સાચી સેવા છે,
વાસ્તવિક ભક્તિ છે, જેનાથી આત્માનું શીઘ્ર કલ્યાણ છે.

સમ્યગ્દર્શન એ સ્નેહાત્મક સ્વરૂપ છે.

તત્ત્વરુચિરૂપ સમ્યગ્દર્શન કરી કે
ભવરાશિ પ્રત્યે સ્નેહાત્મક કરી, એક જ પદાર્થ છે.

ભક્તિ સમ્યક્ત્વના ધણી અરિહંત - સિદ્ધાદિ
પરમાત્માઓમાં ભક્તિભાવે પ્રેમ આ રીતે ઘટાવી શકાય.

'તારા નયના રે પ્યાલા પ્રેમના ભર્યાં છે...'
આ સ્તવનમાં કવિએ પ્રભુના પ્રેમને કાર્યરૂપે વર્ણવેલ છે.

દયા, કરુણા એ પ્રેમના જ પર્યાયવાચી નામો છે,
એ સ્પષ્ટ થાય છે અને તેનાથી સમ્યગ્દર્શનનું સ્વરૂપ
પણ અતિ સ્પષ્ટ થાય છે.

ભદ્રેશ્વર, ચૈત્ર-સુ-૮

એમ દુઃખમાં દુષ્કૃતગર્હાથી દુર્ધ્યાન રોકાય તથા સુખ વખતે સુકૃતાનુમોદના દ્વારા શુભ ધ્યાન થાય છે, તેમ બંને વખતે ભગવાનનું સ્મરણ કરવાથી નિર્ભય બનાય છે.

ભગવાનના નામમાં સર્વના સર્વ પાપ હરવાની શક્તિ છે, રૂપમાં સર્વના સર્વ પ્રકારના સુખને સર્જવાની શક્તિ છે. ભગવાનના ગુણગાનમાં આત્માના અજ્ઞાનને હરવાની અને આત્મજ્ઞાન કરવાની શક્તિ રહેલી છે.

દાનં હરતિ દારિદ્ર્યં, શીલં સૃજતિ સંપદં ।
તપ સ્તનોતિ તેજાંસિ, ભાવો ભવતિ મુક્તયે ।

ભગવન્નામગ્રહણ એ સન્માનનું દાન છે,
ભગવદ્બિંબ દર્શન - પૂજન એ કાયા વડે શીલનું પાલન છે,
ભગવદ્ગુણગ્રહણ - સ્તવન - મનન એ ધ્યાનરૂપી તપ છે
અને ધ્યાન દ્વારા થતી તન્મયતા એ શુભભાવ છે.

## મિથ્યા અને સમ્યક્ : દર્શન - જ્ઞાન - ચારિત્ર

મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર - તે અજ્ઞાનમય વાસનામાંથી સર્જાતું જ્ઞાન અને તેનો સઘળો વ્યવહાર છે, તેની સામે વાસનામાત્રના વિલયને સર્જનારું અને જ્ઞાનપરિણમનને નિવૃત્ત કરનારું જ્ઞાન તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે.

Bhandar, D. 21/3/77

એક સંસારમાર્ગ છે અને એક મોક્ષમાર્ગ છે.

પ્રેય = આનંદનો માર્ગ, શ્રેય = પ્રસન્નતાનો માર્ગ.

આનંદ તો સમુદ્રમોજાં જેવો વધે - ઘટે, પરન્તુ
પ્રસન્નતા તો સમતોલ જ રહે છે.

બે વસ્તુ ભુલાઈ જવાય છે:

(૧) જ્યારે બોલવું જોઈએ, ત્યારે ચૂપ રહેવું અને

(૨) જ્યારે ચૂપ રહેવું જોઈએ, ત્યારે બોલવું.

'મારામાં ઘણું અજ્ઞાન છે, તેનું મને જ્ઞાન છે.'
જ્ઞાનપ્રદેશમાં પ્રવેશવા અને વિદ્યાયાત્રા કરવા માટેની આ મનોવૃત્તિ સોક્રેટીસ વડે અમર થઈ છે. શિક્ષકનું કામ શીખવવાનું નહિ પણ માર્ગ - દર્શક બનવાનું છે. સિદ્ધાંતો આપવાના નહિ પણ તે શોધતાં શીખવવાનું છે.

Reality absolute, being - becoming etc.

જેઓ નહિ જાણતાં, તેઓ કશુંક ભણી શકે છે,
જેઓ ભણી ચૂકેલાં છે, તેઓ જ ભૂલ કરે છે.

ભગવાનની ભાષામાં કોઈ અન્યાય કરતું નહિ કે ન્યાય કરતું નહિ. જે કંઈ થાય છે, તે Correct જ થાય છે. ઈશ્વરની યોજના અને ઇચ્છા મુજબ બધું કાર્ય થાય છે.

જં ચિય વિહિણા લિહિયં, તં ચિય પરિણમઇ સયલલોયસ્સ।
ઇય જાણિઊણ ધીરા, વિહુરેઽવિ ન કાયરા હુંતિ ॥ સૂક્તિ:

જે ભાગ્યમાં લખેલું હોય, તે જ જગતમાં પરિણમે છે એમ જાણીને ધીર પુરુષો દુઃખમાં પણ કાયર થતાં નથી.

મનુષ્યાત્મામાં પરમેશ્વર વસે છે, ક્યાંક સૂતો હોય છે અને ક્યાંક ઈશ્વર જાગતો હોય છે, તે શેષશાયી છે.

આ વિશ્વમાં ભયશક્તિને બદલે પ્રેમશક્તિ ચાલે છે.

અહિંસા - સંયમ - તપ અને દર્શન - જ્ઞાન - ચારિત્ર

(૧) સહુને સહવા તે અહિંસા (૨) સુખને સહવું તે સંયમ

(3) દુઃખને સહવું તે તપ.

(૧) ઉપયોગો લક્ષણમ્ = જ્ઞાન (૨) ઉપગ્રહો લક્ષણમ્ = દર્શન

(૩) અહિંસા, સંયમ અને તપ = ચારિત્ર.

0 'બ્રહ્મચર્ય' એટલે બ્રહ્મમાં ચરવું = ચારિત્ર.

બ્રહ્મભાવ = સમભાવ = સમદૃષ્ટિ.

જડ - જડ વચ્ચે, સુખ - દુઃખ વચ્ચે અને
જ્ઞાન - ક્રિયા વચ્ચે સમત્વ હોવું જરૂરી છે.

સામાયિક = સાક્ષીભાવ.

સાક્ષીભાવ = રાગ - દ્વેષ - મોહરહિત અવસ્થા.

નદ તે નદી, સર્વ નદ તે સાગર.

જેમ તાળા માટે ચાર ચીજ છે, તેમ પરમપદપ્રાપ્તિ માટે ચાર સાધન છે: વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ, મુમુક્ષુત્વ.

વિવેકથી આંતરિક બળ વધે છે, શાંતિ મળે છે.

સત્, અસત્, નિત્ય, અનિત્ય, આત્મા, અનાત્માને જે જાણે, તે વિવેકી છે. તે વિવેક અખંડ રહેવો જોઈએ.

વિવેકથી વૈરાગ્ય આવે અનાસક્તિ નિપજે છે.

વિરક્તને રાગ-દ્વેષ-આસક્તિ-વિકૃતિ આદિ ન હોય.
વૈરાગ્યવાન નિર્ભય - શક્તિવાન - સુખી - સમૃદ્ધ હોય.
મનને શાંત અને સ્વસ્થ રાખવા ષટ્સંપત્તિ સાધન છે,
એ વિના ધ્યાન - ચિન્તન અશક્ય છે.

શમ = વાસના તજીને મનને શાંત - સ્થિર બનાવવું.
દમ = ઇંદ્રિયોનો સંયમ. ઉપરતિ = ત્યાગ. તિતિક્ષા = ક્ષમા.

દ્વન્દ્વો એ તો સૃષ્ટિનો ક્રમ છે, એમાં
હાર - જીત કે જય - પરાજય માનવા, એ અજ્ઞાન છે.
અનિત્યને છોડી શાશ્વતમાં જોડાવા માટે તે એક સાધન છે,
તેથી કોઈ પણ જાતનો ક્ષોભ પામ્યા વિના સંસારની
લાભને સાક્ષીભાવે નિહાળવા, એ તિતિક્ષાનું રૂપ છે.

પરમપદપ્રાપ્તિ માટે ચોથું સાધન મુમુક્ષુત્વ છે.

દેહને વિવિધ અવસ્થાઓ છે: જન્મ, જરા, યૌવન, મૃત્યુ.

વ્યાધિ, ભય અને દુઃખનું ચક્ર પણ ચાલુ જ રહે છે.
અનાદિ જેને જકડ્યું છે, ભવભ્રમણના ફેરા મટાડવા છે,
એ માટે તીવ્ર અભીપ્સા જાગી છે, જેને પોતાના કર્તાને
ઓળખવા અને પામવા છે, તે 'મુમુક્ષુ' છે.

જેને વિવેક, વૈરાગ્ય અને ષટ્સંપત્તિનાં ત્રણ સાધનો છે,
તેને ચોથા સાધનરૂપે મુમુક્ષુવૃત્તિ આપમેળે આવવાની.
ચારેય એક સાથે જોઈએ. એક પણ ઓછું હોય તો
ન ચાલે. સાધનચતુષ્ટય જેની પાસે છે, તે ખરેખર ઉચ્ચ
ધન્યવાદને પાત્ર છે તથા પૂજ્ય - સુપાત્ર - વંદનીય છે.
સત્યનું અન્વેષણ રાગ-દ્વેષથી પર થયેલાં જ કરી શકે.
સર્વ મનુષ્યમાં સ્વમાન્યતાનો મોહ અતિપ્રબળ હોય છે.
મોટા મોટા ત્યાગી, તપસ્વીઓ પણ પોતાના મત પ્રત્યે
અતિઆસક્તિ ધરાવતાં હોય છે, પરમતને નરી આંખે
પણ જોઈ શકતાં નથી, સહિષ્ણુતા તો ઘણી દૂરની વાત છે.
બ્રહ્મવિદ્યા યા અધ્યાત્મ એ બુદ્ધિનો વિષય નથી, ચર્ચા
કે વાદવિવાદનો પણ નહિ. અધ્યાત્મવિદ્યા અતિ ગુહ્ય છે.
એ માટે કોરી વિદ્યા, કુશાગ્ર બુદ્ધિ કે ઘણો પણ અભ્યાસ
કારગત નથી. એની પ્રાપ્તિ માટે જુદી જ શિસ્ત છે તથા
તેનું સંપૂર્ણપણે પાલન કરવું જોઈએ.

વૈ-સુ-૬, બાપુભાઈજી

મતભેદ કે મતિભેદ - એ બન્ને શબ્દો પર્યાયવાચી છે.
મતિ એ સત્યનો સૌથી પ્રબળ અને છેલ્લો શત્રુ છે.
જેણે આ શત્રુને દૂર કર્યો, તેઓ જ સત્યને પહોંચી
શક્યા છે. દર્શનોના વિચારભાગને શુદ્ધ અને મુક્ત મનથી
સમજવા માટે પ્રયત્ન કરવો જોઈએ. - સચ્ચિદાનંદજી

તપ એ ઇચ્છાના નિરોધરૂપ છે,
તેમાં વિનય એ આજ્ઞાપાલનસ્વરૂપ છે.
આજ્ઞાપાલનના અધ્યવસાય રૂપ વિનયગુણ અભ્યંતર
તપરૂપ છે, કેમકે તેમાં ગુર્વાદિકને અનુસરવાની
વૃત્તિ હોવાથી સ્વેચ્છાનો નિરોધ થાય છે અને
તે ઇચ્છાનિરોધ જ તપનું લક્ષણ છે.

શમ = બ્રાહ્મણ - સંન્યસ્તાશ્રમ.
દમ = ક્ષત્રિય - વાનપ્રસ્થાશ્રમ.
દયા = વૈશ્ય - ગૃહસ્થાશ્રમ. શ્રદ્ધા = શૂદ્ર - બ્રહ્મચર્યાશ્રમ.

0 बहिरवतत - चेतनप्रदेशैः
सहकृत - मानस - पुद्गलान् वितते ।
जगति तदवगाढपुद्गलौघं
सुमणिमदं परिणामदा बभुवुः ॥१॥
- गौतमीयकाव्यम् (પરિશિષ્ટ-૩)

टीका - ततस्ते देवाः बहिः शरीराद् बहिर्देशे अवतता विस्तारिता ये चेतनप्रदेशा असंख्येया आत्म-प्रदेशास्तैः सहकृतान् युक्तान् मानसपुद्गलान् मनस्त्वेन परिणमितानि मनोवर्गणा द्रव्याणि जगति लोके वितत्य - विस्तार्य, तस्मिन् क्षेत्रे अवगाढ-स्तत्क्षेत्रमवगाह्य स्थितो यः पुद्गलौघः - सूक्ष्म पुद्गलसमूहः तं सुमणिमयं शोभनरत्नमयं परिणामय्य बभूवुः परिणामयन्ति स्म ॥

- टीका गौतमीयकाव्ये।

ટીકાનું આ લખાણ એ વાતનું સમર્થન કરે છે કે :
મનોવર્ગણાના પુદ્ગલોને લોકવ્યાપી બનાવી શકાય છે.

Imp ઔદારિક વર્ગણાના પુદ્ગલો પણ લોકવ્યાપી બની શકે છે, તો ઉત્કૃષ્ટ ભાષાની જેમ મનોવર્ગણા પણ લોકવ્યાપી બને, એમાં આશ્ચર્ય નથી.
પ્રભુના સમવસરણના વર્ણનમાં આ વાત જણાવી છે.

ધર્માનુપશ્યના = સમ્યગ્દર્શન.

ચિત્તાનુપશ્યના = સમ્યગ્જ્ઞાન.

વેદનાનુપશ્યના
કાયાનુપશ્યના } = સમ્યક્ચારિત્ર.

ઉપદેશ રહસ્ય, શ્લો- ૬૯: સામાયિકં ખલુ શુદ્ધ -
પ્રશમગુણવાળા સમ્યગ્દૃષ્ટિને સ્વાભાવિક
- અકૃત્રિમ આત્મપરિણતિથી ઉત્પન્ન થયેલ,
અતિશાયી - અન્ય સુખથી ચઢીયાતું,
સ્વાધીન - સ્વપરિણતિધારાપતિત,
અપ્રતિપક્ષ - દુઃખ વગરનું શુદ્ધ આત્મસ્વભાવની ભાવના
વડે પ્રાપ્ત અંતઃકરણની અખંડિત પ્રસન્નતાયુક્ત એવું
અનુપમ સુખ પ્રત્યક્ષ અનુભવમાં આવે છે,
તેનું કારણ આત્મસ્વભાવનું દર્શન છે.

સદા શેવાળના પડલથી આચ્છાદિત જળહૃદમાં રહેનાર મત્સ્યને કદાચિત્ પૂર્ણિમાના ચંદ્રના દર્શનથી જે આનંદ-આહ્લાદ ઉત્પન્ન થાય છે, તેના કરતાં નિખિલ પરદ્રવ્યથી વ્યાવૃત્ત સ્વસ્વરૂપના અનુભવથી - દર્શનથી અપૂર્વ આનંદ ઉત્પન્ન થાય છે. સમ્યગ્દર્શન = આત્માનું સ્પષ્ટ દર્શન.

દ્રવ્યાનુયોગ સમવાયી કારણ છે, ગણિતાનુયોગ અસમવાયી કારણ છે, કથાનુયોગ નિમિત્ત કારણ છે, ચરણકરણ-અનુયોગ એ કાર્ય છે. કાલાદિ સમવાય અપેક્ષા કારણ છે.

ઉપાદાન કારણ દ્રવ્યાનુયોગ છે, નિમિત્ત કારણ એ ગણિતાનુયોગ છે અને કાર્ય તે ચરણાનુયોગ છે.

યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ ।

ગીતાઃ જે જેમાં શ્રદ્ધાવાળો હોય, તે તેવો થાય છે.

દર્શનાદેવ સાધવઃ । સ્વયં હિ તીર્થાનિ પુનન્તિ સન્તઃ ।
સાધુ ભગવંતો દર્શનથી અને તીર્થો સ્વયં પવિત્ર કરે છે.

પુષ્પોના સ્મરણથી પુષ્પ પ્રગટે, તપોના સ્મરણથી તપ ફળે, વિભૂતિઓના સ્મરણથી વૈભવના અંકુર ફૂટે છે.

પ્રતિકૂળ અવસ્થામાં મનને વ્યથિત થવા ન દો.

પરમાત્માને ત્યાં કદી ભૂલ થતી નથી અને તેનું પ્રતિકૂળ વિધાન ઉપકારરહિત હોતું નથી. પરમાત્માના વિધાન ઉપર વિશ્વાસ રાખીને પોતાની જીવનદોર તેમના ચરણોમાં બાંધી દો અને પછી જુઓ કે નિર્ભયતા તમારા પોતાના ચરણોની દાસી બનીને ઊભી રહે છે કે કેમ?

o આત્મા રામ છે, શરીર રાવણ છે.

દશાનન રૂપ દશ ઇંદ્રિયો બુદ્ધિરૂપી સીતાનું હરણ કરે છે. રાવણની અગ્નિપરીક્ષામાં બુદ્ધિ રૂપી સીતાનો ઉદ્ધાર થશે. મનહનુમાન અકિલ્બિષિત થઈ બુદ્ધિરૂપી સીતાને શોધે છે. દશ શક્તિઓને વહન કરવાવાળા દશરથથી એક રામ ઉત્પન્ન થયાં, દશને એકમય કરી - શેષશૂન્યથી સર્જિત બ્રહ્માંડને નિરાકાર શિવમાં સમર્પિત કર્યું.

## ગણેશના બાર નામ વિઘ્નહર કેમ?

सुमुखश्चैकदन्तश्च कपिलो गजकर्णकः
लम्बोदरश्च विकटो विघ्ननाशो विनायकः।
धूम्रकेतुर्गणाध्यक्षो भालचन्द्रो गजाननः
द्वादशैतानि नामानि विघ्नस्तस्य न जायते॥ આકૃતિ:

સુમુખ, એકદંત, કપિલ, ગજકર્ણ, લંબોદર, વિકટ, વિઘ્નનાશ, વિનાયક, ધૂમ્રકેતુ, ગણાધ્યક્ષ, ભાલચંદ્ર, ગજાનન.

બાર નામોનો જાપ કરે, તેને કેમ વિઘ્નો આવતાં નથી?

(૧) સુમુખ : સુંદર મુખવાળા કપિલવર્ણ, સૂંઢ જેવું નાક, નાની આંખો, સુપડા જેવા કાન, ઝીણી આંખ ગંભીરતા-વાળું નાક બુદ્ધિમત્તા તથા લાંબા કાન બહુશ્રુતતાસૂચક છે.
(૨) એકદન્ત : દ્વૈતથી પર - અદ્વૈત પર. (3) કપિલવર્ણ: કપિલા ગાય જેમ દૂધ, ઘી, દહીં જેવા પૌષ્ટિક પદાર્થ આપે, તેમ શ્રી ગણેશ વિવેક, ભક્તિ, સદાચરણાદિ દે છે.
(૪) ગજકર્ણ: સર્વની વાત સુણનારા. (૫) લંબોદર: સારી-નરસી વાતોને પચાવનાર. (૬) વિકટ: ભયંકર, હાથીનું શિર અને મનુષ્યનું ધડ, વિકટવિઘ્નોને કાપવા માટે વિકરાળ.
(૭) વિઘ્નવિનાશક : કાળવિઘ્નને મારી જીવને અમરતા આપનાર. (૮) વિનાયક : દેવતાઓમાં વિશિષ્ટ સ્વામી.

(૯) ધૂમ્રકેતુ : અગ્નિની જેમ દોષો – વિકારોને ભસ્મીભૂત કરનાર. (૧૦) ગણાધ્યક્ષ : નિગ્રહ – અનુગ્રહ ગણોના અધ્યક્ષ. (૧૧) ભાલચન્દ્ર : ચંદ્ર એ કલાકારીઓનો રાજા છે, તેને મસ્તક સ્થાન પર રાખીને કલાકારોનો મહિમા બતાવનાર. (૧૨) ગજાનન : ગજ એટલે હાથી અને નરની આકૃતિ એ ક્રમશઃ તત્ અને ત્વં પદની એકતાનું પ્રતીક છે.

તે જીવ અને બ્રહ્મની એકતા બતાવે છે. વળી હાથીનું મુખ ૐકારની આકૃતિવાળું હોવાથી પ્રણવનું પ્રતીક છે.

આ સર્વ કારણોસર દરેક માંગલિકના પ્રારંભમાં વિઘ્નવિનાશક ગણેશનું નામસ્મરણ જરૂરી છે.

રામકૃષ્ણ પરમહંસ કહે છે:

ઉત્તમ દાન કયું? પ્રાણીમાત્રનો દ્રોહ ન કરવો તે.
પરપીડા તે પાપ છે, પરોપકાર તે પુણ્ય છે.
ચિત્તની શાંતિ મેળવવાને માટે બાળકને મદદગાર બનો
તથા પ્રભુને નિરખવા હોય, તો માનવના મિત્ર બનો.

વૈદિક ઋચાઓમાં લખેલું મળે છે કે:

સૌના સંકલ્પ સમાન હો,
સૌના હૃદયના ભાવો સમાન હો, સૌના મન સમાન હો,
જેથી તમારું સાહચર્ય સુખદાયી થાઓ.

स्वयं कर्तुः परेण कारयितुः,
तुष्टेन चित्तेन तथाऽनुमन्तुः ।
सहायकर्त्तोऽपि शुभाशुभेषु,
तुल्यं फलं तत्त्वविदो वदन्ति ॥१॥ सूक्तिः

સ્વયં કરે, બીજા પાસે કરાવે, હર્ષિત મનથી અનુમોદના કરે અથવા સહાય કરે, તે બધાને શુભ અથવા અશુભ કાર્યનું સમાન ફળ મળે છે, એમ જ્ઞાની પુરુષો કહે છે.

'અકર્મમાં કર્મ' કોને કહેવાય ?

સાધક ભૂતદયાને કારણે કર્મયોગમાં પ્રવૃત્ત થયો હોય છે. એની સર્વ પ્રવૃત્તિ પ્રાણીમાત્રની દયાથી પ્રેરાયેલી હોય છે. જેમ જેમ એ દયા વ્યાપક અને ઊંડી થતી જાય છે, તેમ તેમ એનું અને ઇતર જીવો વચ્ચેનું અંતર ઘટતું જાય છે અને આખરે તેને 'સૌ જીવ અને હું એક જ, સહુનું સુખ, તે જ મારું સુખ' એવી પ્રતીતિ થાય છે.

તે જાણે પ્રાણીમાત્રનો પ્રભુ જ થઈ જાય છે. આટલી અનુભૂતિ પછી સ્થૂલક્રિયા આપોઆપ ઓછી થાય છે અને કંઈ ન કરવા છતાં ય બધું સિદ્ધ કરવાની શક્તિ હાથમાં આવે છે, તેને જ 'અકર્મમાં કર્મ' કહે છે. આ ભાવરૂપ સિદ્ધિ છે, એનાથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે.

- વિનોબા

જે દેશમાં જિનબિંબ પ્રતિષ્ઠા મહોત્સવ થાય છે,
તે દેશમાં રાજ બળઋદ્ધિ વધે છે, દશે દિશાએ ઉજ્જ્વળ
યશ ફેલાય છે, રોગ - મરકી - દુર્ભિક્ષ દૂર થાય છે, શુભ
લાભની વૃદ્ધિ થાય છે. જિનબિંબની પ્રતિષ્ઠા જે કરે છે,
કરાવે છે, કરતાંને પ્રતિદિન અનુમોદે છે, તે સર્વે સુખના
ભાગી બને છે. જિનબિંબ પ્રતિષ્ઠા આદિ કાર્યોમાં વપરાય,
તે દ્રવ્ય સફળ, તે સિવાયનું દ્રવ્ય દુર્ગતિજનક સમજવું,
એમ સમજીને જિનવરોના બિંબોની સુપ્રતિષ્ઠા કરે છે,
તે જન નક્કી મહાસુખસહિત શાશ્વત સ્થાનને પામે છે.
સિદ્ધોની પ્રતિષ્ઠા સિદ્ધશિલા પર, સ્વર્ગની સમગ્ર લોકમાં,
દ્વિપસમુદ્ર મધ્યે મેરૂની, જંબૂદ્વીપમાં જંબૂવૃક્ષની મધ્યમાં
અને લવણની પ્રતિષ્ઠા જેમ સમગ્ર સમુદ્રની મધ્યમાં છે,
તેમ આ પ્રતિષ્ઠા પણ સ્થિર પામો.

મૂર્તિનું સૌંદર્ય મહત્વ છે જ પણ તે ઈશ્વરના
અનંત ગુણોનું પ્રતિબિંબ માત્ર છે - આધારસ્વરૂપ છે.
એટલે તેને માત્ર કોતર સમજીને તે સૌંદર્ય દ્વારા
મંગળ ગુણોના ચિન્તનમાં ચિત્તને ચોંટાડવાનું હોય છે.
એમ કરવાથી ઈશ્વરને વિષે પ્રેમની અનુભૂતિ
તેના ગુણો સહિત હૃદયમાં જડાઈ જાય છે.

પરબ્રહ્મ = સત્ચિત્ચૈતન્ય.

સહજાનંદસ્વામી લખે છે: બ્રહ્મરૂપે થઈને બ્રહ્મને ભજવા.

જેમ બીજમાં તેલ નહિ પણ તલમાં છે,
તેમ શાસ્ત્રમાં આત્મા નહિ પણ તનમાં છે,
જેમ ઝાંઝવામાં જળ નહિ પણ સરોવરમાં છે, તેમ
ગુરુવચનમાં બોધ નહિ પણ હૃદય રૂપી સરોવરમાં છે.

શાસ્ત્રોમાં લખ્યું હોય, તેનો આશય છે કે તે પોતામાં શોધે
અને ગુરુ કહેતાં હોય, તેનો મર્મ છે કે હૃદયમાં સમજે
અને આત્મહિત શું છે, તે તેમાંથી શોધી કાઢે, તો જ
શિવપદ પામવાની આશા ફળે, અન્યથા નહિ.

હિત તે આત્મા અને અહિત તે જડ.

અહિંસા માટે સાધન છે મૈત્ર્યાદિ, સંયમ માટે સાધન છે
વૈરાગ્યાદિ અને તપ માટે સાધન છે ધ્યાનાદિ.

અહિંસા વડે દેહની શુદ્ધિ, સંયમ વડે ઇંદ્રિયોની શુદ્ધિ
અને તપ વડે મનની શુદ્ધિ થાય છે.

મનોનિગ્રહ માટે તપની, ઇંદ્રિયનિગ્રહ માટે સંયમની
અને શરીરનિગ્રહ માટે અહિંસાની જરૂર છે.

અહિંસા માટે આત્મસ્વભાવનું, તપ કરવા માટે મનના
સ્વભાવનું, સંયમ માટે શરીરસ્વભાવનું જ્ઞાન જરૂરી છે.

ઈર્ષા - દ્વેષ - ક્રોધ - માન - માયા - લોભ આદિ આત્મારૂપી
સૂર્યને જોવા હૃદયનાં દ્વાર ખોલવામાં અટકાયત કરનાર છે.
તે હૃદયદ્વાર બંધ રહેવાથી આત્મદર્શન થતું નથી.
હૃદયનાં દ્વારને બંધ કરનાર તે તે દોષો
તેના તેના પ્રતિપક્ષી ગુણો વડે ટાળો.
સૂર્ય આત્મા માટે છે પણ આત્મા સૂર્ય માટે નથી.

નહિ મરવાનો ઉપાય નહિ મારવું,
નહિ જન્મવાનો ઉપાય નહિ જન્માવવું,
નહિ ચોરાવાનો ઉપાય નહિ ચોરવું.

જો ક્યારેય દેહ નહિ ધારણ કરવો હોય, તો
દેહભાવ છોડી અને આત્મભાવ ધારણ કરો.
કર્મરૂપી પરપુદ્ગલનો સંબંધ ન જોઈતો હોય, તો
પરપદાર્થનો સંગ્રહ - મૂર્છા છોડો. અભિમાન કે અપમાન
પરવસ્તુને લઈને છે, તેને આત્મભાવમાં સ્થાપન કરો.
દેહ - જે હું નથી, તેને હું માનવાથી ભૂલોની જ પરંપરા
ચાલે છે, એટલે કર્મો આત્માને ચોંટે છે. તે કર્મોને દૂર
કરવા માટે આત્મામાં હુંપણું સ્થાપિત કરવું જોઈએ.
આત્મભાવમાં રહેવાથી કર્મો નિરાધાર બની જાય છે
અને આત્માનું મુક્તપણું મળે છે.

કર્મ અને કર્મજનિત ભાવોમાં હુંપણું કાઢી
આત્મભાવમાં 'હુંપણું' સ્થાપવાથી ચોકાશ બને છે અને
કર્મરૂપી દિવાલ તૂટી પડવાથી નિર્જરા અને મોક્ષ થાય છે.

વિષય ભોગ મહારસ મરે છે, તેમ
મહારસ વિષયોથી રાજાઈ રાજાઈને - ભવોભવ મરે છે.

'મુનિ' તે જ છે કે જે:

પરવસ્તુનો વિચાર કરવાને બદલે મૌન ધારણ કરે છે,
સ્વવસ્તુ, જે આત્મા, તેનું જ શરણ સ્વીકારે છે
અને તેનાથી જ પોતાના મુનિત્વનું રક્ષણ પામે છે.

નિર્ગ્રન્થ તે જ છે કે જે:

ગ્રન્થ એટલે મનની યા મમત્વની ગાંઠને છોડનારા છે.
મમત્વ છોડી દે છે, એટલે ગાંઠ છૂટી જાય છે.

રાગ-દ્વેષ-મોહ

પરવસ્તુમાં હુંપણાની બુદ્ધિ તે મોહ છે અને મારાં તથા
પરાયાપણાંની બુદ્ધિ તે અનુક્રમે રાગ અને દ્વેષ છે.
આત્મારૂપી સૂર્ય-ચંદ્રની આડે હુંપણારૂપી મોહનું ગ્રહણ
લાગે છે, તેથી બહિરાત્મારૂપી પૃથ્વી ઉપર અજ્ઞાનરૂપ
અંધારું જ રહે છે. સમ્યક્ત્વરૂપી અંજન વડે સદૃષ્ટિ
પરવસ્તુની પ્રીતિરૂપ રાગનાં પડળ દૂર કરે છે.

'સવિ જીવ કરું શાસનરસી' રૂપી ભાવનાના વાયુ વડે
દ્વેષરૂપી વાદળા ખસેડવાં જોઈએ, કેમકે
પક્ષપાતનાં વાદળ જ્ઞાન ઉપર અરૂચિ કરાવે છે.
અભ્યંતર તપ પવન છે, બાહ્ય તપ અગ્નિ છે.
બાહ્ય તપથી ઉષ્મા વધે છે, તેથી
કર્મવાદળાં પીગળે અને પછી વાયુ વડે વિખરાઈ જાય છે.
સકલ જંતુ ઉપરની કરૂણારૂપી શેત્રુંજી નદીમાં નાહીને
પવિત્ર થતાં હૃદય દ્વારા આત્મારૂપી આદિનાથ તરફ
જતાં ડગલે ડગલે કરોડો ભવનાં કર્મરાશીઓ હણાય છે.
રાગ પવન છે, દ્વેષ વાદળ છે, મોહ ગ્રહણ (અંધત્વ) છે.

શરીરરૂપી પ્રાસાદ, મનરૂપી ફાનસ,
ઈંદ્રિયોરૂપી ચિમની અને આત્મારૂપી દીવો.
અહીં જણાય છે કે સૂર્ય - ચંદ્ર વગેરે નિસ્તેજ દીવા
જાણે આત્મારૂપી દીવાની જ્યોતમાં પ્રગટાવેલાં ન હોય!
દર્શનથી મોહ, જ્ઞાનથી રાગ અને ચારિત્રથી મોહ જીતાય છે.
જો કોઈ અંતરાત્મભાવ પામીને પરમાત્મભાવનાં દર્શન
કરવાને યોગ્ય ન થયાં હોય, તો સર્વ જીવોની ઉપર
એકસરખી કરૂણા થવાથી રાગ - દ્વેષ - મોહ જાય છે.
દર્શનરૂપ દૂધપાક, જ્ઞાનરૂપ સાકર, ચારિત્રરૂપ કેસર છે.

સુખ અને દુઃખ એ ઇચ્છિત વસ્તુના બે છેડા છે.
કર્મના કર્તાને તેમ કર્મના હર્તાને ય જોતાં શીખવું જોઈએ.
આત્મા કેસરી સિંહ અને કર્મ હરિણ છે.
શાસ્ત્રવચન એ આત્મતત્ત્વને જાણવાનું દૂરબીન છે
અને અનુભવ એ આંખ છે. ભવે તે ભવ-
તેમાં મન, વચન, કાયા સ્થિર કરવાથી મરણ રહેતું નથી.
સુખ એ આત્માનું નામ છે.
દયા રૂપ જળાશય જેવા જિનધર્મમાં આવેલ ભવરૂપ
તુંબડું દયાજળની છોળો દ્વારા પુરુષના કર્મરૂપ કાદવને
ધોઈ નાંખી ઉપર આવે છે.

**અભ્યાસ અને વૈરાગ્યનું સ્વરૂપ એટલે...**

**પરવસ્તુમાં મમત્વ તજી સ્વવસ્તુમાં પ્રવેશ કરવો તે.**

પરભવમાં જઈ જન્મવું અને મરવું અથવા
સ્વભાવમાં રહીને આજન્મ - આમરણ રહેવું,
તે આપણા જીવના જ હાથમાં છે.

**કેવો હોય મોક્ષગામી જીવ?**

સર્વ જીવોને વિષે આત્મતુલ્ય દૃષ્ટિથી રાગ તથા દ્વેષની
પરિણતિ દૂર કરીને જે આત્મસ્વભાવને અનુસરે છે,
એ ઉપશમવાળો હોય મોક્ષગામી જીવ છે.

## સૂત્ર - અર્થ - તદુભય

સૂત્ર = વિચારશૂન્ય ઉચ્ચાર, અર્થ = ઉચ્ચારશૂન્ય વિચાર,
તદુભય = વિચારપૂર્વક ઉચ્ચાર કે ઉચ્ચાર સાથે વિચાર.
વિચાર - ઉચ્ચાર એકસાથે થાય, ત્યારે 'તદુભય' કહેવાય.
જે ઉચ્ચારે છે, તેનો વિચાર - જે વિચાર્યું, તેનો આચર
અથવા જે આચરે છે, તેનો વિચાર અને
જે વિચાર્યું છે, તેનો જ ઉચ્ચાર.

णाणी तवम्मि निरओ चारित्ती भावणा जोग्गो ।
सा पुण विचित्तरूवा अवत्थाभेदेण निद्दिट्ठा ॥ (परिशिष्ट-४)
णाणं पयासगं सोहओ तवो संजमो अ गुत्तिकरो ।
तिण्हंपि समाओगे मोक्खो जिणसासणे भणिओ ॥

પ્રકાશક જ્ઞાન, શોધક તપ અને રોધક સંયમ - ત્રણેના સમ્યગ્ સંબંધથી જ આ જિનશાસનમાં મોક્ષ કહ્યો છે. અંધારા આત્મગૃહમાં ભરાયેલ કર્મકચરાને બતાવનાર દીપકના સ્થાને જ્ઞાન છે. ઘર સાફ કરનાર કર્મકર પુરુષની જગ્યાએ બાહ્યાભ્યંતર તપ છે. નવા આવતાં કચરાને રોકનાર બંધ બારીબારણાંની જગ્યાએ આસ્રવના છિદ્રોને રોકનાર સંયમ છે. એ રીતે જ્ઞાન, તપ, સંયમના પ્રકર્ષથી આત્મારૂપી ઘર કર્મરૂપી કચરાંથી શુદ્ધ બને છે.

# નિયમ અને વ્રતમાં શું ફેર ?

વ્રત એ તો પરલોકની વાટનું ભાથું છે, ભાથાનો ભાર એ ભાર લાગતો નથી અને લાગે છે, તો તે ખોટો ભાર છે.

વ્રત વિનાનું જીવન ધૂળ સમાન છે.

વ્રતનો ભાર ન લાગવો જોઈએ. વ્રતને બહુ શિરોધાર્ય ગણવા જોઈએ. વ્રતના દાસ બનવું જોઈએ, નિયમના નહિ.

નિયમ એટલે ઉત્તરગુણ અને વ્રત એટલે મૂળગુણ.

નિયમના સ્વામી બનો અને વ્રતના દાસ બનો.

વ્રતો આપણા માટે છે, નિયમો માટે આપણે નહિ.

વ્રતના દાસ રહેવું તથા નિયમોના સ્વામી બનવું એટલે પરિસ્થિતિવશ નિયમોમાં ફેરફાર કરવાનું પોતાને જ સ્વાધીન રાખવું અને વ્રતોને સ્વાધીન પોતે રહેવું. વ્રતોના પાલનમાં દૃઢતા કેળવવા માટે નિયમો છે. વ્રતો સાર્વભૌમ છે, જીવોના ભાવજીવનરૂપ વ્રતો પાંચ છે:

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ.

નિયમો અસંખ્ય છે અને તે બધા જે રીતે વ્રતોના પાલનમાં સહાયક બને, તેમ ફેરફાર કરવા જોઈએ છે. તપ, સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાન, સંતોષ, શૌચ ઈત્યાદિ નિયમો વ્રતપાલનમાં દૃઢતા લાવવા માટે ઉપયોગી છે.

## જાણવું અને માનવું - શું ફેર ?

જાણવું એ તત્ત્વજ્ઞાનનો સાર છે અને
માનવું એ આચાર માર્ગનો સાર છે.
તત્ત્વજ્ઞાન જાણવાનું - ધર્મશાસ્ત્ર માનવાનું શીખવે છે.
જાણવું એ તત્ત્વજ્ઞાનનું પાચન છે તથા,
માનવું એ ધર્મશાસ્ત્રને પચાવ્યાની નિશાની છે.

### જ્ઞાનના વિશિષ્ટ ત્રણ પ્રકાર

પ્રતિષ્ઠિતજ્ઞાન = સંદીગ્ધ રહસ્યજ્ઞાન.

ગ્રન્થિભિન્નજ્ઞાન = વિષય પ્રતિભાસઘનરહિત આત્મ-પરિણતિવાળું જ્ઞાન. અત્યાસના પરિપાકથી જ્યારે તે જ તત્ત્વસંવેદન બને છે, ત્યારે ભાવચારિત્ર પરિણમે છે.

ચિત્તસ્થ જ્ઞાન = ચિત્તનો વિલય.

જેઓનું મન સમભાવમાં રહેલું છે, તેઓએ અહીંયા જ સંસારને જીત્યો છે, કારણકે બ્રહ્મ નિર્દોષ અને એક સ્વરૂપ છે, તેથી તેઓ બ્રહ્મ - પરમાત્મામાં રહેલાં છે.
એટલી વિશેષતા છે કે ત્યાં એકાંત અભેદ કહ્યો છે અને અહીં નયનાં ભેદે નયની ધારણા માર્ગાનુસારી છે.

o વર્તમાન કાળના પદ્ધતિ, તે અર્થપદ્ધતિ (ઘટ) અને
ત્રૈકાલિક પદ્ધતિ, તે વ્યંજનપદ્ધતિ (મૃત્તિકા).

અભ્યાસ તથા વૈરાગ્યમાં અભ્યાસ વડે શું અભિપ્રેત?

(૧) સદ્‌ગ્રન્થોનું વાચન - મનન (૨) સત્પુરુષોનો સમાગમ - સત્સંગ (3) ઉપદેશાનુસાર વર્તન કરવાની કોશિષ (૪) મનઃશુદ્ધિ માટેની મૈત્ર્યાદિ સાધના (૫) જપ - ધ્યાન - સ્મરણ - પ્રભુઉપાસનાદિ પરમાત્મસાક્ષાત્કાર - મુક્તિ - પ્રકૃતિ માટે કરાતી સાધના (૬) અભ્યાસનાં મુખ્ય ફળ: મનઃશુદ્ધિ, મુમુક્ષુત્વ (મુક્તિ, પ્રકૃતિ કે પરમાત્મપ્રાપ્તિની તીવ્ર ઇચ્છા), પરમ શાંતિ. પરસ્પર એકબીજાનાં કારણ છે.

વૈરાગ્ય દ્વારા શું અભિપ્રેત?

(૧) ચિત્તની રાગાત્મિકા વૃત્તિ જ્યાં ત્યાં પ્રસરેલી છે, તેને ત્યાંથી પાછી વાળીને એકમાત્ર ધ્યેય પદાર્થમાં જ કેન્દ્રિત કરવી. (૨) ધ્યેય પદાર્થને વળગી રહેવું અને તે સિવાયના બાકી બધા પદાર્થોમાંથી મનને પાછું વાળવું. (3) વૈરાગ્યનું ફળ: (a) સમગ્ર શક્તિ સાધના પાછળ લગાવવી (b) પ્રલોભનો અને ભયસ્થાનોથી રક્ષણ થાય (c) વૈરાગ્ય અને અભ્યાસને પરસ્પર પૂરક સમજવા. વૈરાગ્ય અનેક પ્રકારનાં છે: સ્મશાન વૈરાગ્ય, પ્રસૂતિ વૈરાગ્ય, પુરાણ વૈરાગ્ય વગેરે ખરાં વૈરાગ્ય નહિ. આત્માનાત્મવિવેકના બળે ઉદ્‌ભવેલો વૈરાગ્ય કાયમ રહે છે.

## વૈરાગ્યને વધારવાના ઉપાયો

(૧) વસ્તુના મૂળભૂત સ્વરૂપનો વિચાર (૨) દોષદર્શનથી ચિત્તવૃત્તિનો ઉપરામ (૩) શાશ્વત શાંતિ માટે પરમાત્મ-દર્શનની ઝંખના (૪) પ્રાર્થનાનું અવલંબન (૫) પરમાત્મ-પ્રેમની વૃદ્ધિ (૬) પરમાત્મા સિવાય કોઈપણ પદાર્થ પ્રાપ્તવ્ય નથી, એવો દૃઢ નિશ્ચય (૭) મહત્તાને પ્રગટ કરવા લઘુતાનો લોપ (૮) સર્વ પ્રકારનાં બંધનો, રોગો, વિપત્તિઓ, વ્યથાઓ, નિષ્ફળતાઓ અને અણગમતી વસ્તુઓનો વિલોપ કરવા આત્મામાં રહેલ મહત્તાનું દર્શન વધારવું (૯) વૈરાગ્યથી અભ્યાસ અને અભ્યાસથી વૈરાગ્ય વધારવો (૧૦) ઈશ્વરના નામનું સ્મરણ અને સર્વમાં ઈશ્વરનું દર્શન તથા સેવા. આ સર્વ ઉપાયોથી જગતનું કલ્યાણ તથા આત્માને પરમ શાંતિ મળે છે.

o માંસપાંચાલિકાયાસ્તુ યંત્રલોલેઽङ्गપञ्जरे ।
સ્નાય્વસ્થિગ્રન્થિશાલિન્યાઃ સ્ત્રિયાઃ किमिव શોભનમ્ ||

o સંસારોદધિનિસ્તાર - પદવી ન દવીયસી ।
अन्तरा દુસ્તરા ન સ્યુર્યદિ રે મદિરેક્ષણાઃ || (પરિશિષ્ટ-૫)

જેઓને આમ સ્ત્રીઓનો મોહ નષ્ટ થાય, તેમને જગત તુચ્છ લાગે, વિષયસુખોથી મુક્ત બની બ્રહ્માનંદ અનુભવે.

વાસના એ જીવનના અંધકારની એક છાયા છે. સંસારમાં
માનવજીવની દૃષ્ટિએ સાચો અંધાપો આપનારી કોઈપણ
વસ્તુ હોય, તો કેવળ કામવાસનાની પ્રબળતા જ છે.

મુમુક્ષુતા - મુક્તિ માટે શેનું અધ્યયન કરવું ?

આત્મિક, શમ - દમ વગેરે સાધન, વૈરાગ્ય અને
આત્માનાત્માનો વિવેક - આવા જાતના અધિકારપૂર્વકના
અધ્યયનની સાથે મુમુક્ષુમાં વ્રતનિષ્ઠા હોવી જ જોઈએ.
વિદ્યાસ્નાતકની જેમ વ્રતસ્નાતક પણ બનવું જ જોઈએ.

વ્રત એટલે જે વિદ્યા ભણ્યાં, તેનું આચરણ.
વિદ્યા અને વ્રતનો યોગ = ભારતીય વિશિષ્ટ પરંપરા.

બ્રાહ્મણ = શમ - ઇચ્છાનો અભાવ.
ક્ષત્રિય = દમ - પોતાની ઉપર કાબુ.
વૈશ્ય = દયા - પરપીડાનિવારણ.
શૂદ્ર = શ્રદ્ધા - સેવા - ભક્તિપરાયણતા.

સમદૃષ્ટિવાન પંડિત પુરુષો કેવા હોય ?

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पंडिताः समदर्शिनः ॥
इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ।
निर्दोषं हि समं ब्रह्म तस्माद् ब्रह्मणि ते स्थिताः ॥

- ગીતા, અ. ૫, શ્લો. ૧૮/૧૯ (પરિશિષ્ટ-૬)

## મન - ચિત્ત અને બુદ્ધિ

મન = સંકલ્પશક્તિ - ઇચ્છાશક્તિ - will power.

ચિત્ત = વિચારશક્તિ - વાસનાવૃત્તિ - thought power.

બુદ્ધિ = વિવેકશક્તિ - જ્ઞાન - memory power.

સિદ્ધિઓ - ચમત્કારો બીજું કાંઈ નથી, ફક્ત એકાગ્ર મનના તમાશાઓ છે. મંત્ર - હઠયોગ યા રાજયોગાદિ, ભક્તિ કે ઉપાસનાસાધનાદિ મનને એકાગ્ર કરી શકાય છે.

એકાગ્રતાથી અંતઃકરણમાં શાંતિ મળે છે અને
બાળબાળાનું સ્મરણશક્તિ તીવ્ર બને છે.

## યુક્તિ - યોગ - પ્રયોગ

यस्तर्केणानुसंधत्ते स धर्मं वेद नेतरः ।

આયુર્વેદના પ્રાચીન ગ્રન્થોમાં તર્ક કે યુક્તિનો અર્થ કેવળ યુક્તિ કે દલીલ ન કરતાં યોજના - પ્રયોગ કર્યો છે. એટલે વૈજ્ઞાનિકની જેમ આપણે ત્યાં પણ પ્રયોગદૃષ્ટિ તથા પ્રયોગપદ્ધતિનો આધાર લેવાનું ગર્ભિત સૂચન છે. યુક્તિ - યોગ - પ્રયોગ અનિવાર્ય છે, તેથી પ્રયોગનો આધાર લેનાર જ ધર્મને સમજી શકે છે, બાકી નહિ,
એમ વેદ વ્યાસ પણ કહે છે.

ધર્મને સમજવા ધર્મને જાણીને આચરણમાં મૂકવો જોઈએ.

ધર્મને જાણીને આચરણમાં મૂકવો, તેનું જ નામ યુક્તિ કે પ્રયોગ છે અને તેથી જ ધર્મને પૂરેપૂરો સમજી શકાય છે.

ધર્મને બુદ્ધિથી જાણવો જોઈએ, હૃદયથી સદ્દહવો જોઈએ અને મન, વચન, કાયાથી તેને આચરણમાં મૂકવો જોઈએ, તો જ ધર્મનું સ્વરૂપ, હેતુ અને ફળ વગેરે સમજી શકાય. સાકર એ કેવળ જાણવાની વસ્તુ નહિ અથવા અમૃત કે વિષ એ જાણવાના માત્ર પદાર્થ નહિ, કિન્તુ તેને જાણી-સદ્દહી-આદરવા અને છોડવાના વિષય છે, તેમ ધર્મરૂપી અમૃત અને પાપરૂપી વિષ પણ જિનવચનથી જાણી, હૃદયથી સદ્દહી અને ક્રિયાથી સમગ્ર જીવનમાં એકનો અમલ અને બીજાનો પરિત્યાગ કરવાનો છે.

## સર્વ ધર્મોનું પ્રભવસ્થાન Asia છે.

વ્યક્તિના આત્મવિકાસ માટે અને આત્મનિયમન માટે સાધ્યને અનુકૂળ હોય તેવા સમર્થ, ગહન અને સરલ સાધન પદ્ધતિઓ શોધી કાઢવી જોઈએ, જે વડે માનવ અત્યારની તેના મનની ગુલામીમાંથી મુક્ત થઈ આત્મનિષ્ઠ બને, સંસારમાં જીવન્મુક્ત તરીકે વિચરી શકે તથા પોતાના વ્યક્તિત્વથી આત્માના જ્ઞાનનો, આનંદનો, શક્તિનો અને સૌંદર્યનો પ્રાદુર્ભાવ કરી શકે.

આત્મનિષ્ઠ બનવાથી માનવ પોતાના કર્મોને આત્માની શક્તિથી દિવ્ય બનાવી શકે, સ્વાધીન બનાવી શકે તથા પ્રકૃતિના પરિબળોના આધિપત્યમાંથી મુક્ત કરી શકે.

## આધ્યાત્મિક અનુભૂતિનું માહાત્મ્ય

આત્મા અનંત છે, તેથી તેના પ્રાદુર્ભાવો અસંખ્ય હોઈ શકે અને તેમની મહત્તામાં ઉત્તરોત્તર ચઢિયાતાપણું પણ હોઈ શકે. આધ્યાત્મિક અનુભૂતિ દ્વારા જીવ, જગત અને આત્મા વચ્ચે અભેદનો અનુભવ કરવો જોઈએ. આધ્યાત્મિક શક્તિનું મન ઉપરાંત શરીરમાં અવતરણ કરી તેને પૂર્ણ બનાવવા જોઈએ. આપણો સમાજ એ જગન્નાથનો રથ છે, એ ભાવના પેદા કરવી જોઈએ. પંચ દ્વાર વડે ઇંદ્રિયો મન પર જે અસરો નિપજાવે છે તે અને વિચારો વડે જે માનસિક વ્યાપાર ચાલે છે, તે બંધ કરવા જોઈએ. પુંપદ - કામનાઓના ખેંચાણ બંધ કર્યા પછી જે ગુરુભાવ આવે છે, તેમાં નિવૃત્તિ નથી. બ્રહ્મભાવનું પણ પૂરેપૂરું વિકસે છે, ત્યારે મહાકરુણા અને પ્રેમ આપોઆપ સ્ફુરે છે. શરીર આવરણમાં સ્થિર થાય અને ચિત્ત ઊંડા ધ્યાનમાં લીન બને, ત્યારે ચિત્ત અને ચિન્તન - બંને અદૃશ્ય થાય છે.

Imp ધ્યાનના અનુભવનો આ પહેલો આસ્વાદ છે.
અનુક્રમપણે એનો અભ્યાસ વધે છે, ત્યારે આત્મભાનના
દીપક પ્રગટે છે, આકાશની જેમ શૂન્યત્વનું ભાન થાય છે.
ધ્યાનના આ પગથિયે સત્ય પાસે પહોંચાય છે.
નિરંતરતાવાળી પ્રશમમાં મહાકરુણાની શક્તિ પ્રગટે છે,
સાક્ષાત્કારનું સત્ય પ્રકાશે છે અને તે વખતે મનની
ભૂલો અને ભય જેવા મિથ્યા હતાં, તે જણાય છે તથા
આશાઓ પણ જેમ વ્યર્થ હતી, તે પણ સમજાય છે.

V.Imp. પરમેષ્ઠિ નમસ્કાર એ ધર્મનું મૂળ છે.
શાસ્ત્રે ત્રણ ગુણવાળાને જ ધર્મનો અધિકારી કહ્યો છે.
પરમેષ્ઠિ પદે પહોંચવા માટે કરુણ - દાન - શાન્ત ગુણ
અનિવાર્ય છે, એમ સમજીને તે ત્રણ ગુણના પાલન
વડે પરમેષ્ઠિ પદે પહોંચેલા પરમેષ્ઠિ ભગવંતોને ભક્તિથી
નમસ્કાર કરવામાં આવે, તો તે ત્રણ ગુણને આવરણ
કરનારાં કર્મો હટી જાય છે અને એ સાધનનો આશ્રય
લેવામાં ન આવે તો સ્વપ્રયત્ને તે ત્રણ ગુણો પામવા
અતિ દુર્લભ છે, તેથી જ સર્વ શાસ્ત્રકાર ભગવંતોએ
પરમેષ્ઠિ નમસ્કારને ધર્મનું મૂળ કહ્યું છે તથા પ્રત્યેક
શુભ કર્મની આદિમાં તેને કરવાનું વિધાન કર્યું છે.

મનુષ્યની બુદ્ધિમાં જ્ઞાનનો પ્રકાશ પડતાં
જે પ્રથમ પ્રવૃત્તિ તેણે આદરી, તે આજે પણ માનવની બુદ્ધિની ઉત્કટ પ્રવૃત્તિ છે. નાસ્તિકતા અને અશ્રદ્ધાના લાંબા ગાળાઓમાં પણ આ પ્રવૃત્તિ ટકી રહે છે. આ પ્રવૃત્તિ એટલે માનવબુદ્ધિમાં સ્વાભાવિક રીતે જ અને તેથી જ અદમ્ય રહેલા અમરત્વની તીવ્ર અભીપ્સા, પ્રકૃતિ માટેની ઝંખના, વિશુદ્ધ અને અખંડઆનંદની ખોજ. આ જિજ્ઞાસા માનવસૃષ્ટિની ઉત્પત્તિ થઈ, ત્યારથી જ ચાલી આવેલી છે અને આજે પણ ચાલુ છે, કારણકે ભૌતિક ક્ષેત્રમાં પારાવાર સમૃદ્ધિ મળવા છતાં અતૃપ્તિનું એક પ્રચંડ મોજું દુનિયામાં ચોમેર ફરી વળેલું પ્રત્યક્ષ દેખાય છે. મનની ચંચળતા તેનાથી પર રહેલા એક ઉર્ધ્વચેતનાનું એક અપૂર્ણ રૂપ કે આવરણ છે. અપૂર્ણતા હોવાથી જ માનવમનમાં અમર્યાદિત જ્ઞાન માટે, અખૂટ આનંદ માટે ઉપરાંત સર્વોપરિતા માટે તીવ્ર તાલાવેલી રહેલી છે. સૌથી વધારે માન્ય - મહત્ શાસ્ત્ર માનવના હૃદયમાં છે. પરમાત્માનું શાશ્વત નિવાસસ્થાન, સર્વ ધર્મો - બ્રહ્માંડોનું પ્રભવસ્થાન પણ તે જ છે. પરમ સત્ય અનંત છે, તેથી તે ગ્રંથમાં - ગાંઠમાં પુસ્તકોમાં કે થોડીક જ વ્યક્તિઓમાં
મર્યાદિત કેમ થઈ શકે?

પરમ સત્યના પ્રાદુર્ભાવો અનંત માનવા જોઈએ. પ્રગતિ એટલે સમસ્ત જીવનના અંતરતમમાં ગૂઢ રીતે રહેલા એક શાશ્વત વસ્તુનો આવિર્ભાવ. આત્મભાન મેળવવાની તાલાવેલીમાં આત્માના આવિર્ભાવો તરફ દુર્લક્ષ સેવી તેમનો અનાદર કરવો, એ અક્ષમ્ય બેદરકારી છે, સત્યના એક પરમ અંગની અવહેલના કરવા બરાબર છે. 'કર્મનો ત્યાગ કર્યા વિના આત્મસાક્ષાત્કાર શક્ય જ નહિ' તેમ કહેવું તે તમસ તરફ ધકેલી જનારું છે, માનવીને તે નિરાશાવાદી, પ્રારબ્ધવાદી અને નિષ્ક્રિય બનાવે છે. જો મનુષ્યબુદ્ધિનો ઉપયોગ ફક્ત સ્થૂલ જીવનને સમૃદ્ધ કરવામાં જ કરે, તેનાથી આગળ દૃષ્ટિ ન રાખે, તો તે બુદ્ધિશાળી પશુ સમાન જ ગણાય. એ રીતે જે વિચાર-સરણી પરમાત્માના અંતિમ સ્વરૂપ (જગત)નો અનાદર કરવાનું કહે છે, વ્યવહાર અને પરમાર્થ વચ્ચે ભેદ ઉત્પન્ન કરે છે, સ્વધર્માનુસાર કર્મનો પણ ત્યાગ કરવાનું સમર્થન કરે છે અને અકર્મને જ ઉચ્ચતમ સ્થાન આપે, તે પણ માનવીને નિસ્તેજ, નિર્વીર્ય બનાવે છે.

વળી તે ઉપરાંત આ સંસારના ઝંઝાવાતોનો સામનો કરવાની શક્તિને પણ તે નષ્ટ કરી નાંખે છે.

શબ્દના તત્ત્વના આલિંગનરૂપમાં
રાત્રિ અને દિવસના બંને ગાળાઓ મદદગાર થાય છે.
પ્રકાશના ડેગામાં જે સિદ્ધિઓ મેળવી છે,
તેને પચાવવાનું કાર્ય પીછેહઠના ડેગામાં થાય છે.
એશિયામાં જ્યારે રાત્રિ હોય છે,
ત્યારે યુરોપમાં તો સૂર્યનાં કિરણો ઝળહળતાં હોય છે.
મનુષ્યના જીવનમાં કોઈપણ આનંદ હોય,
તો તે પરોપકારનો જ આનંદ છે. બીજાને દુઃખે દુઃખી
અને બીજાને સુખે સુખી થવું, એ મનુષ્યનું લક્ષણ છે.
માત્ર પોતાના સુખે સુખી અને દુઃખે દુઃખી થવું,
એ તો જાનવરનું લક્ષણ છે.
પરસ્પર પ્રેમ-કરુણાદિ જ મનુષ્યનું જીવન ચાલે છે.
બાહ્યપરિગ્રહ કેદખાનું છે, આંતરપરિગ્રહ હેડ અને બેડી છે.
જે ચોરી કરે, તેને કેદ મળે છે.
પરપુદ્ગલમાં મારાપણાંની બુદ્ધિ - એ જ ચોરી છે.
જેણે બે ઘડી પણ મન વશ રાખ્યું, તેણે શ્વાસોશ્વાસ
પણ ઘણાં વશ રાખ્યા અને શ્વાસોશ્વાસનું જેટલું
રોકાણ, તેટલો આવરદાનો વધ થઈ. મન સંકલ્પ-
વિકલ્પ કરતું બંધ થાય, તો શ્વાસોચ્છ્વાસ ઓછા ચાલે.

Imp 'કોઈનું આવરદા ન તોડું' એવું મનમાં કહ્યું,
એટલે કે જીવોની અહિંસા પાળવાના પચ્ચક્ખાણ લીધા,
તે આયુ રૂપી ઘરને તડ હતી, તેને માફી દેવાનું.

ભેદજ્ઞાનથી મોક્ષ નહિ પણ ભેદજ્ઞાન વડે જણાયેલો
જીવ તે પોતે છે, એમ ધારી તેમાં સ્થિર થાય અને
પરપુદ્ગલને છોડતો જાય, તો અવશ્ય મોક્ષપદ પામે.

રાગ રૂપી કેફ અને દ્વેષ રૂપી ઝેર ઉતારવાના ઉપાયો:
પાપમાત્ર, પછી તે પોતાના કે પરાયા, હેય છે. સુકૃત
-માત્ર, પછી તે પોતાના કે પરાયા, પણ ઉપાદેય છે.
આ માન્યતા આવે, તેને જ મોક્ષ મળે અને
તે સર્વનો હિતચિંતક બન્યો, એમ કહેવાય.

૦ તપો ન પરં પ્રાણાયામાત્
તતો વિશુદ્ધિર્મલાનાં દીપ્તિશ્ચ જ્ઞાનસ્ય।
અર્થાત્: પ્રાણાયામથી શ્રેષ્ઠ કોઈ તપ નથી.
તેનાથી મનની વિશુદ્ધિ અને જ્ઞાન પ્રદિપ્ત થાય છે.
પ્રાણાયામ વડે બુદ્ધિ સૂક્ષ્મ અને શુદ્ધ થાય છે અને
રાગદ્વેષની નિવૃત્તિ અને જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થાય છે.
શાસ્ત્રાનુકૂલ તર્ક જ નિશ્ચયને દૃઢ કરનાર છે, નહીંતર
ઉપાસનામાં એ વિકલ્પના તર્કની કોઈ પ્રતિષ્ઠા જ નથી.

ક્ષમાદિ દર્શનગુણ, નમ્રતાદિ જ્ઞાનગુણ,
સરળતાદિ ચારિત્રગુણ અને સંતોષાદિ તપગુણ પ્રગટે છે.

નિજસ્વરૂપમાં રહેવું, તે બ્રહ્મચર્ય છે અને
પરસ્વરૂપમાં જવું તે અબ્રહ્મચર્ય છે.

એક જ આત્મત્વદર્શન - જ્ઞાન - ચારિત્ર - સંયમ - તપ
- બ્રહ્મચર્ય - પ્રત્યાખ્યાન વગેરે એક જ સમયે બને છે.

નિશ્ચય મતે આત્મા પોતાનું સ્વરૂપ છોડતો નથી,
એટલે સદા પ્રત્યાખ્યાનમાં જ છે.

અરૂપી રૂપી થતો નથી, પુદ્ગલિકો અરૂપી જ રહે છે.

સમ્ + નિ + અસ્ = સંન્યાસ.

સર્વથા, નિરંતર પરને ફેંકી દેવું, તે સંન્યાસ છે.
જ્યારે પરને ફેંકી દે છે, ત્યારે તે સ્વમાં જ રહે છે.

પોતે લોકાલોક પ્રકાશવાન હોવા છતાં
પોતે જે પુદ્ગલ ઉપર બનાવ્યો, તેટલો જ પોતાને સમજી
તેમાં રડવડ્યાં કરે, એ જ્ઞાનીને મન આશ્ચર્ય છે!

'સ્ફુરણા' એટલે શબ્દના આલંબે થતું જ્ઞાન.

સમ્યગ્દર્શન = જેને બધામાં પોતે તથા પર યથાર્થ દેખાય,
તે સાચું ખોટું ગણાય. સ્વને ઓળખવું તે સમ્યગ્દર્શન
અને ઓળખી સ્વસ્વરૂપમાં રહેવું, તે ચારિત્ર ગણાય.

બ્રહ્મા એટલે મોક્ષમાર્ગ - દ્વાદશાંગી - પ્રવચનના રચનારા,
તેની આદિ કરનારા શુદ્ધ આત્મા.

ઈશ્વર એટલે ૧૮ દૂષણોરહિત આત્મા.

સિદ્ધ એટલે અનંત સુખાદિ વડે કૃતકૃત્ય આત્મા.

રામ એટલે નિજપદમાં રમે તે આત્મા. આત્મા જ રામ.
રહેમાન એટલે જગ ઉપર રહેમ - દયા - કૃપા કરે, તે
પ્રભુ આત્મા. કર્મની ખેતી કરી કર્મને ખપાવે, તે કૃષ્ણ
પ્રભુ આત્મા. સ્વરૂપનો સ્પર્શ કરે, સ્વસંવેદન થાય,
તે પારસનાથ પ્રભુ આત્મા. બ્રહ્મ એટલે જ્ઞાન, જ્ઞાનમય
સ્વરૂપને અનુભવે, તે બ્રહ્મા પ્રભુ આત્મા અને છેલ્લે
આનંદના સમુદ્રરૂપ આનંદઘન તે પ્રભુ શુદ્ધ આત્મા.

આત્માનું શુદ્ધ સ્વરૂપ તે જ પરમાત્મા હોવાથી
આપણા શુદ્ધ આત્મામાં અને પરમાત્મારૂપ
શિવ, શંકર, બુદ્ધ, જિન આદિમાં કાંઈ ભેદ નથી.
તે સર્વ માત્ર આપણું શુદ્ધ સ્વરૂપ છે.

સ્વસ્વરૂપ એટલે અનંત જ્ઞાન - દર્શન - સુખ - વીર્ય-
દાન - લાભ - ભોગ - ઉપભોગ - વીર્ય, તેમાં રહેવું તે.
એરોપ્લેન - રોકેટની પાંખ, ટ્રેન - મોટરના પગ નહિ, બોટ-
સ્ટીમરના હલેસા યોગારૂઢ થઈ મનોગમન કરવું જોઈએ.

આપણા શુદ્ધ સ્વરૂપને વારંવાર ઓળખવા, તે જ્ઞાનકુંડમાં પાત્રરૂપ વિષયવાસના, વહ્નિરૂપ ઘૃતધારા અને મનોવૃત્તિરૂપ બળ મન - વચન - કાયારૂપી હવ્ય દ્રવ્યોનો હોમ થતાં શરીરમાં રહેલો આત્મા જ પ્રગટ થઈ રહેશે. દેહની સાથે જોડેલા છતાં આત્માની સાથે જોડેલા અનુભવવા, તે સાધનાનો માર્ગ છે.

પરમાત્માનો યથાર્થ અનુભવ કરવાનાં બે માર્ગ છે: આત્મઅનુભવ તથા અનુભવજ્ઞાન. પ્રથમ આત્મઅનુભવ કરવો, કે જે 'હું કોણ?'નો વિચાર કરવાથી થાય છે. હું દેહ નહિ પણ દેહી - દેહ નહિ પણ જ્ઞાતા છું. પરભવમાં હું અને મારાપણું છતાં અંતરાત્મા થઈ સિદ્ધ અવસ્થા મેળવવા અથવા એમ નિશાળમાં પ્રથમ આંક ભણાય છે, પછી એ આંકથી હિસાબ ગણતાં આવડે, ત્યારબાદ વ્યવહારમાં તે જ્ઞાનનો ઉપયોગ કરીએ છીએ, તેમ પ્રથમ સુદેવ - ગુરુ - ધર્મમાં શ્રદ્ધા રાખવી, તેઓ શીખવે તેમ શીખવું, તેમનું કહેલું સત્ય સમજી તે મુજબ વર્તન કરવું. આમ કરતાં કરતાં શુભ વ્યવહારને લીધે મલિનતા ઓછી થઈ આત્મા તરફ દૃષ્ટિ જશે. એ પછી અનુભવ અને એ અનુભવથી સિદ્ધ અવસ્થા પણ થશે.

અનુભવજ્ઞાન દ્વારા જ સિદ્ધ થવાય છે. એ અનુભવ લેવાના બંને માર્ગનો આદર કરીને સિદ્ધિ ગતિ મેળવવા.

અહિંસાધર્મી વ્યક્તિ ભાવનામાં ભલે
વિશ્વધર્મનો ઉપાસક હોય, પરન્તુ આચરણમાં તેને
દેશ-કાળના ભેદને સ્વીકાર્યા વિના ન ચાલે.
ધર્મના કાર્યને તેણે પરિમિત આકાર આપવો જ પડે.

૪ કષાય જવાથી ૪ ગતિ જવાય, ૫ વિષયો જીતવાથી ૫ જાતિ અને ૮૪ લક્ષ યોનિઓનું પરિભ્રમણ મટે છે. કષાયનો જય કરવા પ્રતિપક્ષ ક્ષમા મૈત્ર્યાદિ ભાવોનો અભ્યાસ વધવો જોઈએ અને વિષયોના વિજય માટે પ્રતિપક્ષ અનિત્યત્વાદિ ભાવોનો અભ્યાસ કરવો જોઈએ. અનિત્યત્વાદિ ભાવોની વિચારણાથી વિષયોની વાસના મંદ પડી જાય છે અને મૈત્ર્યાદિ ભાવો ચિંતવવાથી કષાયોની શક્તિ ઘટી જાય છે, કેમકે તેમાં ચેતન-તત્ત્વના ગુણોનું ચિન્તન પ્રધાન છે અને અનિત્યત્વાદિના વિચારમાં પુદ્ગલની નિર્ગુણતા, સંયોગોની અસ્થિરતાનું ચિન્તન મુખ્ય છે. એટલે વૈરાગ્ય-ભાવનાથી અભ્યાસ સિદ્ધ થતાં ચિત્તવૃત્તિ ઉપર પ્રભુત્વ તથા તે વડે યોગ-નિરોધ અને સિદ્ધિ તથા કૈવલ્યનો લાભ થાય છે.

જે કોઈ ભક્તિ અને વૈરાગ્યથી પરમાત્માનાં દર્શન કરવાની ઇચ્છા રાખે, તેને પરમાત્મા પોતે જ આમાં દર્શન આપે છે. જેવી રીતે ગાય પોતાના વાછરડાને જોઈ દૂધનો સ્રાવ કરે છે, તેમ દૃઢ ભાવના હોય તો પરમાત્મા આવી દર્શન આપે છે. પરમાત્માનાં દર્શન માટે ઘણાં શાસ્ત્રો ભણવાની જરૂર નથી પણ તે પોતાના આત્માનું અનુસંધાન કરતાં પ્રાપ્ત થાય છે.

શબ્દ અને તાત્પર્ય - आप्तोपदेशः शब्दः ।

तमेव धीरो विज्ञाय, प्रज्ञां कुर्वीत ब्राह्मणः ।
नानुध्यायाद्बहूञ्छब्दान् वाचो विग्लापनं हि तदिति ॥

આપ્તનો ઉપદેશ તે જ શબ્દ પ્રમાણ છે.

યથાર્થ જાણનારો સત્ય વક્તા તે 'આપ્ત' છે.

આચાર્યવાન (ગુરુનું શરણ ગ્રહણ કરનાર) પુરુષ જ આત્માને જાણે છે. સ્વસ્વરૂપ મેળવવા આત્મવિજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી. આખરી જ્ઞાનનો ઉપાય આત્મવિજ્ઞાન જ છે. મૂળ વિદ્યા (કારણવિદ્યા), સામાન્ય (બ્રહ્મ) ચૈતન્યને તથા તુલા વિદ્યા (કાર્યવિદ્યા) વિશિષ્ટ ચૈતન્યને આચ્છાદન કરનારી છે.

શબ્દ (બોલવું) ન જોવાય પણ તાત્પર્ય જોવાય.

અદ્વય આત્મા એટલે...

સજાતીય, વિજાતીય અને સ્વગત ભેદથી રહિત આત્મા.

આવા દ્રવ્યદૃષ્ટિને ધ્યાનપરાયણ થવાથી સમાધિ દ્વારા
પ્રભુનો જે સાક્ષાત્કાર થાય, તેને 'જીવન્મુક્તિ' કહેવાય છે.

જ્ઞાનીને સામાન્ય ઇચ્છા હોય, વિશેષ નહિ.

'હું જ્ઞાની છું તથા ઉપદેશ કરી બાળજીવોને રસ્તે ચઢાવું છું'
એ જ આત્માની ખરી અજ્ઞાનતા છે.

૧૪ પ્રકારના શ્રાવકો

મૃચ્ચાલિનીમહિષહંસશુકસ્વભાવા
मार्जारकाकमशकौघजलौकतुल्याः ।
सच्छिद्रकुंभपशुसर्पशिलोपमाना-
સ્તે શ્રાવકા ભુવિ ચતુર્દશધા ભવન્તિ ॥ અર્થઃ

જગતમાં ૧૪ પ્રકારના શ્રાવકો હોય છે: માટી, ચારણી, પાડો, હંસ, પોપટ, ઘોડો, બિલાડી, કાગડો, મચ્છર, જળો, કાણાવાળો ઘડો, પશુ, સર્પ અને પત્થર સમાન.

શ્રવણ - મનન - નિદિધ્યાસનથી શું ટળે ?

શ્રવણથી પ્રમાણગત અસંભાવના ટળે છે,
મનનથી પ્રમેયગત અસંભાવના ટળે છે તથા
નિદિધ્યાસનથી વિપરીત ભાવના ટળે છે.

निदिध्यासनशून्यस्य नास्त्यविद्या परीक्षयः । અર્થાત્:
નિદિધ્યાસનરહિત પુરુષની અવિદ્યાનો સારી રીતે ક્ષય થતો નથી. 'દૃશ દર્પણે ।' ધ્યાનદૃષ્ટિ, જ્ઞાનદૃષ્ટિ, પુરુષદૃષ્ટિ.

विकल्पस्य संजल्पयोगाद् विमर्शः ।

વિકલ્પના જલ્પથી વિમર્શ થાય. - તંત્રાલોક

नादः विमर्शमात्ररूपः ह्लादानुभवात्मकः ।

नादः अव्यक्तध्वनिः । स्व० प. ४, पृ.२०५ / पृ.२५७

નાદ એટલે વિમર્શમાત્ર રૂપ આહ્લાદના અનુભવસ્વરૂપ છે.

નાદ એટલે અવ્યક્ત ધ્વનિ.

नादः अव्यक्तध्वनिरूपः । स्वच्छंद तंत्र, पू-४ / पृ.१०३

નાદ એટલે અવ્યક્ત ધ્વનિરૂપ છે.

(अनुप्रवेश - अध्यास - परतत्त्वप्रवेशश्च ।
संभेद - अभेदात्मकः प्राणस्थः कार्यः ।)

(અનુપ્રવેશ, અધ્યાસ અને પરતત્ત્વપ્રવેશ એ અનુભવે
સંભેદ = અભેદાત્મક અને પ્રાણસંધાન કરવો જોઈએ.)

<u>'દૈવી સંપદ' કોને કહેવાય?</u>

ભગવાન સાથે ભક્ત રૂપે સંબંધ રાખનાર
અથવા ભગવાનની પ્રાપ્તિમાં સહાય કરનાર
આત્માના ગુણસમૂહને 'દૈવી સંપદ' કહેવાય છે.

## શ્રી સિદ્ધચક્રજીનો મૂળ મંત્ર - ૨૩ અક્ષર

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
ॐ ह्रीं श्रीं क्लीं अर्हं असिआउसा नमः ।

ઉલ્લાસ અને પ્રવેશરૂપ મધ્યવાળી પ્રભુની સાથે આ મંત્રજાપ કરવો અને મધ્યવાળી પ્રભુ પોતાની અંદર જેટલા મંત્રના પરામર્શ લઈ શકે, તેટલા જાપને કરવો.

એટલા માટે માલામંત્રોને પ્રભુશક્તિની અંદર અંશાંશિક ક્રમથી ક્રમશઃ વધારીને સંયોજન કરતાં કરતાં ત્યાં સુધી અભ્યાસ કરવો કે જ્યાં સુધી સંપૂર્ણ મંત્રના પરામર્શને પ્રભુશક્તિ વહન કરે. - સ્વ૦ પ.૨, પૃ.૭૮

### પ્રત્યક્ષ ઉપાસના

નાદજ્ઞાનનો નિચોડ = મળેલી વૃત્તિને સાચે માર્ગે લાવવી.
આગમ ઘણા છે, પરન્તુ ધર્મ એક જ છે. માનવ દિલને સમજીને એને સાચે માર્ગે વાળવાનો પ્રયત્ન એ ધર્મ છે.
જે દેવની ઉપાસના કરાય, તે દેવને પોતાના સ્વરૂપથી એક જાણી અંતઃકરણથી તદ્રૂપ થવું અથવા તદ્રૂપતારૂપ સમાપત્તિ મેળવી સ્થિર થવું, તેનું નામ 'ઉપાસના' છે.

'મનોબ્રહ્મ ।' 'આકાશ બ્રહ્મ ।' એ
બાહ્ય - અંતર સંપદ પ્રત્યક્ષ ઉપાસના છે.

## ઉપાસના એ ગુહ્યતંત્ર છે.

'ગુહ્યતંત્ર' એટલે ભાવનાત્મક પ્રતિમાદિમાં પરમેશ્વરની ભાવના સ્થાપીને ઉપાસના કરવી તે.

ઉપાસના વિધિ, વિશ્વાસ, ઇચ્છા અને હઠને સાધ્ય છે.

વિધિ એટલે દેવ અને શાસ્ત્રના વચન મુજબની ક્રિયા.

વિશ્વાસ એટલે ગુરુ અને શાસ્ત્ર વાક્યોમાં સંશય કે વિપર્યય છોડી નિશ્ચયપૂર્વક શ્રદ્ધા રાખવી તે.

ઇચ્છા એટલે અનેક પ્રકારોમાં રુચિ અનુસાર પ્રવૃત્તિ.

હઠ એટલે ફળપ્રાપ્તિ પર્યન્ત વિધિને વળગી રહેવું તે.

## સંવાદી - વિસંવાદી ઉપાસના

'ગુહ્યતંત્ર' એટલે ભાવનાત્મક ઉપાસના.

મહિમાં મહિરુચિથી ઉપાસના - તે સંવાદી ઉપાસના, દીપકમાં મહિરુચિથી ઉપાસના તે વિસંવાદી ઉપાસના. શિવનું લિંગ સામે રાખી, તે મૂર્તિને છોડી, શિવ-કલ્યાણ -કારી બ્રહ્મની ઉપાસના, તે વિસંવાદી પ્રત્યક્ષ ઉપાસના.

यन्मनसा न मनुते येनाहुर्मनोमतम्
तदेव ब्रह्मत्वं विद्धि नेदं यदिदमुपासते । अर्थात्ः

જે મનથી મનાતું નથી કે વળી મનોમત કહેવાય છે, તે જ બ્રહ્મતત્ત્વ જાણી - આ નહિ, જે ઉપાસના કરાય છે.

- કેનોપનિષદ્

પરિચ્છિન્ન ઉપાસના તે પ્રત્યક્ષ ઉપાસના.
સૂર્યાદિ એ વેદોક્ત - પંચાયતન દેવ પુરાણોક્ત પ્રત્યક્ષ છે.
બ્રહ્મ એ લક્ષ્ય છે. 'સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ |' શ્રુતિઃ
બ્રહ્મ એ સત્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ અને અનંત છે.

સત્ય = અસત્ય - અનિત્ય - વાણીથી ભિન્ન.

જ્ઞાન = જડ - અપ્રકાશ પદાર્થથી ભિન્ન.

અનંત = દેશ - કાળ - વસ્તુથી ભિન્ન.

સચ્ચિદાનંદ એ સગુણ નિર્ગુણ બ્રહ્મ છે.

ઉપાસના અને જ્ઞાન - બન્ને મનોવૃત્તિરૂપ છે.

જગતના સર્વ વ્યવહારોનું અસાધારણ કારણ જ્ઞાન છે.

<u>નાદ અને બિન્દુ શેના દ્યોતક ?</u>

શબ્દબ્રહ્મણિ નિષ્ણાતઃ પરંબ્રહ્માઽધિગચ્છતિ | શ્રુતિઃ
શબ્દબ્રહ્મમાં જે નિષ્ણાત થાય છે, તે પરંબ્રહ્મને પામે છે.
વૈખરીમાં મન્ત્ર સ્પંદન થવાની સાથે નાદની અવસ્થામાં રૂપાંતર પામી જાય છે. બિન્દુ એ જગતના વાચ્યોની અને નાદ એ જગતના વાચક એકીભૂત સમષ્ટિનું દ્યોતક છે. ઉન્મના અમાત્ર છે. એની માત્રા નથી, કેમકે ત્યાં મન નથી. માત્રા મનની હોય છે, વિશુદ્ધ ચૈતન્યની માત્રા નથી હોતી.

મન એ કાર્યકારણભાવ તથા પૂર્વાપરના ભાવ અથવા
કોઈપણ પ્રકારના ક્રમવિન્યાસના ભાવનું મૂળ છે.

મન દ્વારા મનનું ઉલ્લંઘન કરીને
સ્વયં પ્રકાશ ચિદાનંદ સંવિતનું અધિગમ થઈ શકે છે.

અહીં પરમેશ્વર + ગુરૂની અનુગ્રહરૂપ ચિતશક્તિનો વ્યાપાર તો હોવો જ જોઈએ. પરમેશ્વર તથા ગુરૂના શક્તિપાત વિના એ લંઘન કાર્ય થઈ શકતું નથી. ઉન્મનામાં મન નથી, માત્રા નથી, કાળ નથી, દિશા નથી, દેવતા નથી અને પ્રપંચનો કોઈ અંશ પણ નથી. તે જ શુદ્ધ ચિદાનન્દ ભૂમિ છે અને તે જ બ્રહ્મ છે. કોઈપણ પ્રક્રિયાનું અવલંબન લો પણ તુરીયાવસ્થામાં નાદનો આશ્રય સ્વીકારવો જ પડે છે. સ્વત્ત્વાભિમાન લઈને વ્યોમ યા આકાશમાં અગ્રસર થવું કઠિન છે. નાદ-શક્તિનો આશ્રય લેવાથી નાદશક્તિ જ સાધકના મન, પવન તથા બિન્દુ (દેહ)ને અગ્રસર થવામાં સહાય કરે છે. વિશુદ્ધ ચૈતન્યની પ્રબુદ્ધ અવસ્થા બ્રહ્મરન્ધ્રમાં નાદરૂપે આત્મપ્રકાશ કરે છે. આ નાદસાધના જ વસ્તુતઃ ૐકારની સાધના છે, જેના પરિણામે નાદ, શૂન્ય અને મનનું અતિક્રમણ થઈને પરમેશ્વર સાથે તાદાત્મ્યાનુભૂત થાય.

## કસ્ય મૂર્ખઃ ? देहाद्यहं बुद्धिः ।

જ્યાં સુધી દેહમાં અહંબુદ્ધિ છે અને ભોગવિલાસમાં તત્પરતા છે, ત્યાં સુધી તેઓ ૪ વેદ, શાસ્ત્રો, પુરાણો, ઇતિહાસાદિ ભણ્યાં હોય, તો પણ મૂર્ખ જ ગણવા યોગ્ય છે.

પંડિતમૂર્ખ = ધર્મ માટે નહિ, આજીવિકા માટે ભણે તે.

० सर्वेषामेव भूतानां हरिर्नित्यं हृदि स्थितः ।
स एव हि पराभूतो यो भूत द्रोहकारकः ॥१॥

० व्याचष्टे यः पठति च शास्त्रं भोगाय शिल्पवत् ।
यतते न त्वनुष्ठाने ज्ञानबन्धुः स उच्यते ॥१॥

દાન = આત્માર્પણ. - યોગવાસિષ્ઠ (પરિશિષ્ટ-૭)

દ્વેષાદિ રાક્ષસી સ્વભાવ નિષ્કામ કર્મથી નિવૃત્ત થાય, રાગાદિ આસુરી સ્વભાવ ઉપાસનાથી નિવૃત્ત થાય છે.

## બુદ્ધિવાદનાં અનિષ્ટો

જેમાં ભગવાનનાં ગુણ, પ્રભાવ, તત્ત્વ, સ્વરૂપ તેમ જ દિવ્ય ચરિત્રોનું વર્ણન હોય, એવા શાસ્ત્રાદિનું પઠન - પાઠન તથા ગુણોનું ઉત્કીર્તન તે 'સ્વાધ્યાય' છે. પોતાની ભૂલ કબૂલવાથી અને સામાની ભૂલ ભૂલવાથી જ માનવ મહામાનવ બની શકે છે. બુદ્ધિવાદે અનુભૂતિને સ્થાને તર્કને - શ્રદ્ધાને બદલે શંકાને પ્રાધાન્ય આપ્યું છે, એ બુદ્ધિવાદનું મોટામાં મોટું અનિષ્ટ છે.

## ધર્મક્રિયામાં આચાર અને વિધિ

બુદ્ધિવાદ એ વિચારની વિશુદ્ધિ માટે છે અને
વિજ્ઞાન એ તો બુદ્ધિને કેળવવાનું એક સાધન માત્ર છે,
એને વાંકીચૂંકી સંશયવાદનું હથિયાર ન બનાવવું જોઈએ.
એથી નૈતિક-આધ્યાત્મિક મૂલ્યો ગૌણ બની જાય છે.
ધર્મની ક્રિયામાં આચાર અને વિધિ - એ કોઈ અંતિમ
વસ્તુઓ નથી, એ તો નૈતિક વ્યવસ્થામાં શ્રદ્ધાને
દૃઢીભૂત કરવાનાં સાધન માત્ર છે. પોતે જગતને માટે
શું કર્યું, એ ઉપરથી જ મનુષ્યે જીવનનું મૂલ્ય આંકતા
શીખવું જોઈએ. એ આવશ્યક છે કે પ્રત્યેક વ્યક્તિ
પોતાનું જીવન જવાબદારીનાં ભાનપૂર્વક સ્વમાન અને
આત્મસંયમની ભાવના વડે ગાળવા પ્રેરાય. લગ્ન જીવન
એ બે વ્યક્તિઓનાં જીવનનું અખંડ એકીકરણ છે
અને કૌટુંબિક જીવન એ સ્નેહ અને ધર્મનું શિક્ષણ
મેળવવા શાળા સમું છે. સૌથી વધુ મહત્ત્વ સાંસ્કારિક
આંદોલનોનું છે. એનું મૂળ આત્મભાવ, આદરભાવ અને
આદર્શભાવમાં અથવા સ્વતંત્રતા દ્વારા આત્મસન્માનની
ભાવનામાં અથવા ઈશ્વરમાં અનન્ય શ્રદ્ધા રાખવાથી
એ દ્વારા પ્રાપ્ત થતી શક્તિમાં રહેલું છે.

## આત્મતત્ત્વનો વર્ણ કેવો ?

ક્રોધ કાળો - માન રાતો - માયા લાલ - લોભ પીળો,
પરન્તુ આત્મા સફેદ છે.

તે પરદ્રવ્યમાં અરાગતારૂપ આ ૧૪ લોકમાં ૮૪ લાખ યોનિમાં રહેલ જીવો ઉપર વૈરાગ્ય અને કરૂણારૂપ છે.

ખ્રિસ્તી ધર્મ કહે છે કે પરમાત્માના ગુણોનું ધ્યાન કરવાથી રોગો મટે છે તથા કેવલ મળે છે. જો કે ધ્યાતામાં સદ્‌ગુણો હોય તો મટે, અન્યથા નહિ.

સંસારી અવસ્થામાં જીવ એ શક્તિરૂપ પરમાત્મા છે અને મોક્ષઅવસ્થામાં જીવ એ વ્યક્તિરૂપ પરમાત્મા છે.

અંધારી રાત્રી એટલે અશુભ પ્રવર્તન.
અજવાળી રાત્રી એટલે શુભ પ્રવર્તન.
ધોળો દિવસ એટલે સાધુપણું.
સદા પ્રકાશ એટલે કેવળીપણું.

જેમ અસત્ય દુર્ઘટ છે - સત્ય નહિ, તેમ દુર્ધ્યાન દુર્ઘટ છે, પરન્તુ શુભ ધ્યાન નહિ.

વ્યવહારમાં ચઢવું કઠણ છે, ઉતરવું નહિ. પરમાર્થમાં ઉતરવું કઠણ છે, ચઢવું નહિ. શુભ ધ્યાન તથા શુભ પરિણામ રોકેટની જેમ જીવને ઊંચે લઈ જાય છે.

## આત્મતત્ત્વ કેવું છે? આત્મતત્ત્વ તો...

કસ્તુરીયા મૃગની જેમ બહાર કોટિ ભવો સુધી ન મળે
અને અંતરમાં એક ક્ષણમાં જ મળે, તેવું તત્ત્વ છે.

## આત્મજ્ઞાનનાં ત્રણ હેતુ

પ્રાણવાયુ, બિન્દુ અને ચિત્તની સ્થિરતા.
શ્રદ્ધા, ભક્તિ, ધ્યાન અને યોગાદિ આત્માને જાણવા.
પ્રાણ, બિન્દુ અને ચિત્તનો જય ન થવાથી
અજ્ઞાન - આત્મજ્ઞાનનો અભાવ થાય છે.
ચિત્ત અને વાયુનો નાશ ન થાય, ત્યાં સુધી શાસ્ત્રનું
જ્ઞાન, આત્માની પ્રતીતિ અને મોક્ષપ્રાપ્તિ થતી નથી.
મન દ્રવ થઈને ભગવદાકારતા રૂપ
અવિચ્છિન્ન વૃત્તિને ધારણ કરે, એનું નામ 'ભક્તિ' છે.
તે ભક્તિ આત્મસાક્ષાત્કાર દ્વારા મોક્ષનો હેતુ થાય છે.
જ્યાં સુધી પ્રાણવાયુ સુષુમ્ણાના માર્ગમાં પ્રવેશે નહિ
અને કુંભકાદિ દ્વારા પ્રાણવાયુના દૃઢ બંધનથી બિન્દુ
સ્થિર થાય નહિ, ચિત્ત સ્વાભાવિક ધ્યેયાકાર વૃત્તિવાળું
બને નહિ, ત્યાં સુધી જ્ઞાન તો દંભપૂર્વક કરાયેલાં
મિથ્યા ભાષણરૂપ છે અર્થાત્ આત્મજ્ઞાનમાં હેતુ
પ્રાણવાયુ, બિન્દુ અને ચિત્તની સ્થિરતા જ છે.

## સર્વ ગુણોમાં પાંચ પ્રધાન ગુણો

શ્રદ્ધા, વિશ્વાસ, ભક્તિ, વૈરાગ્ય અને પ્રેમ છે. શ્રદ્ધા બધાની મૂળભૂત છે. વાસના વિશ્વાસની પ્રતિબંધક છે.

મલિનતાની નિવૃત્તિ પ્રભુપ્રેમનું ફળ છે.

અવશ ચિત્ત એ શત્રુ છે. સ્થિર અને શાન્ત મન એ સત્યની પ્રાપ્તિના માર્ગમાં મિત્રનું કામ કરે છે.

ભારતીય સંસ્કૃતિના કેન્દ્રમાં મુખ્ય વસ્તુ છે...

જીવમાત્ર પ્રત્યેનું આત્મૈક્ય.

પશુ - પક્ષીથી માંડી દેવ - ગાંધર્વ સુધીના જીવો એ એક જીવનનાં ભિન્નભિન્ન ભૂમિકાએ થયેલ અવતાર છે, એ કેન્દ્રીય જીવનદર્શન પર ભારતીય સંસ્કૃતિ રચાઈ છે. એ સંસ્કૃતિ એકબાજુ શરીર અને એની વાસનાઓના સ્વરૂપને ઓળખીને વૈરાગ્ય કેળવવાનું કહે છે, ત્યારે બીજીબાજુ બધા જીવો પ્રત્યે આ ચરાચર વિશ્વ સાથે આત્મીયતા - અભેદ અનુભવવાની સાધના શીખવે છે અને તેથી એ સંસ્કૃતિ હંમેશાં ઈશ્વરપરાયણ રહી છે.

વિષયવાસના (આંતર) અને વિષયભોગ (બાહ્ય) નો ત્યાગ થયા પછી ભક્તિ જાગે છે.

રાજસ પ્રેમને રાગ અને સાત્વિક પ્રેમને ભક્તિ કહે છે.

સાધન માટે ભક્તિ અને ત્યાગ - એ બે જોઈએ.

સંતોષ એ અડધો ત્યાગ છે.

અખંડ ભજનથી વૈરાગ્ય થાય છે. પ્રભુનું નામસ્મરણ કરવાથી વૈરાગ્યાદિ સાધનો ધીમે ધીમે આવતાં જાય છે. જપ એટલે શબ્દોચ્ચાર, તે દ્વારા કંપન પેદા થાય છે. કંપનથી વાતાવરણમાં મોજાં ફેલાય છે. જેમ જેમ કંપનો વધે છે, તેમ તેમ ભાવના સ્થૂલ આકારોથી જોર પકડે છે અને છેવટે તાદૃશ્ય બને છે. જપ વડે પ્રભુસ્મરણ થાય, તેથી પાપ નાશ, દુઃખનાં ડુંગર ભેદાય છે અને આનંદ - મંગળનું વાતાવરણ ફેલાય છે. જપ અભેદ મિલન છે. સદાચારી ત્યાં જાય છે અને નિર્ભય બની જાય છે.

શરીરરક્ષા માટે ત્રણ ચીજ અપરિહાર્ય છે:

આહાર (અન્ન - જળ), વસ્ત્ર, સ્થાન (આશ્રય - શયન).

વિષયેચ્છા કે વાસના = શરીરનિર્વાહ ઉપરાંતની ઈચ્છા પરિહાર્ય છે. शरीरं व्रणवत्पश्येत् अन्नं व्रणलेपवत् । व्रण सेचनवद्वारि वस्त्रं तु व्रणपट्टवत् ॥१॥ અર્થાત્: શરીર એ ગુમડું છે, અન્ન પોટીસ છે, જળ તેને શુદ્ધ કરનાર છે અને વસ્ત્ર એ ગુમડાં ઉપર પાટા સમાન છે. ભોજન એ પ્રાણપોષણ માટે છે, ઇંદ્રિયપોષણ માટે નહિ.

## ભક્તિનું મૂળ હાસ્ય

શાંતરસમાંથી હાસ્ય, હાસ્યમાંથી સખ્ય અને
સખ્યમાંથી માધુર્યરસ ઉત્પન્ન થાય છે.
શાંતનો વિશિષ્ટ ગુણ નિષ્ઠા, હાસ્યનો વિશિષ્ટ ગુણ સેવા,
સખ્યનો વિશિષ્ટ ગુણ અસંકોચ - ભાભન નથી,
માધુર્યનો વિશિષ્ટ ગુણ આત્મસમર્પણ છે.
ભક્તિનું મૂળ હાસ્ય છે નથી, ફળ માધુર્ય - પ્રેમ છે.
ઐક્ય અને વૈચિત્ર્યનું પૂર્ણ સામંજસ્ય એ રસતત્ત્વ છે.
રસમાં આસ્વાદન, સર્વજ્ઞ, ત્રિપુટી, આલંબનાદિ ભેદ છે.
પૂર્ણાહંતાનો ચમત્કાર એ જ રસબોધ.
અભેદમાં પણ અલૌકિક ભેદ છે.
મુખ્ય ભક્તિ શાંતરસરૂપ - ગૌણ ભક્તિ ભાવરૂપ છે.
ભક્તિનું બાળ એ રીતે શાંતરસ છે.
દક્ષિણામૂર્તિ - સ્વાત્મ દેવતા - ગુરુતત્ત્વ પરાંબિકાથી છે.
'સૃષ્ટિ' એટલે અંતઃસ્થિત પદાર્થનો બહાર પ્રકાશ.
કલ્પિત પ્રમાતા - દેહાદિમાં તાદાત્મ્ય બોધયુક્તદૃષ્ટા -
અને પરિચ્છિન્ન સંવિત્ અભિપ્રેત છે.
ઈશ્વરોઽનન્તશક્તિત્વાત્ સ્વતંત્રોઽન્યાનપેક્ષતઃ ।
સ્વેચ્છામાત્રેણ સકલં સૃજત્યવતિ હન્તિ ચ ॥૧॥
(પરિશિષ્ટ-૮)

## શિવ - શંકર - જગદીશ

શિવ - મુક્તરૂપ, શંકર - સુખના કર્તા,
વિષ્ણુ - જ્ઞાનરૂપે વ્યાપક તથા રૂદ્ર - કર્મશત્રુનાશક,
રૂદ્ર તથા સિંહ સમાન પરાક્રમી વીર્યવાન - વીર્યરૂપ.
તેવું કાર્ય ફોરવવાનાં સાધન : ક્ષમા - નમ્રતા - સરળતા -
સંતોષ - મૈત્રી - મુદિતા - કરૂણા તથા મધ્યસ્થતા છે.
બુદ્ધ - સર્વ વિદ્યાઓનું પ્રભવસ્થાન, માટે બુદ્ધ.
કેવળજ્ઞાન રૂપી બોધિ અને બોધ આપનાર.
જિન - કર્મનો કર્તા, ભોક્તા, હર્તા (જિન),
સકળ કર્મને જીતનાર આત્મા એટલે આત્મા જ જિન.
જગતના સંહારથી શિવરૂપ થવાતું નથી પણ જગત જે
કર્મે રચ્યું, તે કર્મનો સંહાર કરવાથી જ શિવરૂપ થાય.
વિષયોનો ભોક્તા તે વિષ્ણુ નહિ,
પરન્તુ વિષયોનો જ્ઞાતા તે વિષ્ણુ છે.
જગતને રચનાર તે ઈશ્વર કે બ્રહ્મા નહિ, પોતાના
ખરા સ્વરૂપને ઓળખી, સદ્વર્તન કરી ગુણસૃષ્ટિને
રચે, તે ઈશ્વર છે. કર્મનો કર્તા, ભોક્તા, સંહર્તા જીવ છે
અને જ્ઞાનાદિ ગુણોનો કર્તા, ભોક્તા અને તે જો વડે
જીવ કર્મનો સંહર્તા બ્રહ્મા, વિષ્ણુ, મહેશાદિ બને છે.

## શિવશક્ત્યૈક્ય

સર્વાત્મતા - પૂર્ણાહંતા - સ્વતંત્રતા - મહાવિભૂતિ એવા
પરમેશ્વર ૩૬ તત્ત્વાત્મક (વિશ્વાત્મક) છે.
ઈશ્વરભાવ અને શુદ્ધ ચૈતન્યભાવ જુદા નથી,
દાર્શનિક સંજ્ઞા = છત્રીસ (૩૬) તત્ત્વનું
પારિભાષિક નામ શિવ - શક્તિ છે, તે નિત્ય છે.
અંતર્મુખ શક્તિ = શિવ અને બહિર્મુખ શિવ = શક્તિ.
પરમ શિવ, પરાશક્તિ, શ્રી ભગવાન એક જ છે.
self conscious will - એ પરમાર્થ તત્ત્વ છે.
અદ્વૈત પ્રેમ અને પૂર્ણ સૌંદર્ય અભિવ્યક્ત છે.
વિરહબોધ - ભેદબોધ અજ્ઞાનજનિત છે.
ચિદાનંદ એ અમૃત છે. શિવ - શક્તિ = પ્રત્યભિજ્ઞાદર્શન.
માતૃકા, વર્ણ, કલા, શક્તિ અભિવ્યક્ત છે.

'સ્વાતંત્ર્ય' કોને કહેવાય?

કારક વ્યાપાર વિના જ કર્તા અને
પ્રમાણ વ્યાપાર વિના જ પ્રમાતા - સંવિત છે.
कर्तृत्व - प्रवर्तन, अकर्तृत्व - निवर्तन,
अन्यथा कर्तृत्व - परिवर्तन.
સર્વજ્ઞ આત્મભાવનાં વિકસનને 'સ્વાતંત્ર્ય' કહે છે.

યોગ = ચિત્તને વસ્તુ સાથે જોડવું. ઉપેક્ષા સર્વભૂતાનાં |
કોઈ પ્રત્યે પ્રેમ નહિ, તેમ દ્વેષ પણ નહિ.
રજોગુણ - તમોગુણવૃત્તિવાળાને વસ્તુાકારવૃત્તિ થાય નહિ.
સત્ત્વપ્રધાન અંતઃકરણમાં જ તે વૃત્તિ થાય છે.
પ્રભુ ભક્તને આધિન હોવાથી અંતઃકરણઘરમાં પધારે છે.
વસ્તુને ખરેખર પડે ભાળી વસ્તુ સાથે પ્રત્ય (વૃત્તિ)ને જોડે.
બધુ શબ્દો એ વસ્તુનું વિજ્ઞાપન - પરિચય છે.
વાગાદિ ઈંદ્રિયવ્યાપારથી ચિત્તએકાગ્રતામાં ભંગ પડે છે.

<u>પ્રાતિભજ્ઞાન</u>

ભગવદનુગ્રહ - કૃપા - શક્તિપાત સમાર્થક છે.
ભગવન્મુખી વૃત્તિના મૂળમાં ભગવત્કૃપા માનવી પડે છે,
કેમકે તે વિના ચિત્તની ગતિ ભગવદભિમુખ થતી નથી.
ગુરુની અપેક્ષાએ શાસ્ત્રજ્ઞાન શ્રેષ્ઠ છે અને
શાસ્ત્રની અપેક્ષાએ પ્રાતિભજ્ઞાન શ્રેષ્ઠ છે.
ગુરુ ઉપાય છે તથા શાસ્ત્રજ્ઞાન ઉપેય છે.
એ રીતે શાસ્ત્રજ્ઞાન પણ અંતમાં તો
પ્રાતિભજ્ઞાનનું ઉત્પાદન કરીને જ સફળ થાય છે.
સંસારની અપેક્ષાએ શાસ્ત્ર ભલે અંતર્મુખ કહેવાય પણ
સ્વરૂપની અપેક્ષાએ શાસ્ત્ર પણ બહિર્મુખ છે.

## શ્રુત-ચિન્તા-ભાવના

બહિર્મુખ ચિત્તની વૃત્તિઓ અંતર્મુખ અવસ્થામાં શક્તિ રૂપે રહે છે. અવિદ્યાનું કાર્ય આસક્તિ - મમતાનું કાર્યશક્તિ. વિક્ષિપ્ત ચિત્તવાળાનું શાસ્ત્રાર્થ જ્ઞાન શ્રુતમય છે તથા શબ્દાર્થની આલોચનાપૂર્વક 'અહીં આ ઉપયોગી છે,' એવી વ્યવસ્થા કરનારું જ્ઞાન ચિન્તામય છે. સમસ્ત ચિન્તામય જ્ઞાનથી ભાવનામય જ્ઞાન બને અને તે જ મોક્ષનું કારણ માન્યું છે.

ગુરુથી શ્રેષ્ઠ શાસ્ત્ર અને શાસ્ત્રથી શ્રેષ્ઠ સ્વભાવ.
ગુરુ એમ શાસ્ત્રબોધ માટે ઉપાદેય છે, તેમ
શાસ્ત્ર એ સ્વભાવની પ્રાપ્તિ માટે ખરાં ઉપાદેય છે.

o પિણ્ડં પદં તથા રૂપં રૂપાતીતં ચતુષ્ટયમ્ ।
યો વા સમ્યગ્ વિજાનાતિ સ ગુરુઃ પરિકીર્તિતઃ ॥૧॥
પિણ્ડં કુંડલિની શક્તિઃ પદં હંસઃ પ્રકીર્તિતઃ ।
રૂપં બિન્દુરિતિ જ્ઞેયં રૂપાતીતં નિરંજનમ્ ॥૨॥

o દીયતે જ્ઞાનસદ્ભાવઃ ક્ષીયતે પશુવાસના,
દાનક્ષપણસંયુક્તા દીક્ષા તેનેહ કીર્તિતા ॥૧॥ (પરિશિષ્ટ-૯)
રૂપાતીતં હિ ચિન્મયમ્ ઇત્યેવમપિ ।
સ્વચ્છન્દ સંગ્રહેઽપિ - નવ ચક્રેશ્વરતન્ત્રમધ્યે ॥૧॥

## <u>પરમેશ્વરાનુગ્રહ</u>

ધર્માધર્મનું કર્તૃત્વ પુરુષમાં છે, કિન્તુ સર્વશિત્વાદિ વિશિષ્ટ મુક્તિસાધકતા કેવળ પુરુષમાં નહિ, પરન્તુ પરમેશ્વર અનુગ્રહમાં છે. મોક્ષનું કર્તૃત્વ પ્રભુમાં માનવું જોઇએ. મોક્ષ એ પૂર્ણ જ્ઞાન - ક્રિયારૂપ છે, તેથી વિવિધ પાશો દ્વારા તેની અભિવ્યક્તિ અસંભવિત છે.

દીપક ઘરને પ્રકાશિત કરી શકે, પહાડને નહિ. પૂર્ણ વડે જ પૂર્ણ જ્ઞાન તથા ક્રિયા પ્રકટ થઈ શકે, તેથી ત્યાં ઈશ્વરાનુગ્રહની જરૂર છે. જ્ઞાનમાત્રથી દ્રવ્યકર્મ ન જાય. જ્ઞાન એ દ્રવ્યનું વિરોધિ નહિ, એ તો દીક્ષારૂપી ક્રિયાથી નિવૃત્ત થાય. વિવેકજ્ઞાનથી બુદ્ધિગત અવિવેક જાય, જેમ રજ્જુમાં સર્પનો ભ્રમ વિકલ્પજ્ઞાનની નિવૃત્તિ તેના કારણભૂત દ્રવ્યોની નિવૃત્તિથી જાય, જેમ દ્વિચંદ્ર જ્ઞાન, પીતશંખ જ્ઞાન. આત્માનું અજ્ઞાન દ્રવ્યરૂપ છે, કેવળ બુદ્ધિગત અવિવેકરૂપ નહિ, એ દ્રવ્યને 'મલ' કહે છે.

દીક્ષાવ્યાપારથી એ મલ નિવૃત્ત થાય છે,

તેથી મોક્ષ એ આત્મકર્તૃક નહિ, ઈશ્વરકર્તૃક છે.

<u>આણવમલ</u> = સ્વરૂપગત સંકોચ. <u>કાર્મમલ</u> = જાતિ, આયુ, ભોગ. <u>માયામલ</u> = કલા, વિદ્યા, રાગ, કાલ, નિયતિ.

दीक्षैव मोचयत्यूर्ध्वं, शैवं धाम नयत्यपि । सद्गुरुः
દીક્ષા જ છોડાવે છે, પછી મોક્ષમાં પણ લઈ જાય છે.
दीक्षामात्रेण मुक्तिस्याद्भक्तिमात्राद् गुरोः सदा । सद्गुरुः
દીક્ષામાત્રથી મુક્તિ થાય, ભક્તિમાત્રથી ગુરુ થાય.
न हृष्यत्युपकारेण, नापकारेण कुप्यति ।
यः समः सर्वभूतेषु, जीवन्मुक्तः स उच्यते ॥ सद्गुरुः
ઉપકારથી હર્ષિત ન થાય, અપકારથી કોપ ન પામે, જે સૌ
જીવો પ્રત્યે સમભાવવાળો હોય, તે જીવતો મુક્ત કહેવાય.
भावनापरो जीवन्मुक्तो भवति ।
योऽर्थज्ञः इतः सकलं भद्रमश्नुते । सद्गुरुः
ભાવના ભાવવામાં જે તત્પર રહે, તે જીવતો મુક્ત છે,
જે અર્થને જાણે છે, તે સકળ કલ્યાણને પામે છે.
पश्यन्तोऽपि न पश्यन्ति पश्यन्तं परमेश्वरं । - भागवत
પરમેશ્વરને જોતાં અથવા તો
પરમેશ્વરનું ધ્યાન કરનારા દેખતાં છતાં દેખતાં નથી.
જ્ઞાન અને ક્રિયાનો ભેદ કલ્પિત છે.
ક્રિયાનો વ્યાપાર ત્રણ પ્રકારે છે: વામા, જયેષ્ઠા, રૌદ્રી.
વામા = સ્થિતિ - સંરક્ષણ - રોધ - આવરણ,
જયેષ્ઠા = સંહાર તથા રૌદ્રી = પાશહરણ, અનુગ્રહ.

(૧) ભુવન - વિશ્વ, બ્રહ્માંડ, ભુવનેશ્વરત્વ.

(૨) વિગ્રહ - બ્રહ્માદિ દેવતાઓની આકૃતિ, તદ્રૂપતા.

(3) જ્યોતિ (બિન્દુ) - યોગસિદ્ધિ, ત્રિકાળજ્ઞતા.

(૪) વ્યાપિની (આકાશ) - વિભુત્વનો આવિર્ભાવ.

(૫) નાદ (શબ્દ) - વાઙ્મય ઉપર અધિકાર.

(૬) મંત્ર - મંત્રસિદ્ધિ.

## દેશવિભાગ અને કાળવિભાગ

આકારોની ભિન્નતાથી જેમ દેશવિભાગ (અધ્વા), તેમ ક્રિયાની વિચિત્રતાથી કાળવિભાગનો આવિર્ભાવ થાય છે.

બ્રહ્મ એ પરમેશ્વરની શક્તિ છે.

અંતમાં સર્વ અધ્વા ચિત્સ્વરૂપમાં વિશ્રાંત થાય છે.

અમૂર્ત અને અક્રિય ચૈતન્યની

મૂર્તિ અને ક્રિયાનું નામ દેશ અને કાળ છે.

કાળ ક્રિયા શક્તિમય છે, દેશ આકાર શક્તિમય છે.

કાળના પ્રભાવથી બ્રહ્મનો ઉચ્ચાર અને

બ્રહ્મના ઉચ્ચારથી વર્ણો (માતૃકાઓ)નો ઉદય છે.

માતૃકાઓ (વર્ણો) વ્યક્ત શબ્દોમાં વ્યાપ્ત થઈ જાય છે અને વ્યક્ત શબ્દો વાચ્ય અર્થોમાં વ્યાપી જાય છે, તેથી જગતના બધા પદાર્થો કાળની કલનાને આધીન છે.

(१) અધઃ શૂન્ય - હૃદય.
(૨) મધ્ય શૂન્ય - કંઠ, તાળુ, ભ્રૂમધ્ય, લલાટ, ઊર્ધ્વ રન્ધ્રસ્થાન.
(3) ઊર્ધ્વ શૂન્ય - શક્તિસ્થાન.
અહીં નાદાન્ત પર્યન્ત સર્વ પાશોનો છેદ થઈ જાય છે.
(૪) વ્યાપિની (૫) સમતા (૬) ઉન્મના શૂન્ય.
શાસ્ત્રીય વાક્યાર્થજ્ઞાનમાં કુશળ અને શાસ્ત્રબોધિત સમાધિમાં અકુશળ (સમાધિના અભ્યાસરહિત), કેવળ શાબ્દિકજ્ઞાનમાં જ સર્વસ્વ માનનારા - સ્વરુચિ ગમે તેવું અશાસ્ત્રીય આચરણ કરનારા રૌરવ નરકને પામે.
સમાધિહીનાઃ પાપિષ્ઠા વાક્યાર્થજ્ઞાનમાનિનઃ ।
સ્વેચ્છાચારરતા નિત્યં નરકાનશ્નુવન્તિ તે ॥ (પરિશિષ્ટ-૧૦)
સૃષ્ટિ અને સંહાર
શક્તિનો પ્રસાર એ સૃષ્ટિ અને તેનો સંકોચ એ સંહાર.
આ બંનેના પ્રારંભ તથા અંતમાં સામ્ય અવસ્થા છે.
આત્મક્રીડ એટલે...
ધ્યાતા - ધ્યેય - ધ્યાનની ત્રિપુટી સહિત સવિકલ્પ સમાધિ.
આત્મરતિ એટલે...
ધ્યાતા - ધ્યેય - ધ્યાનની ત્રિપુટી રહિત નિર્વિકલ્પ સમાધિ.
ક્રિયાવાન્ એટલે યોગાભ્યાસી તથા ધ્યાનાભ્યાસી.

आत्मक्रीड - आत्मरतिः क्रियावानेष ब्रह्मविदां वरिष्ठः ॥
અર્થઃ આત્મામાં રમનારો, આત્મા ગમનારો,
આવા ક્રિયા કરનારો બ્રહ્મને જાણનારાઓમાં શ્રેષ્ઠ છે.

प्राणो ह्येष यः सर्वभूतैर्विभाति,
विजानन् विद्वान् भवति नातिवादी ।
અર્થઃ 'સર્વ જીવો વડે ઝળકાય છે, તે પ્રાણ છે' આવું જાણનાર વિદ્વાન થાય છે, માત્ર બોલ બોલ કરનાર નહિ.

## શિષ્યના ત્રણ અવગુણ

अगतित्वमतिश्रद्धा ज्ञानाभ्यासे रुचिर्न वै ।
त्रयः शिष्यगुणा ह्येते धूर्ताचार्यस्य पुष्टये ॥१॥
અર્થઃ અગતિ, અતિશ્રદ્ધા, જ્ઞાનાભ્યાસમાં રૂચિ ન હોય, આ ત્રણ ગુણવાળો શિષ્ય ધૂર્ત આચાર્યની પુષ્ટિ માટે થાય.

यस्य नास्ति स्वयं प्रज्ञा शास्त्रं तस्य करोति किम् ?
लोचनाभ्यां विहीनस्य दर्पणः किं करिष्यति ? ॥१॥
અર્થઃ જેની પોતાની બુદ્ધિ નથી, તેને શાસ્ત્ર શું કરશે ?
લોચનરહિતને દર્પણ શું કરશે ?

## આધિક્યતા - તુચ્છતા

માન - ધનાદિ વડે પોતાની આધિક્યતા દેખાડાય અને
મદ - જ્ઞાનાદિ દ્વારા બીજાની તુચ્છતા દર્શાવાતી હોય છે.

અનુશાસન - આત્મોપાસલીન - માતા - પિતા, કલાચાર્ય,
ઈશ્વર કે શાસ્ત્ર ઉપર શ્રદ્ધા હોવા,
તે અંધશ્રદ્ધા નહિ પણ કોઈ વ્યક્તિ ઉપર
સૂક્ષ્મ વિચાર વિના શ્રદ્ધા રાખવા, તે અંધશ્રદ્ધા છે.
શાસ્ત્રાભ્યાસ જ્ઞાન મેળવવા છે - નહિ કે માન મેળવવા.
અનુષ્ઠાન એટલે યોગાભ્યાસ.
શાસ્ત્ર મુજબ ક્રિયા કરનાર પંડિત, બાકી પઠિત મૂર્ખ છે.

## પ્રતીક ઉપાસનાની વિધિ

પ્રતિમામાં પરમેશ્વરની ભાવના સ્થાપીને ઉપાસના કરવા
મૂર્તિને અભિષેક, ચંદન, પુષ્પ વડે પૂજા, ફૂલ નૈવેદ્ય ધરી
પછી આસન વાળી બેસીને એકાગ્ર ચિત્તથી ધ્યાન કરવું.
મૂર્તિ જેવા સ્થૂલ સ્વરૂપને રાખવા છતાં તેનાથી પર
ભૂમાસ્વરૂપ બ્રહ્મની તરફ એકાગ્ર વૃત્તિથી ધ્યાન કરવું.
બ્રહ્મને અવલંબન કરવાની જેની બુદ્ધિમાં શક્તિ નહિ,
તેઓ માટે પરિચ્છિન્ન પ્રતીક - મૂર્તિ ઉપાસના છે.
દીવો પ્રગટાવવા દિવેલ, દિવેટ, અગ્નિ - ત્રણેની જરૂર છે.
ત્રણે પરસ્પર ભિન્ન સ્વભાવવાળા હોવા છતાં પણ
એ ત્રણેના સહકારથી જ એક દીપ પ્રકટે, તેમ
સંસારનાં સઘળાં વિષયો સત્ત્વ, રજસ્ અને તમસ્-

રૂપે ત્રણ ગુણનાં બનેલાં છે. એટલે કોઈ એક વિષય
જ્યારે પોતાના સત્ત્વગુણના અંશથી સુખ આપતો હોય,
ત્યારે પણ તેમાં રજોગુણ અંશનો દુઃખભાગ અને
તમોગુણ અંશનો મોહભાગ અપ્રગટ રહેલો જ છે
અને તે કાળે પ્રકટ થશે, તે કહેવાય નહિ, માટે
સ્વરૂપથી પણ વિષયપદાર્થની દુઃખરૂપતા છે.

## હેતુ - સ્વરૂપ - ફળ

દાનાદિ ધર્માચરણ એ અભ્યુદયનો હેતુ છે અને
પ્રવણાદિ ધર્માચરણ એ નિઃશ્રેયસનો હેતુ છે.

હેતુ = સંસ્કાર દ્વારા સ્મૃતિ અને રાગ.

સ્વરૂપ = ત્રિગુણાત્મક = સુખ - દુઃખ - મોહરૂપ.

આલંબન = વિનશ્વર - ચંચળ અને અસ્થિર.

ફળ = વાસનાવૃદ્ધિ અને દુર્ગતિ - ભવભ્રમણ.

ધારણાદ્ધર્મમિત્યાહુઃ । પાલન, પોષણ, ધારણ કરે તે ધર્મ.
જાણવા કે સાંભળવામાત્રથી ધર્મ થતો નથી પણ
ધારણ એટલે પાલનાદિ કરવાથી ધર્મ થાય છે.

બાળકને અપકાર કરનારના હૃદયમાં ધ્યાનથી
સ્વને આ પરને ફાયદો થાય ખરો ? ઉદાહરણ તરીકે:
જેના મૂળમાં અગ્નિ છે, તે વૃક્ષ કેવી રીતે લીલું રહે ?

ગરીબોની સેવા એ ઈશ્વરની સેવા એટલે કે ઈશ્વરની પ્રધાન આજ્ઞાનું પાલન છે. ધર્મ એટલે દયા.
ધર્મ = અનુભૂતિ, પરમતસહિષ્ણુતા, જનતાની સેવા.
ઈશ્વરનું દર્શન બૌદ્ધિક ચિંતન કે તર્કદૃષ્ટિથી નહિ થાય. માત્ર આધ્યાત્મિક અનુભૂતિથી જ દર્શન થશે. તે માટે આધ્યાત્મિક વ્યાયામ અને ધ્યાનની ટેવ પાડવી જોઈએ.

## નિવૃત્તિનું કાર્ય પૂર્ણતા

પ્રતિષ્ઠા = જળ થી પૃથ્વીપર્યંત = 23 તત્વ.
વિદ્યા = પુરુષ થી માયાપર્યંત = 07 તત્વ.
શાંતિ = શુદ્ધ વિદ્યા થી શક્તિપર્યંત = 04 તત્વ.

સૃષ્ટિ, સ્થિતિ, સંહાર, અનુગ્રહ }
ગુરુ અને શાસ્ત્રની કારણતા ગૌણ છે. સ્વભાવ એ મુખ્ય કારણ છે. 'शिष्यप्रज्ञैव बोधस्य कारणं गुरुवाक्यतः ।' - योगवासिष्ठ
નિગ્રહ = તિરોધાન - સ્વરૂપનું આચ્છાદન.
અણુભાવ = આત્મસંકોચ - અણુભાવના - પશુત્વ.
ભવભોગ = પાંચ પ્રકારના કામગુણ.
નિર્વાણ = મહામુદ્રા સાક્ષાત્કાર.
સત્તર્ક = શુદ્ધ વિદ્યાનો વિકાસ.
નાદ - શબ્દશક્તિ, જ્યોતિ - અર્થશક્તિ.

**પિંડવાડા, સં. 2033, જેઠ વદી ૧૩, સોમવાર, ૧૪-૬-૭૭**

(१) **अरिहंत** = વીતરાગ, સર્વજ્ઞ.

[अ] = अतिशयैः राजन्ते ।

समवसरणादि बहिर्लक्ष्म्या ज्ञानादि आंतर्लक्ष्म्या वा ।

अरिहंत = આદર્શ = મંગળ = દુષ્કૃતગર્હાનો પ્રકર્ષ.

(२) **अरहंत** = દેવેન્દ્રપૂજિત, યથાસ્થિત વસ્તુવાદી.

[र] = रान्ति सद्दर्शनादि ।

अरहंत = ઉપદેશ = ઉત્તમ = સુકૃતાનુમોદનાનો પ્રકર્ષ.

(३) **अरुहंत** = ત્રૈલોક્યગુરુ, કૃતાર્થ, કૃતકૃત્ય.

[हं] = हनन्ति मोहादीन्,

गच्छन्ति ग्रामानुग्रामं तदुपकृत्यै ।

अरुहंत = આલંબન = શરણાગમનનો પ્રકર્ષ.

(४) [त] = तन्वन्ति धर्मदेशनां,

तायन्ते भव्यजीवान्, तारयन्ति भवोदधिं वा ।

**अरिहंत** = શબ્દયોગ, અપાયાપગમાતિશય, જ્ઞાનાતિશય.

**अरहंत** = અર્થયોગ, પૂજાતિશય, વચનાતિશય.

**अरुहंत** = આલંબનયોગ - સિદ્ધ - બુદ્ધ - મુક્ત - કૃતકૃત્ય.

**अरिहंत** = વીતરાગ પરમાત્મા,

**अरुहंत** = સિદ્ધ પરમાત્મા, **अरहंत** = તીર્થંકર પરમાત્મા.

(૧) અરિહંત = સામાન્ય કેવળી, ધર્મનાશ.

ધર્મનાશ = વિંશતિ સ્થાનક જિનનામ કર્મબંધ છેદ.

અરિહંત = સમ = સમશત્રુ - જિતતા.

અરિહંત = મધુર પરિણામનું ફળ.

(૨) અરહંત = તીર્થંકર કેવળી, કર્મનાશ.

કર્મનાશ = જિનનામ કર્મવિપાકોદય.

અરહંત = સમ = સમશૂળ - દુઃખતા.

અરહંત = ઉત્કૃષ્ટ પરિણામનું ફળ.

(3) અરુહંત = સિદ્ધ કેવળી, તત્ત્વનાશ.

તત્ત્વનાશ = જન્મ-જરા-મરણરહિત અરૂપી - અક્રિયાવસ્થા.

અરુહંત = સ+મ = ભવ - ક્રિયાયુક્તતા.

અરુહંત = અખંડયુક્ત પરિણામનું ફળ.

'ॐ अर्हं नमः ।' મંત્રમાં...

ॐ = પંચ પરમેષ્ઠિ - દ્રવ્ય, अर्हं = પ્રધાન પરમેષ્ઠિ - ગુણ,

नमः = તદુપયોગવાન્ આત્મા - પર્યાય ।

વળી 'ॐ अर्हं नमः ।' મંત્રમાં...

ॐ = પ્રણવ, શુદ્ધ દ્રવ્ય. अर्हं = અનાહત, શુદ્ધ પર્યાય.

ॐકાર એ સમષ્ટિભાવવાચક તથા શબ્દબ્રહ્મસ્વરૂપ છે,

अर्हंકાર એ પરમેષ્ઠિભાવવાચક તથા પરબ્રહ્મસ્વરૂપ છે.

## અર્હં શા માટે સર્વસ્વનું ભાજન?

0 અર્હં ત્રૈલોક્યપૂજ્યત્વાત્ અનન્તસદૃશા જિનાઃ ।
સદ્રત્નત્રયભાજસ્તદર્હં સર્વસ્વબીજકમ્ ॥૧॥

0 પ્રણવાઽનાહતોદ્ભૂતં વર્ણત્રયમયં પરં ।
નાસાગ્રે ધ્યાનિનો નિત્યં ધ્યાયન્તુ શિવશર્મણે ॥૧॥
એતેનાઽદ્ભુતમંત્રેણ ધ્યાનશુદ્ધિઃ પરા ભવેત્ ।
આત્યન્તિકં સુખં સ્વાત્મજં ચ સિદ્ધગુણાષ્ટકં ॥૨॥

ધ્યેયઃ સાતિશયો જિનો ગણધર-દેવ્યાદિ-મંત્રવર્ણા વા ।
ધ્યેયેન પ્રાણિનામૈક્યં સર્વત્રગં તદેકત્વમ્ ॥૧॥
ષટ્કોણાકૃતિ દેહે વિચિન્ત્ય અક્ષરાસનસ્થા સ્વાંતં ।
તત્તદ્વર્ણાકારં કૃત્વા ધ્યાયતિ સ સિદ્ધિપદં ॥૨॥

0 દ્રવ્યં ગુણપર્યયોત્પત્તિધ્રુવવિગમકલિતમિહ વેત્તિ ।
અર્હન્નિવ તીર્થાન્તરભાવીસૂરિઃ પ્રવચનાય ॥૧॥
કુલશુદ્ધો વ્રતનિષ્ઠો બહુશઃ ષટ્ત્રિંશતા ગુણૈર્યુક્તઃ ।
જિનગુરુભક્તઃ શિષ્યો યોગ્યસ્તન્મંત્રરાજસ્ય ॥૨॥

0 દયા ભૂતેષુ વૈરાગ્યં વિધિવત્ ગુરુપૂજનમ્ ।
વિશુદ્ધા શીલવૃત્તિશ્ચ પુણ્યં પુણ્યાનુબન્ધિદઃ ॥૧॥
પરોપતાપ-વિરતિઃ, પરાનુગ્રહ એવ ચ ।
સ્વચિત્તદમનં ચૈવ પુણ્યં પુણ્યાનુબન્ધિદઃ ॥૨॥

-ઉપમિતિ ભવપ્રપંચાકથા (પરિશિષ્ટ-૧૧)

## અધ્યવસાયોની પુષ્ટિ શેનાથી થાય ?

આજ્ઞાનું આરાધન = અરિહંત પદની આરાધના.
નમસ્કારનો ભાવ = સિદ્ધ પદની આરાધના.
આજ્ઞાપાલનના અધ્યવસાયથી નમસ્કાર પુષ્ટ થાય છે,
નમસ્કારના અધ્યવસાયથી આજ્ઞાપાલનના પુષ્ટ થાય છે.
'ૐ અર્હં' મંત્ર દ્વારા ઉપરોક્ત
બન્ને પ્રકારના અધ્યવસાયોની પુષ્ટિ થાય છે.

## સકલ શાસ્ત્રોમાં સારભૂત અધ્યાત્મ ધ્યાનયોગ

અધ્યાત્મ ધ્યાનયોગ એ અંતરંગ પ્રયત્ન છે, જેથી
આત્મામાં જ ચિત્તવૃત્તિ રહે છે અને
વિદ્યમાન સંક્લિષ્ટ ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે.
તે પરમ સંવરરૂપ હોવાથી સકલ શાસ્ત્રનું રહસ્ય છે.
કહ્યું છે: આસ્રવ - સંસારનું કારણ, સંવર - મોક્ષનું.
અધ્યાત્મધ્યાન પરિણામ પામવાથી આનંદ અને
સમતાસુખની વૃદ્ધિ થાય છે. સમતા - ધ્યાનને પરસ્પર
સંબંધ છે. એકની વૃદ્ધિથી બીજાની પણ વૃદ્ધિ થાય છે
તથા ધ્યાન નિષ્પ્રકંપ બને છે. સમતા વિના ધ્યાન અને
ધ્યાન વિના સમતા નિષ્પ્રકંપ બનતાં નથી.
બંનેની નિષ્કંપતાનું નામ જ અવંચકત્રિતય પદાર્થ છે.

'શ્રી ભગવતી સૂત્ર'માં એમ કહ્યું છે કે:

અધ્યાત્મધ્યાનયોગના બાર માસના પર્યાયમાં અનુત્તરના સુખથી પણ અધિક સુખ અનુભવવાના બે ઉપાય છે:

નિશ્ચયથી તત્ત્વવિજ્ઞાન આત્મા અને

વ્યવહારથી કલ્યાણગામિન યોગ, ઉપરાંત અનેક પ્રકાર છે.

નિશ્ચયથી આત્મા પોતે છે અને વ્યવહારથી ઈતર સકળ કારણ સહિત કલ્યાણગામિન યોગાદિ કારણ છે.

અધ્યાત્મધ્યાનયોગરૂપ અનુભૂતિના અન્ય ૧૬ કારણો:

(૧) એકરૂપભૂત સ્નિગ્ધ - સ્નેહવાળા પુરુષોનો સંબંધ
(૨) સત્શાસ્ત્ર શ્રવણ, ચિન્તન, ભાવન (3) પરોપકાર
(૪) પરપીડાપરિહાર (૫) વિષયપ્રવૃત્તિનો ત્યાગ
(૬) ભવસ્વરૂપ વિચાર (૭) પૂજ્યોની પૂજા
(૮) નિંદાનો પરિહાર (૯) લોકાનુવર્તન (૧૦) ગુણનો રાગ
(૧૧) નિર્ગુણી પ્રત્યે માધ્યસ્થ્ય (૧૨) કુશીલ સંસર્ગનો ત્યાગ
(૧૩) પ્રમાદનો પરિહાર (૧૪) અશુભ વિકલ્પોનો ત્યાગ
(૧૫) ક્રોધાદિ કષાયનો ત્યાગ
(૧૬) સહજ આત્મસ્વરૂપની યથાવસર ભાવના - જેમકે 'ધન, સ્વજન, મિત્ર, પુત્ર, પરિવાર, દેહ - અન્ય છે અને હું અન્ય છું તથા તે બધા પરદ્રવ્યો છે.'

'ઉપદેશ રહસ્ય'માં કહ્યું છે કે:

આત્મસ્વરૂપ નિત્ય - નિષ્કલંક - જ્ઞાનદર્શનાદિ સમૃદ્ધ છે.
શુદ્ધ શાશ્વત સ્થાન નિયમા ઉપાદેય છે.

જે જે રીતે રાગ - દ્વેષાદિ દોષ જલ્દી દૂર થાય,
તે તે રીતે પ્રવૃત્તિ કરવી, એ જિનેન્દ્રોની આજ્ઞા છે.

પ્રભુપૂજા = દ્રવ્યસ્તવ. આજ્ઞા આરાધના = ભાવસ્તવ.

જિનાજ્ઞાપાલનનો અધ્યવસાય નિરાશંસભાવને પોષનારી, ઔચિત્ય અભિમાનને છેદનારી, વિધિ તથા વીર્યોલ્લાસને વધારનારી ય છે. દ્રવ્ય પ્રત્યાખ્યાનના ચાર દોષ છે:

અપેક્ષા, અવિધિ, અપરિણતિ અને વીર્યાભાવ.

તે ચારે દોષોને દૂર કરવાનું સામર્થ્ય
આજ્ઞાપાલનના અધ્યવસાયમાં રહેલું છે.

ધ્યાન જ્યારે સ્થિરતાને પામે છે, ત્યારે ધ્યેય નજીક ન હોવા છતાં ય જાણે સામે જ આલેખિત હોય, તેવું અત્યંત સ્પષ્ટ ભાસે છે. નામના પરમાણું આકર્ષિત થઈને નામ જપવાવાળા સાધકને પવિત્ર કરી દે છે.

अप्रतीतं, अनिराकृतं, अभीप्सितं साध्यं वर्त्तते ।
यथार्थ भक्ते हृदये सति कामना नष्टा भवत्येव ।
यत: सा भक्ति: निरोधिरूपा त्यागमयीत्यर्थः । (પરિશિષ્ટ-૧૨)

V.V. Imp.

## નમસ્કાર એ જ એક આધાર

નવકાર મંત્ર વડે અખિલ બ્રહ્માંડના નાયક પરમેષ્ઠિ ભગવંતો સાથે ક્ષુદ્ર જણાતો મનુષ્ય સ્નેહનો સંબંધ બાંધી શકે છે, એ જગતનું મોટામાં મોટું આશ્ચર્ય છે.

### તિરસ્કારના પાપથી બચવા માટે

નમસ્કાર એ જ એક આધાર છે. જે નમસ્કારશીલ છે, તેને નમસ્કાર કરવાથી જ તિરસ્કારના પાપથી બચાય, નમનીયને નમસ્કારના મહાફળનો લાભ મેળવી શકાય છે. પરમેષ્ઠિ નમસ્કાર તે કર્મકૃત પાપથી મુક્ત થવાનો અને ધર્મમંગળથી યુક્ત થવાનો અનન્ય ઉપાય છે. મરણ એ શરીરની પ્રકૃતિ છે, જીવન એ વિકૃતિ છે. અમરણ એ આત્માની પ્રકૃતિ છે, મરણ એ વિકૃતિ છે. અંત સમયે જેનું ચિત્ત પંચપરમેષ્ઠિમાં હોય, તે જીવ (જો પૂર્વે આયુષ્યનો બંધ ન કર્યો હોય તો) તે જ ભવે મોક્ષ ન પામે, તો ય વૈમાનિક દેવ તો અવશ્ય થાય છે.

o મિથ્યાત્વં પરમો રોગો મિથ્યાત્વં પરમં તમઃ ।
મિથ્યાત્વં પરમઃ શત્રુઃ મિથ્યાત્વં પરમં વિષમ્ ॥ અર્થાત્:
મિથ્યાત્વ એ ઉત્કૃષ્ટ રોગ છે, અત્યંત અંધકારસ્વરૂપ, પરમ શત્રુ તથા પરમ વિષ છે. - યોગશાસ્ત્ર

## મૈત્રી - પ્રમોદ - કરુણા - માધ્યસ્થભાવ

(૧) મૈત્રી : જીવના જીવત્વ રૂપી પારિણામિકભાવ પ્રત્યે મૈત્રી રાખવી જોઈએ. જીવમાત્ર પ્રત્યે હિતચિંતાનો ભાવ રાખ્યા વિના સ્વહિત અશક્ય છે.
જીવમાત્રમાં જીવત્વ રહેલું છે, એ દ્રષ્ટિએ સૌ સમાન છે.

(૨) ક્ષાયોપશમિકાદિ ભાવો પ્રત્યે પ્રમોદભાવ રાખવો.
ગુણી જીવોના ગુણો પ્રત્યે પ્રમોદભાવ ધારણ કર્યા વિના સ્વગુણવૃદ્ધિ અશક્ય છે.
સિદ્ધના જીવો ગુણમાં અને સુખમાં સર્વથી અધિક છે, માટે ત્યાં પરમ પ્રમોદ પ્રગટવો જોઈએ.

(3) દુઃખ-દૌર્મનસ્યાદિ ભાવો પ્રત્યે કારુણ્યભાવ રાખવો.
દુઃખી જીવોના દુઃખને દૂર કરવારૂપ કારુણ્યભાવ વિના સ્વદુઃખ દૂર થવું અશક્ય છે.
નિગોદના જીવો સર્વથી અધિક દુઃખી છે, માટે ત્યાં તીવ્ર કરુણા થવી જોઈએ.

(૪) મોહાદિ ઔદયિકભાવ પ્રત્યે માધ્યસ્થભાવ રાખવો.
પાપી જીવોના પાપ પ્રત્યે માધ્યસ્થભાવને ધારણ કર્યા વિના પાપમુક્ત થવું અશક્ય છે.
પાપી જીવો પ્રત્યે માધ્યસ્થ એ સદ્ગુણ છે.

## આત્માનું તેજ એકરૂપતામાં

વિશ્વમાં પર આત્મા જ એક શક્તિશાળી તત્વ છે.
આત્મતેજ એજ સાચું તેજ છે, સાચું નૂર છે અને
તે તેના એકરૂપતામાં રહેલું છે.

તમારી જાત સાથે એકાંત મૌનમાં એકતાનો અનુભવ
લેવો, એજ એક શાંતિ અને સમાધિનો માર્ગ છે.

આર્તધ્યાન = અશાંત પ્રતિભાવ, ધર્મધ્યાન = શાંત સ્વીકાર.

તમામ દુઃખોની ઔષધ દવા પ્રભુ તરફ વળવું, તે છે.

દુઃખ અને કષ્ટ એ જીવને
જીવમાંથી શિવ બનવા માટે અનિવાર્ય આશીર્વાદરૂપ છે.

માટીને ઘડારૂપ થવા અને કાષ્ઠને મૂર્તિરૂપ થવા માટે
જે જે અવસ્થાઓમાંથી પસાર થવું પડે છે,
તે સઘળી અવસ્થાઓમાંથી પસાર થનાર માનવ જ
મહામાનવ અને મહાત્મા પરમાત્મા બની શકે છે.

વિહિત અનુષ્ઠાનનું પ્રણિધાન

સત્માં પ્રવૃત્તિ અને અસત્‌થી નિવૃત્તિ દ્વારા
પરમાત્મસ્વરૂપમાં પર્યવસાન પામે છે. પ્રભુનું સ્મરણ
આત્મધ્યાનમાં તથા આત્મધ્યાન આત્મજ્ઞાનમાં પરિણમે છે,
જે દ્વારા જ સર્વ ક્રિયાની સફળતા છે.

## પ્રભુનામસ્મરણનું માહાત્મ્ય

ખરેખર આ ચેતાચેતન વિશ્વની સર્વશ્રેષ્ઠ વસ્તુઓનો સંગ્રહ પ્રભુના નામ અને રૂપમાં સમાઈ જ જાય છે. વિશ્વની સર્વશ્રેષ્ઠ સમૃદ્ધિનું દર્શન પ્રભુમૂર્તિમાં અને મનન પ્રભુનામમાં છે. નામના સ્મરણથી પાપનો નાશ, રૂપથી પુણ્યનો પ્રકાશ તથા પ્રભુનું દ્રવ્ય આત્મબોધ અને આત્મધ્યાનનું પરમ કારણરૂપ હોવાથી ભવ્યોને પ્રભુના નામ, આકૃતિ, દ્રવ્ય, ભાવ ઉપાસવા જોઈએ છે. પ્રભુની આ ચાર નિક્ષેપો દ્વારા થતી ભક્તિ વડે સર્વ સંપદાના મૂળ કારણભૂત જિનાનુરાગ ઉત્પન્ન થાય છે.

સર્વ સંપદાં મૂલં જાયતે જિનાનુરાગઃ । - શક્રસ્તવ

(૧) નામ વડે નાદાનુસંધાન (૨) રૂપ દ્વારા અર્થાનુસંધાન (3) દ્રવ્ય વડે તત્ત્વાનુસંધાન (૪) ભાવ વડે સ્વરૂપાનુસંધાન.

### ૫૦ વર્ષ નિત્ય એકાશન કરનાર વિજયભદ્રસૂરીશ્વરજી

જન્મ - સં. ૧૯3૦, વૈશાખ સુદી ૬.

દીક્ષા - સં. ૧૯૫૮, વૈશાખ સુદી ૧૫.

સ્વર્ગવાસ - સં. ૨૦33, જેઠ સુદી ૮. સ્વર્ગભૂમિ : જુનાડીસા

વર્ધમાનવિદ્યા - સૂરિમંત્રની ઉપાસના સહિત સંયમ પર્યાય ૭૫ વર્ષ, કુલ આયુષ્ય વર્ષ ૧૦૪.

## ૬ રત્નચિન્તનકણિકા

(૧) સર્વ જીવોની દયા વિના જિનભક્તિ પૂર્ણ ન થાય.
(૨) બાળના દોષ જોઈ આપણું મન શા માટે બગાડવું?
(3) ભગવાનના સંયમમાર્ગમાં સદાકાળ શાતા જ રહે.

(૪) સર્વહિતચિન્તાદિ રૌદ્રધ્યાન બાધક અને
સ્વમાત્રહિતચિન્તાદિ આર્તધ્યાન બાધક.

સર્વની હિતચિન્તામાં ઊર્ધ્વતા સામાન્યની મુખ્યતા છે,
સ્વની હિતચિન્તામાં તિર્યક્ સામાન્યની મુખ્યતા છે.

(૫) ન્યાય કઠોર છે, દયા કોમળ છે. બાળના પ્રત્યે
દયાધર્મ અને પોતાના પ્રત્યે ન્યાયધર્મને મુખ્ય કરવો.

(૬) ભવિતવ્યતાના રાગાદિ આવાં બતાય છે અને
અનિત્યતાના રાગાદિ મમવૃત્તિ ઉપર વિજય મળે છે,
તેથી મનને એ બન્ને પ્રકારના રાગાદિ ભાવિત કરવું.

0 ઉપાદાન આતમ સહી રે પુષ્ટાલંબન દેવ;
ઉપાદાન કારણપણે રે, પ્રગટ કરે પ્રભુ સેવ. (૧)
કાર્યગુણ કારણપણે રે, કારણ કાર્ય અનૂપ;
સકલ સિદ્ધતા તાહરી રે, મારે કારણ રૂપ. (૨)
એકવાર પ્રભુ વંદના રે, આગમ રીતે થાય;
કારણ સત્યે કાર્યની રે, સિદ્ધિ પ્રતીત કરાય. (3)

## સાચો આનંદ

ગાયનના સૂર કાન વાટે મગજમાં ધક્કો મારે છે, રૂપ આંખ વાટે મગજમાં દાખલ થઈ મગજને ધક્કો મારે છે, તમાકુ મોં વાટે, નાક વાટે કે ધુમાડાના રૂપમાં દાખલ થઈ મગજને ધક્કો મારે છે અને મગજ ઉપર આવા કૃત્રિમ ધક્કા-કૃત્રિમ આંચકા તત્કાલ પૂરતાં ક્ષણિક આનંદ ઉભા કરે છે, પરન્તુ આવા સતત ભોગો કરતાં કૃત્રિમ ધક્કા - આંચકાઓની મગજ ઉપર ખરાબ પ્રતિક્રિયા થાય છે. સાચો આનંદ મગજને કોઈપણ જાતનો કૃત્રિમ ધક્કો - કૃત્રિમ આંચકો માર્યા વગર આપોઆપ - સતત - અખંડ મળ્યાં જ કરે છે, કેમકે તે આનંદનો આધાર બાહ્ય કોઈ પરાઈ વસ્તુ ઉપર નહિ પણ પોતાના આત્મા ઉપર જ હોય છે.

## મંત્ર

મંત્ર એ શબ્દાત્મક હોવા છતાં એનું સામર્થ્ય વિલક્ષણ-અદ્ભુત હોય છે. તે વસ્તુશૂન્ય હોતો નથી. મંત્ર તોપના ગોળા કરતાં યે બળવાન હોય છે. મંત્ર જીવનને વળાંક આપે છે. મંત્રના પ્રભાવથી અને તેના પ્રેરકબળથી મનુષ્યની સાથે તદનુરૂપ જીવન સ્વેચ્છાથી, આપમેળે ઘડાય છે. 'ૐ તત્ સત્' આ મંત્ર ચિંતામણિરૂપ છે. વેદ તેમ જ ઉપનિષદોના સારરૂપ મનાયો છે. - સ્થિતપ્રજ્ઞ દર્શન

# ૐકાર

ૐ એ અક્ષર છે અને શબ્દ પણ છે.
'ૐ' એટલે 'હા'. એ ઈશ્વરનું હકારાત્મક રૂપ છે.
ઈશ્વર કેવો છે? સાકાર છે? હા. નિરાકાર છે? હા.
સગુણ છે? હા. નિર્ગુણ છે? હા.
બધા પ્રશ્નો પોતાના પેટમાં સમાવી લેનારું વ્યાપક,
વિશાળ તથા ભવ્યરૂપે જે છે, તેનો વાચક ૐ શબ્દ છે.
ભાવાવસ્થા કેળવવાને - મેળવવાને સારુ
ૐ શબ્દ એક ભવ્યનાદ છે - ભાવવા યોગ્ય શબ્દ છે.

## વર્ણના ઉગમ તથા સમાપ્તિની મીમાંસા

તત્ = અક્ષર તરીકે તે વર્ણમાત્રનું પ્રતીક છે.
અક્ષરની શરૂઆત 'અ'થી અને અંત 'મ'થી છે.
એ બંનેને જોડનારો સાંધો 'ઉ' છે.
વર્ણનો ઉગમ કંઠ (નાભિ)માંથી અને સમાપ્તિ હોઠમાં છે.
મનો ઉચ્ચાર કરતી વખતે બંને હોઠ ભીડીએ છીએ અને
નાકનો પણ થોડો ઉપયોગ કરીએ છીએ.
ય ર લ વ વગેરે મ પછી ગણાય છે,
તો પણ એ બધા વચગાળાના સ્થાનમાંથી નીકળનારા છે.
કંઠ અને ઓષ્ઠ - એ બેના વચગાળામાં તેના સ્થાન છે.

વચ્ચેના સ્થાનોમાંથી ઉત્પન્ન થનારાં
વર્ણોના પ્રતિનિધિ તરીકે 'ઉ' ઉભો છે.
ઉ = ઉભય. આદિનો અને અંત્યનો સાંધો જોડી આપનારો.
એ રીતે 'ૐ'માં સર્વ સારસ્વત, સર્વ સાહિત્ય, સર્વ
વાઙ્મય સમાઈ જાય છે. ૐ એક ધાતુ રૂપ પણ છે.
'ૐમાં' શબ્દમાં 'અ' ધાતુ લઈએ
'વિશ્વવ્યાપિની અથવા દેવ' એમ તેનો અર્થ થાય છે.
'વિ' ઉપસર્ગ લગાડતાં વ્યોમન્ યાને આકાશ થાય છે.
લેટિન ભાષામાં આકાશનો અર્થ Omnis થાય છે.
સત્ = સર્વ. વિશ્વ એ આ ઓમ્‌ની જ વિકૃતિ છે.
Omnipresent
આ અંગ્રેજી શબ્દમાં Latin વિકૃતિ મળી આવે છે.
સ્થિતપ્રજ્ઞોની સતત વિશ્વને ભુલાવનારી અથવા
ઓળખાવી આપનારી ભાવાવસ્થાને સૂચવવાને માટે
ૐ મંત્રાક્ષર એ તદ્દન યોગ્ય ઠરે છે.
'તત્' એ જ્ઞાનાવસ્થાને સૂચવનારું પદ છે.
'તત્ ત્વં અસિ' - તું તે છે. તત્ પદ બોધ આપે છે કે:
આ ત્રિગુણાત્મક જગત તું નથી, તું એની બહારનો છે,
તને કશાનો યે સ્પર્શ નથી.

'સત્' એ ક્રિયાવસ્થાની સિદ્ધિને માટે છે,
'સત્' પદ સત્ત્વનો આગ્રહ - અસત્ત્વનો ત્યાગ સૂચવે છે.
ઓમકારે 'ૐ તત્ સત્' મંત્ર
એ વ્યાપક, આત્મા તથા પરિશુદ્ધ જીવનનો વાચક
અને તે જ કૌશલ્યપૂર્ણ પરિપૂર્ણ વિચારનું સ્વરૂપ છે.
ૐથી વ્યાપક બ્રહ્મનો બોધ, તત્થી નિર્ગુણ બ્રહ્મનો બોધ
અને સત્થી શુદ્ધ બ્રહ્મ - એમ ત્રણેનો બોધ થાય છે.

## પ્રયત્ન અને ઈશ્વરની કૃપા

કૌશલ્યપૂર્ણ કાર્યનું ફળ મેળવવા માટે બેની જરૂર છે:
પ્રામાણિક પ્રયત્ન અને ઈશ્વરની કૃપા.
પ્રામાણિક પ્રયત્નની સાથે અહંકારનો અભાવ જોઈએ.
તે અભાવ ઈશ્વર ઉપરની શ્રદ્ધામાંથી જન્મે છે.
ઈશ્વરની કૃપા ઉતરવા માટે પ્રામાણિક પ્રયત્ન જોઈએ,
પ્રામાણિક પ્રયત્ન થવા માટે અહંકારનો અભાવ જોઈએ
અને તે માટે ઈશ્વરમાં અખંડ-પરિપૂર્ણ શ્રદ્ધા જોઈએ.
વિદ્વાન કોણ ? મનુષ્ય જેટલો વધારે વિદ્વાન યા વધારે
જ્ઞાની, તેટલો તે વધારે ત્યાગી બનવો જોઈએ.
પાપાદ્વિભેતિ સ પણ્ડિતઃ । યો ધર્મં ચરતિ સ પણ્ડિતઃ ।
પાપથી ડરે ને ધર્મ આચરે તે પંડિત, અન્ય અ-પંડિત.

જપ : સંસારનાં દુઃખોથી ત્રાસ પામેલા અને પરમાત્મામાં પરમ અનુરાગવાળી થયેલ અંતઃકરણની વૃત્તિ સાંસારિક વિષયોનો જપ કરવાનું કાર્ય મૂકી દઈને આચાર્યોપદિષ્ટ પરમાત્માના નામનો અથવા પરમાત્માની સાથે નમસ્કાર વડે સંબંધ રાખનારા શબ્દનો વૈખરી, મધ્યમા, પશ્યંતી અને પરાવાણી દ્વારા ઉંચ અને બાહ્ય વિચારોના પરિત્યાગપૂર્વક અનુક્રમે સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ ઉચ્ચાર, સાધક જ્યારે વારંવાર અતિ આદરપૂર્વક કર્યા કરે, તે 'જપ' કહેવાય છે.

પાંચ ઘડી શુદ્ધ વૈખરી દ્વારા થતાં સ્થૂલ મંત્રજપથી અંતઃકરણમાંના સંસ્કારો વડે ઉઠતાં સ્ફુરણો બંધ થઈને વાણીમાં એક જ રૂપ શબ્દનો પ્રવાહ જ તેટલો સમય ચાલ્યા કરે છે. અભ્યાસથી બાહ્ય વેળા ઘણું જપ કરનારને એવો અનુભવ થાય છે. ક્યારેક પ્રેમની વૃદ્ધિ વડે શરીર પરનાં રૂવાંડાં ઉભા થઈ જાય છે, નેત્રોમાંથી અશ્રુનો પ્રવાહ નીકળવા માંડે છે. કંઠમાં કફની વૃદ્ધિ થવાથી ગળું રૂંધાઈ જાય છે તથા મન સ્તબ્ધ થઈ જાય છે!

ઘણીવાર તો સત્ત્વગુણની વૃદ્ધિ થવા દ્વારા શરીર અને મન હલકાં થઈ ગયેલાં પ્રતીત થાય છે.

સ્થૂલ જપથી ફરતાફરતા મન આનંદથી ભરાઈ ગયેલું કે
મનમાં ઉત્તમ વિચારધારાનો પ્રવાહ વહેતો જણાય છે.
મધ્યમામાં લગાટ પાંચ ઘડી સુધી ચલાવવામાં આવતાં
સૂક્ષ્મ જપ દ્વારા જપ કરનારના ગળામાં એક જાતનો
મીઠાશ અને આનંદ આપનારો સ્પર્શ અનુભવાય છે.
અંતર્મુખ થયેલું મન પ્રકાશ તથા આનંદાનુભવ કરે છે.
સ્થૂલ શરીર હલકું થયેલું અને તેની આસપાસના
પ્રકાશ અને આનંદમાં જાણે ગળવા લાગતું હોય,
જાણે કે તેમાં ભળી જતું હોય, એમ તેને જણાય છે
અથવા પોતાના મનુષ્યભવનું તથા પોતાના મનની
સંસારની તૃષ્ણાઓનું શમન થતું તેને અનુભવાય છે.
વૈખરી આદિ વાણીના ચાર પ્રકાર છે,
સ્થાન શરીરમાં અનુક્રમે જીહ્વા, કંઠ, હૃદય, નાભિ છે.
સૂક્ષ્મતરજપ = હૃદયમાં પશ્યંતી વાણી વડે સ્ફુરતો જપ.
તેનું અનુષ્ઠાન પાંચ ઘડી સુધી ચાલવાથી
જપ કરનારના મનમાં આનંદ તથા પ્રકાશનું વધારે ભાન
થવા લાગે છે, બહારના સ્થૂલ વિષયોનું તુચ્છપણું વધારે
સ્પષ્ટ જણાવા લાગે છે, ચાલતાં જપમાંથી તેના મનને
વિરામ પામવાની ઇચ્છા થતી નથી, શરીર અને જગતનું

કોઈ કોઈવાર કેટલોક સમય સ્વરૂપ વિસ્મરણ થઈ ગયેલું જણાય છે, ઇંદ્રિય-પ્રાણ અને મનના બાહ્ય વેગો દૂર થઈ તે સર્વના પ્રવાહો હૃદય ભણી પાછાં વળેલાં જણાવા લાગે છે અને બ્રહ્મરંધ્રથી ટપકવા લાગેલા નિરૂપમ અમૃતપાનથી ક્ષુધાતૃષાની પીડા પૂર્વ પેઠે અનુભવાતી નથી.

## સૂક્ષ્મતમ જપ

મંત્રના લક્ષ્યાર્થ - ચૈતન્યરૂપ પરમાત્માને વિષે પરાવાણી અંતઃકરણ સાથે નાભિમાં અથવા બ્રહ્મરંધ્રમાં વિરામ પામવા પ્રયત્ન કરે, તે સૂક્ષ્મતમ જપ કહેવાય છે. આ જપના અનુષ્ઠાનથી પ્રાણ અને અપાન એકઠાં થઈ મન સાથે સુષુમ્ણામાં પ્રવેશ કરી, આધારાદિ ચક્રોનો ભેદ કરી બ્રહ્મરંધ્રમાં જાય છે અને ત્યાં જપના અભ્યાસના પ્રમાણમાં વિરામ પામે છે. સાધકે કોઈપણ વાણી દ્વારા સ્વાભાવિક રીતે જપ થયાં કરે એવો અભ્યાસ કરવો. સ્વાભાવિક પ્રભુસ્મરણરૂપ જપનું પરિણામ અંતઃકરણની પવિત્રતા - એકાગ્રતા દ્વારા તત્ત્વસાક્ષાત્કાર સ્વરૂપ થાય છે.

- મહામંત્ર માલિકા

अनन्याश्चिन्तयन्तो मां, ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहं ॥

પ્રકૃતિ: અનન્ય ભાવે મારૂં ચિન્તન કરતાં
જેઓ મારી ઉપાસના કરે છે, તેવા નિત્ય મારી સાથે
જોડાયેલાંઓના યોગ અને ક્ષેમનું વહન હું કરું છું.

બે <u>પ્રકારની સાધના : દૈવી અને આસુરી.</u>

વેદાંતશાસ્ત્રમાં એને દક્ષિણ અને વામમાર્ગ કહેલ છે.
જૈનોમાં અહિંસા - શૌચ - બ્રહ્મચર્યનું પાલન આવશ્યક છે.
વેદમાં બ્રાહ્મણ અને મંત્ર - એ બે વિભાગ રાખ્યાં છે.

કોઈપણ સાધના કરવાને માટે
દેવની મૂર્તિ, યંત્ર અને મંત્રની જરૂર પડે છે.
ડામર તંત્ર અને મેલી વિદ્યા તત્કાલ ફળે છે,
પરન્તુ તે બન્ને થોડા સમયમાં જ ચાલી જાય છે.
મોટે ભાગે ચમત્કાર બતાવવામાં જ તેનો ઉપયોગ છે.
ધર્મ - સાધના - *practical science* અનુભવિક છે.

<u>*one who runs can reach.*</u>

<u>*Do and receive* - એ સાધનાનો મુદ્રાલેખ છે.</u>

આસ્તિકતા - શ્રદ્ધા સાથે કરાતી સર્વ સાધના ફળે છે.

<u>સાધનાની પાવન સરવાણી</u>

(૧) વિશ્વાસ = વિગત શ્વાસ - સામ્યાવસ્થા.
વિશિષ્ટ શ્વાસ - સુષુમ્ણા, સંકલ્પ - વિકલ્પરહિત અવસ્થા.

(૨) વિશ્વાસ - વાસ્તવિક તત્પરતા - ત્રિપુટીનું કારણ
અને કાર્ય - વિશ્વાસ, રાગ અને પ્રેમથી સંચાલિત છે.

(૩) આત્મવિશ્વાસ એ મોટામાં મોટી વસ્તુ છે.
સિદ્ધિનું સાધક એવું અસલી કારણ તે જ છે.
Self-confidence એક મનોવૈજ્ઞાનિક રહસ્ય છે.

(૪) ગુરુદીક્ષામાં મુખ્ય વસ્તુ મંત્ર દ્વારા
શક્તિઓની જાગૃતિ છે, ભાવ-ભાવનાનું ઉદ્બોધન છે.
સાચા ગુરુ મંત્રશક્તિ દ્વારા સાધનાવિષયક શક્તિનો
પોતાના શિષ્યમાં યથાધિકાર સંચાર કરે છે.

(૫) મંત્રનો આત્મા દેવતા છે અને દેવતાને
રહેવાનું ઘર મંત્ર છે. દેવતા અસલમાં મંત્રાત્મક છે,
તેથી દેવતાનું આકર્ષણ મંત્ર દ્વારા જ થાય છે.

(૬) સાધના એ સફળતાની કૂંચી છે.
સાધના તો કવિનું કવિત્વ - ઋષિનું ઋષિત્વ છે.
ઊર્ધ્વં ગચ્છન્તિ સત્ત્વસ્થાઃ ।
Heaven will be inherited by every
man who has heaven in his soul.
સાધના પોતાના કાર્ય - કારણાત્મક
ભાવો અને ફળોથી સંપન્ન શક્ય છે.

(૭) સાધનાનો મુખ્ય ઉદ્દેશ આત્મલાભ છે.
આત્મલાભનું ફળ = દિવ્યત્વ, સર્વાત્મત્વ, સર્વશક્તિમત્વ.
બધી શુદ્ધ સાધના મુક્તિપરક, આત્મપરક, બ્રહ્મપરક છે.
ભારતવર્ષમાં પ્રત્યેક સાધનાનું ધ્યેય ઉચ્ચ નહીં સ્વર્ગાદિ છે.
(૮) સાધનાનું મૂળ તત્ત્વ તપ, જપ, ઈશ્વરપ્રણિધાન છે.
એનાથી સાધકની શક્તિ અને જ્ઞાન વધે છે.
સ્વાધ્યાય નહીં જપથી જ્ઞાન વધે, તપથી શક્તિ વધે.
તપ - જપ નહીં ઈશ્વરના પ્રણિધાનથી સાધનાની મૂળ
ભીતિ અભીપ્સા - શુભેચ્છા - આકાંક્ષા જાગૃત થાય છે.
(૯) મોટાં થવા માટે બીજાને નાના કરવા કરતાં પોતે
જ વધારે મોટાં થવાની જરૂર છે. અક્લિષ્ટ વૃત્તિના
સંસ્કારો વડે ક્લિષ્ટ વૃત્તિના સંસ્કારો દૂર કરી શકાય.
(૧૦) આત્માની ગતિ પરમાત્માની તરફ થઈ રહી છે.
સજાતીય તરફ સજાતીયની ગતિ સહજ છે.
નદીઓ સમુદ્ર તરફ વહી રહી છે.
સંપૂર્ણ બ્રહ્માંડનું અંતિમ ધ્યેય અસલમાં આત્મલાભ છે.
લતા - ગુલ્મ, કીટ - પતંગ, પશુ - પક્ષી, દેવ - માનવ સર્વ
પોતપોતાની યોનિ + સ્થાનથી અંતિમ લક્ષ્યે ગતિ કરે છે,
સાધના તે ગતિને ઝડપી કરી આપે છે.

(૧૧) સાધનામાં અધિકારભેદનો અપાર મહિમા છે.
અધિકારની પરવા કર્યા વિના કોઈપણ સાધક સાધના દ્વારા સાધ્યને ન પામી શકે. એનો અભિપ્રાય એ છે કે જે મનુષ્ય જે દેશ, કાળ અને અવસ્થામાં રહેલો છે, ત્યાંથી જ પોતાના લક્ષ્ય ઉપર પહોંચી શકે છે. સતી-સતીત્વથી, શૂરવીર શૂરાતનથી જ સિદ્ધિ પ્રાપ્ત કરી શકે. કોઈપણ વ્યક્તિ પ્રત્યેક અવસ્થા, ધર્મ અને કાળમાં (જ)
સામાન્ય એ સામાન્યથી અને
વિશિષ્ટ એ વિશિષ્ટ સાધનાથી લાભ ઉઠાવી શકે છે.
વ્રજની ગોપીઓ અને વનવાસી ઋષિ અને મહર્ષિઓ
એકસરખા દિવ્ય સ્થાનને પ્રાપ્ત કરી શકે છે.
સ્વધર્મ એ જ મહાન ધર્મ છે.

(૧૨) આધ્યાત્મિક દૃષ્ટિકોણથી પરમ પુરુષાર્થ - ચરમ પુરુષાર્થને જ 'સાધના' કહેવામાં આવે છે.

(૧૩) સાધન, ભોજન અને ઔષધ - સૌને માટે એક જ ભાતનું લાગુ પડી શકતું નથી. યોગ્ય ચિકિત્સક પ્રકૃતિ મુજબ વિભિન્ન સાધન, ભોજન અને ઔષધ બતાવે છે.

(૧૪) સાધનામાં પ્રતિબંધક ચાર વસ્તુ એટલે કુતર્ક, વિષયાસક્તિ, દેહાત્મ બુદ્ધિ અને મંદતા.

(a) કુતર્કની ઉત્પત્તિ અવિશ્વાસથી થાય છે.
તેનું ઔષધ શાસ્ત્ર અને ગુરુવાક્ય પર દૃઢ વિશ્વાસ છે.
અવિશ્વાસુને ઉપદેશ આપવાથી તો કોઈ જ ફળ નથી.
(b) વિષયાસક્તિનું ઔષધ = સત્સંગતિ + યોગશાસ્ત્રો.
(c) દેહાત્મબુદ્ધિથી ભોગાસક્તિ પેદા થાય છે.
દેહમાં આત્મબુદ્ધિ હોય, તો ઉપદેશ કાર્યકર થતો નથી.
તેનું ઔષધ દેહની નશ્વરતાદિનું ભાન અને ભાવના છે.
(d) ધ્યાન તથા ગુરુસેવાથી બુદ્ધિની જડતા દૂર થઈ શકે.
જેઓ અવિશ્વાસુ નથી, વિષયાસક્ત અથવા દેહાત્મબુદ્ધિ
પણ નથી છતાં પૂર્વકર્મ ફલોદયથી બુદ્ધિમાં જડતા હોય છે,
જેને સેંકડો વાર સમજાવવા છતાં સમજમાં આવતું નથી,
તેને માટે ઉપરનો ઉપાય - ધ્યાન તથા ગુરુસેવા છે.
(૬૫) કુઠાર દ્વારા લાકડું ચીરી શકાય,
કમળ ન ભેદાવી શકાય, ત્યાં છરી જ જોઈએ. તલવાર
દ્વારા મનુષ્ય કે કુષ્માંડ કાપી શકાય પણ નરણી નહિ.
અસાધારણ કારણને 'કરણ' કહેવાય.
પાક માટે અગ્નિ - જળ - ચાવલ - પાત્રથી પણ થાય
અને તે વિના દૂધ - આટો અને તવાથી પણ થાય,
જ્યારે બંનેમાં અગ્નિ વિના તો ન જ ચાલે.

રોગ મુજબ ઔષધ હોય - ભૂખ મુજબ ભોજન હોય
અને કામના અથવા ઇચ્છા મુજબ સાધન હોય.
વર્ષાની વૃષ્ટિ અથવા તો સ્વર્ગ પ્રાપ્ત કરવા માટે યજ્ઞ,
વૈકુંઠલોક માટે નિષ્કામ કર્મ યા અહૈતુકી ભક્તિ અને
મોક્ષ માટે યોગ અથવા જ્ઞાન.
કોઈને યોગ તો કોઈને જ્ઞાન - વિચાર અનુકૂળ આવે છે.
બધી ઇચ્છાઓની નિવૃત્તિ તે મોક્ષ છે.
તેને માટે વિષયની ઇચ્છા પ્રતિબંધક છે.
ગામ જવા માટે ચાલવું એ સાધન છે, અર્થ માટે વ્યાપાર,
ભોગ માટે દાન - પૂજન - દમ - દયા, તેમ
મોક્ષ માટે સર્વ ત્યાગરૂપ ઉપરતિ એકમાત્ર સાધન છે.
રજ્જુમાં સર્પનો ભ્રમ દૂર કરવા માટે પ્રાણાયામ અથવા
મંત્રજાપ સાધન નહિ પણ સ્વરૂપનું જ્ઞાન સાધન છે.
પ્રકાશાદિ રજ્જુજ્ઞાન થતાં જ સર્પભ્રમ ભાંગી જાય છે,
તેમ જ્ઞાન દ્વારા અધિષ્ઠાનનો બોધ થતાંની સાથે જ
વિશ્વપ્રપંચની નિવૃત્તિ થઈ મોક્ષની પ્રાપ્તિ થાય છે.
મિથ્યાપદાર્થ પ્રત્યે જ્ઞાની મુમુક્ષુની કદી પ્રવૃત્તિ થતી નથી.
મિથ્યાનો દૃઢ નિશ્ચય થવાથી સાધકની પ્રવૃત્તિ તેમાં ક્ષીણ
થાય છે, જેથી જન્મ અને દુઃખની નિવૃત્તિ થઈ જાય છે.

આ રીતે અનાદિ દુઃખની આત્યન્તિક નિવૃત્તિ અને
પરમાનંદની પ્રાપ્તિ સિદ્ધ થાય છે.

(૨૬) મોક્ષપ્રાપ્તિ મંત્ર - તંત્ર - યંત્ર દ્વારા નહિ, વૈરાગ્ય દ્વારા થાય છે. મન્ત્રાદિ માત્ર તેમાં સહાય કરનાર છે. વૈરાગ્ય જ તેનું મુખ્ય સાધન છે. વૈરાગ્યની પ્રાપ્તિ માટે આશ્રમધર્મોનું પાલન કરવું છે. તે દ્વારા મન શુદ્ધ થાય છે અને અર્થ - કામ ઉપર વિતૃષ્ણા પેદા થાય છે. ધર્મથી અર્થ - કામ સુલભ છે, અર્થથી ધર્મ કે કામથી ધર્મ સુલભ નથી. અર્થ તૃષ્ણા તથા કામ વિષયી બનાવે છે.

<u>મહાભારત</u>: ઊર્ધ્વબાહુર્વિરૌમ્યેષ ન ચ કશ્ચિચ્છૃણોતિ મે।
ધર્માદર્થશ્ચ કામશ્ચ સ કિમર્થં ન સેવ્યતે ॥ (પરિશિષ્ટ-૧૩)

'ધર્મનું ફળ પણ અનિત્ય છે' એ વિચાર જાગતાં જ મુમુક્ષુતા પ્રગટે છે અને પછી જ્ઞાન - ભક્તિ કે યોગાદિ કોઈ એક સાધન દ્વારા મોક્ષને માટે પ્રયાસ કરે છે.

(૨૭) <u>પ્રશ્ન</u>: વર્ણાશ્રમ ધર્મોનું પાલન વૈરાગ્યનું નિમિત્ત કેવી રીતે બને છે? <u>ઉત્તર</u>: નિત્યને નૈમિત્તિક કર્મોનું નિષ્કામ ભાવે સેવન કરવું પડે છે.

ગાયત્રી મંત્રની યથાશક્તિ સાધના કરવા માટે
અહીં માળા જપવાથી શરીર શુદ્ધ થઈ જાય છે.

અસાવધાનતાથી થયેલું રાત્રિનું પાપ પ્રાતઃ સન્ધ્યા કરવા, દિવસે અસાવધાનતાથી થયેલું પાપ સાયં સન્ધ્યા કરવા, જાણી - જોઈને થયેલું પાપ પ્રાયશ્ચિત્ત કરવા દૂર થાય અને ગુરુને દ્રવ્યદાન વગેરે વડે પાપની શુદ્ધિ થાય. પાપ દૂર થવાથી મન પ્રસન્ન - શરીર નિરોગી થાય છે. આ અવસ્થા પ્રાપ્ત થવાથી વિષયભોગથી વૈરાગ્ય અને સદ્ગુરુ મેળવવાની - ગુરુપ્રાપ્તિની ઈચ્છા જાગે છે. સંતોની સંગતિ સુકૃતના ફળોનો પરિપાક થવાથી થાય છે. ગુરુથી વિધિનિષેધનું જ્ઞાન - સદાચારની સમજણ થાય. સદાચારમાં પ્રવૃત્તિ થવાથી અશેષ દુષ્કૃત નિવૃત્તિ થાય અને અંતઃકરણ અત્યંત નિર્મળ થઈ જવાથી સદ્ગુરુના કૃપાકટાક્ષ માટે મન વ્યાકુળ થાય, જે પ્રાપ્ત થવાથી સર્વ પ્રકારની સિદ્ધિ અને શ્રેયોમાર્ગના વિઘ્નોનો નાશ થાય.

જેમ જન્માન્ધને રૂપનું જ્ઞાન ન થાય, તેમ સદ્ગુરુના ઉપદેશ વિના ભગવાનની પ્રાપ્તિ થતી નથી. સદ્ગુરુના કૃપાકટાક્ષના લેશમાત્રથી ભગવજ્ઞાન ઉત્પન્ન થઈ જાય છે. ગુરુ કરવાનું અતિ મૂળ પ્રયોજન છે. ગુરુપ્રાપ્તિને શાસ્ત્રમાં એક સિદ્ધિ કહી છે. ગુરુ મળતાં જ સમજવું કે ભવસાગર પાર કરવાની નૌકા મળી ગઈ.

પ્રતિદિન ત્રણ સન્ધ્યાએ ગાયત્રી મંત્રના 3000 જાપ
કરવા વડે ભગવત્કૃપાથી સદ્ગુરુની પ્રાપ્તિ શીઘ્ર થાય છે.
ગુરુ પ્રાપ્ત થયે પોતાને તેમના ચરણોમાં સમર્પણ કરી,
જે આજ્ઞા દે છે, તે પ્રમાણે જ ચાલવું જોઈએ. ગુરુ
નિષ્કામ, નિઃસ્પૃહ અને અહૈતુકી કૃપા કરવાવાળા જોઈએ.
સિદ્ધચક્રના યન્ત્રની મધ્યમાં ચિત્ત લગાવીને ધ્યાન
કરવાથી શુદ્ધ ચિત્તમાં ગુરુદેવની મૂર્તિ દેખાઈ આવશે.
ત્યાર બાદ સંશયરહિત થઈ તેને જ ગુરુ તરીકે માની
તેમની આજ્ઞાનુસાર ચાલવું જોઈએ. દશ - વીસ પુસ્તક
એકત્ર કરી પોતાના મનથી જ સાધનાની એક ખીચડી
કરી થોડાં સ્તોત્રો અને મન્ત્રોનો યા કોઈપણ દેવતા
કે દેવનો મન્ત્ર જાપ, ધ્યાન કે યોગ કરવાથી કોઈ સિદ્ધિ
થતી નથી. પોતાના વિચાર ઉપર વિશ્વાસ નહિ હોવાથી
કોઈપણ સાધન ફલપ્રદ બની ન શકે. વિશ્વાસથી જ
સર્વ મંત્ર ફલ આપે છે. સિદ્ધગુરુપાસેથી મંત્ર ગ્રહણ કરાય,
તો પુરશ્ચરણની પણ જરૂર નથી. મંત્રની સાથે જ
ગુરુની શક્તિ શિષ્યના શરીરમાં પ્રવેશ કરી જાય છે.

સિદ્ધગુરુ ન મળે, ત્યારે મંત્રોને તન્ત્રોક્ત
વિધાન દ્વારા શોધન કરી પુરશ્ચરણ કરવું પડે છે.

કુલ ૩।। ક્રોડ મંત્રોની રચના છે.
સિદ્ધચક્ર વિના એ મંત્રો ફળતાં નહિ,
માટે આ મનુષ્યજન્મમાં ગુરુને અવશ્ય શોધવા જોઈએ.
એમની પાસેથી મંત્ર ગ્રહણ કરવાથી સર્વ વિઘ્નો દૂર થઈ જાય છે. શરીર રોગી હોય, તો પહેલાં તેને યોગ આ મંત્રજપ દ્વારા શુદ્ધિ કરવું પડે છે. ગાયત્રી આદિનું પુરશ્ચરણ કર્યા વિના જેઓ મંત્રસાધના કરવા જાય, તેમના શરીરમાં અનેક પ્રકારની વ્યાધિઓ ઉત્પન્ન થઈને વિઘ્ન કરે છે. વ્યાધિ થવાથી સાધના થઈ શકતી નહિ, તેથી વ્યાધિનાશ માટે ય પ્રણવાદિનો જપ કરવો જોઈએ.

(૯૮) ધ્યાન, અધ્યયન, દાન, સત્ય, હ્રી, સરલતા, ક્ષમા, શૌચ, આચાર, ચિત્તશુદ્ધિ, ઈન્દ્રિયજય - આ બધા જ સાધનોથી તેજની વૃદ્ધિ અને પાપનો નાશ થાય છે.
વસ્તુની પ્રાપ્તિ - અપ્રાપ્તિમાં એકરસ રહેવાથી પાપ મટે છે.
લઘુ આહાર દ્વારા કામ - ક્રોધનો જય કરી વૃદ્ધપણને માટે પ્રયાસ કરવો જોઈએ. મન અને ઈંદ્રિયોને એકાગ્ર કરી રાત્રિના પ્રથમ અને ચરમ પ્રહરમાં મનને આત્મામાં સ્થિર કરવું જોઈએ. પાંચમાંથી એક પણ ઈંદ્રિય છિદ્ર-યુક્ત હોય, તો ગળણીથી જળની જેમ તે દ્વારા પ્રજ્ઞા બહાર નીકળી જાય છે.

મત્સ્યબગલા જે રીતે મુખ્ય મત્સ્યને પહેલાં પકડીને
અન્ય મત્સ્યોને પછી પકડે છે, તેમ જ
સાધકે મનરૂપી મુખ્ય મત્સ્યનો પહેલાં નિગ્રહ કરી પછી
બાકી ઇંદ્રિયોનો પણ નિગ્રહ કરવો જોઇએ.

## મનુષ્યનું સામાન્ય સાધ્ય

સાધ્ય હંમેશા એટલું ઊંચું હોય છે કે જ્યાં સાધકનો
હાથ પહોંચે નહિ અને પહોંચવાની ઇચ્છા મટે નહિ.
મનુષ્યનું જીવન અનિત્ય, દુ:ખમય અને લૌકિક છે.
મનુષ્યમાત્રને તેમાંથી છૂટી નિત્ય, સુખમય અને
અલૌકિક અવસ્થાની સદા ય ઝંખના રહે છે. નિત્ય
સુખમય-દિવ્યજીવન પ્રાપ્ત કરવા, એ મનુષ્યનું સાધ્ય છે.
મનુષ્ય એનો સાધક છે અને એની ઇચ્છા કરવાવાળું
મન એ ઇચ્છાનું મુખ્ય સાધન છે.
મન એક સાધન છે અને ઇચ્છા એ મનની ગતિ છે.
સાધન મન, સાધ્ય મનની ઉપરની સ્થિતિ.
સાધ્યમાં સાધનને લગાડી દેવું એટલે મન ત્યાં જ લાગશે.
જેની ઇચ્છા જાગે, જેની ઇચ્છા મન કરે છે અને
તેને તે પ્રાપ્ત કરી લે છે. કેવા રીતે મનને લગાવવું,
તન્મય કરીને મનને તેના જ સંકલ્પમાં અને તેના જ

કર્મોમાં પ્રવૃત્ત કરીને, મનને તેની સાથે જ જોડાવીને,
તેને જ સાધ્ય માનીને, સાધન સહિત તેના રસ્તે ચાલીને
મનની ઉપર મનુષ્યનું જે મહાન
અમાનવ, અલૌકિક, અમૃત આનન્દમય સાધ્ય છે,
જે સાધકના પહેલાં જ ત્યાં સ્થિત છે અને
જેનાથી જ સાધન રૂપી મન મનુષ્યને મળેલું છે,
તેની જ આ વાણી છે.

મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।
મામેવૈષ્યસિ, યુક્ત્વૈવમાત્માનં મત્પરાયણઃ ॥૧॥

અનુકૃતિ: મારામાં ચિત્તાકાર થનાર, મારું જ ધ્યાન કરનાર,
મને જ નમસ્કાર કરનાર મારી ભક્ત
યુક્ત થઈને મને જ પ્રાપ્ત કરશે.

મંગલ (સુખ), ઉત્તમ (સૌંદર્ય), શ્રદ્ધા (પ્રેમ).
સુખ, સૌંદર્ય અને પ્રેમની અનુભૂતિ જ્યાં સુધી
સંસારમાં રહે, ત્યાં સુધી તેનું ચિન્તન મટે - છૂટે નહિ.
સંસારમાં સુખ - સૌંદર્ય - પ્રેમ સ્વયમ્ નથી, પરન્તુ
કેવલ તેનો - કલ્પનાનો જ વિલાસ છે.
ચિત્તનું સંસારથી વિરાગ થવું અને
મુક્તિથી અનુરાગયુક્ત થવું, એજ ચિત્તની શુદ્ધિ છે.

જૈનધર્મની વિશેષતાઓ : લેખક : Bondman

(૧) જૈનધર્મ દરેક વસ્તુને બે બાજુથી જુએ છે:
દ્રવ્યાર્થ અને પર્યાયાર્થ. પહેલી રીતમાં સૃષ્ટિ શરૂઆત
અને છેડા વિનાની છે, બીજી રીતમાં જૈનધર્મ જુએ
છે કે: ઉત્પત્તિ અને પ્રલય પ્રત્યેક પળે થતાં રહે છે.

(૨) જૈનધર્મ બે ભાગમાં વહેંચાયેલો છે:
શ્રુતધર્મ અને ચારિત્રધર્મ.
પ્રથમ શ્રુતધર્મ - જેમાં philosophy આવે છે અને
બીજો ચારિત્રધર્મ - જેમાં Ethics - નીતિ આવે છે.

(3) શ્રુતધર્મમાં નવતત્ત્વો, ષટ્દ્રવ્ય, ચાર ગતિ આવે છે.
જીવ તે છે, જે જાણે - વિચારે - લાગણી બતાવે છે.
જ્ઞાન, લાગણી, વિચાર કે ઇચ્છા - કોઈ અન્ય વસ્તુ
ઉપર આધાર રાખે છે અને તે અન્ય વસ્તુ તે
something real છે, એમ કહે છે.

(૪) જૈનધર્મ કહે છે: એક રીતે આત્મા જ્ઞાનથી જુદો છે
અને બીજી રીતે આત્મા પોતે જ જ્ઞાન છે.

(૫) પુનર્જન્મને આધુનિક શોધો જણાતા
વિકાસ અને પતન - એમ બન્નેને આધીન છે અને
subject to evolution and involution.

(૬) આત્મા પછી અનાત્મા આવે છે, જે ફક્ત પદાર્થ (matter) નહિ પણ કાંઈ વધારે છે. અનાત્મામાં જે કાંઈ આત્મા નહિ (nonsoul), તે સમાઈ જાય છે.

## નિમિત્તભેદથી છ પ્રકારના આર્યોનું સ્વરૂપ

છ પ્રકારના આર્યો: ક્ષેત્ર, જાતિ, કુળ, કર્મ, શિલ્પ, ભાષા.

## આર્યના ૩ ભેદ

(૧) ઋદ્ધિસંપન્ન = શલાકાપુરુષો તથા જંઘાવિદ્યાચારણો.

(૨) અનૃદ્ધિસંપન્ન = ૯ પ્રકારે જેમાં ૬ ઉપર છે તે અને જ્ઞાન, દર્શન, ચારિત્રઆર્ય -

દર્શનઆર્ય - વીતરાગ તથા સરાગ.

## સરાગના ૧૦ ભેદ

નિસર્ગ - ઉપદેશ - આજ્ઞા - સૂત્ર - બીજ - અધિગમ - વિસ્તાર - સંક્ષેપ - ધર્મ તથા ક્રિયારુચિ.

(૧) ક્રિયા પ્રાયોગિકી બે પ્રકારે : દ્રવ્ય તથા ભાવ.

દ્રવ્યક્રિયા: પુદ્ગલોનું પુદ્ગલો સાથે સ્વયં મળવું અથવા પુદ્ગલો સાથે પરપ્રયોગથી મળવું, તે દ્રવ્યક્રિયા.

ભાવક્રિયા : મનોવર્ગણા - વચનવર્ગણા સાથે આત્માનો શુદ્ધોપયોગ અને કાયાથી શુભગમન આદિ ક્રિયા તે.

(૨) ઉપાયક્રિયા : જે ઉપાય દ્વારા કરાય, તેવી ક્રિયા.

(3) કષાયક્રિયા - જેનાથી જે થવું હોય, તે થાય.
જે રીતે ઘટ માટીથી, તેમ ધર્મ પણ ધર્મના સ્વભાવ:
વૈરાગ્ય, દાનાદિથી થાય પણ પાપસ્થાનાદિથી ન થાય.
(૪) સમુદાનક્રિયા : અહીં યોગ દ્વારા થતો કર્મબંધ,
જે ૧૦ ગુણસ્થાનકો સુધી થાય છે.
(૫) ઈર્યાપથિકીક્રિયા : ૧૧ - ૧૨ - ૧૩ ગુણસ્થાનકો સુધી.
(૬) સમ્યક્ત્વક્રિયા : સમ્યગ્દૃષ્ટિ જીવોની ધર્મકૃત્યોમાં
ભાવનારૂપ ક્રિયા, તે સમ્યક્ત્વક્રિયારૂપે ઓળખાય છે.

(૩) વાસ્તવ આર્યના લક્ષણો

(1) સર્વ ભેદધર્મોથી દૂર. (2) રત્નત્રયમાં કટિબદ્ધ.
(3) પરોપકારમાં પરિપુષ્ટ વિચારયુક્ત.
(4) ઈંદ્રિયજન્ય સુખને દુ:ખ માનનાર.
(5) પુદ્ગલભાવને પરવસ્તુ માનનાર.
(6) વિષયોના ભોગને રોગ માનનાર.
(7) અલંકારો એવં આભરણને ભાર માનનાર.
(8) નૃત્ય અને ગીતને વિટંબના - કાયક્લેશ માનનાર.
(9) વિવેક - વિનય - દયા - શાંતિ વગેરે
સર્વ ગુણોવાળા આત્માને શુદ્ધ - બુદ્ધ નિ
ત્ય, નિરંજન વગેરે વિશેષણોથી જે વિશિષ્ટ માને તે.

ॐ કઈ ભાષાના આધ્યાત્મિક સંતો પ્રખ્યાત ? ॐ

ગુજરાતી સંતો = મીરાંબાઈ તથા નરસિંહ મહેતા.

હિન્દી સંતો = તુલસીદાસ તથા સૂરદાસ.

મરાઠી સંતો = નામદેવ તથા તુકારામ.

બંગાળી સંતો = ચંડીદાસ તથા વિદ્યાપતિ પ્રખ્યાત છે.

स्मृतिमूलं हि मोक्षानुष्ठानम् | - पंचाशकं

સહ્રતિ: (મારા ભગવાને કહ્યું છે એવા)
સ્મૃતિપૂર્વકનું અનુષ્ઠાન એ મોક્ષ અનુષ્ઠાન બને છે.

काले दत्तं महोपकारकारि दानं स्यात् | સહ્રતિ:
અવસરે આપેલું દાન મહાન ઉપકાર કરનારું થાય.

०

सम्यग् हि प्रतिपत्त्यानुपूर्व्यैर्ज्ञानदर्शनचारित्रपर्यायैर्निरुपम सुखहेतुभिरद्धिः कृत - चिन्तामणि - कल्पद्रुमैरुपमीयते |
- प्रथमं पंचाशकम्

o अभेदवाक्यानि निरतिशयानन्दे ब्रह्मणि पराणुरक्तिसम्पादनायाभेदोपासना पराणि इति अभेदभावना इतितद्वाक्यानितिवाक्यस्यार्थः |

o अभेदभावना - अभेदोपासना | विजातीय प्रत्ययानन्तरितः समानाकारप्रत्ययप्रवाहश्चेतसो निदिध्यासनापरपर्यायाभिध उपासना | (परिशिष्ट-१४)

## જાતિસ્વભાવ ગુણ એટલે શું ?

સિદ્ધસ્ય હિ સ્વભાવો યઃ સૈવ સાધકયોગ્યતા ।

અર્થ: સિદ્ધિનો જે સ્વભાવ, તે જ સાધકની યોગ્યતા.
સિદ્ધનો સ્વભાવ, તે જાતિસ્વભાવ ગુણ ઇત્યાદિ અને
સિદ્ધમાં જે ભાવ હોય, તે જાતિસ્વભાવ ગુણ ઇત્યાદિ.

## સિદ્ધ ભગવંતોનો સ્વભાવ કેવો ?

સિદ્ધ ભગવંતો બનનારી માટે સાધક તપસ્વી,
સિદ્ધ અરૂપી બનનારી માટે વિષયોને જીતનારી,
સિદ્ધ અતીન્દ્રિય બનનારી માટે ઇંદ્રિયોને વશ કરનારો,
સિદ્ધ નિરંજન બનનારી માટે કર્મને ખપાવનારો અને
સિદ્ધ જ્યોતિસ્વરૂપી બનનારી માટે ધ્યાનમાં ઊંડા સ્વભાવ.

## ભાવસાર ટબો

પ્રીતિ, ભક્તિ અને વચનરૂપ અશુભ સંક્લેશમય ક્રિયા
દ્વારા અશુભ સંક્લેશોને દૂર કરતો આરાધક થાય છે.
સિદ્ધયોગી તો રાગ - દ્વેષના અભાવરૂપ
ઉપશમભાવ જ કૃતાર્થ છે. સિદ્ધયોગીને અસંગ ક્રિયા છે,
તે લક્ષ્યરૂપ છે, પરન્તુ આલંબનરૂપ નહિ.
સિદ્ધમાં જાતિસ્વભાવ ગુણ હોવાથી સ્થિરતા છે, તે
માટે સર્વ પ્રકારે તેની સિદ્ધિ કરવી, એ ઉપદેશ છે.

आतन्वाना भारती भारतीनस्तुल्यावेशा संस्कृते
प्राकृते वा शुक्तिः सूक्तिर्युक्तिमुक्ताफलानां
भाषाभेदो नैव खेदोन्मुखः स्यात् ॥१॥ ભાવાર્થ:
જેમ જેમાં મુક્તાફળ હોય, તે છીપો વિવિધ પ્રકારની
હોય, તો પણ ખેદનું કારણ નથી, તેમ જે ઉક્તિઓમાં
યુક્તિ હોય, તે ઉક્તિ ગમે તે ભાષામાં હોય,
તો પણ ખેદનું કારણ બનતી નથી.

<u>પત્થર પણ દેવ</u>

न द्विषन्ति न याचन्ते परनिन्दां न कुर्वते ।
अनाहूता न चायान्ति तेनाऽश्मानोऽपि देवताः ॥१॥
<u>ભાવાર્થ</u>: કોઈને તે દ્વેષ નથી કરતાં, માંગણી નથી કરતાં,
પરનિંદા નથી કરતાં અને બોલાવ્યા વિના આવતાં નથી,
માટે પત્થર પણ દેવ બને છે.
આ ગુણો મનુષ્ય કેળવે, તો આદરને પાત્ર કોણ ન થાય?
<u>ચાર પ્રકારનું અશન : લડ્ડુ, ભોજન, ચોખા તથા તેલ.</u>
ભાવાર્થ અશન - ખાદિમ - સ્વાદિમ તથા પાન.

o

*It takes centuries to make a little history. It takes centuries of history to make a tradition.*

ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન ૧૮, શ્લોક - ૩૮માં કહ્યું છે કે:

ચઇત્તા ભારહંવાસં ચક્કવટ્ટી મહિડ્ઢિઓ ।
સંતી સંતિકરો લોએ પત્તો ગઇમણુત્તરં ॥૧॥ અર્થાત્:

ભરતક્ષેત્રમાં ચક્રવર્તીની મહાન ઋદ્ધિનો ત્યાગ કરીને લોકમાં શાંતિ કરનારા શાંતિનાથ ભગવાન મોક્ષમાં ગયા.

આ ગાથા મંગલ છે, વળી ચંદપણ્ણત્તી ઉપરાંત દશવૈકાલિક સૂત્રની પ્રથમ ગાથાઓ પણ મંગલ છે.

## પ્રભુ પાર્શ્વનાથ તથા કમઠના ૧૦ ભવો

| પાર્શ્વનાથ પ્રભુ | કમઠ તાપસ |
| --- | --- |
| (૧) મરુભૂતિ | (૧) કમઠ |
| (૨) હાથી | (૨) કુર્કુટ સર્પ |
| (૩) ૮મો દેવલોક | (૩) નારકી પાંચમી |
| (૪) કિરણવેગ | (૪) સર્પ |
| (૫) ૧૨મો દેવલોક | (૫) નારકી પાંચમી |
| (૬) વજ્રનાભ | (૬) કુરંગ ભિલ્લ |
| (૭) મધ્યમ ગ્રૈવેયક | (૭) નારકી સાતમી |
| (૮) સુવર્ણબાહુ ચક્રી | (૮) સિંહ |
| (૯) ૧૦મો દેવલોક | (૯) નારકી ચોથી |
| (૧૦) પાર્શ્વનાથ પ્રભુ | (૧૦) કમઠ તાપસ |

## એક પિતાની પુત્ર પ્રત્યે હિતશિક્ષા

(૧) ખવડાવીને રાજી થજે પણ ખાઈને નહિ. અન્નદાન
(૨) આપીને રાજી થજે પણ લઈને નહિ. સંપત્તિદાન
(૩) કામ કરીને રાજી થજે પણ કરાવીને નહિ. શ્રમદાન
(૪) જરૂરત ઘટાડી રાજી થજે પણ વધારીને નહિ. ભૂદાન

## સ્મૃતિ

સ્મૃતિનો સંચય વધી પડે, ત્યારે તેને ભૂલવાની શક્તિ પણ હોવી જોઈએ અને એના પ્રત્યાગમનની પ્રતીક્ષા કરવાની મજબૂત ધીરજ પણ હોવી જોઈએ, કારણકે મહત્ત્વની વસ્તુ તો છે સ્મૃતિ. જ્યારે તે આપણા લોહીમાં લોહી બનીને ભળી જાય, આપણા દૃષ્ટિક્ષેપ અને અંગભંગીના અંશ બની જાય, એનાં નામ અને આકારને આપણામાં ઓગાળી નાંખીને અભિન્ન બની રહે, ત્યારે અનિંદ્ય પહેલો અક્ષર આકાર ધારણ કરી શકે અને એક અક્ષર સાચો અક્ષર સમજાય.)

## ભગવાનની એ પ્રતિજ્ઞા છે કે:

પોતાના શરણાગતો કે નામસ્મરણ કરવાવાળાઓની સર્વ પાપહાનિ કરવી. ભાવી - કર્મ કે રોગને તેના અંત સમયે ભક્તિનું જ વિધાન છે.

ઈશ્વરમાં પરાપ્રીતિ રાખવી, તે ભક્તિ છે.
ઈશ્વરમાં જેનું ચિત્ત લાગ્યું, તે અમૃતફળને પામે છે.
ઈશ્વરવિષયક જ્ઞાન નહીં, કિન્તુ પ્રીતિ તે ભક્તિ છે.
જ્ઞાન તો દૈત્યોને પણ હોય છે.
ભક્તિનું બીજું નામ રસ અથવા અનુરાગ છે.
જ્ઞાન-કર્મયોગાદિ સઘળાં યોગોમાં ભક્તિ અપેક્ષિત છે.
અતિરિક્ત દેવોની ભક્તિ પરા નહિ, કારણકે
એના સરખી બીજી ભક્તિઓ છે નહીં, આ અનન્ય છે.
ભક્તિ 'રાગ' છે, માટે દુઃખસ્વરૂપ આગાર ત્યાજ્ય છે,
તેમ નહિ. ઉત્તમના સંગની જેમ તેનો આશ્રય ઉત્તમ છે.
સંગ ત્યાજ્ય છે પણ સત્પુરુષોનો સંગ અસંગ થવાનું
ભેષજ છે. ભક્તને યોગીઓથી પણ અધિક કહ્યો છે.
ભક્તિમાં કર્મ નહિ, કર્મિત ફળ તો ક્રિયામાં રહેલ છે.
ભક્તિ એ ક્રિયા નહિ પણ અર્પણ છે.
ભક્તિ જ્ઞાનથી ય અધિક છે. તેમાં જ્ઞાનનો વિલય છે
-વિશિષ્ટ લય છે. શ્રદ્ધા અને ભક્તિમાં પણ ભેદ છે.
શ્રદ્ધા સાધારણ છે, જ્યારે ભક્તિ અસાધારણ છે.
બન્નેને એક માનવાથી અનવસ્થા છે.
ભક્તિની પરિશુદ્ધિ પ્રેમનાં ચિહ્નોથી જાણવી.

પ્રેમના ચિહ્નો છે: સન્માન, બહુમાન, પ્રીતિ, વિરહ, ઇતરાનપેક્ષા, અવિચિકિત્સા, મહિમાનું કથન, સ્વપ્રાણાર્પણ, તદીયતા, અપ્રાતિકૂલ્ય, આનુકૂલ્ય - સર્વને તે ભાવથી જોવું.

દ્વેષાદિકમાં તે સર્વ ચિહ્નો અસંભવિત છે.

ઈશ્વરની વિભૂતિ અને કર - પાદ - મુખ - ઉદર આદિ સઘળો આકાર કાંચની પુતળીની પેઠે આનંદમય છે.

ગૌણ ભક્તિનું નામ ભજન - સેવન છે.

પરાભક્તિમાં એ હેતુ છે. કીર્તનની જેમ નમસ્કારાદિનું ફળ પણ પરાભક્તિ - કેવળ અનુરાગ જ છે. ગૌણી ભક્તિથી પવિત્રતા - મનશુદ્ધિ થાય છે, તેથી તેને પવિત્ર કહી છે. અંગપ્રત્યંગોની બહાર ઘરનાં અંગોની જેમ જ યથાકાળ સંભવ છે. ધ્યાનનો એ નિયમ છે કે: જેનું દર્શન નેત્રને પસંદ પડે, તેનું ભાવથી ચિન્તન કરવું. સ્નાન - અર્ચનાદિ પરાભક્તિઓનું કારણ છે અને મુખ્યરૂપ છે, તેથી સઘળી ક્રિયાઓમાં શ્રેયસ્કર છે. ભક્ત્યાધિકાર થોડો ભલે હોય, પરન્તુ તેનાથી મોટાં પાપોનો નાશ થાય છે. ભગવદ્ભક્તિથી ઉત્તમ - લોક જ્યારે તેમ થાય છે. પરાભક્તિમાં પાત્રતા નથી, તે જ ભગવલ્લોકવાસી બને છે. કેવળ કર્મમાત્રથી ગતિ તો ક્રિયા અથવા ભાવની છે.

સાચા ભક્તોને એક સાથે સઘળાં કર્મોનું
ઉલ્લંઘન કરીને સિદ્ધિ મળે છે.
ઉપાધિના સંજોગોના મટવાથી નાનાત્વનું અસ્તિત્વ થઈ જાય છે.
જેમ ભક્તિથી ભૃંગ-કીટ ન્યાયે તદ્રુપ બુદ્ધિ થઈ જાય છે.
અંતે તે બુદ્ધિનો પણ લય થઈ જતાં
વાસનાઓનો આત્યંતિક મોક્ષ થઈ પરમાનંદ થાય છે.
સંસારનું કારણ અજ્ઞાન નહિ પણ આસક્તિ છે.
ઈશ્વરને જાણવાનાં 3 નેત્ર: શબ્દ, લિંગ, અક્ષ - પ્રત્યક્ષ.
સઘળું ઈશ્વર સ્વરૂપ જ છે. ભજનીય ભગવાનથી તે
જુદું નથી. માયા પણ ભગવાનની શક્તિનું જ નામ છે.
- શાંડિલ્ય સૂત્ર, ભક્તિયોગ, સૂત્ર ૧૦૦

શ્રદ્ધાનું બળ

ફેફસાં ઉપરથી હૃદયરોગ તમારા મન ઉપર ન પહોંચે,
તેની કાળજી રાખો. હૃદયથી જેટલાં દર્દી મર્યાં છે, તેથી
વિશેષ તો હૃદયની ચિંતાથી મર્યાં છે. શારીરિક રોગથી
નહિ, તેટલાં મનુષ્ય આશા અને શ્રદ્ધાના અભાવથી મર્યાં છે.

જ્ઞાનપ્રાપ્તિની ચાવી

'તમે આટલું બધું જ્ઞાન કઈ રીતે સંપાદન કર્યું ?'
એક વિદ્વાને આ પ્રશ્નનો ઉત્તર એમ આપ્યો કે:

'હું કેટલો અજ્ઞાન છું, એ વાતથી સતત જાગ્રત રહું છું, શરમ કે ભય રાખ્યા વિના વારંવાર પ્રશ્નો પૂછું છું.'

પ્રશ્નોની પણ એક કળા છે.

સાચી જિજ્ઞાસાવાળાને જ પ્રશ્નો જાગશે અને પ્રાપ્ત ઉત્તરો ઉપર વિચાર કરશે. પ્રશ્નો જગાડવા, તેના ઉત્તરો મેળવવા અને તેના ઉપર વારંવાર ચિન્તન કરવું, એ જ્ઞાનપ્રાપ્તિ માટે અતિ અગત્યનું છે. જ્ઞાનસંપાદનની ચાવી પ્રશ્ન છે. જેને જિજ્ઞાસા નથી, તેને પ્રશ્ન નથી. 'પોતે જ્ઞાની છે' એવો જેને ઘમંડ છે, તેને પ્રશ્ન નથી. વિના સંકોચે વારંવાર પ્રશ્નો પૂછવાની જેને ટેવ છે, તેને કશું ય ગુમાવવાનું નથી. એમ પ્રશ્ન ઉગાડવાની કળા છે, તેમ પ્રાપ્ત વિગતોને વાગોળવી પણ કળા છે. વિગતોના છૂટા ટુકડા નિરુપયોગી છે. વિગતો એકરસ થવી જોઈએ. પ્રશ્નની મથામણ જ્યારે શિખર પામે, ત્યારે એ સ્વયં પોતાનામાં વિચારણાનું સ્વરૂપ ધારણ કરે છે. આવા આંતરવિચારણામાં માત્ર સ્મૃતિની હકીકતો નથી. નવા વિચારમાર્ગો માટેની આંતર પ્રશ્નપરંપરા અહીં જાગે છે. પ્રશ્નોના સાચા ઉકેલ માટે પોતે પોતામાં જવું પડશે, ધીરજ વગર વિચારક થવાની તાકાત ક્યાંથી મેળવશે?

બાળની સામે જે પ્રશ્નો મૂકાય, તેના ઉપર પ્રથમ પોતે વિચાર કરી લેવો ઘટે. માત્ર પૂછવા ખાતર પૂછવાનો કાંઈ અર્થ નથી. જો પ્રશ્ન 'પોલાળો' નહિ હોય, તો પ્રત્યુત્તર 'પોલાળો' નહિ બને. જેટલાં ઊંડાણથી પ્રશ્ન પૂછાયો હશે, તેટલાં ઊંડાણથી પ્રત્યુત્તર પોતાનાં પહોંચશે. માત્ર વિવેક માટે, અન્યના જ્ઞાનનું માપ કાઢવા માટે, ક્ષુદ્ર કુતૂહલ વૃત્તિ કે અહંભાવ પોષવા પ્રશ્ન ન પૂછવો ઘટે. પ્રશ્ન જેટલો વધુ ચોક્કસ, પ્રત્યુત્તર તેટલો વધુ સૂક્ષ્મ. સરસ્વતીના રત્નભાંડાગારની એકની એક ચાવી પ્રશ્ન છે.

## માનવની માનવતા શેમાં પ્રગટે ?

માનવતા સાહિત્ય, કલા, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાનમાં પ્રગટે.

જેટલાં ઉચ્ચ તે, તેટલું ઉચ્ચ માનવીનું

વિચારમંથન અને વિચારવિનિમય. અંતઃપ્રેરણા તથા અતીન્દ્રિય દર્શન માટે આજે ઘણાં પ્રયોગો થઈ રહ્યાં છે, તેમાં વિજ્ઞાનનો એ જ હેતુ હોઈ શકે કે જડપ્રકૃતિ ઉપર માનવતાના વિજય દ્વારા વિચારપ્રવૃત્તિમાં પ્રવેશ. જેમ અણુનું, તેમ મનનું નિરીક્ષણ પણ વિજ્ઞાન છે. જેમ પ્રાકૃત શક્તિઓનું જ્ઞાન, તેનો ઉપયોગ અને તેના ગૂઢ રહસ્યોની સમજણ વિજ્ઞાન છે, તેમ

માનવીના ભાવની વિશાળતા, ઊંડાણ,
તેની અગાધ શક્તિઓનું માપ - એ પણ વિજ્ઞાન છે.
જ્યાં શ્રેષ્ઠ માનવતા, ત્યાં શ્રેષ્ઠ વિજ્ઞાન - તત્ત્વજ્ઞાન.
આજનું વિજ્ઞાન તો રાજકીય, આર્થિક અને સામાજિક
બંધનોથી જકડાયેલું છે. વિજ્ઞાન રાજસત્તાથી, રાજસત્તા
વ્યાપારી હિતોથી, વ્યાપારી હિતો અર્થસંગ્રહથી અને
અર્થસંગ્રહ સ્વાર્થવૃત્તિ અને વાસનાવૃત્તિથી દબાયેલ છે,
ત્યાં શુદ્ધ વિજ્ઞાન માનવતાને ઊંચે ક્યાંથી લાવે?
પહેલાં માનવીએ વિજ્ઞાનને પણ પાડ્યું છે.
વિજ્ઞાનને ઊંચે લાવવા માનવતાને ઊંચી લાવવી પડશે.
'માનવતા' એટલે જ્ઞાનનો પ્રકાશ અને પ્રેમની ઉષ્મા.
વિકસિત માનવતાથી અણુ અને વિશ્વ, પદાર્થ અને
શક્તિ, કાળ અને અવકાશના રહસ્યોને પાર કરવા સાથે
ભાવ અને વિચાર, મન અને આત્માના રહસ્યોના
પણ પારને પામશે. ભારતમાં એક કાળે સૂત્રલેખનનો
યુગ હતો, સેંકડો ગ્રન્થોનું સત્ત્વ એકસૂત્રમાં ગૂંથાતું હતું.
કલ્પસૂત્ર અને યોગસૂત્ર તેનાં દૃષ્ટાંત છે.
આ સૂત્રોના વાંચનની યોગ્યતા ક્યારે આવતી?
વ્યાકરણ તથા ન્યાયના વર્ષોના નીરસ અધ્યયન પછી જ.

એ કાળે લાભ માટે લોકો પ્રયત્નપૂર્વક મથતાં.
આજે વિના પ્રયત્ને સ્વયં રીતે સરળતાથી જો મળી જાય,
તો જ આજે લાભ જોઈએ છે.
આજનો યુગ સૂત્રોનો નહિ પણ સાર (digest)નો છે.
શબ્દોના સંક્ષેપની મર્યાદા વિચારીને
તેમજ પ્રાણ વિજ્ઞાન કે તત્ત્વજ્ઞાનનું સર્જન ન કરી
શકે. તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનના મહાશિખર ઉપર
ચઢવા આજે માનવીએ સખત પરિશ્રમ કરવો પડશે.

## Hypnotism and mesmerism

બસો વર્ષ પહેલાં Viennaના Dr. Mesmer એ
અનેક દર્દીઓને ઔષધિ જ રોગનિવારણ કરતાં જોયાં.
ડૉ. મેસ્મરે તે ઉપરથી suggestion and auto
-suggestionની ટેવ અને મન ઉપરની અસરોનો
ઊંડો અભ્યાસ કરી કેટલાક નિયમો નક્કી કર્યા અને
mesmerismનું વિજ્ઞાન રચ્યું. આશરે સો વર્ષ પૂર્વે
માન્ચેસ્ટરના Dr. James Braid એ નિદ્રા માટેના
ગ્રીક શબ્દ Hypnos ઉપરથી Hypnotism શબ્દની
રચના કરી. સંસ્કૃતમાં તેને વશીકરણવિદ્યા કે મૂર્છના-
શાસ્ત્ર ઇત્યાદિ. કોઈ વ્યક્તિ ઉપર hypnotism થાય,

ત્યારે તે જાગ્રત પણ નહિ અને નિદ્રિત પણ નહિ.
જેનું બાહ્ય મન (conscious mind) નિદ્રિત છે તથા
જેનું આંતર મન (sub-conscious) જાગ્રત છે.
વ્યક્તિની આવી અવસ્થાને મૂર્છના (Trance) કહે છે.
શંકાને (doubt) દૂર કરવા ઉપર તે ભાર મૂકે છે.
આંતરસામર્થ્યને ઉપયોગમાં લેવા શંકાને દૂર કરવાની
સાથે સમ્યક્ શ્રદ્ધાને પ્રગટાવવી જોઈશે.
શ્રદ્ધા એ એક એવું વાહન (medium) છે કે જે
ઘણા સૂક્ષ્મ વિચારની મહાશક્તિઓ પ્રગટ પામી શકે.
મહાપુરુષોના જીવન પ્રસંગોના જીવંત અનુભવ આ
સમ્યગ્ શ્રદ્ધા - આત્મશ્રદ્ધા તથા સ્વત્વની
શક્તિના જાગ્રત ભાનમાંથી જ પ્રગટ્યાં હતાં.
'આર્ય' એટલે સ્વાતંત્ર્યપ્રેમી. તેને કદી દાસત્વ ન હોય.
'ન ત્વેવ આર્યસ્ય દાસભાવ: ।'
દાસત્વ = ગુલામી મનોદશા. તે જેને હોય, તે આર્ય નહિ.
સ્વમાન એ માનવીય ગુણ છે,
સ્વમાનને પ્રાપ્ત કર્યા વિના ક્યારેય
માનવજીવનના શિખરની ચાવી પ્રાપ્ત થાય નહિ.
આર્યત્વ વગર મુક્તિ કેવી?

ડૉ. આઈનસ્ટાઈન પોતાની ધાર્મિક વૃત્તિ વિષે કહે છે કે:

'જે આપણને અગોચર છે, તેનું અસ્તિત્વ છે.
તેના તેજસ્વી સૌંદર્ય અને સર્વોત્તમ જ્ઞાનની માત્ર
ઝાંખી જ માનવીની પરિમિત ઇંદ્રિયો - અલ્પ બુદ્ધિને
પ્રાપ્ય છે. જેનામાં આ સમજણ છે તથા આ ભાન છે,
તેનામાં સાચી ધાર્મિકતા છે. આ અર્થમાં હું પણ દૃઢ
ધર્મપ્રિય માનવીઓમાંનો એક છું.
એ અગાધ અગોચર આપણો સર્વસુંદર અનુભવ થઈ
શકે, જે સાચી કલા - સાચા વિજ્ઞાનનું ઉગમસ્થાન છે.
આ લાગણી જેણે જીવનમાં ક્યારેય અનુભવી નથી
અને એ લાગણી વડે વિસ્મયથી જેનાં નેત્રો
ક્યારેય પુલકિત થયાં નથી, તે મૃત છે - નિર્જીવ છે.'

## જીવનનું અમૃત - ધ્યેય

દેહનો નાશ એ મૃત્યુ નથી, માનવતાનો વિધ્વંસ મૃત્યુ છે.
ધન - સત્તા - કીર્તિની અપ્રાપ્તિ એ નિષ્ફળતા નથી,
પરન્તુ માનવરત્ન ગુણોનો સંકોચ એ નિષ્ફળતા છે.
મુશ્કેલીનો સતત સામનો નહીં, પ્રયત્નનો અંત પરાજય છે.
મુશ્કેલીઓમાં મૃત્યુ વિના જીવનસત્ત્વ બહાર ન આવે.
અમૃત જેને પ્રકટાવવું છે, તેણે મંથનનું કષ્ટ સહવું પડશે.

गुह्यं ब्रह्म तदिदं वो ब्रवीमि
न मानुषात् श्रेष्ठतरं हि किंचित् ।

હું માનવી છું, પશુ નહિ.

ભલે આજે હું બાહ્યને છોડવા ન શકું, પરન્તુ જે કાંઈ બાહ્ય છે, તે મને યાને માનવત્વપ્રભુને નહિ છોડવા શકે. જે અસીમ - અનંત - અતાગ મારામાં ભર્યું પડ્યું છે, તેને ભલે હું આજે સમજી ન શકું, પરન્તુ હું જાણું છું કે મારી સીમા નથી, મારો અંત નથી, મારો તાગ નથી. હું સ્થૂલ નહિ - સૂક્ષ્મ છું. હું બાહ્ય નહિ - આંતર છું. સ્થૂલની પ્રાપ્તિ નહીં, સૂક્ષ્મનો વિકાસ મારું ધ્યેય છે.

પ્રકાશની શોધ મારું જીવન છે.

## માનવની સાર્થકતા

'માનવતા' એટલે આહાર, આરામ અને ભોગસાધનોનો વિસ્તાર નહિ. સ્થૂલ સાધનોની પ્રાપ્તિથી બાહ્ય જીવન વધારે સગવડભર્યું બને છે, કિન્તુ તેથી લોભ, ભય, સ્વાર્થ અથવા તો કપટ ઘટતાં નથી. સુધારેલા પશુ - દેવોમાં માનવતાનો વિકાસ નથી. માનવતાનો વિકાસ છે પોતે પોતાને ઓળંગી જવામાં.

પશુથી વિશિષ્ટ એવું માનવમાં કાંઈક છે.

માનવમાં જ્ઞાન અને આનંદપ્રાપ્તિની એક અદમ્ય જિજ્ઞાસા સુષુપ્તપણે રહેલી છે. પશુભાવોને વશ થઈ માનવીએ આ ભાવતૃષા વિસારી છે. ઝંકાર પ્રગટાવવા મથતી ચેતનાનો આંતરઆલાપ જે સાંભળે, તે શરીર-તૃપ્તિની જેમ માનસતૃપ્તિ માટે પણ અવશ્ય પ્રયત્ન કરશે. સાહિત્ય - સંગીત - કલા - ચિત્ર - શિલ્પના જુદા જુદા સ્વરૂપો દ્વારા વ્યક્ત થવા મથી રહેલું માનવનું મન પશુત્વથી ભિન્ન સ્વભાવને દર્શાવે છે. અવ્યક્તમાંથી વ્યક્ત થવા મથી રહેલાં આંતરઆલાપને જે સાંભળે છે- જે અનુસરે છે, તેણે પશુભાવથી મુક્તિ મેળવી છે, તેણે 'માનવ' નામને સાર્થક કર્યું છે.

<u>સાંખ્ય દર્શન - ઉત્તતત્ત્વાભ્યાસે રતઃ |</u>

સાંખ્યશાસ્ત્રનો વિષય છે પુરુષ - પ્રકૃતિનો વિવેક તથા પ્રયોજન છે આત્યંતિક દુઃખત્રયની નિવૃત્તિ.

તત્ત્વ (૨૫) છે. તેના જ્ઞાનથી મોક્ષ થાય છે, પછી તે ગમે તે આશ્રમવાળો હોય, જટી - મુંડી - શિખી કે મૌની!

(૧) <u>પુરુષ તત્ત્વ</u> : અમૂર્ત, ચેતન, પ્રકૃતિનો ભોક્તા, નિત્ય, વ્યાપક, અકર્તા, નિર્ગુણ, સૂક્ષ્મ, અકાર્ય કારણ, અચ્યુત, સાક્ષી - દ્રષ્ટા, ચૈતન્ય.

## (૨) પ્રકૃતિતત્ત્વ : બ્રહ્માંડનો કંદ.

મૂળ પ્રકૃતિ અવ્યક્ત, સૂક્ષ્મ, અતીન્દ્રિય, ત્રિગુણાત્મક. સામ્યાવસ્થા એ પ્રકૃતિ, ગુણોની વિષમાવસ્થા એ વિકૃતિ.

ગુણો પોતાના સ્વભાવના કાર્યથી ગમ્ય છે: સત્ત્વગુણ સુખસ્વભાવ, રજોગુણ દુઃખસ્વભાવ અને તમોગુણ એ મોહસ્વભાવ છે.

<u>સુખસ્વભાવનાં લક્ષણ</u> : આર્જવ, માર્દવ, સત્ય, શૌચ, લજ્જા, બુદ્ધિ, ક્ષમા, દયા તથા પ્રસન્નતા વગેરે.

<u>દુઃખસ્વભાવનાં લક્ષણ</u>: દ્વેષદ્રોહ, મત્સરનિંદા, વંચનબંધન, તાપ, શોષણ, ભેદ, ચાંચલ્ય, સ્તંભ, ઉદ્વેગ.

<u>મોહસ્વભાવનાં લક્ષણ</u> : દૈન્ય, ભય, અજ્ઞાન, આલસ્ય, મદ, અકર્મબુદ્ધિ, વિષાદ, ઉન્માદ, સ્વપ્ન અને નાસ્તિકતા ઇત્યાદિ મૂઢ કરનારાં સર્વ પ્રકારનાં કર્મ.

જગતના સઘળાં પદાર્થો પ્રકૃતિના કાર્ય છે, તેથી ત્રણે ગુણોથી વ્યાપ્ત છે. ગુણોને પરસ્પર અપકાર - ઉપકાર કરવાનો સ્વભાવ છે. પ્રકૃતિ અને તેના કાર્ય જડ છે, પરન્તુ ચૈતન્યની સત્તાથી સક્રિય થાય છે.

અંધ - પંગુ ન્યાયવત્ સૃષ્ટિ - પુરુષના સંયોગથી પ્રકૃતિ સક્રિય થતાં જ પ્રથમ બુદ્ધિ, પછી અહંકાર ઇત્યાદિ પછી અનુક્રમે સૃષ્ટિ ઉત્પન્ન થાય છે.

(૩) બુદ્ધિતત્ત્વ : પુરુષ - પ્રકૃતિના સંયોગાદિ પ્રધાન જે
બુદ્ધિતત્ત્વ ઉત્પન્ન થયું, એને 'મહત્' પણ કહે છે.
अयं घटः - अयं पटः । ઈત્યાકારક આલોચન તે બુદ્ધિ.
બુદ્ધિના ૮ સ્વરૂપમાં ધર્મ - જ્ઞાન - વૈરાગ્ય - ઐશ્વર્ય
એ ૪ સાત્ત્વિકરૂપ અને અધર્મ - અજ્ઞાન - અવૈરાગ્ય
તથા અનૈશ્વર્ય, એ ચાર તામસરૂપ બુદ્ધિ છે.
ધર્માદિ અભ્યુદય અને મોક્ષ થાય છે. દાનયાગાદિ સર્વ
અનુષ્ઠાન વડે થએલાં ધર્માદિ કેવળ મોક્ષ થાય છે.
જ્ઞાન = 'પ્રકૃતિના ગુણાદિ હું ભિન્ન છું' એવી સમજ.
વૈરાગ્ય = વિષયસુખની તૃષ્ણા તોડી મન વશ રાખવું.
ઐશ્વર્ય = વિવિધ પ્રકારની સિદ્ધિઓ.
(૪) અહંકારતત્ત્વ : બુદ્ધિતત્ત્વ વિકાર પામીને 'હું સુભગ -
દર્શનીય છું' ઈત્યાકારક અભિમાનરૂપ અહંકારતત્ત્વ થયું.
બુદ્ધિ જે જે વિષયોનું આલોચન કરે છે,
તે તે વિષયોનો અધિકારી અહંકાર થાય છે :
'હું શક્તિવાન છું. મારે માટે સર્વ વિષયો છે.'
(૫) ૧૬ તત્ત્વોનો સમૂહ : અહંકાર પામીને એમાંથી ૧૧
ઈંદ્રિયો + ૫ તન્માત્રાઓ મળી ૧૬ તત્ત્વોનો સમૂહ થયો.
વિષયોને જાણે તે જ્ઞાનેન્દ્રિય - કર્મ કરે તે કર્મેન્દ્રિય.

મન એ જ્ઞાનેન્દ્રિય સાથે જ્ઞાનેન્દ્રિય થાય છે અને
કર્મેન્દ્રિય સાથે કર્મેન્દ્રિય થાય છે. સંકલ્પ કરવો તે
મનનું સ્વરૂપ છે - શબ્દાદિ વિષયો એ તન્માત્રા છે.

(૬) <u>પંચમહાભૂત તત્ત્વ</u>: તન્માત્રાથી પાંચ મહાભૂત થયાં છે:

શબ્દથી આકાશ, સ્પર્શથી વાયુ, રૂપથી અગ્નિ,
રસથી જળ તથા ગંધથી પૃથ્વી તત્ત્વ બન્યું છે.

એ રીતે ૨૪ તત્ત્વરૂપ પ્રકૃતિનું જ આ વિશ્વ થયું છે.
જેમ કાચબાનાં અંગ કાચબામાંથી નીકળે અને પેસે છે,
તેમ મૂળ પ્રકૃતિમાંથી વિશ્વ થાય છે અને તેમાં લય છે.

જે તત્ત્વ જેમાંથી થયું, તેમાં શમી જાય છે.

છેવટે સર્વે તત્ત્વો પ્રકૃતિમાં શમી જાય છે.

પ્રકૃતિ ધ્રુવ છે, તે કોઈમાં શમી જતી નથી. પ્રકૃતિ તથા
પુરુષનું જોડું નિરંતર રહે છે. ૨૫ તત્ત્વો પ્રમેય છે. પ્રમેય
સિદ્ધિ પ્રમાણથી છે. 3 પ્રમાણ: પ્રત્યક્ષ, અનુમાન, શબ્દ.

<u>પ્રત્યક્ષ પ્રમાણ</u> = ઇંદ્રિયો વડે ઘટાદિ વિષયોનું જ્ઞાન.

<u>અનુમાન પ્રમાણ</u> = દંડ દ્વારા દંડીનું જ્ઞાન થાય તે.

<u>શબ્દ પ્રમાણ</u> = યથાર્થ વક્તાનું વાક્ય તે.

<u>મોક્ષ સરલ...</u>

<u>પ્રકૃતિ પુરુષના વિવેકજ્ઞાનથી પ્રકૃતિનો થતો વિયોગ.</u>

વસ્તુતઃ પુરુષ (આત્મા) તો શુદ્ધ ચૈતન્યરૂપ છે પણ
અજ્ઞાન વડે પુરુષતત્ત્વને જાણતો નથી, તેથી
એને પ્રકૃતિનું બંધન થાય છે, જે વિવેકજ્ઞાનથી તૂટે,
ત્યારે સુખ - દુઃખ - મોહસ્વભાવ ધરાવનારી
પ્રકૃતિના બંધનથી છૂટીને પુરુષ 'મુક્ત' થાય છે.

યોગશાસ્ત્રના આચાર્ય પતંજલિમુનિએ ૪ પાદ કહ્યાં છેઃ

પહેલાં પાદમાં ચિત્તવૃત્તિનિરોધ રૂપ સમાધિ કહી છે
અને અભ્યાસ - વૈરાગ્યાદિ તેનાં સાધન કહ્યાં છે.
બીજા પાદમાં વિક્ષિપ્ત ચિત્તવાળાને
સમાધિસિદ્ધ થવા માટે ૮ યોગાંગ કહ્યાં છે,
ત્રીજા પાદમાં યોગવિભૂતિ અને ચોથા પાદમાં મોક્ષ.

યોગશાસ્ત્રનું પ્રયોજન : એકાગ્ર ચિત્તે પ્રભુનું ધ્યાન.

ઈશ્વરની ભક્તિથી સમાધિ સિદ્ધ થાય છે. ક્લેશ, કર્મ,
કર્મફળ અને વાસનાથી રહિત પુરુષવિશેષ ઈશ્વર છે.
પ્રણવજપ અને ઈશ્વરને કરાતી નિરંતર ભક્તિથી
સમાધિનો લાભ અને વિઘ્નોનો નાશ થાય છે
સમાધિવાળાને પરમાણુથી આકાશ પર્યન્ત સર્વ વશ થાય છે.
તપ - સ્વાધ્યાય તથા ઈશ્વરપ્રણિધાન ક્રિયાયોગ છે.
એથી સમાધિમાં ચિત્ત લાગી ક્લેશ ઓછા થાય છે.

૫ ક્લેશ: અવિદ્યા, અહંકાર, રાગ, દ્વેષ તથા આગ્રહ.

અનાત્મમાં આત્મબુદ્ધિ એ અવિદ્યા.
તે અનિત્યને નિત્ય, અપવિત્રને પવિત્ર, દુઃખરૂપ
વિષયોને સુખરૂપ અને અનર્થને વિષે અર્થ માને છે.
પુરુષ અને અંતઃકરણની એકતા તે અહંકાર.
સુખમાં તૃષ્ણા તે રાગ.
પૂર્વાનુભૂત દુઃખના સ્મરણપૂર્વક વિરોધી વૃત્તિ, તે દ્વેષ.
શરીરાદિ વસ્તુની સ્થિરતામાં તૃષ્ણા રહે તે આગ્રહ.
ક્લેશજન્ય શુભાશુભ કર્મનું ફળ આ જન્મ અથવા તો
જન્માંતરમાં છે, પણ વિવેકીને તો સર્વ દુઃખ જ છે.
બુદ્ધિ અને પુરુષનો સંયોગ - તે સંસારનો હેતુ છે.
પુરુષ ચૈતન્ય માત્ર છે. બુદ્ધિરૂપી દર્પણમાં પ્રતિબિંબ
સંબંધ છે. વિવેકજ્ઞાનથી અજ્ઞાનનો નાશ, તે જ મુક્તિ.

વિવેકજ્ઞાનથી સમાધિ પર્યંત ૭ પ્રકાર ઉત્પન્ન થાય:

(૧) સર્વ પદાર્થ જાણ્યા. (૨) અવિદ્યાદિ ક્લેશ ગયા.
(૩) ત્યાગનો ઉપાય જાણ્યો. (૪) વિવેકજ્ઞાન થયું.
(૫) બુદ્ધિ કૃતાર્થ થઈને કારણમાં લય થઈ.
(૬) સમાધિ આધારે સ્વાધીન થઈ.
(૭) હું નિર્વિકાર સ્વરૂપ થયો.

## <u>અહિંસાદિ પાંચ નિયમ અને અન્ય વ્રતો</u>

યમ - નિયમ - આસનાદિ યોગાંગ સાધનથી
ક્લેશનો નાશ તથા જ્ઞાનનો પ્રકાશ થાય છે.
શરીરથી પ્રાણનો વિયોગ ન કરવો તે <u>અહિંસા</u>.
મન - વચનનું યથાર્થપણું તે <u>સત્ય</u>.
પરનું કાંઈ ન ચોરવું તે <u>અચૌર્ય</u>. ઉપસ્થ ઇંદ્રિયને સ્વ
સંયમમાં રાખવી તે <u>બ્રહ્મચર્ય</u>. ભોગના સાધનનો સ્વીકાર
ન કરવો તે <u>અપરિગ્રહ</u> વ્રત અથવા અસંગ્રહ વ્રત છે.
<u>બાહ્યશૌચ</u> એટલે જળ - મૃત્તિકા વડે શરીરના મળ ધોવા
અને <u>આંતરશૌચ</u> એટલે મૈત્ર્યાદિ ભાવો દ્વારા
રાગ - દ્વેષાદિક ચિત્તના મળ ધોવા તે.
પ્રસન્નતાની ભાવના તે <u>સંતોષ</u>, સ્વધર્મઆચરણકષ્ટ તે <u>તપ</u>,
પ્રણવ મંત્રાદિના ઉચ્ચારપૂર્વક શાસ્ત્ર અધ્યયન તે <u>જપ</u>,
ભક્તિથી સર્વ કર્મ ઈશ્વરાર્પણ કરવા તે <u>ઈશ્વરનિષ્ઠા</u>.
પદ્મ - સ્વસ્તિક - દંડાદિ આસનો તે <u>આસન</u>, શ્વાસ -
પ્રશ્વાસની ગતિનો નિરોધ તે <u>પ્રાણાયામ</u>, ૫ ઇંદ્રિયોથી
વિષયોને ખેંચી સ્વરૂપમાં સ્થિર કરવી તે <u>પ્રત્યાહાર</u>.
(ચિત્તની પાછળ ઇંદ્રિયો જાય છે, તેથી ચિત્ત વિષયોથી
પાછું લેતાં સર્વે ઇંદ્રિયો પાછી આવે છે, પછી ચિત્તને
સ્વરૂપમાં સ્થિર કરતાં કરતાં શરીરની સર્વે ઇંદ્રિયો

પોતાના સ્વસ્વરૂપમાં સ્થિર થાય છે. એ પ્રકારે પ્રત્યાહારનો અભ્યાસ કરતાં ૫ ઇંદ્રિયો વશ થાય છે અને પછી કોઈ જ બાહ્ય વિષયો ઉપર જતી નથી.)

નાભિચક્ર કે નાસાગ્ર પ્રદેશ ઉપર ચિત્તને સ્થિર કરવું તે <u>ધારણા</u>, જે સ્થળમાં ધારણા કરી હોય, ત્યાં નિરંતર ચિત્તને ઠરાવવું તે <u>ધ્યાન</u>, ધારણા - ધ્યાન સ્થિર થતાં ચિત્ત એકાગ્ર થાય, કોઈ પ્રકારે ડોલે નહિ તે <u>સમાધિ</u>, ધારણા - ધ્યાન - સમાધિ ત્રણે એકત્ર હોય તે <u>સંયમ</u>.

શબ્દના સંયમથી સર્વ પ્રાણીઓના શબ્દનું જ્ઞાન, સંસ્કારસંયમથી પૂર્વજન્મનું જ્ઞાન, શરીરના રૂપસંયમથી અંતર્ધાન થવું, નિરૂપાધિક સ્વરૂપમાં સ્થિતિ થવાથી મોક્ષ.

<u>ઈશ્વરમાં ચિત્તવૃત્તિ એકાગ્ર કરવાથી ૧૮ સિદ્ધિની પ્રાપ્તિ:</u>
અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિતા, વશિતા, દૂરદર્શન, દૂરશ્રવણ, મનોજવિત્વ, કામરૂપિત્વ, પરકાયપ્રવેશિત્વ, સિદ્ધદર્શન, સંકલ્પસિદ્ધિ, અપ્રતિહતત્વ, આજ્ઞાપાલનત્વ, ત્રિકાળજ્ઞત્વ ઈત્યાદિ.

<u>'રસ' કોને કહેવાય - તેના બે પ્રકારે વ્યાખ્યા</u>
પ્રીતિ, હાસ્ય, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય ઈત્યાદિ મનોવૃત્તિ જે ઉત્કટ અવસ્થામાં આવે, તેને 'રસ' કહે છે.

'રસ'ની સાચી વ્યાખ્યા કઈ? કેટલા રસ કયા?

વિભાવ, અનુભાવ અને વ્યભિચારીભાવ દ્વારા
વ્યંજિત સહૃદય ચિત્ત સ્થિત જે સ્થાયીભાવ, તે 'રસ'.
તે જ મનોવિકાર સ્થાયીભાવ છે, તેના નવ પ્રકાર છે:
શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ,
અદ્ભુત અને શાંત - એ નવ રસ છે અથવા
રતિ (પ્રીતિ), હાસ્ય, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય,
જુગુપ્સા (કંટાળો), વિસ્મય (આશ્ચર્ય), શમ (શાંતિ) -
ઉપરોક્ત પ્રત્યેકને એક એક સ્થાયી ભાવ છે.
એક દશમો રસ છે, તેને 'વાત્સલ્ય રસ' કહે છે.

વિભાવ વિષે વિવરણ

રસની ઉત્પત્તિ વિષે જે વિશિષ્ટ કારણો, તે વિભાવ.

વિભાવનાં બે પ્રકાર છે:

એક આલંબન વિભાવ - બીજો ઉદ્દીપન વિભાવ (રૂપ).
જેને અવલંબીને રસની ઉત્પત્તિ થાય, તે આલંબન.
જેમ કે શૃંગારરસમાં નાયક - નાયિકા, હાસ્યમાં વિદૂષકાદિ.
જેના યોગે રસનું ઉદ્દીપન થાય, તે ઉદ્દીપન વિભાવ.
જેમ કે શૃંગારમાં ચંદ્રનો ઉદય, ઉદ્યાન, કોકિલ શબ્દ,
સ્ત્રીવિલાસ ઇત્યાદિ અને હાસ્યમાં વિદૂષકની ચેષ્ટાદિ.

મનોગત ભાવને સૂચવનારી જે કટાક્ષ અને ભુજક્ષેપાદિ કાર્યરૂપ શરીરચેષ્ટા, તે અનુભાવ (કાર્ય). નિર્વેદ, ગ્લાનિ, શંકા, અસૂયા ઈત્યાદિ રસની ઉત્પત્તિના સહાયકારી તેંત્રીસ વ્યભિચારી યાને સંચારીભાવ છે.

## ૮ સાત્ત્વિક ભાવ

સ્તંભ, પ્રલય, રોમાંચ, સ્વેદ, વૈવર્ણ્ય, વેપથુ, અશ્રુ, વૈસ્વર્ય. સુખદુઃખાદિ ભાવે ભાવિત જે અંતઃકરણ, તે 'સત્ત્વ'. તેથી ઉત્પન્ન થતાં ભાવને 'સાત્ત્વિકભાવ' કહેવાય છે. તેનો અંતર્ભાવ મોટે ભાગે અનુભાવમાં જ થાય છે. વિભાવ - અનુભાવના યોગે વ્યક્ત થયેલાં નિર્વેદાદિક વ્યભિચારી ભાવ અને દેવ - ગુરુ - રાજા ઈત્યાદિ વિષયક રતિરૂપ જે સ્થાયી ભાવ, તેને 'ભાવ' કહેવાય.

અનુચિતપણે પ્રવૃત્ત જે રસ અને ભાવ - તેને અનુક્રમે 'રસાભાસ' અને 'ભાવાભાસ' કહે છે. જે નીચ - મ્લેચ્છાદિક કિંવા પશુ - પક્ષી આદિના શૃંગારનું વર્ણન કર્યું હોય, તો ત્યાં શૃંગાર રસાભાસ થાય છે અથવા ઉચિત નાયિકાદિ હોય તો રસની પુષ્ટિ થાય છે, તે અનુચિત હોય, તો અપુષ્ટ થઈને રસાભાસ થાય છે.

એ જ પ્રમાણે ભાવનું પણ જાણવું.

નવ રસમાં પહેલાં શૃંગારરસમાં

સંયોગ અને વિપ્રલંભ - એમ બે મુખ્ય ભાગ છે.
સંયોગ શૃંગારમાં નાયક તથા નાયિકાનો વિયોગ ન થતાં
તેમનો વિલાસ વર્ણવેલો હોય છે, વિપ્રલંભ શૃંગારમાં
વિયોગ હોવાથી મનની વ્યથાનું વર્ણન કરેલું હોય છે.

સ્થાયીભાવનાં ૯ લક્ષણો

(૧) સંયોગવિષયક ઇચ્છાવિશેષને 'રતિ' કહેવાય છે.
(૨) વિકૃત વેષ વગેરે જોવાથી થતો વિકાસ તે હાસ.
(૩) ઇષ્ટનાશ - અનિષ્ટપ્રાપ્તિથી થતી ચિત્તવૃત્તિ તે શોક.
(૪) શત્રુ ઇત્યાદિના અપકારથી મનનું પ્રજ્વલન તે ક્રોધ.
(૫) લોકોત્તર કાર્યમાં ઉત્સુકતાને 'ઉત્સાહ' કહેવાય છે.
(૬) રૌદ્ર દર્શન આદિથી થતી અનર્થ શંકા તે ભય છે.
(૭) અર્થમાં દોષદર્શનથી ગર્હા તે જુગુપ્સા (કંટાળો).
(૮) અપૂર્વાર્થ દર્શનથી ચિત્તનો વિસ્તાર તે વિસ્મય.
(૯) વૈરાગ્યાદિ વડે ચિત્તનું નિર્વિકારપણું તે શમ છે.

સાત્ત્વિકભાવ કે અનુભાવના ૮ લક્ષણો

(૧) સ્તંભ = ભય - પ્રેમ ઇત્યાદિથી થતી ક્રિયાશૂન્યતા.
(૨) પ્રલય = સુખ - દુઃખ આદિથી ઇંદ્રિયોનું ગાઢ મૂર્છન.
(૩) રોમાંચ = અતિશય સુખાદિથી રુવાડાં ઊભા થવા તે.

(૪) વેપથુ = ભય - હર્ષ અથવા પ્રેમાદિ અંગામાં થતો કંપ.
(૫) સ્વેદ = રતિશ્રમ અથવા ઉષ્માદિ અંગામાંથી ઝરતું પાણી.
(૬) વૈવર્ણ્ય = મદ - રોષ - વિષાદથી મુખવર્ણ ફરી જાય તે.
(૭) અશ્રુ = દુઃખ - રોષ - હર્ષથી નેત્રમાં આવતું પાણી.
(૮) વૈસ્વર્ય = હર્ષાદિકના યોગે કંઠનું ગદ્ગદિત્વ થવું તે.

વ્યભિચારીભાવોનાં ૩૩ લક્ષણો

(૧) અસૂયા = પરોત્કર્ષ અસહિષ્ણુતા.
(૨) નિર્વેદ = દુઃખ - ઈર્ષા - તત્ત્વજ્ઞાનના બળે નિષ્ફળ બુદ્ધિ, તેમાં ચિંતા - અશ્રુ અને નિશ્વાસ દૈન્ય થાય છે.
(૩) ગ્લાનિ = બળક્ષીણતાથી થતાં વૈવર્ણ્ય - અરતિ વગેરે.
(૪) શંકા = અનિષ્ટની આશંકાથી શોષાદિ આવવા તે.
(૫) મદ = મદ્યાદિથી થતો હર્ષ, મદ કરનારો મનોવિકાર.
(૬) શ્રમ = માર્ગગમન વગેરેથી થતો થાક, સ્વેદ આદિ.
(૭) આલસ્ય = કર્તવ્યકર્મોમાં ઉદ્યોગ - ઉદ્યમનું મંદપણું.
(૮) દૈન્ય = સત્ત્વનાશથી થતું કાર્પણ્ય, તેથી થતી દીનતા.
(૯) ચિન્તા = ઈષ્ટની અપ્રાપ્તિથી તાપ કરનારું ધ્યાન.
(૧૦) મોહ = ભય - દુઃખ - આવેશ - ચિન્તાના યોગે મૂર્છા.
(૧૧) સ્મૃતિ = પૂર્વાનુભૂત વિષયનું જ્ઞાન થવાની ક્રિયા.
(૧૨) ધૃતિ = ઈષ્ટવસ્તુ પ્રાપ્ત્યાદિથી ચિત્તની નિઃસ્પૃહતા.

(૧૩) નિદ્રા = ચિત્તનું નિમીલનત્વ.

(૧૪) વ્રીડા = કામ, સ્તુતિ ઇત્યાદિને લઈ થતો ચિત્તસંકોચ.

(૧૫) ચપલતા = રાગ-દ્વેષ આદિથી ચિત્તનું અનવસ્થાન.

થતો હર્ષ = ઉત્સવ - પ્રસંગ - અવસર વગેરેને લઈ

(૧૬) ચિત્તનો આનંદ = સ્વેદ, અશ્રુ અને કંપકારક રૂપે.

(૧૭) આવેગ = ઇષ્ટ-અનિષ્ટના યોગે થતો ચિત્તસંભ્રમ.

(૧૮) જડતા = ઇષ્ટાનિષ્ટની પ્રાપ્તિથી જન્મતો અકર્મણ્યભાવ.

(૧૯) ગર્વ = પરભવનો તિરસ્કાર કરવાથી થતો આત્મોત્કર્ષ.

(૨૦) વિષાદ = અપાય ચિંતનથી થતો મનોભંગ, ગ્લાનિ.

(૨૧) ઔત્સુક્ય = મનસ્તાપ, ત્વરા વડે થતું કાલાક્ષમત્વ.

(૨૨) અપસ્માર = દુઃખમોહાદિ કે સંતાપકારક આવેશ.

(૨૩) સ્વપ્ન અવસ્થા = સુષુપ્તિ યા નિદ્રાનો અતિરેક.

(૨૪) વિબોધ = જાગરણ, નેત્રઉન્મીલનથી થતી ચેતનપ્રાપ્તિ.

(૨૫) અમર્ષ = અપરાધી જનો ઉપર ચિત્તનું પ્રજ્વલન.

(૨૬) અવહિત્થા = હર્ષ-ભાવનાદિ આકારનું ગોપન.

(૨૭) ઉગ્રતા = અપરાધી પ્રત્યે દંડક દાતૃત્વનો ભાવ.

(૨૮) મતિ = તત્ત્વમાર્ગના અનુસંધાને અર્થનું નિર્ધારણ.

(૨૯) વ્યાધિ = મનસ્તાપાદિક અભિભવથી થતાં જ્વરાદિ.

(૩૦) ઉન્માદ = ચેતન તથા અચેતન વિષે સમાન વૃત્તિ.

(૩૧) મરણ = તે માટેનો પ્રયત્ન કરવો તે (આપઘાત).
(૩૨) ત્રાસ = આકસ્મિક લાગણી જ થતો ચિત્તક્ષોભ.
(૩૩) વિતર્ક = સંશયથી અન્ય કંઈક કલ્પના કરવી તે.

## તંત્રશાસ્ત્રના સારાંશ રૂપે ૨૯ રત્નકણિકા

(૧) વિષય = અનેક છંદ અને દેવતા સહિત મંત્ર-યંત્રાદિ શબ્દ અને અર્થસૃષ્ટિનું પ્રતિપાદન કરવું તે.
(૨) તંત્રશાસ્ત્રનું પ્રયોજન = ધર્મ - અર્થ - કામ - મોક્ષ.
(૩) અધિકારી કોણ = કુલજ્ઞાનયુક્ત સાધક.
(૪) નિર્ગુણ = પ્રકૃતિથી પર. સગુણ = પ્રકૃતિથી યુક્ત. શિવના સગુણ - નિર્ગુણસ્વરૂપના જ્ઞાનથી મોક્ષ થાય છે.
(૫) શબ્દસૃષ્ટિ = અ - ઉ - મકાર રૂપી નાદ અને બિન્દુ.
(૬) અર્થસૃષ્ટિ = રૂદ્રાદિ દેવતા અને ચરાચર વિશ્વ.
(૭) શબ્દબ્રહ્મ = શિવશક્તિથી સૂક્ષ્મ શબ્દ થાય છે તે. પરબ્રહ્મથી શક્તિ, શક્તિથી નાદ, નાદથી બિંદુ ઉત્પન્ન થયું. પરાશક્તિ મનુષ્ય શરીરમાં કુંડલીની નાડી રૂપે શબ્દબ્રહ્મ રૂપ થઈને પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી - એમ ૪ પ્રકારની વાણી થાય છે. અકારાદિ ક્ષકારાંત - એમ ૫૦ વર્ણ કુંડલિની રૂપ છે, તેથી પરાશક્તિ થાય છે.
(૮) શિવશક્તિથી મહત્ અને મહત્થી અહંકાર.

## ત્રણ પ્રકારના અહંકાર

સાત્ત્વિક અહંકાર - રાજસ અહંકાર - તામસ અહંકાર.

(1) સાત્ત્વિક અહંકારથી ૧૦ ઇંદ્રિયોના ૧૦ દેવતા છે. તેના નામ - દિશા - પવન - સૂર્ય - વરૂણ ઇત્યાદિ છે.

(2) રાજસ અહંકારથી ૧૦ ઇંદ્રિય છે.

(3) તામસ અહંકારથી તન્માત્રા દ્વારા પાંચ ભૂત થાય છે: સ્વચ્છ વર્ણ - આકાશ, શ્યામ વર્ણ - વાયુ, લાલ વર્ણ - તેજ, શુક્લ વર્ણ - જલ અને પીત વર્ણ - પૃથ્વી છે.

### પાંચ ભૂતના પાંચ મંડલ

⁘ (૧) આકાશતત્ત્વનું ષટ્બિન્દુયુક્ત ગોળ મંડલ.

△ (૨) વાયુનું સ્વસ્તિકના ચિહ્નયુક્ત ત્રિકોણ મંડલ.

◡ (૩) અગ્નિતત્ત્વનું અર્ધ ચંદ્રાકાર મંડલ.


(૪) જલતત્ત્વનું કમલાકાર મંડલ.

□ (૫) પૃથ્વીતત્ત્વનું વજ્ર ચિહ્નયુક્ત ચોરસ મંડલ.

### પાંચ ભૂતોની પાંચ કલા:

નિવૃત્તિ, પ્રતિષ્ઠા, વિદ્યા, શાંતિ, શાંત્યતીતા.

(૯) પાંચ રૂપે ચરાચર જગત: અચર = પર્વત - વૃક્ષાદિ. ચર = સ્વેદજ, અંડજ, જરાયુજમાં કૃમિકીટાદિ સ્વેદજ, સર્પ-પક્ષી આદિ અંડજ તથા પશુ - મનુષ્યાદિ જરાયુજ.

(૧૦) માતૃકાના અક્ષરથી સર્વ મંત્રોની ઉત્પત્તિ થાય છે.
(૧૧) મંત્રના ત્રણ પ્રકાર: પુરુષ, સ્ત્રી અને નપુંસક મંત્રો.
(૧૨) મંત્રના ચાર ભેદ: સિદ્ધ - સાધ્ય - સુસિદ્ધ - અરિ.
(૧૩) મંત્રના ૫ દોષ: છિન્ન, રુદ્ધ, શક્તિહીન, પરાંગમુખ, બધિર.
(૧૪) મંત્રના ૧૦ સંસ્કારથી મંત્ર અવશ્ય સિદ્ધ થાય છે:

(૧) જનન - માતૃકાથી મંત્રનો ઉદ્ધાર.

(૨) જપન - પ્રણવયુક્ત તે જપન.

(૩) તાડન - મંત્રાક્ષર લખી તેને ચંદનજલથી ન છાટવો.

(૪) બોધન (૫) અભિષેક (૬) વિમલીકરણ

(૭) આપ્યાયન (૮) તર્પણ (૯) દીપન (૧૦) ગુપ્તિ.

(૧૫) કુલચક્રથી સિદ્ધ કે સાધ્યાદિ ભેદોનો વિચાર થાય છે.
(૧૬) જાપનાં સ્થાન: તીર્થ, નદી તીર, પવિત્ર વન, દેવાલયાદિ.
(૧૭) ગુરુના લક્ષણ: આગમશાસ્ત્રો - તત્ત્વના જાણકાર, કુલીન, જિતેન્દ્રિય, સત્યવાદી વગેરે. શિષ્ય પણ કુલીન હો.
(૧૮) શિષ્યના લક્ષણ: શુદ્ધ મન - પુરુષાર્થયુક્ત, જિતેન્દ્રિયાદિ.
(૧૯) દીક્ષા: ઈષ્ટદેવતાનો મંત્રોપદેશ ગુરુ વડે મેળવવો તે. પાપનાશ કરી દિવ્યજ્ઞાન દે - શ્રેયદાન - અશિવ ક્ષપણ કરે.

(૨૦) દીક્ષાના ચાર ભેદ

(૧) ક્રિયામયી (૨) વર્ણમયી (૩) કલામયી (૪) વેધમયી.

(1) ક્રિયામયી - નિત્ય કર્મ, કુંડ, મંડપ આદિ કરવા તે.
(2) વર્ણમયી - શિષ્યના દેહમાં વર્ણાદિ ન્યાસ કરવા તે.
(3) કલામયી - નિવૃત્ત્યાદિ ૫ કલા, તેનો તે તે અંગોમાં યોજવું.
(4) વેધમયી - શિષ્યદેહમાં ચૈતન્યશક્તિનું વ્યાપક ધ્યાન.

(૨૧) અધ્વા = રસ્તા. અધ્વા છ છે:

(I) કલાધ્વા (II) તત્ત્વાધ્વા (III) ભુવનાધ્વા
(IV) વર્ણાધ્વા (V) પદાધ્વા (VI) મંત્રાધ્વા.

ગુરુને છ એ છ અધ્વાનું શોધન ઉચિત છે.

(૨૨) દેવતાચૂલના ૬ અધ્વા ૫ આવરણ છે.
એ સર્વ અધ્વા અતિક્રમિ રસ્તાથી જીવને મોક્ષ થાય છે.

કેવળજ્ઞાન - સર્વજ્ઞતા વિષે...

સાંખ્યયોગ - ન્યાય - વૈશેષિક આદિમાં સર્વજ્ઞતાને
વિભૂતિ અથવા લબ્ધિ તરીકે ગણી છે.
તેમાં તે મોક્ષ પૂર્વે પ્રાપ્ત થાય જ, એવો નિયમ નહિ,
જ્યારે કેવળજ્ઞાન મોક્ષની પ્રાપ્તિ માટે અનિવાર્ય છે.
કેવળ = શુદ્ધ આત્મા. શરીરાદિથી અમિશ્રિત આત્મા.
બૌદ્ધદર્શનમાં કેટલાક સર્વજ્ઞતાને અનિવાર્ય ગણે છે,
જ્યારે કેટલાક ધર્મજ્ઞતાથી જ સંતોષ માને છે.
મીમાંસકો તો સર્વજ્ઞતામાં માનતા જ નહિ.

વૈદિકોમાં માન્યતા છે: 'આત્મા જાણ્યો, તેણે બધું જાણ્યું.'
જૈન ત્યાં આચરણને જ સર્વસ્વ માનવામાં આવે છે.
ન્યાય માને logicમાં દિગંબર શું અને શ્વેતાંબર શું?
જૈનદર્શન એમ માને છે કે: ન્યાય હોય અથવા તો
ભગવાનના વચનો અનુસારે હોય, એ જ મહત્ત્વનું છે.

He is one of the noblest conquerors
who carries on a successful
warfare against his own appetites
& passions and has them under
wise & full control. - T.Edwards

મનસ્યન્યદ્ વચસ્યન્યદ્ કાર્યેઽન્યદ્ દુરાત્મનામ્ ।
મનસ્યેકં વચસ્યેકં કાર્યેઽકં મહાત્મનામ્ ॥૧॥
સદ્યઃ બુદ્ધિહરા તુંડી, સદ્યઃ બુદ્ધિપ્રદા વચાઃ ।
સદ્યઃ શક્તિહરા નારી, સદ્યઃ શક્તિપ્રદં પયઃ ॥૨॥
ઘૃતકુમ્ભસમા નારી, તપ્તાંગારસમઃ પુમાન્ ।
તસ્માદ્ ઘૃતં ચ વહ્નિં ચ નૈકત્ર સ્થાપયેદ્ બુધઃ ॥૩॥
ભગેન ચર્મકુણ્ડેન, દુર્ગન્ધેન વ્રણેન ચ ।
ખણ્ડિતં હિ જગત્ સર્વં સદેવાસુરમાનુષમ્ ॥૪॥
(પરિશિષ્ટ-૧૫)

શ્રીમદ્‌નો મૂળમંત્ર ૧૪ અક્ષર : 'સહજાત્મસ્વરૂપ પરમ ગુરુદેવ.'

સહજાત્મસ્વરૂપ કેવળ અનુભવગમ્ય છે.

તે અનુભવ મન - વચન - દેહથી અલગ થઈને હૃદયના અંતરતમ પ્રદેશે આજે - આ ક્ષણે જ થઈ શકવા યોગ્ય છે. તે અનુભવદ્વારને ખોલવા માટે સમગ્ર સાચા પ્રેમથી ભર્યો એક જ સાદ બસ છે કે જે પ્રેમ, કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગથી પરમાં જવ પામેલ જોઈએ છે.

તે પ્રેમ વિનાનું શાસ્ત્રીય જ્ઞાન પણ લૂખું જ મનાયું છે. પામવા માટે તરસ્યાંની જેમ ઈષ્ટ લગનીથી વિખરાયેલો આ પ્રેમ અપ્રમાદે જ એકત્રિત થવા યોગ્ય છે. વિખરાયેલો તંતુગણ, એકત્રિત થઈને પરિપુષ્ટ રજ્જુપણે પરિણામે અતિ બલિષ્ઠ બળવાનને પણ વશ કરવા સમર્થ છે, તેમ એકત્રિત પ્રેમપાશ દ્વારા જ તરલતમ મનમતંગજ વશ કરી શકાય છે કે જેના પર આરૂઢ થઈ અનુભવદ્વારે પહોંચવું સાધકને સુગમ બને છે. પ્રેમ એ મહાવશીકરણ મંત્ર છે. પ્રેમદર્દીનાં પોકારથી ઉઘડેલાં અનુભવદ્વારે સમગ્ર તત્ત્વજ્ઞાનના નિષ્કર્ષભૂત સ્વરૂપવિલાસભુવનમાં પ્રવેશીને સહજાત્મ સ્વરૂપને ભેટવાથી નિપજેલા નિરાકુલ - નિરવધિ - સહજાનંદનું વર્ણન કોણ કરે? કરી શકે?

આનંદાભાસના હેતુભૂત પતિસ્વરૂપ એમ સતી વડે અભેદ - અવિચ્છ હોય છે, તેમ સત્યાનંદના હેતુભૂત
પરમગુરુનું સત્યાત્મસ્વરૂપ મુમુક્ષુ વડે
અભેદ - અવિચ્છ હોય, તેમાં શી નવાઈ?

ઇંદ્રિયગ્રાહ્ય સુખાભાસ રૂપ દામ્પત્યનું પ્રથમ રતિસુખ પણ અવર્ણનીય એ મનાયું છે, ત્યાં ઇંદ્રિયાતીત આત્મિક સુખને વળી આ જીભ દ્વારા કેમ વર્ણવી શકાય?

છઠ્ઠું દાન

છઠ્ઠું દાન વૈખરી વાણીના અનેક વર્ણોનો સંબંધ થવાથી નહીં, પરંતુ ગુરુદેવનાં વિશુદ્ધ વિચારના સૂક્ષ્મ પ્રવાહનો શિષ્યના માનસિક દ્રવ્ય સાથે સંબંધ થવાથી જ થાય છે. જ્યારે મનોમન (મન અને મન)ની ઐક્યતા થાય છે, ત્યારે શિષ્ય હજારો કે લાખો ગાઉ દૂર હોય, તો પણ ગુરુના અનુભવજ્ઞાનનો પ્રકાશ શિષ્યના અજ્ઞાનાંધકારનો નાશ કરે છે. ગુરુએ દાન આપવા માટે હંમેશાં વાણીનો ઉપયોગ કરવો જ પડે, એવું હોતું નથી. દાનની ઉચ્ચ ભૂમિકામાં વિચરતાં જ્ઞાની પુરુષના અંતઃકરણમાંથી દાનની સૂક્ષ્મધારાનો પ્રવાહ અધિકારી શિષ્યના હૃદયભૂમિ ઉપર પડે, ત્યારે તેમાં નૂતન બોધરૂપ દાનવાડી ઊગી નીકળે છે.

આ માટે જ્ઞાનની જિજ્ઞાસાવાળા શિષ્યે ગુરુના અને પોતાના મનનો સંબંધ થવાને માટે પોતાના મનને યોગ્ય અધિકારવાળું કરવાની જ આવશ્યકતા રહે છે.

## શિષ્યના મનની યોગ્યતા કઈ રીતે સિદ્ધ થાય ?

ગુરુમાં ઈષ્ટબુદ્ધિ - ઈશબુદ્ધિ ધારણ કરવાથી
શિષ્યના મનની આવી યોગ્યતા સિદ્ધ થાય છે.

તેનું કારણ એ છે કે શિષ્યનું મન નીચ ગણાતાં વિષયોમાં ભ્રમણ કરતું રહેલ છે, તેથી તે નિકૃષ્ટ પ્રકારનું રહેલ છે. શિષ્યના આવા નિકૃષ્ટ - અશુદ્ધ મનનો અને ગુરુના વિશુદ્ધ મનનો સંયોગ થઈ શકતો નથી,

તેથી શિષ્યનું કર્તવ્ય છે કે પોતાના મનને ઉચ્ચવિષયમાં રમમાણ કરીને ઉચ્ચતાવાળું કરવું જોઈએ. ગુરુમાં ઈશ્વરબુદ્ધિ ધારણ કરીને પોતાના મનને પુનઃપુનઃ ગુરુની અભિમુખ કરવાનો અને રાખવાનો આગ્રહપૂર્વક પ્રયત્ન સેવે છે, ત્યારે શિષ્યનું મન અશુદ્ધિને તજીને વિશુદ્ધિને ધારણ કરતું જાય છે અને તેમ થતાં ગુરુના ઉચ્ચ મનનો સંબંધ થવાની યોગ્યતાવાળું બને છે.

यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥ (પરિશિષ્ટ-૧૬)

જ્યાં આવી બુદ્ધિ નહિ આવતી, ત્યાં ઉપદેશનો છેડો જરૂ જરૂ તો શબ્દજ્ઞાન અથવા વાચિકજ્ઞાનમાં આવે છે, કિન્તુ અંતર અનુભવજ્ઞાન રૂપે પરિણામ પામતું નહિ. ઉપદેશનું પરિણામ અનુભવજ્ઞાનમાં લાવવા ઉપદેશ-દાતા ગુરુ પ્રતિ બહુમાનવાળી ઉચ્ચ બુદ્ધિ હોવી જોઈએ.

ઉપદેશનો હેતુ કેવળ (૫૨) અક્ષરની રચનાવાળું શબ્દજ્ઞાન જ આપવાનો નહિ, કિન્તુ જીવન અત્યંત વિશુદ્ધ, વિશાળ અને શક્તિવાળું કરવાનો જ હોય છે. આવું જીવન ગ્રન્થો / ઉપદેશમાં વર્ણવેલી વિગતોને પોપટપેઠે બોલી જવાથી કે તેનો માત્ર અર્થ સમજવાથી થતું નહિ, કિન્તુ સદ્ગુરુના વિશુદ્ધ મનનો અને શિષ્યની ઉતરતી પંક્તિના મનનો અનુકૂળ સંબંધ થવાથી થાય છે.

પુરાણાન્તે શ્મશાનાન્તે મૈથુનાન્તે ચ યા મતિઃ ।
સા મતિઃ સર્વદા ચેત્ સ્યાત્ કો ન મુચ્યેત બન્ધનાત્ ॥

'પરમગુરુ નિર્ગ્રન્થ સર્વજ્ઞદેવ ।' - ૧૩ વર્ણ (પરિશિષ્ટ-૧૭)

કેવળતત્ત્વ - ગુણતત્ત્વ

ક્ષાયિક ભાવે પ્રગટેલ અનંત વીર્યમાં બે ભાગ છે:

(૧) સકરણ વીર્ય - ૧૩મે ગુણસ્થાનકે.

(૨) અકરણ વીર્ય - ૧૪મે ગુણસ્થાનકે અને સિદ્ધદશામાં.

લબ્ધિવીર્ય અને ઉપયોગવીર્યની અપેક્ષાએ ૧૩મે તથા ૧૪મે ગુણસ્થાનકે અને સિદ્ધમાં સમાનતા છે. લબ્ધિરૂપે અનંત વીર્ય પ્રગટેલું છે અને ક્ષણે ક્ષણે લોકાલોકના અનંત ભાવો જોવામાં અને નિજગુણની રમણતામાં એ અનંત વીર્યનો ઉપયોગ સતત ચાલુ છે.

| | |
|---|---|
| લબ્ધિ<br>ઉપયોગ<br>કરણ | છદ્મસ્થ અવસ્થામાં<br>એ ત્રણે વીર્ય હોય છે. |

ક્ષયોપશમાનુસાર લબ્ધિવીર્ય હોય છે.

તેનો જાણવા, જોવા અને નિજ પરભાવરમણતામાં જેટલાં પ્રમાણમાં વ્યાપાર, તેનું નામ છે ઉપયોગવીર્ય તથા મન, વચન અને કાયા સાથે તે વીર્યનું જોડાણ, તેટલાં પ્રમાણમાં તે કરણવીર્ય ગણાય છે.

લબ્ધિવીર્ય કર્મબંધનું કારણ નથી.

ઉપયોગવીર્ય જો શુદ્ધ હોય તો કર્મબંધનું કારણ નથી, કરણવીર્ય તો અવશ્ય કર્મબંધનું કારણ છે.

જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગમાં મોહનીયના ઉદયનો અભાવ છે, તે શુદ્ધ છે અને અલ્પ અથવા તો અધિક મોહનીય કર્મનો ઉદય છે, તે અશુદ્ધ છે.

રંજનસ્વરૂપમાં અશુદ્ધ ઉપયોગવાળું અને સ્વરૂપવાળું-બંને ભેગા મળે, તે વડે આત્મા ફરી ફરી આ સંસારના કારણભૂત કર્મ જોડાય છે. જો શુદ્ધ ઉપયોગ સાથે સ્વરૂપવાળું હોય, તો કર્મબંધન થાય પણ તે સંસારનું કારણ ન બનતાં રત્નત્રયી આદિ ગુણોનું કારણ બને છે, તેથી તે ગુણ 'સ્વરૂપ' કહેવાય છે.

પ્રથમ ત્રણ ગુણસ્થાનકે દર્શનમોહ તથા ચારિત્રમોહ-બંનેનો તીવ્ર ઉદય અને વિપરીત દૃષ્ટિ હોવાથી સર્વથા, અશુદ્ધ ઉપયોગવાળું હોય છે. તેનાથી જે કર્મ બંધાય, તેથી સંસારની પરંપરા એકસરખી વૃદ્ધિ જ પામે છે. ચોથે ગુણસ્થાનકે દૃષ્ટિ વિપર્યાસરહિત નિર્મળ છે, કિન્તુ ચારિત્રમોહનીયના ઉદયે તથા આત્માની નિર્બળતાને લીધે દૃષ્ટિ અસ્થિર છે, તેટલે અંશે અશુદ્ધોપયોગ છે.

પાંચમે ગુણસ્થાનકે ૧/૧૬ એક આની જેટલી અને છઠ્ઠે ગુણસ્થાને ૧૬ આની દૃષ્ટિની સ્થિરતા મળી છે, પરન્તુ અનુકૂળ-પ્રતિકૂળ નિમિત્તોની હાજરીમાં ઉપયોગની સ્થિરતા ચલિત થઈ જાય છે, તેટલા અંશે અશુદ્ધોપયોગ છે. આટલા પણ ઉપયોગવાળાની અશુદ્ધિ આત્માને અમુક સમય પર્યન્ત સંસારનું કારણ બને છે.

૭ - ૮ - ૯ - ૧૦મે ગુણસ્થાને કષાયોદયજન્ય અશુદ્ધિ હોવા છતાં પણ તે અશુદ્ધિને દૂર કરવાનો પુરુષાર્થ સતત ચાલુ હોવાથી ઘણું કર્મબંધન સંસારનું કારણ થતું નથી. ૧૧ - ૧૨ - ૧૩ અહીં તો સર્વથા શુદ્ધિ છે. આદિ છેલ્લા ત્રણ ઉપયોગ અને સત્તાભાવે સંસારનું કારણ હોવાથી તે 'બંધનરૂપ' છે અને તેના ઉપર ઉપયોગભાવે અને સત્તાભાવે કેવળજ્ઞાનાદિ ગુણોને પ્રગટ કરવામાં સહાયક હોવાથી તે 'ગુણરૂપ' છે.

પ્રત્યેક અધ્યવસાય વડે પાંચ પ્રકારના કાર્યો થાય:
(૧) પાપપ્રકૃતિનો બંધ (૨) પુણ્યપ્રકૃતિનો બંધ (3) સંવર પ્રકૃતિનો બંધ (૪) અકામ નિર્જરા (૫) સકામ નિર્જરા. જેમ કે ૧૦મે ગુણઠાણે ૧૭ પ્રકારે કર્મબંધ થાય છે, તેમાં ૧૪ અશુભ નથી, 3 શુભ છે. વળી ૧૦૩નો સંવર, ઉદયાનુગતનો ક્ષય અને માત્ર સંજ્વલન લોભ સિવાય તમામ મોહનીય કર્મનો પૂર્ણ અભાવ હોવાથી પ્રગટેલાં જ્ઞાનાદિ સર્વ ગુણોના પ્રભાવે સત્તાગત અનેક કર્મોની ઉદીરણા, ઉપશમના, અપવર્તના, સંક્રમણ આદિ તીવ્ર રૂપે થવા જ કરે. રસઘાત અને સ્થિતિઘાત વગેરે જે જે પરિવર્તનો થવા જ કરે છે, તે સકામ નિર્જરા છે.

તેમ પહેલે ગુણઠાણે પણ પાંચે વસ્તુ થવાં જ કરે છે.
ફરક એટલો જ છે કે ૧૦મે ગુણસ્થાને નિર્જરા વધુ
અને પહેલે ગુણસ્થાને કર્મબંધ વધુ થાય છે.

પહેલાં ત્રણ ગુણસ્થાને અશુભ કર્મબંધની મુખ્યતા છે, છતાં શુભ અને શુદ્ધ હોય જ. ૪ થી ૭ ગુણસ્થાને શુભ કર્મબંધની મુખ્યતા છતાં અશુભ - શુદ્ધ પણ હોય જ. ૮ થી ૧૪ ગુણસ્થાને શુદ્ધની મુખ્યતા છતાં દસમા ગુણ-સ્થાન સુધી શુભ - અશુભ બંને અને તે પછી અંશતઃ શુભનો બંધ હોય જ છે. પહેલે ગુણસ્થાને શુદ્ધ અલ્પ અને દશમે અશુભ અલ્પ, તેથી તેની ગણત્રી કરી નથી, તે વસ્તુ ધ્યાનમાં લીધી નથી. કોઈપણ અધ્યવસાય ઉપર પ્રમાણે પંચરંગથી મિશ્રિત છે. એક જ અધ્યવસાયથી પુણ્યબંધ, પાપબંધ, સંવર, સકામ, અકામ નિર્જરા થાય. સંવર - નિર્જરાનો પ્રેરક શુદ્ધ ભાવ, પાપ બંધાવનાર અશુભ ભાવ અને પુણ્ય બંધાવનાર શુભ ભાવ હોય છે. એક જ અધ્યવસાય ચિત્રવિચિત્ર - સમગ્રમય હોય છે. કર્મગ્રન્થ જૈન પદાર્થ માપવા માટેનું માપ કોષ્ટક છે. યાને શુદ્ધ ઘટતે ય ઓછે - વધતે અંશે શુભ - અશુભ અને અશુભ ઘટતે ય ઓછે-વધતે અંશે શુદ્ધ હોય છે.

## અહંકાર શેનાથી પેદા થાય?

પ્રકૃતિ - કર્તાભાવ, હું કરું છું, મારે કરવું પડે છે, એવો આભાસ ગાડા નીચે કૂતરું ચાલે, માને કે હું ગાડું ચલાવું છું, તેના જેવો છે આ ગાડીમાં બેસીને માથા ઉપર ભાર મૂકે અને માને કે હું ભાર ખેંચું છું, વસ્તુતઃ ગાડી ખેંચે છે. 'બધું આપણે કરીએ છીએ' એ માન્યતાથી જ અહંકાર પેદા થાય છે, તેને કાઢવા નીચેની 3 બાબતો જરૂરી છે:

### ત્રણ રીતે અહંની નિવૃત્તિ

(૧) બધું પ્રકૃતિ, જે સમાજમાંથી જ્ઞાન વગેરે મળ્યું છે, તેના ઉપકારી છે, એના ભાનથી અહંની નિવૃત્તિ થાય છે. તે માટે દેવ - ગુરુ - માતા - પિતા આદિ ઉપકારીઓનો સતત ઉપકાર માનવો અને તેનું અવિસ્મરણ રાખવું.

(2) દેહ, ઇંદ્રિય, મન, બુદ્ધિ આદિથી આપણે ભિન્ન છીએ અને પ્રકૃતિ એમનું છે - આપણું નહિ, એ જ્ઞાનથી. દેહાદિથી આત્માનો ભેદ છે, તેનું જ્ઞાન સદા ય રાખવું.

(3) કરાવનારો અંતર આત્મા છે, એના હાથમાં આપણે માત્ર કાષ્ઠની પુતલી સમાન જ છીએ, એવી શ્રદ્ધાથી. તેવી શ્રદ્ધા દૃઢ કરવા માટે દરેક બાહ્ય ક્રિયાઓની પાછળ રહેલું એક અંતર ચૈતન્યનું અધિષ્ઠાન રાખવું!

પુરુષકૃત્ય પ્રાપ્ત કરવા દેવાદિવંદન, સમ્યક્ પ્રતિક્રમણ, ભક્ત્ય મૈત્ર્યાદિ ચિંતન તથા જપ આદિ સત્કર્મ કરવું.

## ઔચિત્યાલોચન એટલે શું?

રોગ, જનવાદ અને લિંગ વડે ઔચિત્યનું આલોચન.
મન, વચન, કાયાની પ્રશસ્તતા, લોકપ્રવાદ અને શકુન, શબ્દ, નિમિત્તાદિનું અન્વેષણ ધર્મપ્રતિબન્ધતા સૂચક છે,
અન્યથા ઔદયિક ભાવવૃદ્ધિ ઉપરત છે.
ઔચિત્યનું અન્વેષણ કરનાર જીવ ભંગાદિ ભયોપેત, સિદ્ધિમાં અતિ ઉત્કૃષ્ટ અને સર્વ કાર્યના પરિણામની પર્યાલોચના કરવા રૂપી બુદ્ધિ રૂપી ધનવાળો હોય છે.

## આત્મસંપ્રેક્ષણ એટલે શું?

કિં કૃતમ્ કિંવા કર્તવ્ય શેષમ્? ઇત્યાદિ...
આત્મનિભાળનરૂપ, અણુવ્રતાદિ પાલનરૂપ આરબ્ધ કર્મને વિષે પાપકર્મના ઉદયથી ભંગાદિ વિષયક ભય ઉત્પન્ન થયે છતે, તેને શાંત કરવા ચિત્તની વિભાગમાં પ્રવૃત્તિ થાય,
ત્યારે ભય વગેરેને વિષે અર્થાત્
ભય - રોગ - વિષવિકાર આદિને વિષે
દુર્ગ, ચિકિત્સા અને મંત્ર આદિની જેમ શરણાદિવત્
ગુર્વાદિનો આશ્રય કરે છે, તે છે આત્મસંપ્રેક્ષણ.

'અધ્યાત્મ - મત - પરીક્ષા' - ઉપા. શ્રી યશોવિજયજી મ.

(૧) અધ્યાત્મ ૪ પ્રકારનાં છે, માટે પરીક્ષાની જરૂર છે:

(a) નામ : સચેતન - અચેતન એવા કોઈપણ વસ્તુનું 'અધ્યાત્મ' એવું નામ આપાય તે.

(b) સ્થાપના : અધ્યાત્મવંત યતિના આકારનું ચિત્ર.

(c) દ્રવ્ય : જેનાથી ભાવઅધ્યાત્મ થાય તે, દાખલા તરીકે: પ્રતિમાદર્શન, સદ્ગુરુસેવા, અધ્યાત્મશાસ્ત્રઅભ્યાસ.

(d) ભાવ : આત્માના શુદ્ધ પરિણામ.

(૨) અધ્યાત્મભાવ અને ભાવઅધ્યાત્મ - ૨ એકાર્થિક છે.

ભાવઅધ્યાત્મ એટલે આત્મામાં કર્મનો અધિકાર મટી આત્માનો અધિકાર પ્રાપ્ત થાય તે. કષાય અને પાંચે ઇંદ્રિયોને વશ થઈ આ સંસારમાં ભટકે છે, ત્યાં સુધી આત્મા ઉપર કર્મનો અધિકાર છે, પરન્તુ તપ - સંયમથી જ્યારે કર્મોનો ક્ષય થાય અને આત્માનો જ્ઞાન આદિ સ્વભાવ પ્રગટે છે, ત્યારે કર્મનો અધિકાર ટળી જઈને આત્મા ઉપર આત્માનો જે અધિકાર પ્રવર્તે છે, એ અધિકારની ક્રિયા, તે 'ભાવઅધ્યાત્મ' છે.

તે આત્મજ્ઞાનરૂપ હોવાથી બોધરૂપ છે, રુચિરૂપ હોવાથી શ્રદ્ધારૂપ અને આશ્રવનિરોધરૂપ હોવાથી ચારિત્રરૂપ છે.

आत्मानमात्मना वेत्ति मोहत्यागाद्य आत्मनि ।
तदेव तस्य चारित्रं, तज्ज्ञानं तच्च दर्शनम् ॥१॥

અર્થ: મોહનો ત્યાગ થવાથી આત્મામાં
આત્મા વડે આત્માને જાણે છે, તે જ
તેનું ચારિત્ર છે, તે જ જ્ઞાન છે અને તે જ દર્શન છે.

(3) ભાવઅધ્યાત્મ અને શુદ્ધોપયોગ, બે એકરૂપ નથી.
શુદ્ધોપયોગ એજ ચારિત્ર છે, એમ નહિ પરંતુ
યોગસ્થૈર્ય એજ ચારિત્ર છે.
યોગસ્થૈર્ય એ નિરોધ અને સુદૃઢ પ્રવૃત્તિ વડે સાધ્ય છે.

(૪) મૂર્છાના બે ભેદ: (I) મમત્વ પરિણામ તથા
(II) પ્રાપ્ત વસ્તુના અવિયોગનો અધ્યવસાય (આર્તધ્યાન).
મમત્વ પરિણામ અજ્ઞાન નિમિત્તક છે, તે જ્ઞાન દ્વારા
અને આર્તધ્યાનરૂપ મૂર્છા ધર્મધ્યાનપ્રભાવે નાશ પામે છે.

(૫) આવશ્યક - પડિલેહણ વગેરે દરેક
જયણાયુક્ત વ્યાપાર એ ધ્યાનનો વિરોધી નથી.
એ કાલાશ્રિત મન - વચન અને કાયાની
એકાગ્રતા અને શુભયોગરૂપ ઔપચારિક માનસિક ધ્યાન છે,
સાવદ્ય વચનના ત્યાગપૂર્વક નિરવદ્ય વચન વાચિક ધ્યાન છે
અને શુભયોગમાં કાયાની દૃઢતા એ કાયિક ધ્યાન છે.

(૬) જિનેશ્વર ભગવંતે ભિન્ન વિષયમાં એક જ સમયે બે ક્રિયાનો નિષેધ કરેલ છે, એક વિષયમાં નિષેધ નહિ. જેમ કે વંદનના આવર્તમાં ત્રણે યોગની ક્રિયા અર્થાત્ મન - વચન - કાયાની ક્રિયા એક જ સમયમાં થાય છે.

(૭) ધ્યાનયોગ પરિણામરૂપ છે, પરન્તુ ઉપયોગ નહિ. લેશ્યા પણ યોગપરિણામ છે પણ તે ચલાચલ (પરિણામ) સ્વરૂપ અને ધ્યાન એ નિશ્ચલ (પરિણામ) સ્વરૂપ છે.

આત્મસ્વભાવ સમવસ્થાનરૂપ ધ્યાન લઈએ,
તો સિદ્ધને પણ ધ્યાનનું અતિવ્યાપ્તિ કરશે.

એ કેવલી અયોગીને યોગનિરોધરૂપ ધ્યાન છે અને
છદ્મસ્થને ચિત્તના સુદૃઢ વ્યાપારરૂપ ધ્યાન છે.

(૮) પુદ્ગલ ગ્રહણગુણ તથા આત્મા ઉપયોગગુણ છે.

(૯) યતિ = રૂપ ચોખ્ખું અને છાપ પણ ચોખ્ખી.
પ્રત્યેકબુદ્ધ = રૂપ ચોખ્ખું પણ છાપ ખોટી.
પાસત્થા = રૂપ ખોટું પણ છાપ સાચી.
ગૃહી = રૂપ ખોટું અને છાપ પણ ખોટી.

(૧૦) યોગસ્થૈર્યરૂપ ચારિત્ર ન કહીએ તથા શુદ્ધોપયોગ રૂપ કહીએ, તો ચલ - જડને ચારિત્ર કઈ રીતે સંભવે? તથાવિધ માયા એ અશુદ્ધોપયોગ છે, પરન્તુ મૂળગુણમાં યોગસ્થૈર્ય ચલ - જડને ય સંભવે (જેમ ચંડરુદ્રાચાર્યાદિ).

મરુદેવાદિકને પણ સંસારનિવૃત્તિ રૂપ
મનોયોગ પરિણતિયુક્ત ગણાયો છે.

(૧૧) જો શુદ્ધોપયોગરૂપ ચારિત્ર લઈએ, તો કેવલીને જ્ઞાન-દર્શનોપયોગની જેમ ચારિત્રોપયોગ માનવો પડે, તો ઉપયોગ ૧૨ને બદલે ૧૩ થાય તથા અનિષ્ટ આવે.

(૧૨) શૈલેશી અવસ્થામાં પ્રવૃત્તિરૂપ યત્ન નથી,
છતાં નિવૃત્તિરૂપ યત્ન છે, તેથી ત્યાં સર્વ
સંવરરૂપ ચારિત્ર ઘટે છે. સિદ્ધમાં ઘટતું નથી, કારણ કે
ત્યાં યોગ નથી, પ્રયત્ન નથી, સંવર નથી.

(૧૩) ઋજુસૂત્રના મતે પદાર્થ ક્ષણભંગુર છે તથા
કારણનો અંત્ય સમય જ કાર્યનો હેતુ છે,
તેથી શૈલેશીના ચરમ સમયે જ ચારિત્ર ઉપજે.

(૧૪) इदं परमरहस्सं, एसो अज्झप्प कणगकसवट्टो ।
एसा य पराआणा, संजमजोगेसु जो जत्तो ॥ અર્થઃ
આ પરમ રહસ્ય છે. આ અધ્યાત્મ કષપટ્ટ યાને કસોટીનો પત્થર છે, એ જ શ્રેષ્ઠ આજ્ઞા છે: સંયમયોગોમાં યત્ન કરો.

સંયમયોગનો જે ઉદ્યમ છે,
તે જ સર્વ શાસ્ત્રના વિસ્તારને જાણવાનું ફળ છે.
જેણે એ અર્થ જાણ્યો છે, તે પરમાર્થથી સર્વ શાસ્ત્રજ્ઞ છે.

(૧૫) આસન્નકાલ ભવસિદ્ધિક જીવનું લક્ષણ:
વિસએસુહેસુ ન રજ્જઇ સવ્વત્થામેણ ઉજ્જમઇ || અર્થાત્:
વિષયસુખમાં રાગી ન થાય, સર્વશક્તિપૂર્વક ઉદ્યમ કરે.

(૧૬) અભવ્યસ્ય હિ ભવ્યાભવ્યશંકાયા અભાવાત્ | અને
અભવ્ય જીવને કદાપિ એવી શંકા થતી નથી કે:
'હું ભવ્ય છું કે અભવ્ય?'

(૧૭) આ જિનમતમાં કોઈપણ જીવ અભુક્ત ભોગી નથી.
સર્વ જીવોએ સર્વ ભોગોને અનંત વાર પ્રાપ્ત કર્યા છે.

(૧૮) ગચ્છમાં દ્રવ્યથી અનેકતા છે, ભાવથી એકતા છે.
ગુર્વાજ્ઞાદિક અંકુશ વિના ચિત્તરૂપ હસ્તી સંસારરૂપ
વનમાં ફરતાં અનિત્ય ભાવનારૂપ વેલડીનું ઉન્મૂલન કરી
નાંખે છે, માટે જ કહ્યું છે કે: 'એકસ્સ નત્થિ ધમ્મો |'
એકલાનો ધર્મ નથી - એકલી વ્યક્તિ ધર્મ ન પાળી શકે.

(૧૯) અગીતાર્થ એકાકીને પાપનું વર્જન અને કામનો અસંગ
શક્ય નથી. તે બન્ને માટે ગુરુકુલવાસની જરૂર છે.

(૨૦) જે જે પ્રકારે રાગ-દ્વેષનો વિલય થાય,
તે તે પ્રકારે વર્તવું, એવી વીતરાગ દેવની આજ્ઞા છે.

(૨૧) ગીતાર્થની નિશ્રા વિના અગીતાર્થ
પાપ વર્જી શકે નહીં અને કામાસંગ ટાળી શકે નહીં.

(૨૨) બીજાને ઉપદેશ કરવાનું માંડી વાળો

પ્રથમ પોતાના આત્માને જ ઉપદેશ કરવો, જે પોતે પ્રતિબોધ પામ્યા વિના બીજાને પ્રતિબોધ કરે છે, તે કેવલ નાટકીયાની જેમ નાટક કરી દેખાડનાર જ છે.

ચરણકરણાનુયોગને આશ્રયીને ગીતાર્થ ૩ પ્રકારે છે:

(૧) નિશીથ સૂત્રના જાણનાર - જઘન્ય ગીતાર્થ છે.

(૨) કલ્પવ્યવહાર સૂત્રના જાણનાર - મધ્યમ ગીતાર્થ છે.

(૩) દૃષ્ટિવાદ સૂત્રના જાણનાર - ઉત્કૃષ્ટ ગીતાર્થ છે.

વર્તમાનમાં 'ઠાણ સમવાઓ ધરે ગીયત્થે ।' મધ્યમ ગીતાર્થ છે.

દ્રવ્યાનુયોગને આશ્રયી તત્ત્વાર્થ સૂત્ર, સમ્મતિ પ્રકરણ વગેરેના સાધક 'પારંગત ગીતાર્થ' છે.

ગુરુ અને પદવીમાં કોણ વિશિષ્ટ?

ગુરુ - પદવીમાં વિશેષતા પદવીની છે, ગુરુતાની નહિ.

ગુરુ કરતાં પદવીની વિશેષતામાં નીચેના કારણો છે:

(a) ગુરુ થોડાં, જ્યારે પદવીઓ વિશેષ હોય છે.

(b) તીર્થંકરોની દેશના પદવીનથી છે, ગુરુતાનથી નહિ.

(c) કમલાવલ અને અનેકરણ - એ બંને સ્વભાવો પદવીમાં છે, ગુરુમાં અનેકરણ એક જ સ્વભાવ છે.

(d) ગુરુ કરતાં પદવીઓની જરૂર વારંવાર પડે છે.

(e) વ્યવહાર પણ પદવી ઉપર નિર્ભર છે.

વાસ્તવિક રીતે જુદાપણું ન હોય ત્યાં પણ વિવક્ષાવશ ભેદનયે જુદા જ કલ્પવામાં આવે છે. 'તૈલસ્ય ધારા |' કાલ્પનિક ભેદે જુદા પડેલાં ગુણમાં કોઈ સ્વતંત્ર શક્તિ નહિ, ગુણ એક પ્રકારે પર્યાય જ છે. ઉપચરિત પદાર્થોનો ઉપયોગ સમજવા પૂરતો જ હોય છે, વાસ્તવિક નહિ.

દિગંબરો ૯ નય અને ૩ ઉપનયોને માને છે.

ત્રણ ઉપનયો : (૧) સદ્ભૂત વ્યવહાર (૨) અસદ્ભૂત વ્યવહાર (3) ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર

(I) શુદ્ધ સદ્ભૂત વ્યવહાર : જીવ કેવળજ્ઞાન સ્વરૂપ.
અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર : જીવ મતિજ્ઞાન સ્વરૂપ.

(II) (૧) દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર :
જીવ એ પુદ્ગલ અથવા પુદ્ગલ એ જીવ.

(૨) ગુણમાં ગુણનો ઉપચાર :
પુદ્ગલનો ગુણ વર્ણ, જીવનો ગુણ લેશ્યા - પરિણતિ.

(૩) પર્યાયમાં પર્યાયનો ઉપચાર :
હાથી - ઘોડા વગેરેને પુદ્ગલ સ્કંધ કહેવા.

(૪) દ્રવ્યમાં ગુણનો ઉપચાર : હું કાળો, હું ઉજળો.

(૫) દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર : હું શરીર.

(૬) ગુણમાં દ્રવ્યનો : ઉજળો ઉજમશી - કાળો કાલીદાસ.

(૭) પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર : શરીર આત્મા છે.
(૮) ગુણમાં પર્યાયનો ઉપચાર : મતિજ્ઞાન શરીર છે.
(૯) પર્યાયમાં ગુણનો ઉપચાર : શરીર મતિજ્ઞાન છે.
દ્રવ્યમાં દ્રવ્ય (૧) - ગુણ (૪) - પર્યાય(૫)નો ઉપચાર.
ગુણમાં દ્રવ્ય (૬) - ગુણ (૨) - પર્યાય(૮)નો ઉપચાર.
પર્યાયમાં દ્રવ્ય (૭) - ગુણ (૯) - પર્યાય(૩)નો ઉપચાર.

અસદ્ભૂત વ્યવહાર : (1) સ્વજાતિ અસદ્ભૂત : પરમાણુ બહુપ્રદેશી. (2) વિજાતિ અસદ્ભૂત : મતિજ્ઞાન મૂર્ત છે.
ઇંદ્રિયો - વિષયો આત્મેક્ય સન્નિકર્ષ.
(3) સ્વજાતિ વિજાતિ અસદ્ભૂત : જીવાજીવવિષયક જ્ઞાન.
વિષયતા સંબંધ વ્યવહારનો નિયામક નહિ છતાં અહીં છે.
વિષયતા સંબંધ એ કાલ્પનિક છે.

અધ્યાત્મનય

- નિશ્ચય
  - શુદ્ધ
  - અશુદ્ધ
- વ્યવહાર
  - સદ્ભૂત
  - અસદ્ભૂત

- સદ્ભૂત
  - ઉપચરિત
  - અનુપચરિત
- અસદ્ભૂત
  - ઉપચરિત
  - અનુપચરિત

## નિશ્ચય અને વ્યવહારની મીમાંસા

જીવ કેવળજ્ઞાનસ્વરૂપ = શુદ્ધ નિશ્ચય.

જીવ મતિજ્ઞાનસ્વરૂપ = અશુદ્ધ નિશ્ચય.

જીવના કેવળજ્ઞાનાદિ ગુણો અનુપચરિત સદ્ભૂત વ્યવહાર.

જીવના મતિજ્ઞાનાદિ ગુણો ઉપચરિત સદ્ભૂત વ્યવહાર.

દા. ત.: દેવદત્તનું ધન = અસદ્ભૂત ઉપચરિત વ્યવહાર,

દેવદત્તનું શરીર = અસદ્ભૂત અનુપચરિત વ્યવહાર.

## ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર

સ્વજાતિ ઉપચરિત અસદ્ભૂત = પુત્રાદિ મારા છે.

વિજાતિ ઉપચરિત અસદ્ભૂત = વસ્ત્રાદિ મારા છે.

સ્વજાતિ ઉપચરિત અસદ્ભૂત = નગરાદિ મારા છે.

## દ્રવ્ય - ગુણ અને પર્યાયના લક્ષણ

દ્રવ્ય - દ્રવણ અને પર્યાયગમન લક્ષણવાળું છે.

ગુણ - ગુણન અર્થાત્ અન્યને ભિન્નકરણ લક્ષણ છે.

પર્યાય - પરિગમન સર્વતોવ્યાપ્તિ લક્ષણયુક્ત છે.

દ્રવ્ય = શક્તિસ્વરૂપ, ગુણ + પર્યાય = વ્યક્તિસ્વરૂપ.

દ્રવ્યમાં સહભાવ રહેતાં ગુણ છે અને ક્રમભાવ રહેતાં પર્યાય છે. ગુણ + પર્યાયમાં કોઈ ભેદક તત્ત્વ જો હોય તો સહભાવિપણું અને ક્રમભાવિપણું છે.

કમલાદિત્યની જેમ એકને અનેક કરવું, એ પણ પર્યાયનું સ્વરૂપ છે. અનેક કરવાપણું એ પર્યાયનું અતિવ્યાપ્તિ આદિ દોષથી રહિત શુદ્ધ સ્વરૂપ છે.

एकतरपक्षपातिनी वृत्तिः विनिगमना । અર્થાત્ઃ એક - બાજુનો પક્ષપાત કરનારી વૃત્તિને 'વિનિગમના' કહેવાય.

परिगमणं पज्जाओ अणेगकरणं गुणत्ति एगट्ठा
तह वि न गुणत्ति भणइ, पज्जव णय देसणा जम्हा ।

પરિગમન, પર્યાય, અનેકકરણ, ગુણ - ચારે સમાનાર્થી હોવા છતાં ગુણ ન કહેવાય, કેમકે પર્યાયનયની દેશના છે. પરમાર્થથી ગુણ એ પર્યાયથી કોઈ જુદો પદાર્થ નથી, તેથી દ્રવ્યની જેમ શક્તિસ્વરૂપ નથી, વ્યક્તિસ્વરૂપ છે. મતિજ્ઞાન વગેરે આત્મામાં રહે છે, જ્ઞાનમાં રહેતાં નથી. શ્વેતાદિ પુદ્ગલમાં રહે છે પણ તે રૂપમાં રહેતાં નથી.

જે જેમાં રહે, તે તેના 'પર્યાય' કહેવાય છે,
એટલે ગુણના કોઈ પર્યાય છે જ નહિ અને
તેને અર્થાત્ પર્યાયને આધારે ગુણ જેવી અન્ય બાજુ કોઈ જુદી સ્વતંત્ર વસ્તુ પણ નથી. પર્યાય-વિશેષને જ 'ગુણ' તરીકે ઓળખાવવામાં આવે છે, કિન્તુ કાલ્પનિક ભેદથી તેને ભિન્ન ગણાવવામાં આવે છે.

## શુક્લ ધ્યાનનો પ્રથમ પાયો એટલે...

આત્મદ્રવ્ય - ગુણ - પર્યાય ભેદની ચિંતવના અને
તેના અભેદની ચિંતવના એ બન્ને પાયો છે.

શુદ્ધ દ્રવ્ય - ગુણ - પર્યાયની ભાવનાથી
સિદ્ધ સમાપત્તિરૂપ શુક્લ ધ્યાનનું ફળ પ્રાપ્ત થાય છે.

0 વિપર્યય ભાવોનું અનાદિપણું હોવા છતાં પણ
નિરૂપદ્રવ ભૂતાર્થ સ્વભાવનો બાધ થતો નથી,
કારણકે બુદ્ધિ તે ભૂતાર્થ સ્વભાવની પક્ષપાતિની છે.
યથાર્થ વસ્તુ ભણી ગમન કરવું, એ બુદ્ધિનો સ્વભાવ છે.
જ્યાં સુધી તે તત્ત્વને પ્રાપ્ત થતી નથી, ત્યાં સુધી તે
અનવસ્થિત રહી છતી ભ્રમણ કરે છે, કિન્તુ જ્યારે
તેને તત્ત્વની પ્રાપ્તિ થાય છે, ત્યારે તે અધિક બુદ્ધિ
તત્ત્વના સંસ્કારોને દૃઢપણે ધારણ કરતી રહે છે.

વિસદૃશ પ્રત્યયની આવૃત્તિ એ મનની ચંચળતા છે,
વિષયોમાં રાગનો ભાવ એ મનની મલિનતા છે.
ચંચળતા અભ્યાસથી મટે - મલિનતા વૈરાગ્યથી જાય.

0 ભવિતવ્યતા રૂપી મહારાણીની
આજ્ઞાનું ઉલ્લંઘન કદી કોઈથી પણ થઈ શકતું નથી.

0 આપેલા આપણા અને રાખેલા પારકા.

## પંચ પરમેષ્ઠિ શું શું મિટાવનાર છે?

(1) અરિહંત = મદ અને મોહ મિટાવનાર.

(2) સિદ્ધ = દૈન્ય અને લોભ મિટાવનાર.

(3) સૂરિ = અનાચાર અને માયા મિટાવનાર.

(4) ઉપાધ્યાય = અજ્ઞાન - અહંકાર - માન મિટાવનાર.

(5) સાધુ = અનાથતા - ક્રોધ - તિરસ્કાર મિટાવનાર છે.

પરને વિષે મન તે ચિન્તાસ્વરૂપ હોય અને
આત્માને વિષે મન તે સમાધિસ્વરૂપ હોય.

સ્વાત્મારામ સમાધિઃ । કહ્યા ગુણીનું લક્ષ્ય સ્વાત્માની રતિરૂપ નિર્વિકલ્પ સમાધિ - એકાગ્રતાનો પરિણામ.

o આપણી તૃષાને છિપાવવા માટે જેમ અનુક્રમે જળ, દૂધ અને અમૃતનું પાન કરીએ છીએ, તેમ વિષયતૃષા નિવારક દર્શન પણ 3 પ્રકારનું છે:

વ્યાપારના ભેદથી એક જ્ઞાન ત્રિરૂપ સમજવું.

વિષય પ્રતિભાસ વ્યાપારે જ્ઞાન,

આત્મપરિણામ વ્યાપારે તે જ સમ્યક્ત્વ અને

આશ્રવને રોકવાથી તત્ત્વજ્ઞાન વ્યાપારે તે જ ચારિત્ર.

o

Contented mind is the greatest blessing a man can enjoy in this world.

## ॥ ॐ अर्हं ॥ Surrender ॥ ॐ अर्हं ॥

I have completely surrendered myself to Nāmskar; it always takes care of me.

આતમ અરપણ વસ્તુ વિચારતાં ભરમ ટળે મતિદોષ,
પરમ પદારથ સંપત્તિ સંપજે, આનંદઘન રસ પોષ:

આનંદઘનના આ વાક્યનો મારા ઉપર ખૂબ પ્રભાવ છે.

આત્માર્પણ કરનારને સત્ય માર્ગ દેખાયા સિવાય રહેતો જ નથી. ભલેને પછી એ માટે સમય લાગે!

'નમો' એટલે...

સન્માન - શ્રદ્ધા - ભક્તિ - બહુમાન - અનુમોદના - પ્રમોદ - સમર્પણ - સર્વ સમર્પણ - બિનશરતી સમર્પણ.

सम् = एकीभावेन (એકતા), अर्ह = गमनम् । (જવું).

स्वयं स्थापयसि तत्त्वं, मार्गं दर्शयसि स्वयं ।
स्वयं च त्रायसे विश्वं, त्वत्तो नाथामि नाथ! किम् ॥

અર્થાત: હે પ્રભુ! તમે જાતે જ તત્ત્વ બતાવો છો,
જાતે જ માર્ગ બતાવો જાતે જ વિશ્વનું રક્ષણ કરો છો,
તો હું તમારી પાસે શું માંગુ?

સજ્જનનું મસ્તક કદી ન ઝૂકે, દુર્જનો કદી ઝૂકતાં હોતાં જ નથી, તેઓ માત્ર કંચનના ભારમાં ઝૂકે છે.

निर्देश द्वारकुं वर्णन ॐ दि.ला.गा. २५०९, पृष्ठ ५४९

शब्दनी शक्ति शामां?

(१) नैगमनय : लोक व्यवहारमां तत्पर छे.

लोक व्यवहार प्रायः जे प्रकारे थाय :

अर्हद्दर्शनानुगत लोकोत्तररूप नथी.

लौकिक - लोकोत्तरमां निर्देश्यवशात् वचन व्यवहार.

षड्जीवनिका, आचारांग, आवश्यक आदि निर्देशकवशात्.

जिनप्रवचन, भद्रबाहुसंहितादि इतरलोकमां निर्दिष्टवशात्.

वासवदत्ता, तरंगवती इत्यादि निर्देशकवशात्.

मनुअकूपाद इत्यादि के 'घट' शब्द घटनो शब्द पण कर्तव्य अने बोलनार देवदत्तनो शब्द पण कर्तव्य छे.

नैगमनयना मते उभय अविरुद्ध छे.

(२) संग्रह व्यवहारनय : आ नय वाच्यवश वचन माने छे. जेमके 'प्रदीप' नाम प्रकाश्य वस्तुने आश्रीने पड्युं छे. प्रकाश्य वस्तु न होय तो कोनी अपेक्षाए प्रदीप कर्तव्य? अथवा वचन ए वाच्य वस्तुनो पर्याय छे. वाच्य अर्थनी प्रतीतिनुं कारण छे, माटे घटना रूपादि घटनी प्रतीति करावे छे, तेम जेम घटना धर्म कर्तव्य छे, तेम वचन वाच्यार्थनी प्रतीतिनुं कारण छे, माटे वाच्यनो पर्याय छे.

પર્યાય પર્યાયીને આચ્છન્ન હોવાથી નિર્દેશ્યવશાત્ નિર્દેશ છે. વચનનું મૂળ વિજ્ઞાન છે. વચન ઉચ્ચારણ થવા છતાં વાચ્યનું જ્ઞાન ન થાય, તો તે કંઠઓષ્ઠશોષ ફળવાળું જ માત્ર બને. જો એમ કહો કે વાચ્યથી ભિન્ન વક્તા રૂપી અર્થનું જ્ઞાન કરાવશે, તો વાચ્ય અર્થથી ભિન્ન વક્તાની જેમ સર્વ અર્થનું જ્ઞાન કરાવો અથવા કોઈપણ અર્થનું જ્ઞાન ન કરાવો, અતત્પર્યાય છો, માટે અતત્પર્યાય સર્વત્ર સમાન છે. 'વચન દ્વારા વક્તાની પ્રતીતિ થાય જ છે' જો એમ કહેશો, તો બન્ને દોષ અભિધેયનો સંકટ થશે.

વાચ્યથી ભિન્નમાં પ્રત્યય સ્વાકારવાથી વક્તા દ્વારા નહિ કહેવાયેલા ખરોષ્ટ્ર કંબલાદિ બધા પદાર્થોનો તથા અભિધેય ઘટાદિ સાથે વક્તાદિ અન્ય પદાર્થોનું મિશ્રણ એક જ પ્રતીતિમાં એક સાથે સર્વ વસ્તુઓના આકારનું સંક્રમણ થશે અને તેમ કદિ થતું તો નથી. એક વચન વડે પ્રતિનિયત ઘટાદિ એક જ આકારનું સંવેદન થાય છે, તેથી વચન એ અભિધેયનો પર્યાય છે, કેમકે તે અભિધેયની જ પ્રતીતિ કરાવે છે, માટે.

<u>ઋજુસૂત્રનો મત</u>: વચન એ વક્તાનો પર્યાય હોવાથી તે વક્તાને આચ્છન્ન છે, વિજ્ઞાનની જેમ.

વચન એ વક્તાનો પર્યાય હોવામાં ત્રણ હેતુઓ:

(૧) વચન એ વક્તાનું સ્વરૂપ છે - મનની જેમ.

(૨) વચન એ વક્તાનો પર્યાય છે - ઘટરૂપની જેમ.

(3) વચન એ વક્તાને આધીન છે - સ્વધનની જેમ.

તથા બીજો પણ હેતુ છે. સારા કે ખોટાં વચન દ્વારા અનુગ્રહ અને ઉપઘાત વક્તાને જ થાય છે, એમ જો ન માનવામાં આવે, તો અકૃતાભ્યાગમ દોષ આવે. ઈષ્ટાનિષ્ટ વચન વડે તસ્કરાદિને અનુગ્રહ - ઉપઘાત થાય, તેનું કારણ માત્ર વચન નથી, તસ્કરની શ્રવણેન્દ્રિય, મન, પુણ્ય-પાપાદિ હેતુઓ છે. કેવળ વચનથી અનુગ્રહોપઘાત માનીએ, તો શ્રોત્રાદિ ઈંદ્રિયોથી વિકલસ્થાણુ આદિને પણ વચનમાત્રથી અનુગ્રહ - ઉપઘાત થવો જોઈએ.

વચન એ વક્તાનો પર્યાય છે.

શરીરની જેમ સ્વર - રૂપાદિ નામકર્મોદયજન્ય છે માટે. તેથી વચન એ આલિંગ્યનો નહીં, આલિંગાતાનો ધર્મ છે. આકાશ પણ વચન વડે કહેવાય છે. આલિંગ્યનો ધર્મ માનીએ, તો દેવદત્ત આદિની જેમ વચનનો આશ્રય બની જવાથી આકાશ પણ ભાષારૂપ જ બની જશે. 'વચન એ ભાષારૂપ આલિંગ્યનો ધર્મ છે' એમ માનનારને પણ એક પ્રશ્ન થાય છે કે:

વચન એ ભાવની સાથે સંબંધ પામીને પછી ભાવને પ્રકાશે છે કે સંબંધ પામ્યા વિના જ તે પ્રકાશે છે?

જો સંબંધ પામીને ભાવને પ્રકાશે છે,

તો શબ્દ સમય વડે ભાષાદિ ભેદે સ્પર્શાય છે.

ત્રિભુવનવ્યાપી શબ્દાદિ તદ્ગત સમસ્ત પદાર્થને પ્રકાશો.

જો દીપકની જેમ અસંબંધને પ્રકાશે છે,

તો પણ સર્વને પ્રકાશો. અસંબદ્ધપણું સર્વત્ર સરખું છે. અસંબદ્ધ વસ્તુને વચન ન પ્રકાશે, પરન્તુ વિજ્ઞાન જ પ્રકાશિત કરી શકે. પ્રદીપની જેમ વચન પણ વચનાદિ આત્મલાભ પામે છે, એ દૃષ્ટાંત પણ એકદેશીય જ છે. વચનનાં નિમિત્ત વચનાદિ - વક્તા બંને છે. વક્તા એ આભ્યંતર - અંતરંગ - પ્રત્યાસન્ન નિમિત્ત છે, માટે પ્રધાન છે અને વાચ્ય એ બાહ્ય તથા દૂરનો હેતુ છે, માટે ગૌણ છે.

## શબ્દાદિ નયોનો મત

નિર્દેશ્ય અને નિર્દેશકનું સમાન લિંગ છે. નિર્દેશ્ય પદાર્થને વિષે ઉપયુક્ત, તદર્પિત અંતઃકરણ નિર્દેષ્ટા નિર્દેશ્યથી તથા વાચ્યને વિષે ઉપયુક્ત વક્તા વાચ્યથી અભિન્ન છે.

'સ્ત્રી ઉપયોગથી યુક્ત પુરુષ પણ સ્ત્રી છે,'

તેમ ન માનીએ તો તે સ્ત્રી ઉપયોગવાળો ન ઇત્યાદિ.

સ્ત્રી ઉપયોગવાળો પુંસ્તવેદ સર્વ પ્રકારે વિરુદ્ધ છે. સ્ત્રી વિજ્ઞાનવાળો પણ સ્ત્રી ઉપયોગયુક્ત હોવા છતાં સ્ત્રી નહિ પણ પુરુષ કે નપુંસક માનીએ, તો ખર વિષાણની જેમ તે પદાર્થ જગતમાં છે જ નહિ. સ્ત્રી પદાર્થમાં જો ઉપયોગરહિતપણે 'સ્ત્રી' શબ્દ બોલે તો તે અનુપયુક્ત - ભાવી ઉપયોગશૂન્ય હોવાથી ઘટાદિની જેમ અથવા ઉપયોગપૂર્વકત્વનો અભાવ હોવાથી ઉન્મત્તાદિના વચનની જેમ અસત્યની ઇત્યાદ. વિદ્વાનોનું એમ માનવું છે કે: ઉપયોગપૂર્વક નિશ્ચય કરીને બોલવું, તે જ 'નિર્દેશ' ઇત્યાદ.

'અચિત્ત આત્મા', 'અશબ્દ શબ્દ' - તેની જેમ 'અનુપયુક્ત વક્તા' એ પણ શબ્દનયના મતે અવસ્તુ છે.

બે પ્રકારના અર્થ: વિજ્ઞાન અને પરિણતિ.

નિર્દેશ્ય - નિર્દેશક ઉભયવશાત્ નિર્દેશ થાય છે,
તો પણ શુદ્ધ નયો કેવળ ભાવને માને છે,
કિન્તુ વક્તાની પરિણતિને નહિ.

'શબ્દનય' એટલે શબ્દથી જ અર્થના ભાવને માને તે.
શબ્દ ભાવનું કારણ, કારણ દ્રવ્યરૂપ, દ્રવ્ય ભાવશૂન્ય.
શબ્દનય સંકેત દ્વારા જ શબ્દ - અર્થને પ્રકાશે છે,
ત્યાં 'ક્ષયોપશમની શું જરૂર છે?' એમ ન કહેવું.

જડ મતિવાળાને ક્ષયોપશમના અભાવે વિષય પદોવાળા વાક્યોને વિષે સંકેત ગ્રહણ હતો નહિ અને કેટલાકને સંકેત થવા છતાં અર્થનો અર્થબોધ હતો નહિ.

શબ્દનય ભાવગ્રાહી છે, માટે 'શબ્દપ્રધાન એ શબ્દનય' એ અર્થ બરાબર નહિ જ. શબ્દનય જ્ઞાનપ્રધાન છે, માત્ર એ જ્ઞાન શબ્દથી કહેલું હોવું જોઈએ.

સંગ્રહ વ્યવહાર અભિધેયવશ શબ્દને નિર્દેશ માને છે પણ ઉપયોગને નહિ અને ઋજુસૂત્ર નિર્દેશકવશાત્ શબ્દને માને છે પણ ઉપયુક્ત નિર્દેશકને નહિ.

શબ્દનય અભિધેય - અભિધાયકના ઉપયોગને જ નિર્દેશ માને છે, એ સંગ્રહ - વ્યવહાર તથા ઋજુસૂત્રની સાથે શબ્દનયનો ભેદ છે. સૌ નયો પરિમિત વિષયોવાળા છે. અન્યોન્ય નિરપેક્ષ એકાંશગ્રાહી છે, માટે મિથ્યા છે તથા અપ્રમાણ છે. તે જ નયો સમુદિત યા પરસ્પર સાપેક્ષ સંપૂર્ણ વસ્તુગ્રાહી હોવાથી પ્રમાણ છે, તે જ જૈનમત છે. જૈનમત શબ્દના બાહ્ય - અભ્યંતર ઉભય નિમિત્તોનો સંગ્રહ કરનાર છે. બાહ્ય નિમિત્તો ઘટ-પટ-શકટ આદિ શબ્દાંતર નિમિત્તો, સ્વર - નામ - કર્મોદય - તાલ્વાદિ કરણોનો તથા પ્રયત્નાદિ નિર્દેશનાં નિમિત્તો - અન્ય સામગ્રીનો સ્વીકાર કરનાર જૈનમત પ્રમાણ છે.

કેટલાકને સંકેત વિના જ અર્થબોધ થાય છે,
ત્યાં ક્ષયોપશમની પટુતાને કારણ કહેવું જોઈએ.

<u>વા.ક્ષ ઘટાદિ અર્થ શબ્દનાં નિમિત્ત કેવા રીતે</u>?

વાચ્ય-વાચક સંબંધ વડે કર્મક્ષયોપશમ સવ્યપેક્ષ શબ્દ - અર્થનો વાચક છે. ક્ષયોપશમ સંકેતાદિ સાપેક્ષ છે, પ્રદીપ ચક્ષુસાપેક્ષ પ્રકાશક છે, તેમ શબ્દ અર્થપ્રકાશક છે, ક્ષયોપશમસાપેક્ષ. કર્મ ક્ષયોપશમાદિ સામગ્રી સવ્યપેક્ષ છે, શબ્દ વાચક છે, અર્થ વાચ્ય છે. એ રીતે શબ્દ અને અર્થનો વાચ્ય તથા વાચક લક્ષણ સંબંધ જાણવો.

० स्वप्ने दृष्टो मयाद्य त्रिभुवनहितः पार्श्वनाथः शिशुत्वे
द्वात्रिंशद्भिः सुरेन्द्रैरहमहमिकया स्नाप्यमानः सुमेरौ ।
तस्माद्मत्तोऽपि धन्यं नरजनुरिदं येन साक्षात् स दृष्टो,
दृष्टव्यो यो महीयान् परिहरति भयं देहिनां संस्मृतोऽपि ॥

(જ્ઞાનપદ પાઠાંતર)

इत्यादिस्वप्नानुभूत-सुस्वरागलिङ्गहर्षं तथा
ॐकाराभ्यसनं विचित्रकरणैः प्राणस्य वायोर्जयात्
तेजश्चिन्तनमात्मकायकमले शून्याम्बरालम्बनम्
त्यक्त्वा सर्वमिदं कलेवरगतं चिन्ता मनोविभ्रमं
तत्त्वं पश्यत जल्पकल्पनकलातीतं स्वभावस्थितम् ॥

(પરિશિષ્ટ-૧૮)

## સાધ્વનગારની વાચનાના વિષયો

(૧) સાધુઓમાં પારસ્પરિક વાત્સલ્યભાવ.
(૨) સાધુઓના ખાન-પાનમાં નિયમિતતાનું મહત્ત્વ.
(૩) છ વિગઈમાંથી શક્ય એટલી વિગઈનો ત્યાગ કરવો.
(૪) વૃદ્ધ, ગ્લાન ઉપરાંત તપસ્વી સાધુની સેવા કરવી.
(૫) સાધુપણા માટે ફળો વાપરવાની વર્જનીયતાનું મહત્ત્વ.
(૬) વ્યાખ્યાનમાં મંડનાત્મક શૈલી - પ્રસંગે જ ખંડનાત્મક.
(૭) સ્વાધ્યાય તથા મુહપત્તિના ઉપયોગની આવશ્યકતા.

∘

વિવિધ નયો = View points.
Nayas = approach & observation.
નૈગમ = Figurative or
The way of pantoscopic observation.
સંગ્રહ = common - general or
The synthetic approach & observation.
Distributive = વ્યવહારનય.
Present condition = ઋજુસૂત્રનય.
Descriptive = શબ્દનય.
Usage - specific = સમભિરૂઢનય.
Active = એવંભૂતનય.

સત્ અને અસત્ પર્યાયના સ્વરૂપમાં...

(૧) પ્રયોજનવશ પરસ્પર ભેદ ન માની બંનેને વસ્તુનું સ્વરૂપ માનવું, તે નૈગમનય છે.

(૨) સત્‌ના અંતર્ભેદોમાં ભેદ ન ગણાવો, તે સંગ્રહનય છે.

(૩) સત્‌માં અંતર્ભેદો માનવા, તે વ્યવહારનય છે.

નૈગમ = ભૂતકાળની પર્યાયમાં વર્તમાનવત્ સંકલ્પ કરે અથવા ભવિષ્યની પર્યાયમાં વર્તમાનવત્ સંકલ્પ કરે તથા પર્યાયમાં કિંચિત્ નિષ્પન્ન અને કિંચિત્ અનિષ્પન્ન -રૂપ સંકલ્પ કરે, તે જ્ઞાનને 'નૈગમનય' કહેવાય છે.

સંગ્રહ = સમસ્ત વસ્તુઓને - સમસ્ત પર્યાયોને સંગ્રહે, જેમકે : સત્, દ્રવ્ય ઇત્યાદિ.

વ્યવહાર = સંગ્રહિત પદાર્થોને ભેદે તે, જેમકે : બે પ્રકારે, જીવ ૧૪ - અજીવ ૫ પ્રકારે ઇત્યાદિ.

ઋજુસૂત્ર = વર્તમાન પર્યાય માત્રને જે ગ્રહણ કરે તે.

શબ્દનય = વસ્તુને જે લિંગ વગેરે ભેદથી જાણે તે.

સમભિરૂઢ = જુદા જુદા અર્થોને ઉલ્લંઘી એક અર્થને રૂઢિથી ગ્રહણ કરે, જેમકે : ગાય. અથવા પર્યાયના ભેદથી અર્થને ભેદરૂપ ગ્રહણ કરે, જેમકે ઇંદ્ર - પુરંદર - શક્ર.

એવંભૂત = શબ્દના ક્રિયારૂપ અર્થને ગ્રહણ કરે, જેમકે પૂજારી પૂજા કરે, ત્યારે પૂજારી માને, અન્ય સમયે નહિ.

નથી એ તેમ પદાર્થ સંબંધી અધ્યવસાય વિશેષો છે.
અહીં એક પ્રશ્ન થાય કે: એક જ પદાર્થને વિષે ભિન્ન ભિન્ન અધ્યવસાયો ઉપજતા હોવાથી વિરોધ નહિ આવે?

ઉત્તર છે: નહિ આવે.

જેમકે: સર્વ વસ્તુ એક છે = સત્ત્વાત્ ।

સર્વ વસ્તુ બે છે = જીવાજીવાત્મકત્વાત્ ।

સર્વ વસ્તુ ત્રણ છે = દ્રવ્ય - ગુણ - પર્યાયિત્વાત્ ।

સર્વ વસ્તુ ચાર છે = ચાર દર્શનનો વિષય છે, માટે.

સર્વ વસ્તુ પાંચ છે = પંચાસ્તિકાયાત્ ।

સર્વ વસ્તુ છ પ્રકારે છે = ષટ્ દ્રવ્યાત્ ।

જેમ આમાં વિરોધ નથી, તેમ નયવાદમાં છે.
અથવા મતિજ્ઞાનાદિ પાંચ જ્ઞાનો વડે ધર્માસ્તિકાયાદિને અધિક અધિક વિશેષો વડે જાણતા તેમાં વિરોધ નથી.
અથવા પ્રત્યક્ષાદિ ચાર પ્રમાણ વડે એક જ વસ્તુને પોતપોતાના વિષયાનુસાર જાણતાં તેમાં વિરોધ નથી.
અભિપ્રાયો બે રીતે પ્રવર્તે છે: અર્થ અને શબ્દ દ્વારા.
અર્થ બે પ્રકારના છે: સામાન્યરૂપ અને વિશેષરૂપ.
શબ્દ બે પ્રકારે: રૂઢિથી પ્રવર્તનારા, વ્યુત્પત્તિથી પ્રવર્તનારા.
વ્યુત્પત્તિ બે પ્રકારની: સામાન્ય નિમિત્તપ્રયુક્ત, તત્કાલ.

## લાદિ નિમિત્તપ્રવૃત્ત

તેમાં જેટલાં અર્થ નિરૂપણમાં તત્પર અભિપ્રાયો છે,
તે પ્રથમ ચાર નયોમાં અંતર્ભૂત થાય છે.
નૈગમ ઉભયને ઇચ્છે તથા સંગ્રહ કેવળ સામાન્યને ઇચ્છે.
શાસ્ત્રીય સામાન્ય-વિશેષની અપેક્ષા વિના કેવળ લૌકિક
વ્યવહાર આવતાં ઘટપટાદિ પદાર્થોને ઇચ્છે, તે વ્યવહારનય.
કેવળ ક્ષણક્ષયિ પરમાણુ લક્ષણ સ્વલક્ષણને ઇચ્છનાર
ઋજુસૂત્રનય છે. શબ્દનય રૂઢિથી શબ્દોની પ્રવૃત્તિને તથા
સમભિરૂઢ વ્યુત્પત્તિથી શબ્દોની પ્રવૃત્તિને ઇચ્છે છે. કેવળ
વર્તમાનકાલ લાદિ વ્યુત્પત્તિ નિમિત્તને ઉદ્દેશીને જ
શબ્દોની પ્રવૃત્તિને જે ઇચ્છે, તે એવંભૂતનય છે.

એ રીતે સાત નયોને સર્વ અભિપ્રાયોનો
સંગ્રહ કરનાર તરીકે માનવામાં આવેલાં છે.

### કયો નય કોના અભિપ્રાયે - અનુસારે છે ?

ન્યાય અને વૈશેષિક - નૈગમના અભિપ્રાયે છે.
અદ્વૈત અને સાંખ્ય - સંગ્રહના અભિપ્રાયે છે.
ચાર્વાક - વ્યવહારને તથા બૌદ્ધ - ઋજુસૂત્રના અનુસારે છે.
મીમાંસક - શબ્દનયના અનુસારે અને
વૈયાકરણ આદિ સમભિરૂઢ - એવંભૂતથી પ્રવર્તેલાં છે.

## વર્તમાન જૈન આગમનું પ્રમાણ

૪૫ આગમના મૂળ શ્લોક ૧ લાખ,
નિર્યુક્તિના શ્લોક ૫ હજાર, ભાષ્યના શ્લોક ૨૭ હજાર,
ચૂર્ણિઓના ૧ લાખ, ૩૦ હજાર. કુલ ૨ લાખ - ૬૨ હજાર.

### દરેક આગમની એક એક ટીકા લઈએ તો:

૩ લાખ ૨૫ હજાર એટલે પંચાંગીનું કુલ શ્લોક પ્રમાણ
૬ લાખ શ્લોક પ્રમાણ થવા જાય છે.

કલ્પસૂત્ર ઉપર નાની - મોટી ૩૦ ટીકાઓ છે.
ઉત્તરાધ્યયન ઉપર ૩૨ ટીકાઓ છે અને આચારાંગ,
ભગવતી, આવશ્યક, દશવૈકાલિક ઉપર બે બે તથા
ત્રણ ત્રણ ટીકાઓ છે. એ બધી ટીકાઓ, સંગ્રહણીઓ,
અવચૂર્ણિઓ વગેરે પંચાંગીને લગતું સંસ્કૃત તથા પ્રાકૃત
સાહિત્ય બધું મળીને ૧૨/૧૩ લાખ શ્લોક હાલ લગભગ છે.

### શ્રુતરક્ષણનો શ્રેષ્ઠ ઉપાય કયો?

બધું શ્રુત એકઠું કરીને વ્યવસ્થિત બનાવી, શુદ્ધ કરાવી
ઘણાં કાળ સુધી ટકે - એ રીતે રક્ષણ કરવું જોઈએ.
ભોંયરામાં પ્રવેશેલા ઠંડી કે ગરમી જલ્દી નીકળી ન શકે,
માટે લાકડાના કબાટો કે ડાબડાઓ, કાગળના ડબાઓમાં
સુરક્ષિત ગોઠવાય, એ શ્રુતરક્ષણનો શ્રેષ્ઠ ઉપાય છે.

'નાહ્ય પરમ ગુહ્ય જ્ઞાનનો, નાહ્ય ભવાબ્ધિ પોત;
મિથ્યામતિ તમ ભેદવા, જ્ઞાન મહાઉદ્યોત.'

તે ગુહ્યને પ્રગટ કરવાના પરમ સાધનરૂપ આગમરત્નોને ભણવા, ભણાવવા, સાચવવા, યોગ્ય રીતે લખવા, લખાવવા પ્રચારવાનો યથાશક્તિ ઉદ્યમ કરવો, એમાં સાફલ્ય છે.

## આત્માની નિત્યતા અને કર્તૃત્વ

બાલ્ય, યૌવન, વૃદ્ધાદિ અવસ્થાઓમાં એકરૂપતા અનુભવાય, તેમ દેવ, નારક, માનુષાદિ અવસ્થાઓમાં પણ સમજવું. વળી જ્ઞાન ભિન્ન ભિન્ન રૂપે ક્ષણિક છે. એ બધા જ જ્ઞાનોની ક્ષણિકતાનું જે ભાન કરે, તે પોતે ક્ષણિક હોય તો બધા જ જ્ઞાનોમાં પોતાનું ઓતપ્રોતપણું કેમ ભાસી શકે? 'સમ્મતિ તર્ક'ની આ ગંભીર દલીલ છે. રાગદ્વેષાદિ પરિણતિ વખતે આત્મા કર્મનો કર્તા છે, પરન્તુ શુદ્ધ સ્વરૂપમાં વર્તે, ત્યારે કર્મનો કર્તા નહિ, કિન્તુ સ્વરૂપનો કર્તા છે (જ્ઞાતા છે).

## મોક્ષનું અસ્તિત્વ

જો શુભાશુભ પ્રવૃત્તિનું ફળ કર્મ હોય,
તો એવા પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ - એ શું નિષ્ફળ?
નિવૃત્તિ પણ પ્રયત્નથી જ સાધ્ય છે, માટે...

પ્રવૃત્તિરૂપ પ્રવૃત્તિનાં ફળથી સાવ જુદું જ એવું ફળ નિવૃત્તિરૂપ પ્રવૃત્તિથી સાક્ષાત્કારનું જ રહ્યું, તે જ મોક્ષ છે.

## શાસ્ત્રોનું અંતિમ તાત્પર્ય શું?

અંતિમ તાત્પર્ય પામ્યા વિના શાસ્ત્રોનો કેવળ પાઠ કરવો, તે તો માત્ર અને માત્ર મતાર્થિતા જ પોષે છે. જીવોની ગતિ - આગતિના પ્રકારો, કર્મભેદના ભાંગાઓ વગેરેના વર્ણનો એ શાસ્ત્રનું અંતિમ તાત્પર્ય નથી.

અંતિમ તાત્પર્ય તો રાગ-દ્વેષ-કષાય વગેરે સર્વ આંતર વૃત્તિઓનો વિલય નીપજાવવો, તે જ છે.

સુવિચારણા, આત્માર્થ દશા,
નિશ્ચય તથા વ્યવહારનો સંબંધ, બેનું અંતર,
સદ્વ્યવહારની સમજણ વગેરે શાસ્ત્રાભ્યાસનું ફળ છે.
તેની પુષ્ટિ અર્થે આત્માને લગતાં છ પદોનું વર્ણન છે.
અભેદ યોગાભ્યાસના દીક્ષા-પ્રયત્ન વડે અનુભવ શક્ય છે.

શુદ્ધ કાચ ઉપર સૂર્યના પ્રતિબિંબનું પરાવર્તન ચળકતાં પત્રા ઉપર અને બેનું પુનઃ પરાવર્તન ચૂનો દીધેલા ધોળા ભીંત ઉપર થાય છે, તેમ બ્રહ્મ અને પ્રત્યક્ ચૈતન્યનું પ્રતિબિંબ અનુક્રમે ઈશ્વર, હિરણ્યગર્ભ અને વિરાટ તથા પ્રાજ્ઞ, તૈજસ વિશ્વ ઉપર પડે છે.

ૐકારની ૪ માત્રા છે: અ, ઉ, મ્, અ.

'અ' નો વિશ્વ અને વિરાટ સાથે સંબંધ છે.

'ઉ' નો તૈજસ અને હિરણ્યગર્ભ સાથે સંબંધ છે.

'મ્' નો પ્રાજ્ઞ તથા ઈશ્વર સાથે સંબંધ છે.

'અ' નો પ્રત્યક્ ચૈતન્ય અને બ્રહ્મ સાથે સંબંધ છે.

આત્મા કેમ સચ્ચિદાનંદ કહેવાય છે?

એક જ આત્મા વિકૃતિરહિત છે - માટે સત્સ્વરૂપ,
એ જડથી વિલક્ષણ પ્રકાશરૂપ છે - માટે ચિત્સ્વરૂપ
અને એ દુઃખથી વિલક્ષણ સુખરૂપ પ્રીતિનો જ વિષય છે,
માટે આત્માને આનંદસ્વરૂપ કહેવાય છે.

સત્ = કોઈ કાળે તેની વિકૃતિ ન થાય તે.

ચિત્ = અલુપ્ત પ્રકાશ, નિત્ય જ્ઞાન તે ચિત્.

આનંદ = સુખ - તે ત્રણ ધર્મવાળો, તેથી સચ્ચિદાનંદ.

ૐકારના દશ નામ કહેવાય છે:

ॐकारं प्रणवं चैव सर्वव्यापिनमेव च
अनंतं च तथा तारं शुक्लं वैद्युतकं तथा
तुरीयं परमं हंसं दशनामानि-चोच्यते ।


(૧) ૐકાર (૨) પ્રણવ (૩) સર્વવ્યાપિ (૪) અનંત (૫) તાર
(૬) શુક્લ (૭) વૈદ્યુતક (૮) તુરીય (૯) પરમ (૧૦) હંસ.

ૐ = અવ ધાતુ એટલે રક્ષણ કરનાર (સંસારસાગરથી).
ૐ = પુનરાગમન નિવારનાર - મોક્ષ આપનાર મંત્ર છે.
ૐનો અર્થ ધ્રુવ એટલે કે જેનો કદી નાશ ન થાય એવો પણ કરેલો છે. એવા ધ્રુવ અવિચલ તે પરમાત્મા જ છે,
તેને 'ઉદ્‌ગીથ' અને 'પ્રણવ' પણ કહે છે.

ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોની જેમ નવકાર પણ શાશ્વત છે. તીર્થંકરોની ધર્મદેશનાની જેમ એના ઉપકાર અનંત છે. જગતમાં કોઈપણ એવું પાપ નથી, જેનો પ્રતિકાર તેના આશ્રયથી અશક્ય હોય. નવકારના અક્ષરો સાક્ષાત્ જ અક્ષરમય દેવતાઓ જ છે. એનો આશ્રય લેનાર, એનું વિધિપૂર્વક સ્મરણ કે શ્રવણ કરનાર સર્વદા સુરક્ષિત છે. આ નમસ્કાર મંત્રનો પ્રભાવ નિશ્ચિત સંખ્યા સુધી ઉચ્ચારણ કરવાથી પ્રાપ્ત થાય છે. એક વાતની જરૂર રહે છે કે મન પ્રવૃત્તિપથી મંત્રના અક્ષરો ઉપર સતતપણે
એકાગ્ર રહે - તલ્લીન રહે.

આધ્યાત્મિક શક્તિનો નિવાસ ચંચલ ચિત્તમાં છે,
શિવનો નિવાસ શાંત અને સ્થિર ચિત્તમાં છે.
જેનું ચિત્ત શાંત અને સ્થિર છે,
તે આ જ શરીરમાં મુક્તિ પ્રાપ્ત કરી શકે છે.

મંત્ર ત્યારે જ સિદ્ધ થાય, જ્યારે તેનો માનસિક જપ દિવ્યધ્વનિની સાથે સુષુમ્ણાના માર્ગમાં કરવામાં આવે છે.







## મંત્રોના પલ્લવ

નમઃ = શાંતિ માટે - વિનય.

સ્વાહા = પુષ્ટિ માટે - પરોપકાર.

વષટ્ = અનિષ્ટનું નિવારણ.

હું = શત્રુનાશ, વૌષટ્ = શત્રુપરાજય.

ફટ્ = શત્રુ પ્રત્યે શસ્ત્રપ્રયોગ.

ભ્રમણનો vertical angle તે ત્રિકોણ છે.

ઊર્ધ્વમુખી ત્રિકોણ = અગ્નિતત્ત્વ.

અધોમુખી ત્રિકોણ = જલતત્ત્વ.

ચતુરસ્ર = expand = પૃથ્વીતત્ત્વ.

વર્તુલ = Rotation = વાયુતત્ત્વ.

બિન્દુ = penetration = આકાશતત્ત્વ.

પૃથ્વી - પાર્થિવ ભાગ = અસ્થિ - માંસાદિ કઠિન ભાગ.

જલીય ભાગ = શુક્ર - શોણિતાદિ દ્રવ ભાગ.

તૈજસ ભાગ = ભૂખ - તરસ - ઉષ્ણત્વાદિ.

વાયવ્ય ભાગ = શ્વાસ - પ્રશ્વાસાદિ.

આકાશીય ભાગ = શરીરગત છિદ્રાદિ.

પૃથ્વીનો લય જલમાં, જલનો લય તેજમાં, તેજનો લય વાયુમાં, વાયુનો લય આકાશમાં, આકાશનો લય માયામાં, માયાનો લય બ્રહ્મમાં, બ્રહ્મનો લય આત્મામાં.

આત્મરૂપ બ્રહ્મમાંથી અનુક્રમે આકાશાદિ અને સ્વદેહાદિની ઉત્પત્તિ સમજવાથી સર્વદેહાદિપ્રપંચ બ્રહ્મરૂપ બની જાય છે.

આત્માના ૧૦ સ્વરૂપ : (1) નિત્ય (2) શુદ્ધ (3) બુદ્ધ (4) મુક્ત (5) સ્વપ્રકાશ (6) ચૈતન્ય (7) આનંદ (8) સ્વયંજ્યોત (9) આનંદસ્વરૂપ (10) બ્રહ્મ.

શરીર સ્વયં ભગવતી શક્તિનું યંત્ર છે.
માનવદેહ સ્વયં સૂક્ષ્મ જગત છે,
બ્રહ્માંડના બધા જ તત્ત્વો સૂક્ષ્મરૂપથી તેમાં વિદ્યમાન છે.
ધ્યાન વડે બાહ્યજગતથી આંતરજગતમાં પ્રવેશ અર્થાત્
શક્તિનું નીચી દશામાંથી ઊંચી દશામાં જવું થાય છે.
ધ્યાનવિધિમાં સ્થિરતા આવે એ તરફ વિશેષ લક્ષ્ય જરૂરી.
સ્થિરતા માટે વાતાવરણ વિક્ષેપક ન હોય અને તે તરફનું
ઇષ્ટસાધનતાભાન રહેતું હોય તો સહજ બની શકે છે.
અવિઘ્ન કાર્યસિદ્ધિ માટે વિઘ્નો દૂર કરવા અનિવાર્ય છે.
શરીરમાં ધીરે-ધીરે લાંબે ગાળે મેળવેલી પુષ્ટિ અગર
તાકાત એક રોગનો હુમલો ખેંચી જાય છે અને વળી
પાછી એકડેએકથી શરૂઆત કરવી પડે છે. આવતો પ્રસંગ
રોગ છે. જેમાંથી ઉત્પન્ન થયેલ અરસપરસના માઠાં
સંબંધો વ્યાપક દૃષ્ટિએ કડવા બની જવા સંભવ છે. ત્રીજું
શલ્ય મરણનું નિવારણ કરવા લક્ષ્ય રાખવું જરૂરી છે.
મનોવિજ્ઞાન, શરીરશાસ્ત્ર, શબ્દબ્રહ્માદિ તથા મંત્ર, તંત્ર,
યંત્ર આદિ સકલ શાસ્ત્રો અનેકાન્તના જ અંશો છે.
તપસ - ધ્યાન બધું સૂક્ષ્મ શરીરમાં થાય છે, જે ચર્મ
ચક્ષુઓથી દેખાતાં નથી, ધ્યાનાદિ સૂક્ષ્મ શરીરથી દેખાય છે.

સ્થૂલધ્યાન is the meditation on
the form and colour.
સૂક્ષ્મધ્યાન is the meditation on મંત્ર.
પરાધ્યાન is the meditation on
the sense or meaning.

## <u>કુંડલિની યોગ</u>

જીવો બ્રહ્મૈવ નાપરઃ। જે બ્રહ્માંડમાં છે, તે પિંડમાં છે.
કુંડલિની શક્તિ જે બ્રહ્માંડમાં છે, તે જ પિંડમાં છે.
તે શક્તિ શરીરમાં જ્યારે જાગ્રત થાય,
ત્યારે દેહના સઘળાં ત્યાજ્ય પદાર્થો ઉપરાંત
કફ-પિત્ત વગેરે સર્વે દોષો નષ્ટ થાય છે.
કુંડલિની શક્તિ દેહમાં જ્યારે ઉર્ધ્વગામી થાય,
ત્યારે દેહના હલનચલનાદિ વ્યાપારો બંધ થઈ જાય છે
અને સહસ્રારમાં સ્થિત શિવ સાથે શિવત્વ ગ્રહણ કરે છે.
જે સાધનાથી પ્રાણશક્તિ, કુંડલિની શક્તિ, મનની વૃત્તિ
વગેરે લય થાય છે, તે સાધનાને 'લયયોગ' કહેવાય છે.
<u>કુંડલિની યોગમાં નીચેના સાત અંગો આવે છે</u>:
યમ-નિયમાદિ અષ્ટાંગ સાધન, ધૃતિ, શોધન, સ્થિરતા,
ધૈર્ય, લાઘવ તથા પ્રત્યક્ષ (નિર્વિકલ્પ સમાધિ).

કુંડલિની યોગમાં ષટ્ચક્રોના જ્ઞાન - માહિતીની જરૂર છે.
કુંડલિનું ઉત્થાન થાય, ત્યારે ઉપરના ચક્રો પ્રકાશિત
થાય છે, જે મેરુદંડમાં સુષુમ્ણા નાડીની અંદર વજ્રિણા,
ચિત્રિણા તથા બ્રહ્મ નાડીની સાથે લાગેલા છે.
સુષુમ્ણા નાડી કાલભક્ષક અથવા કાલવેધક છે.
આ શક્તિનું ઉત્થાન બે પ્રકારે: હઠ અને ભાવનાયોગથી.
મહામંત્રયોગથી શુક્લ પક્ષમાં અજપા ભાવના કરવી કે:
આ શક્તિ મૂલાધારથી ઉઠી સહસ્રાર સુધી ગતિમાન છે.
કૃષ્ણ પક્ષમાં એવી ભાવના કરવી કે: કુંડલિની શક્તિ
સહસ્રારચક્રથી ગતિમાન થઈને મૂલાધાર ચક્રમાં આવી છે.
કુંડલિનીઉત્થાન માટે પ્રયાસ નહીં, માત્ર ભાવના જ કરવી.
ભાવનાથી, ઇષ્ટદેવના પ્રસાદથી અને
ગુરુકૃપાથી કુંડલિનીયોગ સિદ્ધ થાય. કુંડલિની જાગ્રત
કરવાની પ્રક્રિયા કેવળ ગુરુપ્રસાદથી જ સિદ્ધ થાય છે.
કુંડલિનીનું જ્યારે વિદ્યુત રૂપ થાય છે, ત્યારે પ્રકાશનો
સાક્ષાત્કાર થાય છે. શક્તિનું રૂપ ગૌર છે. જ્યારે તે
મનના રૂપમાં વ્યક્ત થાય, ત્યારે લાલ થઈ જાય છે,
તે ઇચ્છા અને ક્રિયા - રજોગુણનું દ્યોતક છે.
આ રક્ત રૂપના ધ્યાનનું નામ 'જ્વાલા' છે.

# લોગસ્સ સૂત્રનો ગૂઢાર્થ

ગાથા (૧): જ્યોતિર્મયી કુંડલિની જાગ્રત કરી સ્વદેહને ઉદ્યોત કરનારા તેજ:પુંજો, ધર્માસ્તિકાય પ્રવર્તિત ષટ્ચક્રોમાં વિચરી તેઓને ભેદનારા વિજેતાઓ, કેવલીઓ ચોવીસે અરિહંતો (દેવાધિદેવો)નું હું નામસ્મરણ કરીશ.

ગાથા (૨): વચનાતિશય વડે ધર્મરૂપી તીર્થને પ્રવર્તનારાઓ, અપાયાપગમ અતિશય દ્વારા અંતરંગ તથા બહિરંગ શત્રુના વિજેતાઓ, પૂજાતિશયથી ત્રૈલોક્યપૂજ્ય દેવાધિદેવો, જ્ઞાનાતિશય વડે કેવલજ્ઞાન પ્રાપ્ત કરનારાઓ, એવા સમગ્ર લોકપ્રકાશક તેજ:પુંજોનું હું નામસ્મરણ કરીશ.

## કીર્તન - વંદન - પ્રણિપાત

લોગસ્સ ઉજ્જોઅગરં, ધમ્મતિત્થયરં, જિણં, અરિહંતં,
કેવલિં ઉસભં વન્દે, અજિઅં વન્દે, સંભવં વન્દે,
અભિનંદનં વન્દે, સુમઇં વન્દે, પઉમપ્પહં વન્દે,
સુપાસં વન્દે, ચંદપ્પહં વન્દે ઇત્યાદિને (૧) પ્રણિપાત (૨) સકલીકરણ, ચક્રન્યાસ, અંતર્ન્યાસ (૩) પાંસઠીયો યંત્ર - અનાનુપૂર્વી (૪) ધ્યાન : આ પ્રમાણે અનેક રીતે મેં તેઓને સ્તવ્યા છે કે જેઓએ રજોગુણ - તમોગુણને ખંખેરી નાંખ્યા છે અને જરા - મરણ લાવનાર કાળને

નાશ કરનાર પરાક્રમી વિજેતાઓ છે, તે ચોવીસે ય
મારા ઉપર પ્રસન્ન થાઓ - મારી કુંડલિની જાગ્રત કરો.
વિહુયરયમલા - અરિહંતો, પહીણજરમરણા - કેવલીઓ,
જિણવરા તથા તિત્થયરા, ૪ વિશેષણો દ્વારા આપ્યા છે.
પસીયંતુ - સંનિધિકરણ સાધ્યા, પછી આ શ્લોક બોલાય.

મન - વચન - કાયાથી મેં તેઓને સ્તવ્યા છે,
જે જેઓએ દેહની કુંડલિની સિદ્ધ કરી છે,
તેઓ મને કુંડલિની મજબૂત સંપૂર્ણ આરોગ્ય,
તેના માર્ગનો બોધિલાભ, તેમ જ મહોત્તમ સમાધિ આપો.

લોગસ્સ ઉત્તમા = ઉદ્ધૃતં તમઃ યસ્યાઃ સા ઉત્તમા - કુંડલિની.
ચંદેસુ નિમ્મલયરા (વૈરાગ્ય), આઇચ્ચેસુ અહિયં... (જ્ઞાન),
સાગરવરગંભીરા (આત્મરમણ), સિદ્ધા સિદ્ધિ મમ દિસંતુ.
કુંડલિની જેણે સિદ્ધ કરી છે, તેવા કુંડલિની જાગ્રત
થવાથી આરોગ્ય, બોધિલાભ, આધ્યાત્મિક બલ જોઈએ,
તે શાંતિ - આ શ્લોક ફલશ્રુતિનો છે. અનેક અનેક
ચંદ્રોથી વધારે નિર્મલ તે સિદ્ધ પુરુષોના તેજઃપુંજો છે,
અનેક આદિત્યોથી વધારે પ્રકાશ આપનારા છે અને
સ્વયંભૂરમણ મહાસાગરથી વધારે ગંભીર અને શાંત છે,
નિષ્પ્રકંપ છે, તેઓ સૌ મને કુંડલિનીની જાગ્રતિ આપો.

## સ્તવિતરક્ષ - સંનિધિતરક્ષ

એવા રીતે મારા વડે સઘળી રીતે સ્તવાયેલા, કર્મરૂપી કચરાથી મુક્ત અરિહંતો, ફરી ફરી અવતાર નહિ લેનારા કેવલીઓ, જિનવરો તથા ચોવીસેય તીર્થંકરોનું મારી સાથે સંનિધિતરક્ષ થાઓ, મારા ઉપર પ્રસન્ન થાઓ.

पार्श्वः साक्षात् परब्रह्म आत्मपार्श्वे हृदि स्थितः ।
पार्श्व एव महामंत्रः परमो विश्वतारकः ॥

સહિતિ: પાર્શ્વનાથ ભગવાન સાક્ષાત્ પરબ્રહ્મ છે, આત્માની પાસે હૃદયમાં રહેલાં છે. 'પાર્શ્વ' એ જ વિશ્વતારક પરમમંત્ર છે.

### ફલશ્રુતિ

જેઓએ દેહની કુંડલિની સાધી હતી અને જેઓને મેં મન - વચન - કાયાથી સ્તવ્યા છે, તેઓ મારી કુંડલિની જાગ્રત થવાથી જે આરોગ્ય, લાભ અને સમાધિ સાંપડવા જોઈએ, તે પ્રાપ્ત કરાવો.

अश्रद्दधानः पापात्मा नास्तिकोऽच्छिन्नसंशयः ।
हेतुनिष्ठश्च पञ्चैते न पूजाफलभागिनः ॥१॥

સહિતિ: અશ્રદ્ધાળુ, પાપી, નાસ્તિક, શંકા દૂર ન કરી હોય એવો અને કુતર્ક ઉપર આધાર રાખનારો - આ પાંચ ફળના ભાગી થતાં નથી.

## ધ્યાન

ચંદ્રનાડી (ઈડા) ચાલે, ત્યારે ચંદ્ર કરતાં વધારે સૌમ્ય અને નિર્મળ જણાતાં, વળી સૂર્યનાડી (પિંગળા) ચાલે, ત્યારે સૂર્યથી પણ વધારે પ્રકાશ આપનારા અને વળી સુષુમ્ણા નાડી ચાલે, ત્યારે સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં પણ વધારે શાંત એવા જ્યોતિપુંજો, જે સર્વ સિદ્ધ થયાં છે, તેઓ મને સિદ્ધિ આપો.

પ્રત્યેક સદ્વિચારને આકાર આપવા પ્રકૃતિ મથી રહી છે, આપણે તો માત્ર તેને અનુકૂળ થવાનું છે.

विषयभेदेन फलभेदोपपत्तेर्बब्बूल-
कल्पपादपादौ प्रतीतमेतत् । અર્થાત્:
વિષયભેદે ફળનો ભેદ ઘટે જ છે,
બાવળ અને કલ્પવૃક્ષમાં આ વસ્તુનો અનુભવ છે જ.

## જ્ઞાન અને વૃત્તિ

બુદ્ધિને કેળવવાની સાથે વૃત્તિને કેળવવાની જરૂર છે. સદાચરણનું જ્ઞાન અને સદાચરણની વૃત્તિ - એ બે જુદી વસ્તુ છે.

o

જ્ઞાનરવિ વૈરાગ્ય જસ, હિરદે ચંદ્ર સમાન,
તાસ નિકટ કોં કિમ રહે, મિથ્યાતમ દુઃખખાન?

अदृष्टविग्रहो देवो भावग्राह्यो मनोमयः ।
तस्योंकारः स्मृतो नाम तेनाहूतः प्रसीदति ॥ અર્થ:

ભગવાન અદૃશ્ય શરીરવાળા, ભાવથી ગ્રહણ કરવા યોગ્ય અને મનોમય છે. તેમનું નામ ૐકાર છે અને તેથી જ્યારે તે નામથી બોલાવાય છે, ત્યારે પ્રસન્ન થાય છે.

## પાંચ તત્ત્વો

૧ કલાકમાં એટલે કે ૨॥ ઘડીમાં પાંચે તત્ત્વ ફરે છે. તેથી સૂર્યમાંથી ચંદ્રમાં અને ચંદ્રમાંથી સૂર્યમાં જાય છે.

૧ ઘડી = ૬૦ પળ અને ૪ મિનિટ = ૧૦ પળ.

(૧) ૪ મિનિટ સુધી આકાશતત્ત્વ શ્યામ રંગ છે.
આકાશ - શૂન્ય આંગળનું જોર.

(૨) ૮ મિનિટ સુધી વાયુતત્ત્વ લીલો રંગ છે.
વાયુ - ૮ આંગળનું જોર.

(૩) ૧૨ મિનિટ સુધી અગ્નિતત્ત્વ લાલ રંગ છે.
અગ્નિ - ૪ આંગળનું જોર.

(૪) ૧૬ મિનિટ સુધી પૃથ્વીતત્ત્વ પીળો રંગ છે.
પૃથ્વી - ૧૨ આંગળનું જોર.

(૫) ૨૦ મિનિટ સુધી જળતત્ત્વ શ્વેત રંગ છે.
જળ - ૧૬ આંગળનું જોર.

## સોળ કડી કેરા પંચતત્ત્વની સમજ

સમરન સોઽહં કા સોઽહં કા, જહાં બજે અનાહત ડંકા;
આસન બાંધા સુરતા સાધા, ચતુર્દલ ચિત્ત લાયા;
મૂલાધાર પૃથ્વી રંગ પીલા, દેવ ગણપતિરાયા.
સમરન સોઽહં કા સોઽહં કા ...(૧)
અક્ષર ચાર વિચારો ઇનમેં, વં શં ષં સં વર્ણા;
ષટશત અજપા જપતે, ઇન કું અર્પણ કરના. ...(૨)
ઉત્પત્ ધારા ષટદલ સારા, શ્વેત રંગ જલ જાના;
ચતુરાનન કી જ્યોત જગાઈ, ષટ હજાર દિયા દાના ...(૩)
ષટદલ મેં ષટઅક્ષર દરશા, બં ભં મં કા વાસા,
યં રં લં કું લખો લક્ષમેં, અલખ ત્યાં તે ખાસા... (૪)
નાભિ સરોજ દશદલ શોભા, તેજ તત્ત્વ કા તાપા;
લાલ રંગમેં લક્ષ્મી નાયક, ષટ હજાર જ્યાં જપા...(૫)
ડં ઢં ણં ત્યાં અક્ષર દરસા, તં થં દં ધં વાસા;
નં પં ફં કું ફિર કર દેખા, કરા કરમ કા પાસા ...(૬)
હૃદય વિચારા દ્વાદશ આરા, શિવશક્તિ કા ડારા;
નીલ રંગ મારૂત તે માંહી, ઝગમગ જ્યોતિ અપારા...(૭)
ષટ હજાર ત્યાં જપ અરપના, કં ખં ગં ઘં વરણા;
ઙં ચં છં જં જહાં નિવાસા, ઝં ઞં ટં ઠં ઠરણા. ...(૮)

કંઠે કંજ ષોડશ રંગ, પત્ર કહ્યા પરમાના;

શ્યામ રંગ આકાશ તત્ત્વ કા, જવલજ્યોતિ કા ધ્યાના...(૯)

સોહં જાપ ત્યાં જંપે અજંપા, ષોડશ વરન વિચારા;

अं आं इं ईं ઉં ઊં ઋં ૠં, ઌં ૡં એં ઐં આરા...(૧૦)

ओं औं अं अः ઇન કે માંહી, એ સ્વર ષટ્દશ કહાવે;

ઇન ધ્યાન ધરે નર જોઈ, સો ભવજલ મેં નાવે...(૧૧)

ભ્રુકુટિ ચક્ર કે દલ પત્રે, વર્ણ નિરમલ રંગા;

હં ક્ષં અક્ષર રટે નિરંતર, ચિદ્શક્તિ કે સંગા...(૧૨)

સોહં જાપ ત્યાં કરે નિવેદન, પરમ તુરી પદ ત્યાંહી;

ભજે અનહદ નાદ નિરંતર, અમૃત ઝરસે જ્યાંહી...(૧૩)

બ્રહ્મરંધ્ર કા ભેદ અપારા, દલ હજાર ત્યાં દરસે;

સોહંજાપ ત્યાં જપે જુગતસે, પરમ જ્યોતિ કું સ્પર્શે...(૧૪)

સબ અક્ષર અસંખ્ય રટે ત્યાં, અકલ અનોપમ રંગા;

કોટિ કિરન શશિતેજ કહાવે, પરમ પુરુષ કે સંગા...(૧૫)

ઉન કે આગે લક્ષ અલૌકિક, સદ્ગુરુ ભેદ બતાવે;

છોટમ શ્રી ગુરુદેવ પ્રતાપે, અચલ અભય પદ પાવે...(૧૬)

०

गुरवो बहवस्सन्ति शिष्यवित्तापहारकाः ।

विरलागुरवस्ते ये शिष्यसंतापहारकाः ॥ (પરિશિષ્ટ-૧૯)

# ષટ્ચક્ર, પંચતત્ત્વ અને અન્ય વિગત

| | ષટ્ચક્ર | દલ | વર્ણ | તત્ત્વ |
|---|---|---|---|---|
| ડાકિની | મૂલાધાર | ૪ | વં શં ષં સં | પૃથ્વી |
| રાકિની | સ્વાધિષ્ઠાન | ૬ | બં ભં મં યં રં લં | જલ |
| લાકિની | મણિપૂરક | ૧૦ | ડં ઢં ણં તં થં દં ધં નં પં ફં | અગ્નિ |
| કાકિની | અનાહત | ૧૨ | કં ખં ગં ઘં ઙં ચં | વાયુ |
| | | | છં જં ઝં ઞં ટં ઠં | આકાશ |
| શાકિની | વિશુદ્ધ | ૧૬ | અં થી અઃ સુધી | |
| હાકિની | આજ્ઞા | ૨ | હં તથા ક્ષં | |
| યાકિની | સહસ્રદલ (સહસ્રાર) | ૫૦ | પ્રત્યેક સ્વર તથા વ્યંજન ૨૦-૨૦ વાર | conti... |

| આકાર | બીજ | વાહન | સ્થાન |
|---|---|---|---|
| ચતુષ્કોણ | લં | હસ્તી | ગુદા-લિંગનો મધ્યભાગ |
| ઁ | વં | મકર | લિંગસ્થાનની સન્મુખ |
| ત્રિકોણ | રં | મેષ | નાભિસ્થાનની સન્મુખ |
| ષટ્કોણ | યં | મૃગ | હૃદયસ્થાનની સન્મુખ |
| | હં | હસ્તી | કંઠસ્થાનની સન્મુખ |
| | ૐ | નાદ | ભ્રૂમધ્યની સન્મુખ |
| | | | મેરુદંડની ઉપરનો ભાગ. |

મનોજયં અને મનને શાન્ત કરવાના ઉપાયોમાં

સર્વ પ્રથમ મનને સ્થૂળતા પમાડનાર ૮ સાધનો

(૧) અનાત્મ વસ્તુઓમાં આત્મભાવ

(૨) સ્થૂળ શરીરમાં આસ્થા (૩) કુંટુબ પરિવારથી મમતા

(૪) જરા - મૃત્યુનો ભય (૫) સંસારથી સુખની આસ્થા

(૬) ત્યાગગ્રહણની પ્રવૃત્તિ (૭) ભોગતૃષ્ણા અને ભોગ

(૮) મારા - તારાંપણાની બુદ્ધિ.

મનને સૂક્ષ્મ બનાવનાર ૪ સાધનો

(૧) ભોગોમાં સુખની કલ્પનાનો ત્યાગ (૨) સાંસારિક સૌ વાસનાઓનો ત્યાગ (૩) મનની કલ્પિતતા તથા આત્માની સત્યતા ઉપર વારંવાર વિચાર (૪) પરમ શુદ્ધ આત્મ-તત્ત્વની તરફ મનને જોડવું, ચિન્મયભાવમાં સ્થિરતા.

મનને શાન્ત કરવાના ૧૦ ઉપાય

(૧) 'તત્ત્વજ્ઞાન' સૌથી સરલ છે.

સત્યનું જ્ઞાન થવાથી અસત્યજનિત ભય - કંપ - ક્લેશ આદિનો નાશ તથા મનના અસત્યત્વનું ભાન થાય છે.

(૨) સંકલ્પ ત્યાગ : 'સંકલ્પ' એ મનનું બંધન છે અને સંકલ્પનો અભાવ એ મનની મુક્તિ છે.

વસ્તુઓમાં ઈષ્ટાનિષ્ટત્વ બુદ્ધિ એ 'સંકલ્પ' છે.

(૩) 'ભોગોથી વિરક્તિ': વિષયોથી વિરક્ત બનેલું મન સૂક્ષ્મ થઈને આત્મભાવને પામે છે.

(૪) 'વાસનાત્યાગ': મનનું અસલી સ્વરૂપ વાસના છે. વાસના એટલે ઇચ્છા અને મન પર્યાયવાચી શબ્દ છે.

<u>વાસનાત્યાગની સરલ યુક્તિ એ છે કે:</u>

પહેલાં તામસી વાસનાઓ છોડી શુદ્ધ ઉત્પન્ન કરવી. દેહ - લોક - શાસ્ત્રવાસના ઇત્યાદિ તામસી વાસના છે અને મૈત્રી આદિ શુભ અને શુદ્ધ વાસનાઓ છે. શુદ્ધ વાસનાનુસાર વ્યવહાર કરતાં કરતાં તેને ય છોડીને એક ચિન્માત્ર અવસ્થાની વાસના જ મનમાં દૃઢ કરવી.

દીપકથી અંધકાર જાય તથા પ્રકાશ થાય,
એ રીતે પરમાર્થના જ્ઞાનથી વાસના સમૂળ નાશ પામે છે.

(૫) 'અહંભાવનો નાશ': સંસારરૂપી ઇન્દ્રજાળની આવી રચનામાં વળી રાગ - દ્વેષ શા?

(૬) 'સંગનો અભાવ': સંગરહિત પુરુષ કર્મોના ત્યાગમાં, કર્મોમાં કે કર્મોના ફળોમાં અનુરક્ત હોતો નથી.

(૭) 'કર્તૃત્વભાવનો ત્યાગ': અગ્નિ અને ઉષ્ણતાની જેમ મન તથા કર્મોની એકતા છે. એકના નાશમાં બંનેનો નાશ. કર્મનું બીજ એ અજ્ઞાનજનિત આત્માનો સંકલ્પ છે.

(૮) 'સર્વ ત્યાગ': સર્વ ત્યાગ કર્યો તેણે સમજવો કે જેણે મોતીમાં સુતરની જેમ પોતાની અંદર જ રહેવાવાળી અહીં કાળની જ્ઞાનભાન જોઈ, જેણે બુદ્ધિ વડે સર્વ શંકા, સર્વ ઇચ્છા અને સર્વ વિષયોનો ત્યાગ કર્યો છે, તે મહાત્યાગી છે. ત્યાગ = દુઃખાંત કરનાર ભિન્નમહિમા છે.
(૯) 'સમાધિનો અભ્યાસ': સમાધિ ચૂપચાપ રહેવામાં નથી. સર્વ આશાઓરૂપ વૃત્તિને લક્ષ્ય કરવાવાળી તત્ત્વજ્ઞાન રૂપી અગ્નિનું નામ સમાધિ છે. જેમાં ચિત્ત નિત્યતૃપ્ત, સ્થિર, વિષયો પ્રત્યે કોઈપણ પ્રકારની તૃષ્ણારહિત રહે.
(૧૦) 'લયક્રિયા': દેહ, ઇંદ્રિય, મન, બુદ્ધિ, ચિત્ત આદિ તત્ત્વોને તેના કારણ તત્ત્વોમાં લીન કરવા, તે લયક્રિયા. ચિત્તવૃત્તિની નિવૃત્તિ કરતાં એ માર્ગ ઘણો સહેલો છે. અભ્યાસ શું કરવું, તે પોતાની મેળે સમજાય છે અને વર્તમાન અભ્યાસનો માર્ગ ભૂલતો કરીને આપે છે.

## સમત્વ સાધવાના ૪ ઉપાય

(૧) જ્ઞાનતંતુના ઉશ્કેરાટ વખતે આરામ કરવો.
(૨) વાસનાશરીરના ઉપદ્રવો વખતે આઠ પ્રકારના કર્મના ગૂઢ નિયમોનું ચિન્તવન કરવું અને વિવેક જાળવવો.
(૩) શરીરને નડતી મુશ્કેલીઓ અને પ્રતિકૂળતા વખતે

સમત્વને જ નિજ બનાવી લેવાનો નુસખો સમજાવવો.

(૪) સુખ તથા દુઃખના પ્રત્યેક પલટા વખતે શરીર, મન, બુદ્ધિ, અહંકાર વગેરે પ્રકૃતિધર્મોથી અલગ આત્મસ્વરૂપનું અને તેના અવિનાશીતાનું સ્મરણ કરવું.

ભક્તિસાક્ષાત્કારનું કારણ શું છે?

તે શબ્દ નહિ પણ શમ - દમાદિ વડે સંસ્કૃત મન છે.

સુખ વખતે ભગવાનની દયા માનવી અને
દુઃખ વખતે ભગવાનની કૃપા છે, એમ માનવું.
ભગવાનનું નામ સર્વ પાપનો નાશ કરનાર છે.

'ભગવાનને જાણીને પછી જ માનું' એમ કહેનારે દરેક વ્યક્તિને પૂરેપૂરી જાણ્યાં પછી જ તેને માનવાનો નિયમ કરવો જોઈએ, તેમ પણ ચિત્તની શુદ્ધિ થશે, ભગવાન ઓળખાશે અને ઓળખ્યા પછી ભગવાન પર વિશ્વાસ થશે.

સુખ - દુઃખમાં સાધનબુદ્ધિ કરીને એનો ઉપયોગ
સુખ વખતે ઉદાર અને દુઃખ વખતે
વધારે વિરક્ત થવાનો પ્રયાસ કરવો, એ અનિવાર્ય છે.
સુખ-દુઃખ આમ જીવનવ્યવહારમાં સાધનરૂપ બની શકે.

બહારથી દુઃખના કારણોમાં વ્યક્તિ -
કર્મ કે ભગવાન, સ્વજનવિયોગ, ધનનાશ, અપમાન છે,

કિન્તુ અંદરથી જો જોઈએ તો દુઃખના કારણો અનુક્રમે
પોતાના જ દોષ, સ્વભાવ, લોભ તથા માન છે.
બહારથી જે વસ્તુ પોતાની, અંદરથી તે પરાયી છે.
એ જ રીતે સુંદર - અસુંદર, સુખદાયી - દુઃખદાયી,
ભયાનક - મનોહર અને કુશલ - અકુશલ છે.
વળી બહારથી જે વિશ્વ, તે અંદરથી વિશ્વાધાર છે.
એ જ રીતે દ્વન્દ્વ - નિર્દ્વન્દ્વ, વિનાશી - અવિનાશી,
સત્ય - અસત્ય, અસત્ય - સત્ય તથા
બહારથી જે ભોગ, તે અંદરથી રોગ છે.
ભગવાન ઉપર અવિશ્વાસ એ મોટું પાપ છે.
એ પાપનો પણ નાશ ભગવાનના નામથી જ થાય છે.
મહાવીર ભગવાનના પરમ શ્રાવક મહાશતકે
૧૧ પ્રતિમા વહન કરી હતી. તેની સ્ત્રી વિષયાસક્ત -
માંસ - મદિરાની ભક્ત તથા પતિને ઉપસર્ગ કરનારી.
અવધિજ્ઞાની શતકે યથાર્થ વાણીથી રેવતીને કહ્યું કે:
'પાપિષ્ઠા ! તું નરકે જનારી છો.' પ્રભુએ આ સત્ય પણ
કઠોર વચન બોલનાર મહાશતકને પ્રાયશ્ચિત લેવા કહ્યું.
પરને પીડાકારક સાચું પણ બોલવાથી પાપ લાગે છે.
ભગવાને મોક્ષ માટે પ્રથમ સમત્વ સાધવાનું કહ્યું છે.

## તપ એ શાંતિનો છડીદાર

અગ્નિ જેમ એક પણ દિશા કે ખૂણાને છોડતો નથી, તેમ તપ મનુષ્યના જીવનની એક પણ દિશા કે ખૂણો છોડતો નથી. જ્યાં જ્યાં નકામો કચરો - મલિન દ્રવ્ય જોએ - નકામા કે હાનિકારક ટેવરૂપ આડખીલ હોય, ત્યાં પહોંચી જઈ એને બાળી સફાચટ કરે, ત્યારે જ તેને શાંતિ થાય છે. સઘળાં કચરાને બાળી તપ શાન્ત-આદેશ થાય, પછી એ મનુષ્યમાં સંપૂર્ણ શાંતિ પ્રકટે છે.

પ્રતિમા પૂજનનો મોટો ફાયદો એ છે કે...

પૂજક પ્રતિમાને પરમાત્માનું પ્રતીક માને છે અને

માનસિક પૂજનનો મોટો ગેરલાભ તે છે કે...

પૂજક માનસિક આકૃતિને સાક્ષાત પરમાત્મા માને છે. એ તેનો ભ્રમ છે. બાહ્યઆકૃતિ એ પરમાત્મા નથી, પરન્તુ પરમાત્માની સ્થાપના છે, તેમ માનસ આકૃતિ પણ એક પ્રકારની સ્થાપના છે, ભાવપરમાત્મા નથી.

હિંસાની જડ મનુષ્યની સ્વાર્થવૃત્તિ ઉપરાંત ભોગવૃત્તિમાં અને મોહ - મમત્વની ભાવનામાં જ છે. તે વૃત્તિઓ અને વિષમ ભાવનાઓને પલટાવવાની રીત ક્રમે ક્રમે સ્વાર્થત્યાગ કરવાના પ્રયત્નમાં છે અને સ્વાર્થનો ત્યાગ કરવાનું કાર્ય દાનધર્મ વડે સધાય છે.

એક તત્ત્વનો અભ્યાસ ત્રણ રીતે થાય:

(૧) બ્રહ્મભાવના: વિચાર દ્વારા નિશ્ચય થવો જોઈએ કે સંસારમાં કેવળ એક અનંત આત્મતત્ત્વ છે. બાકી બધા પદાર્થ તેના જ નામ-રૂપ છે. મનને તેમાં જ તન્મય કરવા પ્રયત્ન કરવા જોઈએ. સતપ્રયત્ન વિના મન બ્રહ્માકાર થઈને વૃત્તિઓની ગતિ સ્વયં રોકાઈ જાય છે. એવો નિયમ છે: જે વિષયની દૃઢ ભાવના થાય, આત્મા તે વિષયમાં તદ્રૂપ બની જાય.

(૨) અભાવભાવના: આ ભાવનાનો અર્થ એ છે કે: બ્રહ્મથી અતિરિક્ત બીજો કોઈ પદાર્થ નથી, એમ વિચારવું.

(૩) કેવલભાવના: કેવળ એક આત્મતત્ત્વની સ્થિતિ કે જેમાં પોતાના દ્વૈતત્વ ભાવની પણ કલ્પના ન રહે.

એક દિવસનો અભ્યાસ પણ સફળ થતાં ચાર દિવસના અભ્યાસ જેટલું યાદ પડે છે, તેથી અભ્યાસની નિયમિતતાની તેટલી બધી જરૂર છે.

'જે થાય છે, તે સારા માટે થાય છે' અથવા 'જે થાય છે, તે કર્મના નિયમને અનુસરીને થાય છે.' આ વિચારના અભ્યાસથી મનની વિકળતા દૂર થાય છે તથા એ વિકળતા શૂન્યના આકાશમાં પલટાઈ જાય છે.

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૯)**

કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મ જે જૂએ છે, તે સંપૂર્ણ કર્મ કરનારો બુદ્ધિમાન મનુષ્યોમાં યોગ્ય છે. ૦ બ્રાહ્મણ (આત્મા) વડે બ્રહ્માગ્નિમાં 'બ્રહ્માર્પણ' એવું બ્રહ્મહવિ હોમાય છે, તેથી બ્રહ્મકર્મ સમાધિ વડે બ્રહ્મમાં જ જવાય છે.

- ગી. અ. શ્લો. ૧૮, ૨૪

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૧૦)**

પરને આશ્રિત ભાવોમાં કર્તાપણાના અભિમાનથી અજ્ઞાની જીવ કર્મથી બંધાય છે અને જ્ઞાનવાન લેપાતો નથી. (૧) ઈષ્ટ-અનિષ્ટ વસ્તુમાં રાગ-દ્વેષનો કર્તા આત્માના જ પૂણ્ય-પાપના કર્મનો કર્તા છે (એમ એક નય માને છે). (૨) તે નિમિત્તોએ લાવેલા કર્મના ઉપાદાન કર્મોમાં રાગ-દ્વેષાદિ આશયોને સર્જતો આત્મા વ્યાપારવાળો નથી અર્થાત્ 'નિમિત્તનો વાંક છે, આત્મા**નો નહીં', એમ એક નય માને છે. (૩) નૈગમ અને વ્યવહારનય કર્મના કર્તા તરીકે આત્માને કહે છે, કારણકે ફલપર્યંત આત્માનો વ્યાપાર દેખાય છે. (૪) - અધ્યાત્મસાર, અ. ૬, શ્લો. ૧૧૦-૧૧૩**

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૩૧)**

ત્યાર પછી તે દેવો શરીરથી બહારના ભાગમાં વિસ્તારેલા જે અસંખ્ય આત્મપ્રદેશો છે, તેની સાથે મનના પુદ્ગલોને અર્થાત્ મનરૂપે પરિણમેલા મનોવર્ગણા દ્રવ્યોને જગતમાં વિસ્તારીને, તે ક્ષેત્રમાં અવગાહીને રહેલો જે સૂક્ષ્મ પુદ્ગલોનો સમૂહ, તેને સારા રત્નમય પરિણમાવે છે. - ગૌતમીય કાવ્ય ટીકા

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૪૪)**

જ્ઞાની તપરક્ત હોય. ચારિત્રી ભાવનાયુકત હોય, જે અવસ્થાભેદની વિવિધ પ્રકારે કહી છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૪૮)**

માંસની પૂતળી જેવી કાયાવાળી, યંત્ર જેવા શરીર રૂપી પાંજરામાં રહેલી અને સ્નાયુ અને હાડકાની ગાંઠડી જેવી સ્ત્રીઓમાં સારૂં શું છે? (૧)

૦ સ્ત્રીઓ રૂપી દુઃખથી તરી શકાય એવી નદી જો વચ્ચે ન હોય, તો સંસારસમુદ્રનો પાર પામવા માટેની કેડી લાંબી નથી. (૧)

## પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૪૯)

વિદ્યા-વિનયયુક્ત બ્રાહ્મણમાં, ગાયમાં, હાથીમાં, કૂતરીમાં અને ચાંડાલમાં - પંડિત પુરૂષો સમદ્રષ્ટિવાળા હોય છે. તેઓએ અહીં જ સર્ગ યાને સંસાર જીતી લીધો છે, જેમનું મન સમતામાં સ્થિર છે, સમતાવાળો આત્મા નિર્દોષ છે, માટે તે બ્રહ્મમાં (આત્મામાં) રહેલો છે. - ગીતા, અ. ૫, શ્લો. ૧૮/૧૯

## પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૬૯)

બધા જીવોના હૃદયમાં હંમેશા પ્રભુ રહેલાં છે. જે જીવોનો દ્રોહ કરે છે, તે પરમાત્માનો જ પરાભવ કરે છે. ૦ જે શિલ્પની જેમ શાસ્ત્રને ભોગ માટે ભણે છે અને કહે છે તથા અનુષ્ઠાનનો પ્રયત્ન કરતો નથી, તે 'જ્ઞાનબંધુ' કહેવાય છે.

## પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૭૫)

ઈશ્વર અનંત શક્તિવાળા હોવાથી સ્વતંત્ર છે. અન્યની અપેક્ષાથી નહીં. સ્વેચ્છામાત્રથી સકલ જગતનું સર્જન કરે છે, રક્ષણ કરે છે, હણે છે.

## પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૭૯)

પિંડ, પદ, રૂપ તથા રૂપાતીત - આ ચારને જે સમ્યગ્ જાણે છે, તે 'ગુરૂ' કહેવાય છે. (૧) પિંડ = કુંડલિની, પદ (હંસ) = શક્તિ, રૂપ = બિંદુ અને રૂપાતીત નિરંજન જાણવું, રૂપાતીત ચિન્મય પણ છે. (૨) ૦ જ્ઞાનનો સદ્ભાવ અપાય છે, પશુવાસના ક્ષય થાય છે અને દાન તથા ક્ષયથી યુક્ત છે, માટે 'દીક્ષા' કહેવાય છે. (૧)

## પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૮૩)

સમાધિ વગરના, અત્યંત પાપી, વાક્યાર્થથી જ જ્ઞાન માનનારા, હંમેશા ઈચ્છા પ્રમાણે વર્તનારા જીવો નરકને પામે છે.

## પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૯૦)

અર્હં મંત્ર ત્રૈલોક્યપૂજ્ય હોવાથી જિનેશ્વરો અનંત દયાવાળા અને સમ્યગ્ રત્નત્રયવાળા છે, તેથી અર્હં એ સર્વજ્ઞનું બીજ છે. ૦ પ્રણવ = ૐ, અનાહત = અર્હંથી અદ્ભૂત એવા શ્રેષ્ઠ ત્રણ વર્ણમય મંત્ર (ૐ અર્હં)નું ધ્યાન મોક્ષસુખ માટે ધ્યાની પુરૂષોએ નાસાગ્રે નિત્ય ધ્યાન કરવું જોઈએ. (૧) આ અદ્ભૂત મંત્ર વડે ધ્યાનની અત્યંત શુદ્ધિ થાય છે.

સ્વાત્મામાં રહેલ આત્યન્તિક સુખ અને સિદ્ધ ભગવંતના આઠ ગુણો પ્રાપ્ત થાય છે. (૨) ૦ અતિશય સહિત જિનેશ્વર ભગવંતો, ગણધરો, દેવી આદિ અથવા મંત્ર વર્ણો ધ્યાન કરવા લાયક છે. સર્વત્ર ધ્યેય સાથે પ્રાણોનું ઐક્ય થાય, તે એકત્વ છે. (૧) ષટ્કોણ આકૃતિવાળા દેહમાં અક્ષરો તથા અંતઃકરણમાં તે તે વર્ણ (આકાર) કરીને તે સિદ્ધિપદનું ધ્યાન કરે છે. (૨) ૦ આ જગતમાં અરિહંતોની જેમ દ્રવ્યને ગુણ-પર્યાય, ઉત્પત્તિ, ધ્રુવ અને નાશયુક્ત જે જાણે છે, એવા તીર્થમાં થનારા, કુલથી શુદ્ધ, વ્રતમાં નિષ્ઠ, છત્રીસમાંથી ઘણા બધા ગુણોવાળા, જિનેશ્વર અને ગુરુના ભક્ત અને શિષ્ય એવા આચાર્ય ભગવંતો શાસન અને મંત્રરાજને યોગ્ય છે. ૦ જીવો પ્રત્યે દયા, વૈરાગ્ય, વિધિપૂર્વક ગુરૂપૂજન અને વિશુદ્ધ શીલવૃત્તિ એ પુણ્યાનુબંધી પુણ્ય છે. (૧) બીજાને દુઃખ ન દેવું, પરોપકાર કરવો અને સ્વચિત્તનું દમન કરવું, એ પુણ્યાનુબંધી પુણ્ય છે. (૨)

### પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૯૩)

જ્યારે ભક્તના હૃદયમાં અપ્રતીત, અનિરાકૃત, અભીપ્સિત સાધ્ય હોય છે, ત્યારે કામના નષ્ટ થાય જ છે, કારણકે તે ભક્તિ નિરોધરૂપ અને ત્યાગમયી હોય છે.

### પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૧૨)

હાથ ઉંચો કરીને હું રાડો પાડું છું પણ કોઈ મારૂં સાંભળતું નથી. ધર્મથી જ અર્થ અને કામ પ્રાપ્ત થાય છે, તો શા માટે ધર્મ કરતાં નથી?

### પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૨૧)

**ક્ષણે ક્ષણે અપૂર્વ જ્ઞાન-દર્શન-ચારિત્રના પર્યાયોથી યુક્ત હોય, તે ચિંતામણિ અને કલ્પવૃક્ષથી પણ અધિક નિરૂપમ સુખ પામે છે. ૦ અભેદ વાક્યો નિરતિશય આનંદસ્વરૂપ બ્રહ્મમાં અત્યંત** અનુરાગ સંપાદન કરવા અભેદ ઉપાસના બતાવનારા છે, 'અભેદ ભાવના વડે પ્રયત્ન કરવો' એવો અર્થ છે. ૦ અભેદ ભાવના યાને અભેદ ઉપાસના. વિજાતીય પ્રત્યય સિવાયનો સમાનાકાર પ્રત્યયનો ચિત્તનો પ્રવાહ, નિદિધ્યાસન જેનું બીજું નામ છે, એવી ઉપાસના તે 'અભેદ ઉપાસના' કહેવાય.

### પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૫૩)

દુર્જનોના મન-વચન-કાર્યમાં જૂદું જૂદું હોય, જ્યારે મહાત્માઓના મન-વચન-કાર્યમાં એક જ હોય છે. (૧) તુંડી તત્કાળ બુદ્ધિ હરી લે છે, વજ તત્કાળ બુદ્ધિ આપે છે.

સ્ત્રી તત્કાળ શકિત હરી લે છે, દૂધ તત્કાળ શકિત આપે છે. (૨) સ્ત્રી ઘીના ઘડા જેવી તથા પુરૂષ અંગારા જેવો છે. માટે જ્ઞાનીઓ ઘી અને આગને એક સાથે રાખતાં નથી. (૩) ભગ (યોનિ), ચામડાની કુંડી, દુર્ગંધ અને વ્રણ વડે દેવ-દાનવ-માનવ સહિતનું આખું જગત્ ખંડિત થયેલું છે. (૪)

**પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૫૬)**
જેને દેવ પ્રત્યે શ્રેષ્ઠ ભકિત છે તથા જેવી દેવ પ્રત્યે તેવી જ ગુરૂ પ્રત્યે પણ છે, તે મહાત્માને કહેલાં આ અર્થો સમજાય છે.

**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૫૭)**
શાસ્ત્ર સાંભળ્યા પછી, સ્મશાનમાં ગયા પછી અને મૈથુન સેવ્યા પછી જે બુદ્ધિ થાય છે અર્થાત્ વિચારો આવે છે, તે જો કાયમ રહે તો કોણ બંધનથી મુકત ન થાય?

**પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૮૩)**
'ચોસઠ ઈન્દ્રો દ્વારા 'હું પહેલો, હું પહેલો' એવી ભકિતપૂર્વક મેરૂપર્વત ઉપર સ્નાત્ર કરાતાં બાળપણામાં રહેલા પાર્શ્વનાથ ભગવાન આજે મેં સ્વપ્નમાં જોયા, તેથી મારા કરતાં પણ આ મારી બે આંખો ધન્ય છે, જેણે સંસ્મરણ કરવામાત્રથી પ્રાણીઓને ભયહર, જોવા-યોગ્યમાં મહાન એવા પરમાત્માને સાક્ષાત્ જોયા.' ઈત્યાદિ સ્વપ્નમાં અનુભવેલા સુખ અને રાગને બતાવતાં ચિહ્ન તરીકે હર્ષ તથા ૐકારનો અભ્યાસ કરવો, વિવિધ ક્રિયાઓ દ્વારા પ્રાણવાયુનો જય કરવાથી પોતાની કાયા રૂપી કમળમાં તેજનું ચિંતન કરવું, શૂન્ય આકાશનું આલંબન લેવું અને આ શરીર સંબંધી સર્વ ચિંતા, મનનો વિભ્રમ વગેરે છોડીને વાતચીત, કલ્પના અને કલાથી અતીત સ્વભાવમાં રહેલું તત્ત્વ જોવું.

**પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૨૦૪)**
શિષ્યનું ધન હરણ કરનારા ગુરૂઓ ઘણાં છે, પરંતુ શિષ્યના સંતાપનું હરણ કરનારા ગુરૂઓ કોઈક વિરલ છે.



ઉપર દર્શાવેલ ૭ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૭ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# અર્હંનું ધ્યાન



મનને સ્થિર કરી યોગી જ્યારે
આ મહાતત્ત્વનું ધ્યાન કરે છે, ત્યારે
તે વ્યક્તિ આનંદ સંપદાની ભૂમિ સમાન
મોક્ષલક્ષ્મી તેના સમીપ આવીને ઊભી રહે છે.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in